ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગના પત્ર-ક્રમાક
મશબ/1215/178/છ તા.24-11-2016 - થી મંજૂર

# સમાજશાસ્ત્ર

## ધોરણ 12

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો, વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

તમસો મા જ્યોતિર્ગમય
ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર- ૩૮૨૦૧૦

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈપણ ભાગ કોઈપણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**
ડૉ. ચંદ્રિકાબેન રાવલ
**લેખન-સંપાદન**
ડૉ. સારિકાબહેન દવે (કન્વીનર)
ડૉ. આનંદ કે. આચાર્ય
ડૉ. પંકજભાઈ પટેલ
ડૉ. શૈલજાબહેન ધ્રુવ
ડૉ. ભુપેન્દ્રભાઈ જે. બ્રહ્મભટ્ટ
ડૉ. કૌશિક આર. શુક્લ
શ્રી અજીતકુમાર બી. પટેલ
**સમીક્ષા**
ડૉ. કૃણાલ એમ. પંચાલ
શ્રી યોગેશકુમાર જી. દેસાઇ
શ્રી વાડસીભાઇ બી. ચૌધરી
શ્રી રતિલાલ ડી. મારૂ
શ્રી હિતેષકુમાર એન. ભોઇ
શ્રી નિમેષકુમાર એમ. પટેલ
શ્રી ગિરીશભાઇ બી. પટેલ
શ્રી હેમંતભાઇ બી. થાનકી
ડૉ. કૃણાલ એમ. પંચાલ
**ભાષાશુદ્ધિ**
ડૉ. અરવિંદ વી. વાઘેલા
**સંયોજન**
ડૉ. ચિરાગ એચ. પટેલ
(વિષય-સંયોજક : ભૌતિકવિજ્ઞાન)
**નિર્માણ-આયોજન**
શ્રી હરેન શાહ
(નાયબ નિયામક : શૈક્ષણિક)
**મુદ્રણ-આયોજન**
શ્રી હરેશ એચ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. આ અભ્યાસક્રમો ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા મંજૂર થયેલા **ધોરણ 12, સમાજશાસ્ત્ર** વિષયના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ આ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ આનંદ અનુભવે છે.

આ પાઠ્યપુસ્તકનું લેખન તથા સમીક્ષા નિષ્ણાત શિક્ષકો અને પ્રાધ્યાપકો પાસે કરાવવામાં આવ્યાં છે. સમીક્ષકોનાં સૂચનો અનુસાર હસ્તપ્રતમાં યોગ્ય સુધારાવધારા કર્યા પછી આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે મંડળે પૂરતી કાળજી લીધી છે. તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો આવકાર્ય છે.

**પી. ભારતી (IAS)**
નિયામક — કાર્યવાહક પ્રમુખ
તા.16-11-2019 — ગાંધીનગર

**પ્રથમ આવૃત્તિ : 2017, પુનઃ મુદ્રણ : 2018, 2019, 2020**

**પ્રકાશક** : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી પી. ભારતી, નિયામક
**મુદ્રક** :

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે, તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-क

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1. | ભારતનું વસ્તી-વૈવિધ્ય અને રાષ્ટ્રીય એકતા | 1 |
| 2. | ભારતીય સંસ્કૃતિ અને સમુદાય | 10 |
| 3. | અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો | 23 |
| 4. | સ્ત્રી-સશક્તિકરણ | 36 |
| 5. | પરિવર્તનની સામાજિક-સાંસ્કૃતિક પ્રક્રિયાઓ | 47 |
| 6. | સમૂહ-સંચારનાં માધ્યમો અને સમાજ | 57 |
| 7. | સામાજિક આંદોલન | 66 |
| 8. | ભારતમાં પંચાયતી રાજ | 73 |
| 9. | સામાજિક ધોરણભંગ, બાળઅપરાધ અને યુવા અજંપો | 84 |
| 10. | સામાજિક સમસ્યાઓ | 94 |
| ♦ | ભારતમાં સ્ત્રી-પુરુષ જાતિપ્રમાણ પરિશિષ્ટ-1 થી 3 | 108 |


**પુસ્તક વિશે. . . .**

ગુજરાત સરકાર દ્વારા મંજૂર થયેલા સમાજશાસ્ત્ર વિષયના ધોરણ-૧૧ પછી ધોરણ-૧૨ના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ આ પાઠ્યપુસ્તકના લેખનકાર્યની અમને જે તક મળી છે, એ બદલ અમે પાઠ્યપુસ્તક મંડળના પ્રમુખ અને નિયામકશ્રીનો આભાર માનીએ છીએ. આ પુસ્તકને વધુ ઉપયોગી બનાવવા માટે સંદર્ભ પુસ્તકોના લેખકો, માહિતી આપનારાઓ, સમીક્ષકો અને સંયોજકશ્રીઓના સહયોગ બદલ તેમનો આભાર વ્યક્ત કરીએ છીએ.

ભારતીય સમાજ અને એનાં વિવિધ પાસા તથા સમસ્યાઓ વગેરે વિદ્યાર્થીઓ જાણે તેમજ તેને સમાજ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી સમજે એ અમારો મુખ્ય ઉદ્દેશ છે. વિશ્વમાં ભારતીય સમાજ વસ્તીની દૃષ્ટિએ ચીન પછી દ્વિતિય સ્થાન ધરાવે છે. પરંતુ વિદ્યાર્થીઓને એમાં રહેલી વૈવિધ્યતાની સાથે એકતાના નવો રાહ ચીંધે છે. ભારતીય સંસ્કૃતિ અને વિવિધ સમુદાયો જેવા ગ્રામીણ, નગર અને આદિવાસી વગેરે વિશે વિદ્યાર્થીઓ જાણકારી મેળવે એ આવશ્યક છે. ભારતમાં જોવા મળતું ધાર્મિક વૈવિધ્ય સર્વધર્મ સમભાવ તરફ દોરી જાય છે.

જ્ઞાતિ આધારિત સ્તરરચના ભારતીય સમાજની ખાસીયત છે. વિદ્યાર્થીઓ ભારત અને ગુજરાતમાં જોવા મળતી વિવિધ જ્ઞાતિસમૂહો જેવા કે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને પછાત વર્ગોની જાણકારી મેળવી સરકારશ્રી તરફથી મળતાં વિવિધ લાભ, કલ્યાણકારી યોજનાઓ અને કાર્યક્રમો જાણશે તો તેમના જીવનમાં જરૂરા ઉપયોગી બનશે. ભારતમાં સ્ત્રી સશક્તિકરણની પ્રક્રિયા ઉત્તરોત્તર વધતી જાય છે. આ વિશેની વૈજ્ઞાનિક સમજ સમાજના સમતુલિત વિકાસમાં જરૂર ઉપયોગી બનશે. આ માટે પરિવર્તન અને સામાજિક-સાંસ્કૃતિક પ્રક્રિયાઓથી વિદ્યાર્થીઓને વાકેફ કરવા રહ્યાં. વર્તમાન સમયમાં સમૂહ-સંચારના માધ્યમો આ માટે વધુ અસરકરક બન્યાં છે. સમાજમાં પોતાના હક્કો વિશેની સભાનતા વધી છે અને જો માનવ હક્ક ન મળે તો જુદા જુદા પ્રકારના આંદોલનો પણ થાય છે. સમાજમાં સુધારણા અને ક્રાંતિ માટે આંદોલનોનું આગવું પ્રદાન છે. ભારત ગ્રામીણ સમુદાયોનો બનેલો દેશ છે. ગ્રામીણ સમુદાયના સામાજિક વિકાસ અને નેતૃત્વ માટે પંચાયતીરાજની ભૂમિકા મહત્ત્વની છે. પંચાયતીરાજનું ત્રિ-સ્તરીય માળખુ એની સામાજિક અસરો વગેરેની જાણકારીથી ભવિષ્યમાં વિદ્યાર્થીઓ ગ્રામીણ વિકાસ માટે કટિબદ્ધ બનશે. ભારતમાં યુવાનો ધોરણભંગ વર્તન ન કરે એમનામાં વિવિધ સમસ્યાઓ વિશેની વૈજ્ઞાનિક માહિતી ઉપલબ્ધ થાય તે હેતુથી બાળાઅપરાધ, યુવા અંજપો, અસમાન જાતિ પ્રમાણ, એચ.આઈ.વી. એઈડ્સ, નશીલા દ્રવ્યોનું વ્યસન વગેરે જેવી સમસ્યાઓને અભ્યાસક્રમમાં સમાવિષ્ટ કરી છે.

સમાજશાસ્ત્ર વિષયને રસપ્રદ બનાવવા માટે જરૂરી ઉદાહરણો, ચિત્રો સહિત એકમને અંતે સ્વાધ્યાય તથા પ્રવૃત્તિઓ આપ્યા છે. અમને સૌને વિશ્વાસ છે કે પ્રસ્તુત પુસ્તક વિદ્યાર્થીઓને ઉપયોગી બની રહેશે એટલું જ નહીં આગળના અભ્યાસ અને કારકિર્દી માટે પણ આધારરૂપ બની રહેશે.

**- લેખકો**

# 1 ભારતનું વસ્તી–વૈવિધ્ય અને રાષ્ટ્રીય એકતા

**પ્રસ્તાવના**

વિદ્યાર્થીમિત્રો, ધોરણ-11ના પાઠ્યપુસ્તકમાં તમે સમાજશાસ્ત્ર વિષયનો પ્રારંભિક પરિચય મેળવ્યો. આપ સૌને હવે એ સમજ પ્રાપ્ત થઈ ગઈ હશે કે ભારતીય સમાજને સમજવા માટે ભારતની વસ્તીનું બંધારણ જાણવું કેટલું જરૂરી છે. વળી, ભારતીય સમાજને સમજવા માટે વિવિધ સામાજિક સંસ્થાઓને જાણવી પણ એટલી જ જરૂરી છે. આ બધી સંસ્થાઓ જુદી-જુદી હોવા છતાં પરસ્પર ગાઢ રીતે સંકળાયેલી છે, જે ભારતીય સમાજનું આગવું લક્ષણ છે.

વિદ્યાર્થીમિત્રો, તમારા વર્ગખંડમાં જો તમે અવલોકન કરશો તો તમને દરેક વિદ્યાર્થી જુદા જુદા ધર્મ અને જ્ઞાતિના હોવાનું માલૂમ પડશે. આવું ધાર્મિક અને જ્ઞાતિનું વૈવિધ્ય હોવા છતાં ભારત એક અખંડિત રાષ્ટ્ર છે.

ભારતીય સમાજમાં પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણ એ દરેક વિભાગમાં લોકોની રહેણીકરણી, જીવનશૈલી, પહેરવેશ, આર્થિક પ્રવૃત્તિ, રિવાજો, ઉત્સવો, તહેવારો, ભાષા, તીર્થધામ વગેરેમાં અનેક પ્રકારનું સાંસ્કૃતિક વૈવિધ્ય જોવા મળે છે. આ સાંસ્કૃતિક વૈવિધ્ય અને વારસો આપણને ભારતના નાગરિક હોવાનું ગૌરવ અપાવે છે. આપણે આ બધી બાબતને આ પ્રકરણમાં સમજવાનો પ્રયત્ન કરીશું.

સૌ પ્રથમ આપણે વસ્તીના અર્થ અને વૈવિધ્યને સમજીએ.

**વસ્તીનો અર્થ**

સમાજના સાતત્ય માટે માનવ વસ્તી જરૂરી છે. સમાજમાં વ્યક્તિઓની સંખ્યા એટલે કે જનસંખ્યાને માનવ વસ્તી કહેવાય. વસ્તી વિનાનો સમાજ ન હોઈ શકે. સમાજે પોતાનું અસ્તિત્વ અને સાતત્ય ટકાવી રાખવા માટે વસ્તીની જાળવણી કરવી અનિવાર્ય છે. વસ્તીની જાળવણી એ સમાજની પ્રાથમિક અને સાર્વત્રિક સામાજિક જરૂરિયાત છે. જન્મ, મૃત્યુ અને સ્થળાંતર પર વસ્તીનું કદ નિર્ભર છે. વસ્તીનું કદ અને બંધારણ સમાજ પર અસર કરે છે. વસ્તીના બંધારણને વસ્તીનું માળખું પણ કહે છે. જેમાં વયજૂથ, લિંગપ્રમાણ, ગ્રામીણ-શહેરી તફાવતો, સાક્ષરતા વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે. ધર્મ, ભાષા, જાતિગત સ્તરરચના વગેરે આધારિત વસ્તીવિષયક આંકડા સમાજજીવનને અસર કરે છે. વસ્તી અને સમાજ પારસ્પરિક રીતે સંબંધિત છે.

**વસ્તીમાં વૈવિધ્ય**

કોઈ પણ દેશ કે સમાજમાં વસ્તીનું વૈવિધ્ય જોવા મળે છે. દા.ત., વયજૂથ, લિંગપ્રમાણ, ગ્રામીણ–શહેરી પ્રમાણ, સાક્ષરતા, ધાર્મિક જૂથો, ભાષાકીય જૂથો, વિવિધ જ્ઞાતિસમૂહો, જન્મપ્રમાણ, મૃત્યુપ્રમાણ, સ્થળાંતરિત લોકોનું પ્રમાણ વગેરે.

વસ્તીના વૈવિધ્ય પરથી જે–તે સમાજની આર્થિક સુખાકારીની વિગતો જાણી શકાય છે. વળી, આયોજન અને વિકાસમાં વસ્તીવિષયક આંકડાઓ આવશ્યક બની રહે છે.

સ્થાનિકથી શરૂ કરીને વૈશ્વિક કક્ષા સુધીના પ્રત્યેક ક્ષેત્રમાં વસ્તીનું વૈવિધ્ય જોવા મળે છે. આપણે અહીં તેમાંના કેટલાક મુદ્દાઓને ભારત અને ગુજરાતના સંદર્ભમાં સમજવાનો પ્રયત્ન કરીએ :

**ધાર્મિક વૈવિધ્ય :**

વિદ્યાર્થીમિત્રો, આપણે સૌ જાણીએ છીએ કે ભારત વિવિધતાથી ભરેલો દેશ છે. આ વિવિધતામાં ધાર્મિક વૈવિધ્ય પણ જોવા મળે છે. જગતના મુખ્ય ધર્મોના નાગરિકો ભારતમાં વસવાટ કરે છે. દરેક ધર્મ પોતાની આચારસંહિતા ધરાવે છે તેમજ ધર્મસ્થાનો, ધર્મગ્રંથો, ધાર્મિક તહેવારો - વ્રતોના આધારે પોતાની જીવનશૈલી રચે છે.

ભારતના બધા ધર્મોમાં બંધુતાની ભાવનાનો સંદેશ રહેલો છે. ધાર્મિક વૈવિધ્યના કારણે સૌ ભારતીયો પ્રત્યેક ધર્મના વાર-તહેવારોમાં ભાગ લઈને ઐક્યની ભાવના પ્રસારિત કરે છે.

ભારત અને ગુજરાતમાં જુદા જુદા ધર્મ પાળતા લોકોની ટકાવારી જોઈએ :

### ભારત અને ગુજરાતમાં જુદા જુદા ધર્મ પાળતા લોકોનું પ્રમાણ (ટકા) : 2011

| ક્રમ | ધર્મ | પ્રમાણ | |
|---|---|---|---|
| | | ભારત | ગુજરાત |
| **1.** | હિન્દુ | 79.80 | 88.57 |
| **2.** | ઈસ્લામ | 14.23 | 9.67 |
| **3.** | ખ્રિસ્તી | 2.30 | 0.52 |
| **4.** | શીખ | 1.72 | 0.10 |
| **5.** | બૌદ્ધ | 0.70 | 0.05 |
| **6.** | જૈન | 0.37 | 0.96 |
| **7.** | કોઈ ધર્મ નથી | 0.24 (નગણ્ય) | 0.10 |
| **8.** | અન્ય | 0.66 | 0.03 |

**(સંદર્ભ : વસ્તી ગણતરી - ભારત સરકાર, 2011)**

ઉપર્યુક્ત કોષ્ટક પરથી કહી શકીએ કે, ભારતમાં હિન્દુઓની વસ્તી સૌથી વધારે છે. આથી તેને બહુમતી સમુદાય પણ કહે છે. જ્યારે લઘુમતી સમુદાયો પૈકી ઈસ્લામ ધર્મના લોકોની સંખ્યા વધારે છે. 'કોઈ ધર્મ નથી'માં એવા લોકોનો સમાવેશ થાય છે, જે કોઈ ધર્મમાં માનતા નથી.

ગુજરાતના આંકડા તરફ દૃષ્ટિ કરીએ તો તેમાં પણ લગભગ ભારતના ધાર્મિક આંકડા જેવી જ સ્થિતિ જોવા મળે છે. હિન્દુઓની વસ્તી સૌથી વધારે અને લઘુમતી સમુદાયો પૈકી મુસ્લિમોની વસ્તી સૌથી વધુ જોવા મળે છે.

વિદ્યાર્થીમિત્રો, શૈક્ષણિક વર્ષ દરમિયાન તમે બધા ધર્મ આધારિત જે જાહેર રજાઓ માણો છો એ જ ધાર્મિક ઐક્ય દર્શાવે છે.

**સ્ત્રી-પુરુષ પ્રમાણનું વૈવિધ્ય :**

હવે આપણે વસ્તીના વૈવિધ્યને સમજવા માટે સ્ત્રી-પુરુષના પ્રમાણ અંગે ચર્ચા કરીએ. કોઈ પણ સમાજના કદને સમજવા માટે સ્ત્રી-પુરુષ પ્રમાણની સમજ મેળવવી આવશ્યક છે. સમાજના અભિન્ન અંગ સમાન સ્ત્રી-પુરુષની વસ્તીવિષયક માહિતી જે-તે સમાજની સમતુલિત વસ્તીનો નિર્દેશ કરે છે. અર્થાત્ કોઈ પણ દેશમાં સ્ત્રી-પુરુષનું પ્રમાણ સપ્રમાણ હોવું જરૂરી છે. આ પ્રમાણમાં અસમતુલા ઊભી થાય તો તેનાથી વસ્તીને લગતા ઘણા પ્રશ્નો સર્જાઈ શકે છે.

ભારત જેવા વિકાસશીલ દેશ તેમજ ગુજરાત જેવા ગતિશીલ રાજ્યમાં સ્ત્રી-પુરુષ પ્રમાણ જોઈએ :

### ભારત અને ગુજરાતની વસ્તીમાં સ્ત્રી-પુરુષ પ્રમાણ - 2011

| દેશ/રાજ્ય | કુલ વસ્તી સંખ્યા (ટકા) | પુરુષો | સ્ત્રીઓ |
|---|---|---|---|
| ભારત | 121,01,93,422 (100%) | 62,37,24,248 (51.51%) | 58,64,69,174 (48.49%) |
| ગુજરાત | 6,04,39,692 (100%) | 3,14,91,260 (52.10%) | 2,89,48,432 (47.90%) |

**(સંદર્ભ : વસ્તી ગણતરી - ભારત સરકાર, 2011)**

ઉપર્યુક્ત કોષ્ટક પરથી કહી શકાય કે ભારત અતિવસ્તી ધરાવતો દેશ છે. જેમાં સ્ત્રી-પુરુષના પ્રમાણમાં અસમાનતા જોવા મળે છે. પુરુષોની તુલનામાં સ્ત્રીઓનું પ્રમાણ ઓછું છે.

ગુજરાતમાં સ્ત્રી-પુરુષ પ્રમાણમાં રાષ્ટ્રીય પ્રમાણની જેમ તફાવત જોવા મળે છે.

વિદ્યાર્થીમિત્રો, આપ જાણો છો તે મુજબ દર 1000 પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા કેટલી છે તેના પરથી લિંગપ્રમાણ (Sex Ratio) જાણી શકાય છે. ભારતમાં જુદાં જુદાં રાજ્યોમાં જોવા મળતું લિંગપ્રમાણ પરિશિષ્ટ-1માં દર્શાવવામાં આવ્યું છે.

પરિશિષ્ટ-1માં દર્શાવ્યા અનુસાર 2011ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં સરેરાશ લિંગપ્રમાણ 940 છે. સૌથી વધુ લિંગપ્રમાણ કેરાલા રાજ્યમાં 1084 છે. સૌથી ઓછું લિંગપ્રમાણ દમણ અને દીવ કેન્દ્રશાસિત પ્રદેશમાં 618 છે. ગુજરાતમાં એનો દર 918 છે.

ભારતમાં સૌથી વધુ વસ્તી ધરાવતું રાજ્ય ઉત્તરપ્રદેશ છે. જેમાં દેશની કુલ વસ્તીના 16.49 ટકા લોકો વસવાટ કરે છે. જ્યારે સૌથી ઓછી વસ્તી ધરાવતું રાજ્ય ઉત્તરાખંડ છે. જેમાં દેશની કુલ વસ્તીના 0.84 ટકા લોકો વસવાટ કરે છે.

**સાંસ્કૃતિક વૈવિધ્ય :**

વિશ્વમાં સમન્વય અને સાતત્યનું ઉત્તમ ઉદાહરણ એટલે ભારતીય સંસ્કૃતિ. ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો મોહેન્જો-દડો અને હડપ્પાની સંસ્કૃતિથી શરૂ કરીને પ્રવર્તમાન સમય સુધી ભારતીય સમાજ સાંસ્કૃતિક વૈવિધ્યથી સભર રહ્યો છે. વેદકાલીન, ઉત્તરવેદકાલીન, મધ્યયુગ, બ્રિટિશ હકૂમત અને સ્વતંત્રતાના પ્રત્યેક તબક્કે વિવિધ પ્રકારની સાંસ્કૃતિક ગતિવિધિઓથી આ દેશ ધમધમતો રહ્યો છે. વિવિધ તબક્કાના શાસકોના શોખ, વેપાર કે વહીવટ માટે સ્થળાંતરિત થઈને આવેલા વિવિધ સમુદાયોની જીવનશૈલીને લીધે ભારતમાં પરંપરાથી આધુનિક સમય સુધી ભાતીગળ સંસ્કૃતિ હંમેશાં અંકુરિત થઈ છે.

ભારતમાં ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ અર્થાત્ કશ્મીરથી કન્યાકુમારી અને કોલકતાથી કચ્છ, સમગ્ર ભારતની સરહદોને આવરી લેતા એવા વિશાળ ક્ષેત્રફળમાં પ્રાદેશિકતાને આધારે સાંસ્કૃતિક વૈવિધ્ય નજરે પડે છે. પ્રદેશાનુસારની સંસ્કૃતિ પોતાની આગવી ભાત પાડે છે. સાથે અન્ય સંસ્કૃતિમાં સહભાગીદાર થવા પ્રયત્ન કરે છે. આથી સાંસ્કૃતિક ઐક્ય મજબૂત બને છે. ભારતીય સમાજની સાંસ્કૃતિક વિવિધતા દેશ-વિદેશમાં જાણીતી છે.

સમગ્ર ભારતના સાંસ્કૃતિક વૈવિધ્યને ઉત્સવો, ખોરાક, પોશાક, જીવનનિર્વાહની રીતો, ભાષા વગેરે અનેક સ્વરૂપે જોઈ શકાય છે જે નીચે મુજબ છે :

**ઉત્સવો :** સમગ્ર ભારતનાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પ્રત્યેક પ્રદેશના તહેવારો અને ઉત્સવો ખૂબ જ ઉત્સાહથી ઊજવાય છે. દિવાળી, હોળી, દશેરા, ઈદ-ઉલ્-ફિત્ર, ક્રિસમસ, નવરોઝ (પતેતી), ગુરપર્બ વગેરે ધાર્મિક તહેવારો ઉપરાંત ખેતીની ફસલને વધાવતા ઉત્સવો જેવા કે અસમનો બિહુ, તમિલનાડુનો પોંગલ, કેરાલાનો ઓણમ, ઉત્તર ભારતનો બૈશાખી વગેરેમાં લોકો ઉત્સાહથી સામેલ થાય છે. બુદ્ધપૂર્ણિમા કે મહાવીર જયંતીની ઉજવણી પણ ઉત્સાહથી કરવામાં આવે છે.

**ભાષા :** મિત્રો, ભારતમાં ભાષા તેમજ બોલીમાં તો વૈવિધ્ય છે જ એ તમે ક્યાં નથી જાણતાં ? આપણે સૌ જાણીએ છીએ કે ભારતમાં 22 ભાષાઓ બંધારણીય દરજ્જો ધરાવે છે. જેમાં અસમી, બંગાળી, બોડો, ડોગરી, ગુજરાતી, હિન્દી, કન્નડ, કશ્મીરી, કોંકણી, મૈથિલી, મલયાલમ, મણિપુરી, મરાઠી, નેપાળી, ઉડિયા, પંજાબી, સંસ્કૃત, સંથાલી, સિંધી, તમિલ, તેલુગુ, ઉર્દૂ વગેરે ભાષાનો સમાવેશ થાય છે.

ભાષા સંસ્કૃતિને ટકાવે છે સાથે ભાષાકીય વૈવિધ્ય એ ભારતની આગવી ઓળખ છે. વિદ્યાર્થીમિત્રો, તમે એ પણ જાણતા હશો કે જુદી જુદી ભાષાઓ સાથે બોલીઓ પણ છે, કહેવાય છે ને કે 'બાર ગાઉએ બોલી બદલાય'.

**પોશાક :** ભારતીય પોશાકોમાં વિવિધતા જોવા મળે છે. પોશાકથી પ્રાદેશિક ઓળખ ઊભી થાય છે. દા.ત., પંજાબનું પંજાબી કે ગુજરાતની ગુજરાતી સાડીની ઢબ પ્રદેશનો પરિચય આપે છે. એ જ રીતે ધર્મ આધારિત પોશાક પણ સાંસ્કૃતિક વૈવિધ્યમાં વધારો કરે છે. દા.ત., બુરખા, રિદા, પાઘડી વગેરે.

**ખોરાક :** પ્રદેશ અનુસારના અનાજના ઉત્પાદનની અસર ખોરાક પર પડે તે સ્વાભાવિક છે. દરિયાઈપટ્ટી પર ચોખા અને માછલી સરળતાથી પ્રાપ્ત થાય માટે સમુદ્રકાંઠાના વિસ્તારોમાં ભાત અને માછલી મુખ્ય ખોરાક બને. વળી, પ્રાદેશિક ખોરાક વૈવિધ્ય સર્જે છે. દા.ત., પંજાબી, ગુજરાતી, સાઉથ ઇન્ડિયન ફૂડ વગેરે. ધાર્મિક વિચારધારા પણ ખોરાકમાં વૈવિધ્ય લાવે છે જેમ કે જૈન ભાજીપાઉં, સ્વામિનારાયણ થાળી. હવે તો પ્રાદેશિક ખોરાકે વૈશ્વિક ઓળખ ઊભી કરી છે તેમ કહી શકાય.

**જીવનનિર્વાહની રીતો :** અર્થોપાર્જન દ્વારા માનવી પોતાની તેમજ કૌટુંબિક જરૂરિયાતોને પરિપૂર્ણ કરે છે. જીવનનિર્વાહની અનેક રીતો છે. વ્યક્તિ પોતાના કૌશલ્ય અનુસાર રોજીરોટી રળવા પ્રયત્નશીલ રહે છે. રોજગારલક્ષી કૌશલ્યને લીધે માનવી એક સ્થળેથી બીજે સ્થળે સ્થળાંતરિત થાય છે. આ સ્થળાંતર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંસ્કૃતિનું એક સ્થળેથી બીજે સ્થળે વહન કરીને સાંસ્કૃતિક વૈવિધ્યમાં વધારો કરે છે. સાથોસાથ રાષ્ટ્રીય ઐક્યની ભાવનાની પણ જાળવણી કરે છે.

આમ, ભૌગોલિક તેમજ સામાજિક રીતે થતું સાંસ્કૃતિક હસ્તાંતરણ વસ્તીને અસર કરે છે, તો તેનાથી વિપરીત વસ્તી વિષયક માહિતી ભૌગોલિક અને સામાજિક પરિસ્થિતિ તરફ ધ્યાન કેન્દ્રિત કરીને જે-તે પ્રદેશના વૈવિધ્યની સવિશેષ માહિતી એકત્રિત કરવા પ્રેરે છે.

ગુજરાતના ગરબા કે પતંગોત્સવ સ્થાનિકથી વૈશ્વિક ફલક પર સાંસ્કૃતિક વૈવિધ્યનાં ઉત્કૃષ્ટ ઉદાહરણો છે.

**વંચિતસમૂહોનું વૈવિધ્ય :** સ્વતંત્રતા, સમાનતા, બંધુતા, બિનસાંપ્રદાયિકતાનાં મૂલ્યોથી પ્રેરિત બંધારણે સમાજના પ્રત્યેક નાગરિકને મૂળભૂત અધિકારો આપ્યા. સાથોસાથ સમાજના વંચિતસમૂહો માટે વિશેષ જોગવાઈ કરીને તેમના ઉત્કર્ષ માટે પ્રયત્નો કર્યા.

આ વંચિતસમૂહો મુખ્યત્વે ત્રણ કેટેગરીમાં સમાવિષ્ટ છે :

**(1)** અનુસૂચિત જાતિ (SC - Schedule Castes)

**(2)** અનુસૂચિત જનજાતિ (ST - Schedule Tribes)

**(3)** અન્ય પછાતવર્ગો (OBC - Other Backward Classes)

વિદ્યાર્થીમિત્રો, આદિવાસીઓને અનેકવિધ નામથી ઓળખવામાં આવે છે પણ તેમનો બંધારણીય રીતે અનુસૂચિત જનજાતિ તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે. એકમ-2, એકમ-3 માં આપણે આદિવાસીઓ વિશે વિગતવાર માહિતી મેળવીશું. અહીં આપણે તેમની વસ્તી વિષયક માહિતી મેળવીશું.

**ભારતમાં આદિવાસી વસ્તીનું પ્રમાણ :**

ભારતમાં 1951 અને 2011માં આદિવાસીનું પ્રમાણ નીચે મુજબ નોંધાયું છે.

**ભારતમાં આદિવાસી વસ્તીનું પ્રમાણ**

| વર્ષ | આદિવાસીઓની જનસંખ્યા | કુલ વસ્તીમાં આદિવાસી વસ્તીના ટકા |
|---|---|---|
| 1951 | 1,91,47,054 | 2.26 |
| 2011 | 10,42,81,034 | 8.60 |

**(સંદર્ભ : વસ્તી ગણતરી અહેવાલ - 1951, 2011)**

ઉપર્યુક્ત કોષ્ટક પરથી જણાય છે કે 1951માં આદિવાસીઓની વસ્તી 2.26% હતી તે 2011માં વધીને 8.60% થઈ છે.

**ભારતમાં રાજ્યવાર અનુસૂચિત જનજાતિની વસ્તી :**

ભારતના મોટાભાગના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઓછા-વત્તા પ્રમાણમાં અનુસૂચિત જનજાતિની વસ્તી જોવા મળે છે. દરેક રાજ્યમાં અનુસૂચિત જનજાતિની વસ્તી પરિશિષ્ટ-2માં જોઈ શકાય છે.

ભારતમાં રાજ્યવાર અનુસૂચિત જનજાતિની વસ્તી (2011)ને જોતાં, સૌથી વધુ અનુસૂચિત જનજાતિની વસ્તી કેન્દ્રશાસિત પ્રદેશ મિઝોરમમાં (94.97%) જોવા મળે છે. જ્યારે સૌથી ઓછી અનુસૂચિત જનજાતિની વસ્તી ઉત્તરપ્રદેશ રાજ્યમાં (0.57%) જોવા મળે છે.

ભારતમાં નાગાલૅન્ડ, મિઝોરમ, અરુણાચલ પ્રદેશ, મેઘાલય, દાદરાનગર હવેલી તથા લક્ષદ્વીપમાં મોટાભાગની આદિવાસી વસ્તી વસવાટ કરે છે.

**ગુજરાતમાં અનુસૂચિત જનજાતિની વસ્તી :**

ગુજરાતમાં અનુસૂચિત જનજાતિની વસ્તી દરેક જિલ્લામાં ઓછાવત્તા પ્રમાણમાં જોવા મળે છે, જે પરિશિષ્ટ-3માં જોઈ શકાય છે.


ગુજરાતમાં જિલ્લાવાર અનુસૂચિત જનજાતિની વસ્તી (2011)ને જોતાં, સૌથી વધુ અનુસૂચિત જનજાતિની વસ્તી ધરાવતો જિલ્લો ડાંગ (94.65%) છે. જ્યારે સૌથી ઓછી વસ્તી ધરાવતો જિલ્લો ભાવનગર (0.32%) છે.

ગુજરાતમાં લગભગ પ્રત્યેક જિલ્લામાં અનુસૂચિત જનજાતિ, ઓછા-વત્તા અંશે વસવાટ કરે છે; પરંતુ રાજ્યની પૂર્વપટ્ટીમાં મોટાભાગની વસ્તી વસવાટ કરતી જોવા મળે છે.

**રાષ્ટ્રીય એકતા**

વિદ્યાર્થીમિત્રો, ભારત ભાષા, ધર્મ, પોશાક, જીવનનિર્વાહ, લિંગપ્રમાણ વગેરેથી વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે તે આપણે જોયું, હવે આપણે રાષ્ટ્રીય એકતા વિશે માહિતી મેળવીશું.

ભારત અનેક વિવિધતાથી ભરેલો ઉપખંડ છે. અહીં સામાજિક, સાંસ્કૃતિક, ભૌગોલિક, ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક વગેરે પાસાંઓમાં અનેકવિધતા જોવા મળે છે. આ વિભિન્ન ઉપજૂથો વચ્ચે પારસ્પરિક, સહકારભર્યા તથા સુમેળભર્યા સંબંધ હોય તે જરૂરી નહિ પરંતુ અનિવાર્ય છે. ભારતીય સમુદાયના નાગરિકો પરસ્પર એકબીજાને તેમજ સમગ્ર રાષ્ટ્ર પ્રત્યે વફાદાર હોય તે અનિવાર્ય છે. બધા ભારતીયો રાષ્ટ્રનાં ધ્યેયોને પોતાનાં અંગત ધ્યેયો ગણેતે રાષ્ટ્રીય એકતા માટે મહત્ત્વનું છે. ભારતીય સમુદાયના વિકાસ કે પ્રગતિમાં હાલ કોમવાદ, આતંકવાદ, જ્ઞાતિવાદ, નક્સલવાદ, પ્રદેશવાદ, ભાષાવાદ, અલગતાવાદ જેવી અનેક સમસ્યાઓ પડકારરૂપ છે. આ સમસ્યાઓને હલ કરીને રાષ્ટ્રીય એકતા પ્રસ્થાપિત કરવી આવશ્યક છે. આ રાષ્ટ્રીય એકતાનો અર્થ અને તેનાં સહાયક પરિબળો સમજીશું.



**રાષ્ટ્રીય એકતા**

**રાષ્ટ્રીય એકતાની વ્યાખ્યા**

ભારતના પ્રથમ પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુએ રાષ્ટ્રીય સંમેલનમાં રાષ્ટ્રીય એકતા માટે જણાવ્યું હતું કે, ''રાષ્ટ્રીય એકતા એક મનોવૈજ્ઞાનિક અને શૈક્ષણિક પ્રક્રિયા છે. જેના દ્વારા બધાં લોકોનાં દિલમાં એકતાની ભાવના, સમાન નાગરિકતાનો અનુભવ અને રાષ્ટ્ર પ્રત્યે નિષ્ઠા અને પ્રેમની ભાવના વિકસિત કરી શકાય.''

**જી. એસ. ઘૂર્યે** રાષ્ટ્રીય એકતાને એક મનોવૈજ્ઞાનિક અને શૈક્ષણિક પ્રક્રિયાના રૂપમાં સમજાવતાં લખે છે કે, ''રાષ્ટ્રના લોકોમાં એકતા, દૃઢતા, સંબંધતાની ભાવના સામેલ છે. જેમાં લોકોનાં હૃદયમાં સામાન્ય નાગરિકની ધારણા તથા વફાદારીની ધારણા અને ભાવના જોડાયેલ છે.''

વિનોબા ભાવેના મતે, ''રાષ્ટ્રીય એકતા એ ભાવાત્મક એકતા, ભાઈચારો અને રાષ્ટ્ર પ્રેમની દૃઢ ભાવનાઓ છે, જે એક દેશના બધા નિવાસીઓને પોતાની વ્યક્તિગત, પ્રાદેશિક, ધાર્મિક અને ભાષાકીય વિભિન્નતાઓને ભૂલવામાં સહાયતા કરે છે.''

**રાષ્ટ્રીય એકતાનાં સહાયક પરિબળો**

રાષ્ટ્રીય એકતાનાં સહાયક પરિબળો નીચે પ્રમાણે છે :

**(1) ભૌગોલિક પરિબળ :**

ભારતમાં ભૂ-રાજકીય એકતાનું દર્શન અને સભાનતા ભારતના ઋષિમુનિઓ અને રાજ્યકર્તાઓ ધરાવતા હતા. સંસ્કૃત સાહિત્યમાં, ઋગ્વેદમાં ભારતની ભૌગોલિક રાજકીય એકતાની સભાનતા અભિવ્યક્ત થાય છે. ભારતવર્ષ, ચક્રવર્તી, એકાધિપતિ જેવાં નામ ભૌગોલિક એકતાનો આદર્શ વ્યક્ત કરે છે. ભારતભરમાં મંદિરો, પવિત્ર નદીઓ અને પહાડો પથરાયેલા છે. તેનાં દર્શન અને સ્નાનનો મહિમા બની રહ્યો, તેથી આ બધાં સ્થળોએ યાત્રાધામોનો વિકાસ થયો. ધર્મસ્થળોની યાત્રાની સંસ્કૃતિ, રમણીય અને હવાખાવાનાં સ્થળો જે હંમેશાં ભારતના લોકોને ભારતભરના વિવિધ પ્રદેશોમાં પરિભ્રમણ પર્યટન કરવાને માટે પ્રોત્સાહિત કરે છે. તેનાથી ભૌગોલિક રાજકીય એકતા દૃઢીભૂત થાય છે. લોકો માતૃભૂમિ પ્રત્યે પ્રેમ કે દેશભક્તિ અભિવ્યક્ત કરે છે. ભૌગોલિક દૃષ્ટિથી ભારતની સીમાઓ ઉત્તરમાં કશ્મીર અને હિમાલયથી લઈને દક્ષિણમાં કન્યાકુમારી, પૂર્વમાં અસમ–મણિપુરથી લઈને પશ્ચિમમાં ગુજરાત સુધી ફેલાયેલ છે. સમગ્ર ભારત 32,87,263 લાખ ચોરસ કિ.મી.ના વિશાળ વિસ્તારમાં ફેલાયેલ છે. આ વિશાળ ભૂભાગમાં કુલ 1.21 કરોડની વસ્તી ધરાવતો જનસમૂહ આ દેશમાં વસવાટ કરે છે. મેદાની વિસ્તાર, પહાડો, નદીઓ,

સમુદ્ર, જંગલ અને રણ જેવી ભૌગોલિક વિશિષ્ટતાઓ ધરાવતો આપણો દેશ ભારત છે.

ઐતિહાસિક રીતે નાનાં નાનાં રાજ્યોમાં વહેંચાયેલો ભારત એક દેશ તરીકે પ્રસિદ્ધિ પામ્યો છે. ભૌગોલિક વિવિધતાએ લોકોમાં જુદી-જુદી પરિસ્થિતિઓમાં સાનુકૂળ થવાનું અને પરસ્પર મૈત્રીભાવ રાખી એક્તા સ્થાપિત કરવાનું શીખવ્યું છે. દુષ્કાળ, અતિવૃષ્ટિ, વાવાઝોડું કે પછી ધરતીકંપ જેવી કુદરતી આફતોમાં વિવિધ પ્રદેશો, વિવિધ જ્ઞાતિ, વિવિધ ભાષા, વિવિધ ધર્મના લોકો પરસ્પર મદદ અને ફંડ આપી વિવિધતામાં એકતાનાં દર્શન કરાવે છે.

**(2) ભારતનું બંધારણ :**

આટલા બધા વૈવિધ્યભર્યા દેશમાં રાષ્ટ્રીય એકતા સર્જવામાં કોઈ પાયાનું પરિબળ હોય તો તે ભારતનું બંધારણ છે. ભારત એ વિવિધ રાજ્યોનો સંઘ છે. આ સંઘ રાજ્યોને જોડતો કોઈ લેખિત દસ્તાવેજ હોય તો તે બંધારણ છે. ભારતના બંધારણના આમુખમાં ભારત એ સાર્વભૌમ, સમાજવાદી, બિનસંપ્રદાયિક, લોકતાંત્રિક અને પ્રજાસત્તાક રાજ્ય છે અને ન્યાય, સ્વાતંત્ર્ય અને સમાનતા તેના પાયા છે. ભારતના બંધારણમાં સમાનતાના અધિકારમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ કે જન્મસ્થળના કારણોસરના ભેદભાવો ઉપર કાયદા દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવેલ છે. ભારતનું બંધારણ બધા જ નાગરિકને વ્યક્તિ ગૌરવની તથા રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાની ખાતરી આપીને તેમનામાં ભ્રાતૃભાવ દૃઢ બનાવે છે. ભારતનું બંધારણ ભારતને ધર્મ-નિરપેક્ષ રાજ્ય તરીકે સ્વીકારે છે. એટલે કે ભારત રાજ્યનો કોઈ ધર્મ નથી. બધાજ ધર્મો માટે સમાન આદર અને રક્ષણ મળે છે. બધાજ નાગરિકોને મુક્તપણે ધર્મ માનવા તથા પાળવાનો અને તેનો પ્રચાર કરવાનો અધિકાર બંધારણે આપ્યો છે. ભારતમાં કોઈ પણ સ્થળે વસવાટ કરતા અને પોતાની આગવી ભાષા, લિપિ કે સંસ્કૃતિ ધરાવતાં લઘુમતી જૂથોને આ બધાંનું જતન કરવાનો અને જાળવવાનો અધિકાર બંધારણે આપ્યો છે. આ બધા અધિકારો રાષ્ટ્રીય એકતાનાં ઘડતરમાં પ્રાથમિક ભૂમિકા ભજવે છે.

**(3) નાગરિક ફરજો :**

ભારતના નાગરિકોની ફરજોમાં પણ રાષ્ટ્રીય એકતા નિર્દેશિત થાય છે. જેવી કે,

- રાષ્ટ્રને વફાદાર રહેવું અને તેના આદર્શો, સંસ્થાઓ, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.
- આઝાદી માટેની લડતને પ્રેરણા આપનાર ઉમદા આદર્શોને હૃદયમાં સન્માનિત કરી તેને અનુસરવું.
- ભારતનું સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સંવર્ધન કરીને તેનું રક્ષણ કરવું.
- દેશનું રક્ષણ કરવામાં યોગદાન આપવું અને રાષ્ટ્રીય સેવા બજાવવી.
- ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક તફાવતોથી પર રહેવું.
- ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવી.
- સ્ત્રીઓના ગૌરવને સન્માનિત કરે તેવા વ્યવહારો કરવા.

આ નાગરિક ફરજો રાષ્ટ્રીય એકતા સર્જવામાં પાયાની ભૂમિકા બજાવે છે.

**(4) કાયદાઓ :**

ભારતીય ફોજદારી કાયદાઓ જેવા કે જ્ઞાતિ, કોમ કે વર્ગ સંઘર્ષના પ્રોત્સાહનને અટકાવતા કાયદા, રાષ્ટ્રીય એકતા માટે વિઘાતક આક્ષેપો કરી રાજદ્રોહ અટકાવતા કાયદા, અસ્પૃશ્યતા નિવારણ, ચૂંટણી આચારસંહિતાના કાયદાઓનું પાલન અને ઉલ્લંઘન બદલ સજા પણ રાષ્ટ્રીય એકતા જાળવવામાં મદદરૂપ થાય છે.

**(5) લોકશાહી પ્રણાલી :**

ભારતની લોકશાહી શાસનપ્રણાલી રાષ્ટ્રીય એકતા માટે સહાયક પરિબળ છે. ભારતની લોકશાહી પ્રણાલી જાળવવા સંસદ, વિધાનસભા જેવાં ગૃહોની ચૂંટણીઓ તેમજ સ્થાનિક સ્વરાજ પંચાયત અને નગરનિગમોની ચૂંટણીઓ યોજાય છે. આ ચૂંટણીઓમાં દેશના 18 વર્ષથી ઉપરના કોઈ પણ નાગરિકને મતદાનનો અધિકાર મળેલ છે. આ રીતે સમાન મળેલ મતદાન અધિકાર એ રાષ્ટ્રીય એકતા માટે અતિ આવશ્યક પરિબળ છે. આ અધિકાર વ્યક્તિના કોમ, જાતિ, જ્ઞાતિ, ભાષા કે પ્રદેશથી પર રહીને મળે છે. એટલે વ્યક્તિ સમાન નાગરિકત્વનો અનુભવ કરી શકે છે. સાથે કોઈ પણ ચૂંટણી માટે પોતાની ઉમેદવારી નોંધાવવાનો પણ અધિકાર ધરાવે છે એટલે કે કોઈ પણ રાષ્ટ્રીય પક્ષ કે અપક્ષ દ્વારા કોઈ પણ ક્ષેત્રનું નેતૃત્વ પણ કરી શકે છે. આ રાષ્ટ્રીયપક્ષો પણ પોતાના પક્ષમાં નેતા, કાર્યકરો

કે મતદાતાઓને આકર્ષવાનો પ્રયાસ કરે છે. આ રાષ્ટ્રીય પક્ષોની વિચારધારામાં તફાવત હોય પણ તેમનું અંતિમ ધ્યેય કોઈ પણ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે પ્રદેશના મતદાતાને આકર્ષવાનું છે. આથી આ રાષ્ટ્રીય પક્ષો એક પ્રકારની રાષ્ટ્રીય એકતા લાવવા માટે પ્રેરકબળ પૂરું પાડે છે. આમ, દેશની સંસદ, વિધાનસભા કે સ્થાનિક સ્વરાજની સંસ્થાની લોકશાહી પ્રણાલી રાષ્ટ્રીય એકતા સર્જવામાં મહત્ત્વનું પરિબળ છે.

**(6) રાષ્ટ્રીય પર્વ અને રાષ્ટ્રીય સન્માન :**

પ્રજાસતાક દિન, સ્વાતંત્ર્ય દિન જેવા રાષ્ટ્રીય પર્વની ઉજવણી નિમિત્તે પ્રસ્તુત થતા સાંસ્કૃતિક કાર્યક્રમો અને ભારતની વિવિધ સેના પરેડમાં અદ્‌ભુત રાષ્ટ્રીય એકતાનાં દર્શન થાય છે. ભારતીય ફિલ્મ ઉદ્યોગ, રાષ્ટ્રીય ફિલ્મ સમારોહ, રાષ્ટ્રીય સ્મારકો કે ઉદ્યાનોમાં રાષ્ટ્રીય એકતા પ્રતિબિંબિત થાય છે. શાળા કે કૉલેજ કક્ષાએ ચાલતી સ્કાઉટ, રાષ્ટ્રીય સેવા યોજના (NSS) કે નેશનલ કેડેટ કોર (NCC)જેવી પ્રવૃત્તિઓની વિવિધ શિબિરો રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રીય એકતાના સંદેશા આપે છે. તેવી રીતે ભારતરત્ન, પદ્મશ્રી, પદ્મભૂષણ, પદ્મવિભૂષણ જેવા નાગરિક એવૉર્ડ, રાજીવ ગાંધી ખેલરત્ન, દ્રોણાચાર્ય, અર્જુન, ધ્યાનચંદ જેવા રમતગમત એવૉર્ડ, પરમવીરચક્ર, મહાવીરચક્ર, વીરચક્ર, અશોકચક્ર, કીર્તિચક્ર, શૌર્યચક્ર જેવા ભારતીય સેનાના એવૉર્ડ, બહાદુરી, સાહિત્યિક વગેરે વિવિધ સર્વોચ્ચ એવૉર્ડ પણ દેશની સેવા બદલ આપવામાં આવે છે. કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓ જેવા કે કલાકાર, વૈજ્ઞાનિકો, સૈનિકો, શિક્ષકો કે સમાજસેવક વગેરેને બિરદાવીને લોકોમાં રાષ્ટ્રીય ચેતના ઊભી કરવામાં આવે છે.

**(7) રમતગમતની પ્રવૃતિઓ :**

ભારત કે ભારત બહાર રમાતી વિવિધ રમતો જેવી કે ક્રિકેટ, હોકી, વૉલીબૉલ, ટેનિસ, બેડમિન્ટન, કબડ્ડી વગેરેમાં સમગ્ર ભારતમાંથી પ્રતિનિધિત્વ કરે ત્યારે ખેલાડી ભાષા, પ્રદેશ કે કોમથી પર રહીને એક ભારતીય તરીકે પ્રતિનિધિત્વ કરે છે. તેવી જ રીતે રાષ્ટ્રીય ખેલ મહોત્સવ, આંતરરાજ્ય કે આંતરયુનિવર્સિટી ખેલકૂદ કે વિવિધ ટીમરમતો, ખેલ મહાકુંભમાં, વિવિધ રમતોમાં પણ એક ભારતીય હોવાની અને ખેલદિલીની ભાવનાથી રમાય છે. ભારતમાં ક્રિકેટ રમતની ભારે ઘેલછા છે. તેમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિજય થાય ત્યારે સમગ્ર ભારત વિજયની ખુશી મનાવે છે. આમ, વિવિધ રમતગમતો રાષ્ટ્રીય એકતા માટે સહાયક પરિબળ છે.

**(8) સમૂહ સંચારનાં માધ્યમો :**

સમૂહ સંચારનાં સાધનો જેવાં કે વર્તમાનપત્રો, રેડિયો, ટેલિવિઝન, કમ્પ્યૂટર, સેલફોન વગેરે રાષ્ટ્રીય એકતા સર્જવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યાં છે. ટેલિવિઝન કોમી એકતા, સર્વધર્મસમભાવ, દેશભક્તિ વગેરેને લક્ષમાં લઈને ધારાવાહિક, ફિલ્મો, સમૂહગાન, સમૂહનૃત્ય વગેરે કાર્યક્રમો તથા સ્વાતંત્ર્ય દિન, ગણતંત્ર દિનની ઉજવણીના વિવિધ કાર્યક્રમો વગેરે દ્વારા નાગરિકોમાં રાષ્ટ્રપ્રેમ પ્રેરક બની રહે છે. આતંકવાદ, કોમવાદ, જ્ઞાતિવાદ, ભાષાવાદ, પ્રદેશવાદ કે નક્સલવાદ જેવી સમસ્યાઓ ને ધારાવાહિક, ફિલ્મ કે સમાચાર જેવા કાર્યક્રમમાં વણી લઈને દેશના નાગરિકોને સાચી સમજણ આપે છે. દેશના નાગરિકોનું મનોવલણ રાષ્ટ્રપ્રેમ તરફી ઘડે છે. આમ, સંચાર માધ્યમોમાં પ્રકાશિત અને પ્રસારિત થતા કાર્યક્રમો નાગરિકમાં સભાનતા ઊભી કરે છે, જે સભાનતા પરોક્ષ રીતે રાષ્ટ્રીય એકતા સર્જવામાં ઉપયોગી બને છે.

**(9) વાહનવ્યવહારનાં સાધનો :**

ભારત ભૌગોલિક-સાંસ્કૃતિક વિવિધતા ધરાવતો દેશ છે; પરંતુ વાહનવ્યવહારનાં સાધનોએ આ બધાને જોડવામાં ઘણી મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આ સાધનોને લીધે પ્રાદેશિક વૈવિધ્ય ધરાવતા લોકો વચ્ચેનું આદાન-પ્રદાન શક્ય બન્યું છે. તેનાથી એકજ રાષ્ટ્રના નાગરિક હોવાની ભાવના દૃઢ બની છે. વિશ્વનું સૌથી મોટું રેલવે નેટવર્ક (1,15,000 કિમી) ભારતીય રેલ ધરાવે છે. દરરોજના 2.3 કરોડ લોકો મુસાફરી કરે છે, જે ભારતનાં બધાં રાજ્યો અને પ્રદેશોને જોડે છે. તેવી જ રીતે વિમાનસેવા દ્વારા પણ ભારતનાં મોટાં નગરો જોડાયા તેનાથી ઝડપી વાહનવ્યવહાર શક્ય બન્યો છે. વર્તમાન સમયમાં નોકરી, ધંધા, રોજગાર, શિક્ષણ તથા પ્રવાસ-પર્યટન માટે દેશના નાગરિકો વાહનવ્યવહારનાં સાધનો દ્વારા એકબીજાની નિકટ આવે છે અને પરોક્ષ રીતે રાષ્ટ્રીય એકતામાં ઉપયોગી બને છે.

**(10) પરસ્પરાવલંબન અને સંયોગીકરણ :**

આધુનિક ખેતી, ઉદ્યોગ, વ્યવસાયી સેવાઓ જેવી આર્થિક પ્રવૃત્તિઓમાં યંત્ર વિજ્ઞાનનો ઉપયોગ થતાં જ્ઞાતિગત

પરંપરાગત વ્યવસાયો તૂટતાં આંતરિક પરસ્પરાવલંબન અન્ય ગામ, શહેર, કે અન્ય પ્રદેશ સુધી વધી રહ્યું છે. સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક જેવાં પરિબળોને કારણે પોતાના ગામના સંયોગીકરણના બદલે સમગ્ર રાષ્ટ્રનાં શહેરો કે પ્રદેશો સાથે સંયોગીકરણ સાથેના તાલ મેળવવા પડે છે. તેનાથી અસ્પૃશ્યતા, જ્ઞાતિવાદ અને કોમવાદનાં બંધનો તૂટવા લાગ્યા. હાલ ઘણા વ્યવસાયો એવા છે જેમાં હિન્દુ-મુસ્લિમ કોમનું પરસ્પરાવલંબન જોવા મળે છે. તેનાથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રાષ્ટ્રીય એકતાની ભૂમિકા નિર્માણ થાય છે.

વિદ્યાર્થીમિત્રો, આ એકમમાં આપણે ભારતનું વસ્તી–વૈવિધ્ય અને રાષ્ટ્રીય એકતાની સમજ મેળવી. રાષ્ટ્રીય એકતાનાં સહાયક પરિબળોની માહિતી મેળવતા ભારતીય સંસ્કૃતિ વિશેની સમજ મેળવી.

વિવિધ સમુદાયોમાં જોવા મળતી એકતા અને અખંડિતતા ભારતીય રાષ્ટ્રની આગવી બાબત છે, તે સંદર્ભમાં હવે પછીના એકમમાં ભારતીય સંસ્કૃતિ અને સમુદાય વિશેની માહિતી મેળવીશું.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો :**

(1) ભારતનું સાંસ્કૃતિક વૈવિધ્ય જણાવો.

(2) ભારતમાં ધાર્મિક વૈવિધ્યની ચર્ચા કરો.

(3) રાષ્ટ્રીય એકતાનો અર્થ સમજાવી, તેનાં સહાયક પરિબળોની ચર્ચા કરો.

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :**

(1) ભારતમાં અને ગુજરાતમાં 2011ની વસ્તી ગણતરી મુજબ અનુસૂચિત જનજાતિનું પ્રમાણ જણાવો.

(2) લોકશાહી પ્રણાલી, રાષ્ટ્રીય પર્વ અને રાષ્ટ્રીય સન્માન કેવી રીતે રાષ્ટ્રીય એકતા સર્જવામાં મદદ કરે છે તે સમજાવો.

(3) 'વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારનાં સાધનો રાષ્ટ્રીય એકતા સર્જવામાં મદદ કરે છે' - સમજાવો.

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો :**

(1) ભારતમાં કઇ કઇ વિવિધતા જોવા મળે છે ?

(2) ભારતમાં બોલાતી કોઈ પણ પાંચ ભાષાનાં નામ આપો.

(3) રાષ્ટ્રીય એકતાની વ્યાખ્યા આપો.

(4) ભારતના વિકાસમાં કઈ કઈ સમસ્યાઓ અવરોધક છે ?

(5) પ્રાચીનકાળમાં ભારતની ભૌગોલિક એકતા માટે કયાં નામો વપરાતાં હતાં ?

(6) ભારતના નાગરિક એવૉર્ડ કયા કયા છે ?

(7) ભારતમાં અપાતા રમતગમતના એવૉર્ડ કયા કયા છે ?

(8) ભારતમાં અપાતા ભારતીય સેનાના એવૉર્ડ કયા કયા છે ?

**4. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) 2011ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં સ્ત્રી અને પુરુષનું પ્રમાણ જણાવો.

(2) 2011ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતની વસ્તી કેટલી છે ?

(3) ભારતમાં 2011ની વસ્તી ગણતરી મુજબ સૌથી વધુ લિંગપ્રમાણ કયા પ્રદેશમાં છે ?

(4) ભારતમાં 2011ની વસ્તી ગણતરી મુજબ સૌથી ઓછું લિંગપ્રમાણ કયા પ્રદેશમાં છે ?

(5) ગુજરાતમાં 2011ની વસ્તી ગણતરી મુજબ અનુસૂચિત જનજાતિનું પ્રમાણ સૌથી વધુ કયા જિલ્લામાં છે ?

**5. નીચેના પ્રત્યેક પ્રશ્નમાં આપેલા વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર આપો :**

(1) ભારતમાં સૌથી વધુ કયા ધર્મના લોકો વસવાટ કરે છે ? ☐

(અ) હિન્દુ (બ) મુસ્લિમ (ક) ખ્રિસ્તી (ડ) શીખ

(2) ભારતમાં 2011ની વસ્તી ગણતરી મુજબ સૌથી વધુ વસ્તી કયા રાજ્યમાં છે ? ☐

(અ) મધ્યપ્રદેશ (બ) હિમાચલ પ્રદેશ (ક) આંધ્રપ્રદેશ (ડ) ઉત્તરપ્રદેશ

(3) ભારતમાં 2011ની વસ્તી ગણતરી મુજબ સૌથી ઓછી વસ્તી ધરાવતું રાજ્ય કયું છે ?
(અ) છત્તીસગઢ (બ) ઉત્તરાખંડ (ક) કેરાલા (ડ) હિમાચલપ્રદેશ

(4) ભારતમાં 2011ની વસ્તી ગણતરી મુજબ સરેરાશ લિંગપ્રમાણ કેટલું છે ?
(અ) 942 (બ) 939 (ક) 938 (ડ) 940

(5) ભારત દેશ કેટલા ચોરસ કિલોમીટર ભૌગોલિક ક્ષેત્રમાં ફેલાયલો છે ?
(અ) 32,87,263 ચોરસ કિમી (બ) 30,00,000 ચોરસ કિમી
(ક) 33,57,263 ચોરસ કિમી (ડ) 31,57,263 ચોરસ કિમી

(6) ભારતનું રેલવે નેટવર્ક કેટલા કિલોમીટર છે ?
(અ) 1,15,000 કિમી (બ) 2,15,000 કિમી
(ક) 3,15,000 કિમી (ડ) 3,25,000 કિમી

(7) વિશ્વમાં સૌથી મોટું રેલવે નેટવર્ક કયા દેશમાં છે ?
(અ) અમેરિકા (બ) ભારત
(ક) ચીન (ડ) ઑસ્ટ્રેલિયા

(8) ભારતનો સર્વોચ્ચ નાગરિક એવૉર્ડ કયો છે ?
(અ) ભારતરત્ન (બ) ખેલરત્ન
(ક) પદ્મશ્રી (ડ) પદ્મવિભૂષણ

**પ્રવૃત્તિ**

- તમારા વર્ગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું ધાર્મિક રીતે વર્ગીકરણ કરો.
- ગુજરાતના નકશામાં જુદા જુદા જિલ્લામાં લિંગપ્રમાણ દર્શાવો.
- ભારતના નકશામાં સૌથી વધુ અને સૌથી ઓછી તેમજ ગુજરાતની વસ્તીનું પ્રમાણ દર્શાવો.
- ભારતમાં જુદા જુદા સમૂહોના ધાર્મિક ઉત્સવોના ચાર્ટ તૈયાર કરો.

●

# 2 ભારતીય સંસ્કૃતિ અને સમુદાય

**પ્રસ્તાવના**

વિદ્યાર્થીમિત્રો, આગળના એકમમાં આપણે ધાર્મિક, સાંસ્કૃતિક અને આદિવાસીના વસ્તી-વૈવિધ્યની જાણકારી મેળવી ભારતની વિવિધતાને સમજી રાષ્ટ્રીય એકતા વિશે માહિતગાર થયા. હવે આપણે આ એકમમાં સૌપ્રથમ ભારતીય સંસ્કૃતિનો અર્થ અને સ્વરૂપ જોઈશું ત્યાર બાદ સમુદાયનો અર્થ અને પ્રકારોની સમજૂતી મેળવીશું.

સંસ્કૃતિ એટલે કોઈ એક પ્રજાની લાક્ષણિક જીવનરીતિ. સમાજના સભ્ય તરીકે આપણે જે કંઈ વિચારીએ છીએ, જે કાંઈ કરીએ છીએ, આપણી પાસે જે કાંઈ છે તે જટિલ એકમને સંસ્કૃતિ કહેવાય. સંસ્કૃતિ અંગે ધોરણ 11માં આપણે વિગતે સમજણ મેળવી છે. આ એકમમાં આપણે તેની ભારતના સંદર્ભમાં સમજૂતી મેળવવાની છે.

વિદ્યાર્થીમિત્રો, માત્ર કુટુંબનાજ વડીલો નહિ, બધા વડીલોને લોકો માન આપે છે, પગે લાગે છે, તે તમે જોયું છે ને ? અતિથિ દેવો ભવઃ ઘરે આવેલ મહેમાનની આગતા-સ્વાગતા કરી તેમની કાળજી લેવાતી હોવાનું જોયું છે ને ? આ ઉદાહરણ જ ભારતીય સંસ્કૃતિનું પ્રતિબિંબ પાડે છે. ભારતીય સંસ્કૃતિના આવા ઘણાં બધા મૂલ્યો ભારતીય સંસ્કૃતિને ખૂબ જ વિશાળતા અપાવે છે.

ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાનો ઇતિહાસ હજારો વરસ જૂનો છે. ગંગા નદીના પ્રવાહની જેમ તે સતત પ્રવાહિત રહ્યો છે. સમય જતા તેમાં નવાં નવાં તત્ત્વો સમાતા ગયા અને આજે એકવીસમી સદીના પ્રારંભે ભારતીય સંસ્કૃતિ અનેકવિધ પાસાંઓને સમાવતી ''ભાતીગળ સંસ્કૃતિ'' તરીકે ઊપસી આવી છે. ભારતીય સંસ્કૃતિના ઘડતરમાં અનેક લોકોએ સહયોગ-બલિદાન આપી, પોતાની વિશિષ્ટ પ્રતિભા દ્વારા તેને અમરતા બક્ષી છે. તેથી જ તો અન્ય પ્રાચીન સંસ્કૃતિઓ નામશેષ થઈ ગઈ પરંતુ ભારતની પ્રજાએ પોતાનો સાંસ્કૃતિક વારસો જાળવી રાખ્યો છે. વિશ્વમાં ભારતની સંસ્કૃતિ પ્રાચીન અને ભવ્ય ગણાય છે અને વિશ્વગુરુ બનવા તરફ પ્રયાણ કરી રહી છે.

**ભારતીય સંસ્કૃતિનો અર્થ–વ્યાખ્યા**

**ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ -** ''ભારતીય સંસ્કૃતિ એટલે માનવતા, સહિષ્ણુતા, વિશાળતા, એકતા, બિનસાંપ્રદાયિકતા અને સાતત્યતાનાં લક્ષણ ધરાવતી સંસ્કૃતિ.''


ભારતીય સંસ્કૃતિ લાગણીઓની અને બુદ્ધિની પૂજા કરનારી સંસ્કૃતિ છે. ઉદાર ભાવના અને નિર્મળ જ્ઞાનના સંયોગથી જીવનમાં સુંદરતા લાવનારી સંસ્કૃતિ છે. જ્ઞાન-વિજ્ઞાનનું સંયોજન કરી સંસારમાં સંવાદિતા પ્રસરાવવા પ્રયત્ન કરનારી સંસ્કૃતિ છે.

ભારતીય સંસ્કૃતિ એટલે નિરંતર જ્ઞાનની શોધ કરવા સતત આગળ વધતી, જગતમાં જે કંઈ સુંદર, શિવ અને સત્ય દેખાય તેને લઈને વિકાસ પામનારી સંસ્કૃતિ છે. એટલે જ કહેવાય છે સત્યમ્-શિવમ્-સંદરમ્.

**ભારતીય સંસ્કૃતિનાં લક્ષણો**

**(1) સાતત્ય અને પરિવર્તન :** દુનિયાની ઘણી સંસ્કૃતિઓ ઉદ્‌ભવી અને નાશ પામી; પરંતુ ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતા એ છે કે ઘણી મોટી ઊથલ-પાથલ થવા છતાં આજે પણ જળવાઈ રહી છે એટલે તેનું સાતત્ય જળવાઈ રહ્યું છે.

સાતત્ય સાથે પરિવર્તન એ પણ ભારતીય સંસ્કૃતિનું લક્ષણ છે. કેટલાંય આંદોલનો, નવજાગરણ, જૈન, બુદ્ધ ધર્મનો પ્રસાર વગેરે ક્રાંતિકારી પરિવર્તન છતાં સંસ્કૃતિનાં મૂળભૂત તત્ત્વો જાળવીને ભારતીય સંસ્કૃતિએ સમાયોજન સાધ્યું છે.



ભારતનું સાંસ્કૃતિક વૈવિધ્ય

**(2) વિવિધતા અને એકતા :** ભારતીય સંસ્કૃતિ જેવી વિવિધતા બહુ ઓછી સંસ્કૃતિમાં જોવા મળે છે. ભારતની સંસ્કૃતિમાં અનેક જાતિ અને જ્ઞાતિના લોકો તેમજ વિવિધ ભાષા, ધર્મ, ઉત્સવો અને કલાઓ, સંગીત, નૃત્ય વગેરે જોવા મળે છે. આ બધા માટે પ્રાદેશિકતા, ભૌગોલિકતા અને આબોહવા જવાબદાર છે.

આટલી બધી વિવિધતા હોવા છતાં એક દેશના નાગરિક હોવાની ભાવના તેમજ રાજનૈતિક પદ્ધતિઓને લીધે એકતા જોવા મળે છે.

**(3) બિનસાંપ્રદાયિક દ્રષ્ટિકોણ :** બિનસાંપ્રદાયિકતામાં ધર્મ નિરપેક્ષતા અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ બંને અભિપ્રેત છે. ભારતીય સંસ્કૃતિમાં આ બંનેનું મિશ્રણ છે. ભારતમાં વિભિન્ન સંસ્કૃતિ ધરાવતા સમૂહો હળી-મળીને સાથે રહે છે. ભારતીય સંસ્કૃતિ સહિષ્ણુતાનો ગુણ ધરાવે છે.

ભારતમાં બધા જ લોકોને સમાન અધિકાર અને લઘુમતીઓના અધિકારના રક્ષણ માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે, જે ભારતીય સંસ્કૃતિની ઉદારતા બતાવે છે. ભારતીય સંસ્કૃતિમાં વિજ્ઞાનને પણ મહત્ત્વ અપાયું છે એટલે કે તે બિનસાંપ્રદાયિક દૃષ્ટિકોણવાળી છે.

**(4) વૈશ્વિક દ્રષ્ટિકોણ :** ભારતીય સંસ્કૃતિ વૈશ્વિક દ્રષ્ટિકોણ ધરાવે છે. સમગ્ર દુનિયામાં શાંતિ અને સદ્ભાવનાનો સંદેશો ફેલાવ્યો છે. ''વસુધૈવ કુટુમ્બકમ્''નો ભાવ રાખ્યો છે. વિકાસશીલ અને વિકસિત દેશોના વિકાસ માટે ભારત કટિબદ્ધ રહ્યું છે. આ રીતે 'વિશ્વબંધુ' તરીકે જવાબદારી નિભાવી વૈશ્વિક દ્રષ્ટિકોણનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

**(5) ભૌતિકવાદી અને અધ્યાત્મવાદી :** ભારત અધ્યાત્મવાદની ભૂમિ તરીકે જાણીતું છે. પ્રાચીનકાળથી વર્તમાન સમય સુધી ભારતનો ઇતિહાસ જોશો તો ભૌતિકવાદી અને અધ્યાત્મવાદી સંસ્કૃતિ સાથે-સાથે વિકસી છે. જો તમારે ભારતીય માનસને સમજવું હોય તો આધ્યાત્મિકતાથી જ સમજી શકાય.

**(6) વ્યક્તિને મહત્ત્વ આપતી સંસ્કૃતિ :** ભારતીય સંસ્કૃતિ વ્યક્તિમાં વિશ્વાસ કરતી વ્યક્તિવાદી સંસ્કૃતિ છે. ભારતના વિવિધ ધર્મમાં વ્યક્તિનું મહત્ત્વ સ્વીકારાયું છે. રાજ્ય અને સમાજનો ઉદ્દેશ વ્યક્તિની ભલાઈ માટે છે અને તે રીતે રાજ્ય અને સમાજે ભૂમિકા ભજવવાની છે. પરંતુ એનો અર્થ એવો નથી કે સમાજનું કોઈ મહત્ત્વ નથી.

### ભારતીય સંસ્કૃતિનાં સ્વરૂપો

ભારતીય સંસ્કૃતિનાં અનેક સ્વરૂપ છે; પરંતુ અહીં તેની સ્પષ્ટ સમજ મેળવવા માટે ત્રણ વિભાગમાં વહેંચી શકીએ:

**(1)** પ્રશિષ્ટ–ભદ્રવર્ગીય અથવા માર્ગી પરંપરા (Classical Culture)

**(2)** લોકસંસ્કૃતિ અથવા દેશી પરંપરા (Folk Culture)

**(3)** આદિવાસી સંસ્કૃતિ (Tribal Culture)

**(1) પ્રશિષ્ટ-ભદ્રવર્ગીય અથવા માર્ગી પરંપરા (Classical Culture) :** ભારતીય સંસ્કૃતિની પ્રશિષ્ટ પરંપરામાં વિવિધ વિદ્યાશાખાઓ, ભાષાઓ અને કલાઓનો સમાવેશ થાય છે. તેને નીચે પ્રમાણે વિગતે દર્શાવી શકાય :

(1) ધર્મશાસ્ત્ર (ધર્મસંબંધી) Religious

(2) નીતિશાસ્ત્ર (આચારશાસ્ત્રી) Ethics

(3) જ્યોતિષશાસ્ત્ર (અવકાશવિજ્ઞાન, ખગોળશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્ર) Astronomy and Astrology

(4) દર્શનશાસ્ત્ર Philosophy

(5) સંગીતશાસ્ત્ર Music

(6) નાટ્યશાસ્ત્ર (નાટ્યવિદ્યા) Dramatics

(7) વ્યાકરણશાસ્ત્ર (વ્યાકરણ) Grammar

(8) આયુર્વેદ (ઔષધ વિજ્ઞાન) Medical Science

(9) વાસ્તુ અને શિલ્પ Architecture and Sculpture

અહીં દર્શાવેલાં વિવિધ શાસ્ત્રો મૂળ સંસ્કૃત ભાષામાં રચાયેલાં હતાં. તેને કારણે આપણે આ પરંપરાને પ્રશિષ્ટ

કહીએ છે. જુદા-જુદા ગ્રંથોમાં ભારતીય સંસ્કૃતિનાં વિવિધ પાસાંઓની શાસ્ત્રીય ચર્ચા કરવામાં આવી હતી અને તેનું સાતત્ય આજે પણ રહ્યું છે. આ પરંપરામાં વિવિધ વિષયોની કુશળતા પ્રાપ્ત કરવા માટેનાં સાધનો અથવા તાલીમની અનિવાર્યતા રહેતી. જોકે અહીં એ ઉલ્લેખ કરવો જોઈએ કે સંસ્કૃત ભાષા એ જનસામાન્યની ભાષા ન હોવાને કારણે ભદ્રવર્ગ સુધી જ સીમિત રહી. ઉપરાંત આ પરંપરામાં ભિન્ન-ભિન્ન ધર્મો અને સંપ્રદાયોનાં તત્ત્વો ઉમેરાતા ગયા અને તે દ્વારા એક વિશિષ્ટ ભાતીગળ સંસ્કૃતિ વિકસી.

**(2) લોકસંસ્કૃતિ અથવા દેશી પરંપરા (Folk Culture) :** લોકસંસ્કૃતિ માનવસમાજ જેટલી જૂની છે. લોકસંસ્કૃતિને આદિમાનવની મનોવૈજ્ઞાનિક અભિવ્યક્તિ તરીકે ઓળખવામાં આવે છે. લોકસંસ્કૃતિ એ લોકસમૂહનું સહિયારું નિજી સર્જન છે. જનજીવન પોતાનાં રસરુચિ, સવલતો, સુવિધાઓ અને ભૌગોલિક પરિસ્થિતિ અનુસાર કેટલીક પ્રણાલિકાઓ આરંભે છે જે આગળ જતા રિવાજ અને રૂઢિ રૂપે લોકજીવનનું મુખ્ય અંગ બની જાય છે. લોકસંસ્કૃતિ એ અત્યંત વિશાળ જીવન ક્ષેત્ર છે. લોકજીવન, લોકકલા અને કસબ એ લોકસંસ્કૃતિનાં અંગ છે. લોકસંસ્કૃતિનો સાચો પરિચય મેળવવા માટે લોકજીવનનો અભ્યાસ જરૂરી છે.

**લોકસંસ્કૃતિનો અર્થ અને વ્યાખ્યા : જોરાવરસિંહ જાદવ –** ''સંસ્કૃતિના સીમાડામાં સમાઈ જતી બોલીઓ, કંઠસ્થ સાહિત્ય, સંગીતકલા, ઉત્સવો, ધર્મ, વસ્ત્રાલંકારો, ખેતી, પશુપાલન, નૌકાયાન, હથિયારો, ઘર, ખોરડા, રાચરચીલું, દેવમંડળ, આચાર-વિચાર, સંસ્કાર વગેરેનો લોકસંસ્કૃતિમાં સમાવેશ થાય છે.''

**મહાપાત્રે –** ''લોકોની રીતરસમો, વહેમો, માન્યતાઓ, પ્રચલિત લોકગીતો, લોકકથાઓ, હાલરડાં, મરસિયા, જોડકણાં, કહેવતો, રૂઢિપ્રયોગો ઉપરાંત વસ્ત્રાલંકારો, રમતો, ઘરવખરીની ચીજવસ્તુઓ, લોક દેવ-દેવીઓ, રમકડાં, હથિયાર ઈત્યાદિનો સમાવેશ લોકસંસ્કૃતિમાં થાય છે.''



**લોકનૃત્ય**

જેમકે રીત-રસમમાં લગ્ન કરનારને પીઠી લગાવવી, મીંઢળ બાંધવું વગેરે જોવા મળે છે. તીન તીગાડા કામ બિગાડા જેવા વહેમ જોવા મળે છે. તો કંજૂસાઈ કરી પૈસા ગણ્યા કરે તે વ્યક્તિ બીજા જન્મમાં ભમ્ફોડી(સાપનો એક પ્રકાર) બને છે તેવી માન્યતા વગેરે લોકસંસ્કૃતિનાં ઉદાહરણ છે.

'દીકરો મારો લાડકવાયો દેવનો દીધેલ છે.....' જેવાં હાલરડાં તેમજ 'ન બોલ્યામાં નવ ગુણ', 'બોલે તેનાં બોર વેચાય' જેવી કહેવતો, 'આંખ આડા કાન કરવા', 'રાતા પીળા થઈ જવું' જેવા રૂઢિપ્રયોગો પણ લોકસંસ્કૃતિનાં ઉદાહરણ છે.

**હસુ યાજ્ઞિક –** ''લોકસંસ્કૃતિ એ લોકમાનસ અને સાહિત્યના પાયા છે. સભ્યતાનો વિકાસ અને સંસ્કૃતિની ઉપલબ્ધિ બંનેની વિકાસયાત્રા સાથે લોકસંસ્કૃતિ જોડાયેલી છે.''

**કૃષ્ણદેવ ઉપાધ્યાય –** લોકવિદ્યાને લોકસંસ્કૃતિ તરીકે ઓળખાવે છે. ''લોકવિદ્યા એટલે લોકોએ પોતાનાં જીવન માટે જરૂરી એવી પોતે નિપજાવી કાઢેલી વિદ્યા કે જ્ઞાન છે જે લોકસમાજમાં ઉત્પન્ન થાય છે.''

ભારતની બહુમતી પ્રજા સદીઓથી લોકસંસ્કૃતિ સાથે સંકળાયેલી છે. આ પરંપરા મૌખિક રહી હોવાથી પુસ્તકનો સીધો આધાર તેના વિકાસમાં જોવા મળતો નથી. એક પેઢીમાંથી બીજી પેઢીમાં હસ્તાંતર દ્વારા તેનો સાતત્યપૂર્ણ વિકાસ થયો છે. ભૌગોલિક રીતે વિશાળ પ્રદેશ અને વિવિધ આબોહવા ધરાવતાં ભારતમાં ભૌગોલિક વાતાવરણ મુજબ લોકસંસ્કૃતિ જોવા મળે છે. મહદંશે કૃષિ અર્થવ્યવસ્થાવાળા દેશોમાં અને ગ્રામ્ય પરિવેશમાં લોકગીતો, નાટ્યસ્વરૂપો અને ચિત્રકલા વિકસી છે. આદિવાસી સંસ્કૃતિ અને લોકસંસ્કૃતિ આ સંદર્ભમાં ઘણું સામ્ય ધરાવે છે.

વિભિન્ન પહેરવેશ, શૃંગારનાં ભિન્ન ભિન્ન સ્વરૂપો, રોજિંદા ભોજનનું વૈવિધ્ય અને સાથે બાર ગાઉએ બોલી બદલાય એ ઉક્તિ ભારતીય સંસ્કૃતિના વૈવિધ્યને સુપેરે વ્યક્ત કરે છે.

ગુજરાતમાં ગરબા અને ભવાઈ, પંજાબમાં ભાંગડા, મહારાષ્ટ્રમાં લાવણી, આસામમાં બિહુ વગેરેમાં જે–તે પ્રદેશની લોકસંસ્કૃતિનાં દર્શન થાય છે. જોકે સામાજિક સંદર્ભ બદલાતા લોકસંસ્કૃતિનું સ્વરૂપ બદલાયું છે.

**(3) આદિવાસી સંસ્કૃતિ (Tribal Culture) :** આદિકાળથી આ ભૂમિમાં રહેતા આદિવાસીઓની સંખ્યા ભારતમાં નોંધપાત્ર છે. આદિવાસીઓની સંસ્કૃતિ આગવી ઓળખ ધરાવતી હોવાથી તેને જાણવી–સમજવી જરૂરી છે. આદિવાસી સંસ્કૃતિને સમજવી હોય તો ભારતીય સંસ્કૃતિ-સભ્યતાના સંદર્ભમાં જ જોઈ સમજી શકાય.

આદિવાસી સંસ્કૃતિ શાસ્ત્રીય કે પ્રશિષ્ટ અને લોકસંસ્કૃતિથી જુદી પડે છે. જોકે આદિવાસી સંસ્કૃતિ લોકસંસ્કૃતિનાં ઘણાં તત્ત્વો ધરાવે છે; પરંતુ પ્રશિષ્ટ સંસ્કૃતિ સાથે અપવાદરૂપે સંબંધ ધરાવે છે. આદિવાસી સંસ્કૃતિમાં પ્રાચીન અને આધુનિક સંસ્કૃતિનો સમન્વય જોવા મળે છે.

આદિવાસી સંસ્કૃતિની આગવી ઓળખ વર્ષો સુધી અકબંધ રહી; પરંતુ ખ્રિસ્તી મિશનરીની અસર તેમજ આઝાદી બાદની વિકાસ યોજનાને લીધે વિવિધ લોકોના સંપર્કમાં આવવાને લીધે તેમની વિશિષ્ટ સંસ્કૃતિ લુપ્ત થવાને આરે છે.

**આદિવાસી સંસ્કૃતિની વ્યાખ્યા :**

**ભુપેન્દ્ર બ્રહ્મભટ્ટ –** ''પ્રકૃતિ સાથેનો સીધો સંપર્ક અને પર્યાવરણીય સંતુલન જાળવતી જીવનરીતોને મહત્ત્વ આપતી, સામૂહિક ઉત્સવ, ઉજવણી, નાચ-ગાન અને સામૂહિક જીવનનું પ્રભુત્વ ધરાવતી સંસ્કૃતિ એટલે આદિવાસી સંસ્કૃતિ.''

આદિવાસીઓની જીવનરીતો, તેમના રિવાજો અને તેમની સરળ માન્યતામાં આદિવાસી સંસ્કૃતિનાં દર્શન થાય છે.

આદિવાસી સંસ્કૃતિનાં ચાર લક્ષણો છે :

**(1)** કદમાં નાની
**(2)** વિવિધતા
**(3)** વિશિષ્ટતા
**(4)** સ્વાવલંબન

આ ચાર લક્ષણો આદિવાસી સમાજની ભૌગોલિક અને વસ્તીવિષયક પરિસ્થિતિ સાથે ગાઢ સંબંધ ધરાવે છે, જેનો વિગતવાર પરિચય પ્રકરણ-3માં જોઈશું.

**આદિવાસી કલાસંસ્કૃતિ :**

આદિવાસી જે કામ કરે છે તે સહજ સ્વાભાવિક હોય છે. તેઓ કળાને સૌંદર્યનિર્માણનું સાધન સમજતા નથી. તેઓને માટે તો એ જીવનનું અભિન્ન અંગ છે. આદિવાસી કલા અંગે વધુ સ્પષ્ટતા કરતાં કહી શકાય કે આદિવાસી સંસ્કૃતિમાં કલાનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો છે. આ લક્ષણોમાં માધ્યમ (medium), સાધનો (tools), પ્રક્રિયા (process), ઉપયોગ (function), શિક્ષણ (learning), જીવનતત્ત્વ (live), સાતત્ય (continuity), સહવાસ (togetherness), વિજ્ઞાન (science) વગેરેનો સમાવેશ થાય છે.

આપણે અહીંયાં તેમની ચિત્રકલા, ગીત–સંગીત–નૃત્યકલા અને માટીકલા અંગે ચર્ચા કરી આદિવાસી કલાસંસ્કૃતિ વિશે સમજૂતી મેળવીશું.

**ચિત્રકલા :** રાઠવાઓના પીઠોરાનાં ચિત્રો, ચૌધરીઓના નવાનાં ચિત્રો, કુંકણીઓના પસલી, ભીલોના ભારાડી, ભીલ ગરાશિયાનાં ગોત્રજનાં ચિત્રો એમ અનેક સ્વરૂપો આદિવાસી ચિત્રકલાની ભેટ છે. રાઠવા લોકોના ઘરની દીવાલ પર જે ચિત્ર થાય છે, જે દેવપીઠોરો ચીતરાય છે, તેની સાથે તે જીવન ગુજારે છે. બધા ભેગા મળીને ચીતરે, ચિત્ર કરે ત્યારે ઉપવાસ કરે છે. વળી ચિત્ર કરતા પહેલાં સાત લીપણ કુંવારી કન્યા કરે છે. સંગીત, નાચ-ગાન સાથે ચિત્ર બને છે. ચિત્ર એ સમૂહ જીવનનું ઉત્સવરૂપ તત્ત્વ છે. તેઓનાં ચિત્રોમાં દેવો આવે, રાજા આવે, ખેડૂત આવે, ઝાડ-પાન, સૂરજ-ચંદ્ર, જીવડાં, પશુ-પક્ષી સૌ આવે અને એમાં ભભકદાર રંગો પુરાય.

**ગીત-સંગીત-નૃત્યકલા :** ગીત, સંગીત અને નૃત્ય આદિવાસી જીવન સંસ્કૃતિના મહત્ત્વના અંશો છે. તેઓના આર્થિક રીતે વિષમ જીવનમાં નવી ચેતના, ઉલ્લાસ અને પ્રાણ સિંચવાનું કામ ગીત, સંગીત અને નૃત્ય કરે છે.

આદિવાસી સંગીતકલામાં તેમના સંગીતનાં જુદાં જુદાં વાદ્યોનું ખૂબ મહત્ત્વ જોવા મળે છે. આ વાદ્યો લાકડાનાં, હાડકાંના અને ચામડાના ઉપયોગથી બને છે. તેઓનાં સંગીત વાદ્યોમાં ચર્મવાદ્યોમાં ઢોલ, ડોબરું, નગારું વગેરેનો સમાવેશ થાય છે, તો સુષિર વાદ્યોમાં વાંસળી, શંખ, શરણાઈ, ભૂંગળનો સમાવેશ થાય છે. તંતુવાદ્યમાં તંબૂરો, સારંગી અને બોરનો સમાવેશ થાય છે તથા ડોબરું, ત્રાંસા, મંજીરા જેવા આ સંગીતવાદ્યો સાથે એમનાં લોકગીતો જે ઋતુઓ, દેવો અને સામાજિક જીવનને વણી લેતાં ગીતોનું તેઓ સતત ગાન કરતા રહે છે. આદિવાસીઓના

જીવનમાં નાચ–ગાનનું ખૂબ મહત્ત્વ છે. તેઓનાં નૃત્યો સામૂહિક હોય છે. જેમ કે ઘેરૈયા નૃત્ય, ડાંગ જિલ્લાનું તારફા નૃત્ય, ડાકણી નૃત્ય, ડોબરું નૃત્ય વગેરે જોવા મળે છે.

**માટીકલા :** આદિવાસીઓમાં વિશિષ્ટ માટીકલા સંસ્કૃતિ જોવા મળે છે. તેઓ માટીમાંથી વાસણો, રમકડાં અને દેવમૂર્તિ બનાવે છે. ગુજરાતના પોશીના વિસ્તારમાં ભીલ-ગરાશિયા માટીના ઘોડાઓ દેવને ચડાવે છે. તેઓ એ ઘોડાને જીવતા ઘોડા જેટલું જ માન આપે છે. ગુજરાતમાં આદિવાસી જાતિ પૈકી ચૌધરી, ગામીત, ધોડીયા, ભીલ, રાઠવા સૌ માટીના ઘોડા, હાથી, વાઘ, ગાય, બળદ, પુરુષ, સ્ત્રી વગેરેની મૂર્તિ બનાવે છે અને તે મૂર્તિઓ દેવને ચડાવે છે. આ સૌ પ્રકૃતિના અંશ છે તેવા ભાવ અને વિચાર આદિવાસી સંસ્કૃતિમાં હંમેશાં મહત્ત્વ ધરાવે છે.

## ભારતીય સમુદાય

ભારતીય સમાજ બહુમુખી સમાજ તરીકે સામાજિક-સાંસ્કૃતિક વિવિધતા ધરાવે છે. તેમાં અનેક જુદા જુદા સમુદાયો જેવા કે ધાર્મિક સમુદાય, ગ્રામીણ અને શહેરી સમુદાય તથા આદિવાસી સમુદાયો જોવા મળે છે, જેની અહીં માહિતી મેળવીશું.

### સમુદાયનો અર્થ :

''સમુદાય એટલે નિશ્ચિત ભૌગોલિક પ્રદેશમાં વસવાટ કરતા, સમાન સંસ્કૃતિ અને અમેપણાંની સામૂહિક ભાવના ધરાવતા, પારસ્પરિક સંબંધ ધરાવતા માનવસમૂહને સમુદાય કહે છે.''

વિદ્યાર્થીમિત્રો, સમુદાયના પ્રકારો માટે જુદા જુદા આધાર હોય છે. અહીં આપણા અભ્યાસક્રમને લક્ષમાં રાખીને ધાર્મિક સમુદાય, ગ્રામીણ સમુદાય, શહેર સમુદાય અને આદિવાસી સમુદાયની વિસ્તૃત સમજ મેળવીશું.

### સમુદાયના પ્રકારો :

### (1) ધાર્મિક સમુદાય :

વિદ્યાર્થીમિત્રો તમે પ્રકરણ-1માં ભારતના ધાર્મિક સમુદાય અંગેની આંકડાકીય માહિતી મેળવી. અહીં આપણે વિભિન્ન ધાર્મિક સમુદાયની ખાસિયતો જોઈશું.

### ધાર્મિક સમુદાયની વ્યાખ્યા :

ધાર્મિક સમુદાય એટલે એવું ચોક્કસ જૂથ કે જેને પોતાનું આગવું તત્ત્વજ્ઞાન, પૂજા-ઉપાસના પદ્ધતિ, ધાર્મિક માન્યતાઓ, વિધિ-વિધાનો અને આચાર સંહિતામાં સમાનતા હોય છે.

મિત્રો, આપણો ભારત દેશ બહુધર્મી છે. તેમાં જુદા જુદા ધાર્મિક સમુદાયમાં જોઈએ તો હિંદુ, ઈસ્લામ, ખ્રિસ્તી, શીખ, બૌદ્ધ, જૈન પારસી અને યહૂદી ધર્મનો સમાવેશ થાય છે. ભારતમાં દરેક ગામ કે શહેરમાં મંદિર, મસ્જિદ, ગિરિજાઘર (ચર્ચ), ગુરુદ્વારા કે અગિયારી જેવાં સ્થળો ધર્મનાં પ્રતીક સ્વરૂપે જોવા મળે છે.

ભારતનાં બંધારણની કલમ 25(1) દરેક વ્યક્તિને પોતાનો ધર્મ સ્વતંત્ર રીતે સ્વીકારવા, વ્યવહારમાં લાવવા તેમજ તેનો પ્રચાર-પ્રસાર કરવાનો અધિકાર આપે છે. વિશ્વમાં ભારતમાં પ્રવર્તતી ધાર્મિક વિશ્વાસની સહિષ્ણુતા અને વિવિધતાની સ્વીકૃતિ ઉદાહરણરૂપ બને છે. ભારતમાં બધા જ પ્રકારના લોકો પોતાની ધાર્મિક શ્રદ્ધાને માનવા અને તેને સુરક્ષિત રાખવા સ્વતંત્ર છે. જુદા જુદા ધાર્મિક સમુદાયનો પરિચય નીચે મુજબ મેળવીશું.

#### (1) હિંદુ સમુદાય :

હિંદુ ધર્મમાં વ્યક્તિનું ધર્મનું સભ્યપદ જન્મથી નક્કી થાય છે. તેઓ ઈશ્વર નામની શક્તિ કોઈ ને કોઈ સ્વરૂપે સર્વવ્યાપી છે, વ્યક્તિ ઈશ્વર સુધી પહોંચી શકે છે તેવો દઢ વિશ્વાસ ધરાવે છે. હિંદુ સમુદાય એક ઈશ્વરમાં માનતો નથી. આ ધર્મમાં અનેકવિધતા જોવા મળે છે. ધર્મ, કર્મ, મોક્ષ ત્રણ મહત્ત્વના સિદ્ધાંતો છે. ધર્મ નૈતિક શક્તિ છે. કર્મ-વ્યક્તિને સારાં-ખરાબ કર્મોનું ફળ ભોગવવું પડે છે. મોક્ષ કર્મ અને જન્મ–મૃત્યુના બંધનમાંથી મુક્તિ આપે છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતા તેમનું ધર્મ પુસ્તક, મંદિર તેમનું ધર્મસ્થાન છે તેમજ ધર્મસ્થાનોમાં સેવા–પૂજા કરનારને પૂજારી કહેવામાં આવે છે.

હિંદુ ધાર્મિક ગ્રંથો અનુસાર વ્યક્તિએ સમગ્ર જીવન દરમિયાન 16 સંસ્કારોમાંથી પસાર થવું પડે છે. જેમાં મુખ્ય જન્મ, લગ્ન અને મૃત્યુ સંસ્કાર છે.

હિંદુ ધર્મમાં શૈવ, વૈષ્ણવ, શાક્ત અને સ્માર્ત એવા ચાર ભાગો જોવા મળે છે. શૈવ શંકર–શિવની પૂજા કરે

છે. વૈષ્ણવો-વિષ્ણુની, શાક્ત દેવી કે માતાજીની અને સ્માર્ત એ શિવ-વિષ્ણુ કે દેવી એમ ત્રણેયની પૂજા કરે છે. હિંદુ ધર્મમાં અનેક સંપ્રદાયો, પંથો, વાડાઓ છે, જે ખૂબ જ જટિલ છે તેમ છતાં તેઓ વિશાળ હિંદુ સમુદાય સાથે પરસ્પર સંબંધ ધરાવે છે. આમ, હિંદુ ધર્મમાં અનેકવિધતા હોવા છતાં તેઓ ગાઢ રીતે સંકળાયેલા છે. તીર્થયાત્રા કરવી, દાન આપવું, જુદાં જુદાં ધાર્મિક વ્રતો કરવા, ધાર્મિક ગ્રંથોનું વાંચન અને તહેવારો ઊજવવા, પવિત્ર નદીઓમાં સ્નાન કરવું, ધર્મસ્થાનો અને સંતોને દાન અને સેવા આપવી વગેરેનું ખૂબ મહત્ત્વ છે તેમજ દિવાળી, હોળી, નવરાત્રિ તેમના ધાર્મિક તહેવારો છે.



**વિવિધ ધર્મના પ્રતીકો**

**(2) મુસ્લિમ સમુદાય :**

સમગ્ર ભારતમાં ઈસ્લામ ધર્મના અનુયાયીઓ જોવા મળે છે. તેઓ ધાર્મિક પુસ્તક કુરાને શરીફને ઈશ્વરનું શાબ્દિક સ્વરૂપ માને છે. મુસ્લિમોની ધાર્મિક ક્રિયાઓમાં નમાજ, રોજા અને હજને મહત્ત્વની ગણી છે. મહમ્મદ પયગંબરે સ્થાપેલો ઈસ્લામ ધર્મ એકેશ્વરવાદમાં માને છે.

કોઈ પણ મુસ્લિમે શરિયતના નિયમોનું પાલન કરવું ફરજિયાત હોય છે. હજયાત્રાને ઈસ્લામ ધર્મમાં શ્રેષ્ઠ માનવામાં આવે છે. મક્કામાં આવેલ પવિત્ર કાબાનાં દર્શનથી હજ થાય છે, જે પાપમાંથી મુક્તિ આપે છે તેવું તેઓનું દૃઢપણે માનવું છે. ઈસ્લામ ધર્મમાં તૌહીદ, નમાજ, રોજા, જકાત, હજ તેમજ ખેરાત એ મુખ્ય ધાર્મિક વિધિઓ છે. પાંચ વખતની નમાજ કરવી જરૂરી મનાય છે. આવકનો અમુક હિસ્સો ખેરાત રૂપે આપવો ફરજિયાત હોય છે. ઈસ્લામમાં હિજરી પંચાંગ મુજબ ધાર્મિક બાબતો, લગ્ન અને ઉત્સવોની ઉજવણી થાય છે. મોહરમથી મુસ્લિમોનું નવું વર્ષ શરૂ થાય છે.

ઈસ્લામમાં રમજાન એ સૌથી પવિત્ર મહિનો ગણાય. જેમાં સ્ત્રી-પુરુષો આત્મકલ્યાણ શુદ્ધિ માટે ઉપવાસ કરે છે. જેમાં ચંદ્રદર્શનને મહત્ત્વ આપે છે. તેમના ધાર્મિક સ્થાનને મસ્જિદ કહે છે. જ્યાં તેઓ સામૂહિક નમાજ અદા કરે છે. ઈસ્લામના અનુયાયીના મૃત્યુ બાદ દફનવિધિ કરવામાં આવે છે.

મુસ્લિમો શિયા અને સુન્ની એમ બે વિભાગોમાં વિભાજિત છે. શિયા કરતાં સુન્ની મુસ્લિમોની સંખ્યા ભારતમાં વધુ છે. તેમના ધર્મગુરુને ઇમામ કહે છે. રમજાન ઈદ, મહોરમ તેમના ધાર્મિક ઉત્સવો છે.

**(3) ખ્રિસ્તી સમુદાય :**

ભારતમાં હિંદુ–મુસ્લિમ ધર્મની વસ્તી કરતાં ખ્રિસ્તીઓની વસ્તી ખૂબ ઓછી (2.30 ટકા) છે. ભારતમાં તેઓ ગોવા, મહારાષ્ટ્ર, અરુણાચલ પ્રદેશ, કેરલ અને તમિલનાડુમાં મોટે ભાગે રહેલા છે. ભારતીય ખ્રિસ્તીઓ મુખ્યત્વે રોમન કૅથલિક અને પ્રોટેસ્ટન્ટ તેમજ અન્ય સાંપ્રદાયિક ચર્ચમાં વિભાજિત થયેલા છે.

બાઇબલ તેમનું ધર્મ પુસ્તક છે. ખ્રિસ્તી ધર્મમાં ઈસુ ખ્રિસ્તને ઈશ્વરના પયગંબર તરીકે માનવામાં આવે છે. તેમના ધર્મસ્થાનને ચર્ચ તરીકે ઓળખવામાં આવે છે.

ખ્રિસ્તી ધર્મના મુખ્ય ત્રણ સિદ્ધાંતો છે :

- ઈશ્વરના પુત્ર અને સંદેશાવાહક તરીકે ઈસુ ખ્રિસ્તમાં શ્રદ્ધા અને વિશ્વાસ
- સેવા
- પડોશી પ્રત્યે પ્રેમ અને સહિષ્ણુતા

ભારતમાં કૅથલિક સંપ્રદાયના ખ્રિસ્તીઓની સંખ્યા વધુ છે. ખ્રિસ્તીઓના ધર્મગુરુને પોપ કહે છે. જે પ્રત્યેક ધાર્મિક બાબતોમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયમાં જુદાં જુદાં ચર્ચ મહત્ત્વનાં હોય છે. કૅથલિક સંપ્રદાયના ખ્રિસ્તીઓ ધાર્મિક તીર્થયાત્રા કરે છે. તેમનાં ધાર્મિક સ્થળ મુંબઈ અને કેરલનું અર્નાકુલમ છે. રોમન કૅથલિક

ખ્રિસ્તીઓમાં ચર્ચમાં બિશપ દ્વારા જુદી જુદી પવિત્ર વિધિ કરવામાં આવે છે. લગ્નની વિધિ ચર્ચમાં પાદરી દ્વારા થાય છે. નાતાલ, ઈસ્ટર, ગુડફ્રાઈડે વગેરે તેમના તહેવારો છે.

**(4) જૈન સમુદાય :**

ભારતમાં જૈન ધર્મના અનુયાયીઓની સંખ્યા ઓછી છે. તેઓ મોટે ભાગે ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં રહે છે. ભારતના પ્રાચીન ધર્મોમાં જૈન ધર્મની ગણના થાય છે. જૈન ધર્મમાં 24 તીર્થંકરો થયા. જેમાં પ્રથમ ઋષભદેવ અને 24મા મહાવીર સ્વામી છે. જૈન સમુદાયમાં શ્વેતાંબર અને દિગંબર (વસ્ત્ર ન પહેરનાર) એવા વિભાગો છે. હિંદુ ધર્મની જેમ જૈન ધર્મ આત્મા, કર્મનો સિદ્ધાંત અને જીવન-મૃત્યુમાં માને છે. ઉપવાસને સ્વશુદ્ધિ માટેની તપસ્યા ગણે છે. વૈચારિક શુદ્ધિ માટે માનસિક શિસ્તને મહત્ત્વ આપે છે. તેમનું ધાર્મિક પુસ્તક કલ્પસૂત્ર છે. તેઓ અનેકાંતવાદ, પરલૌકિકવાદ, અહિંસા કર્મ, ધર્મ, મોક્ષ, સત્ય, અસ્તેય, અપરિગ્રહના તત્ત્વના જ્ઞાનમાં માને છે.

**(5) શીખ સમુદાય :**

શીખ ધર્મના અનુયાયીઓ મોટે ભાગે ભારતના પંજાબ અને ઉત્તર-પૂર્વના પ્રદેશમાં જોવા મળે છે. શીખ ધર્મ સમતાવાદી અને સમન્વયકારી છે. તેમના ધર્મગ્રંથને ગુરુ ગ્રંથ સાહેબ અને ધર્મસ્થાનને ગુરુદ્વારા કહે છે. તેઓમાં જ્ઞાતિ વ્યવસ્થા જોવા મળે છે. જેમાં જાટ, બ્રાહ્મણ, ક્ષત્રિય, કારીગર વર્ગની જ્ઞાતિઓ હોય છે. શીખ ધર્મ અપનાવનાર નિમ્ન જ્ઞાતિના લોકો મજહબી તરીકે ઓળખાય છે. તેઓને સરદાર કહેવામાં આવતા નથી.

તેઓ જે ધાર્મિક કીર્તન કરે છે તેને ગુરૂબાની કહે છે. તેમનામાં પાંચ 'ક' નું ખૂબ મહત્ત્વ છે. જેમાં કેશ, કંગા, કડું, કચ્છ, કિરપાણનો સમાવેશ થાય છે. શીખ ધર્મમાં લંગરનું આગવું મહત્ત્વ હોય છે. અમૃતસરનું સુવર્ણ મંદિર તેમનું ધાર્મિક સ્થળ છે.

**(6) બૌદ્ધ સમુદાય :**

ભારતમાં શીખ ધર્મના અનુયાયીઓની જેમ બૌદ્ધધર્મીઓનું પ્રમાણ ઓછું છે. મોટા ભાગના બૌદ્ધધર્મીઓ મહારાષ્ટ્રમાં વસે છે. તે ઉપરાંત ઉત્તર-પશ્ચિમ ભારત અને અરુણાચલ પ્રદેશમાં વસે છે. સમ્રાટ અશોકના સમયમાં ભારતમાં બૌદ્ધ ધર્મનો ફેલાવો ઘણો હતો. બૌદ્ધ ધર્મમાં હીનયાન, મહાયાન અને વિરાજયાન એવા ત્રણ સૈદ્ધાંતિક તફાવતો છે. બૌદ્ધ ધર્મમાં બે સ્તર છે. જેમાં ઉચ્ચ સ્તરના બૌદ્ધોમાં બ્રાહ્મણ-ક્ષત્રિય અને અમુક કક્ષાના ગૃહપતિઓ છે, જ્યારે નિમ્નસ્તરમાં બૌદ્ધ ધર્મમાં ધર્માંતરિત થયેલા આદિવાસીઓ અને સીમાંત સમૂહો છે. સારનાથ, સાંચી, બોધિગયા બૌદ્ધ ધર્મના મહત્ત્વનાં કેન્દ્રો છે. તેમના ધર્મગુરુ લામા તરીકે ઓળખાય છે. તેમના ધર્મસ્થાનમાં વિશ વિલ (Wish Wheel) હોય છે. બૌદ્ધ ધર્મ સ્થાનને બૌદ્ધ મંદિર તરીકે ઓળખાય છે. તેમનું ધર્મ પુસ્તક ત્રિપિટક છે તેમજ તેઓ કર્મ અને પુનર્જન્મમાં માને છે.

**(7) પારસી સમુદાય :**

ભારતમાં પારસી સમુદાય ખૂબ નાનો છે. તેઓ આઠમી સદીમાં ઈરાનથી દરિયાઈ માર્ગે ગુજરાતમાં થઈને ભારતમાં આવ્યા છે. દૂધમાં સાકર ભળે તેમ ભારતના રાષ્ટ્રીય જીવનમાં ઓતપ્રોત થયા છે. ભારતમાં તેઓએ વેપારી સમુદાયની જીવનશૈલી અપનાવી છે. તેઓ પવિત્ર અગ્નિની પૂજા કરે છે. તેમના ધર્મસ્થાનને અગિયારી કહે છે. હૂમ્ત (સારા વિચારો), હુખ્ત (સારા શબ્દો), હુવરસ્ત (સારાં કર્મો) તેમનાં ધાર્મિક સૂત્રો છે. તેમનું ધાર્મિક પુસ્તક અવેસ્તા છે. પતેતી તેમનો મુખ્ય તહેવાર છે.

**(8) યહૂદી સમુદાય :**

ભારતમાં તેમની વસ્તી ઓછી છે. યહૂદીઓ હિબ્રૂવંશના છે. તેમનાં મુખ્ય બે જૂથ છે. જેમાં એક જૂથ કોચીનમાં અને બીજું જૂથ કોંકણમાં નિવાસ કરે છે. તેમના ધર્મ સ્થાનને ટેમ્પલ માઉન્ટ કહે છે. તેમનું ધર્મ પુસ્તક 'તનખ કે તોરાહ' છે. તેમના ધર્મગુરુને રબ્બી કહે છે. યહૂદી ધર્મનો ઉદ્‌ભવ જેરુસલેમમાં થયો છે. તેમની ધાર્મિક ફિલોસૉફી ન્યાય, સત્ય, શાંતિ, પ્રેમ, દયા અને કરુણા છે. તેઓ જેહોવા અથવા યહોવાહને ભગવાન માને છે. બધા જ યહૂદીઓ ઉપાસના કેન્દ્રમાં સાથે પૂજા-આરાધના કરે છે. ભારતમાંથી ઘણા યહૂદીઓ ઈઝરાયલમાં સ્થળાંતરિત થયેલા છે.

આમ, ભારતમાં દરેક ધાર્મિક સમુદાયોમાં પણ વૈવિધ્ય છે. ભારત સરકારે મુસ્લિમ, શીખ, ખ્રિસ્તીઓ, બૌદ્ધ, પારસી અને જૈન એમ છ સમુદાયોને લઘુમતી તરીકે જાહેર કર્યા છે. ભારતમાં બધી મળીને 17.17 ટકા લઘુમતી વસ્તી છે. આ ધાર્મિક લઘુમતીઓનાં કલ્યાણ માટે કેટલીક જોગવાઈઓ કરવામાં આવી છે.

**(2) ગ્રામીણ સમુદાય :**

ગામડું એ પ્રકૃતિની નિકટ વસવાટ કરતા મોટે ભાગે ખેતી અને ખેતી સાથે સંબંધિત વ્યવસાય કરતા અને વિશિષ્ટ જીવનશૈલી ધરાવતા લોકોનો બનેલો નાનો પ્રાથમિક સમુદાય છે. જેમાં મોટે ભાગે એકવિધતા અને એકતા હોય છે. કૃષિ અને જ્ઞાતિ આધારિત સ્તરીકૃત સામાજિક અસમાનતા હોય છે. લોકો મોટે ભાગે પરંપરાને વળગી રહેવાનું વલણ ધરાવે છે. આથી તેઓ પરિવર્તનનો ધીમો સ્વીકાર કરે છે. સામાજિક ગતિશીલતા પ્રમાણમાં ઓછી હોય છે.

સમગ્ર ભારતમાં એકસમાન સ્વરૂપના ગ્રામ સમુદાય નથી; પરંતુ કદ, વસવાટની ઢબ તેમજ સામાજિક રચનામાં વૈવિધ્ય જોવા મળે છે. ગ્રામ સમુદાયમાં જ્ઞાતિ, ધર્મ, કોમ, ભાષાકીય બંધારણ, સંસ્કૃતિમાં તફાવતો હોય છે. છતાં ગ્રામ સમુદાયમાં પ્રદેશ અને દેશના સંદર્ભમાં કેટલાંક તત્ત્વો સમાન હોય છે.

**ગ્રામ સમુદાયની વ્યાખ્યા** :

જુદા જુદા સમાજશાસ્ત્રીઓએ ગ્રામ સમુદાયની વ્યાખ્યા નીચે મુજબ દર્શાવી છે :

**એમ. એન. શ્રીનિવાસ** - ''ગામડું એક પરસ્પરાવલંબી એકમ છે. મહદંશે આત્મનિર્ભર છે. ગામને પોતાની ગ્રામ સમિતિ છે. ગામડાની અંદર દરેક જ્ઞાતિ પોતાનું આગવું જીવન જીવે છે. ગામડું એ જ્ઞાતિ જેવા ભિન્ન ભિન્ન આડા સ્તરોનો બનેલો ઊભો એકમ છે.''

**એસ. સી. દૂબે** - ''ગામડું એક પ્રાદેશિક જૂથ છે. તે સામાજિક, આર્થિક, ધાર્મિક વિધિ વિધાન અને સામાજિક વ્યવસ્થાનો એકમ છે. તે સંગઠિત રાજકીય સમાજનો ભાગ છે. વ્યક્તિ ગ્રામ સમુદાય ઉપરાંત જ્ઞાતિ, ધર્મ, પ્રાદેશિક જૂથની સભ્ય હોય છે. ગામડાંમાં એકથી વધુ જ્ઞાતિઓ હોય છે. જે ગામના સામાજિક, ધાર્મિક અને વહીવટી સંગઠનમાં સુગ્રથિત થયેલી હોય છે.''

**ડી. એન. મજમુદાર** - ''ગ્રામ સમુદાયને એક જીવનશૈલી તરીકે પારિભાષિત કરે છે.''

**ગ્રામ સમુદાયનાં લક્ષણો :**

ગ્રામ સમુદાયનો અર્થ અને વ્યાખ્યાના આધારે તેનાં લક્ષણો નીચે મુજબ છે :

**(1) પ્રકૃતિમય જીવન :**

ભારતીય ગ્રામ સમુદાયના લોકો પ્રકૃતિની નિકટના સંબંધમાં જીવન જીવે છે. આજીવિકાનું મુખ્ય સાધન ખેતી હોવાથી જમીન સાથે સતત સંપર્કમાં રહે છે. ખેતી માટે વરસાદ, સૂર્ય, વનસ્પતિ, પશુ, નદી, તળાવ, પવન વગેરે પ્રકૃતિનાં તત્ત્વોની નજીક પોતાનું જીવન જીવે છે.

**(2) નાનો પ્રાથમિક સમુદાય :**

ભારતના મોટા ભાગનાં ગામડાં નાનાં કદનાં છે. તેને લીધે દરેક ગ્રામજનો એકબીજાથી પરિચિત હોય છે. તેથી તેમની વચ્ચે સામાજિક નિકટતા હોય છે, જે પ્રસંગોપાત ગ્રામ એકતા સ્વરૂપે વ્યક્ત થાય છે.

**(3) બહુમુખી સમાજ :**

ગ્રામ સમુદાય અનેક જૂથોનો બનેલો બહુમુખી સમાજ છે. તેમાં જુદા જુદા જ્ઞાતિ સમાજ હોય છે. જ્ઞાતિ, ધર્મ, કોમ વગેરેનું વૈવિધ્ય હોય છે. વિભિન્ન જૂથો સામુદાયિક જીવનમાં સુગ્રથિત થયેલા હોય છે.

**(4) એકવિધતા :**

ગ્રામ સમુદાયમાં ધર્મ, ભાષા, પોશાક, રીત-રિવાજો, માન્યતાઓ, મૂલ્યો, કેટલેક અંશે વ્યવસાયમાં એકવિધતા હોય છે. જોકે તેમાં વૈવિધ્ય કે તફાવતો હોય છે. પરંતુ તે ગૌણ સ્વરૂપે જોવા મળે છે. એકવિધતા ગામની એકતામાં ફાળો આપે છે.

**(5) કૃષિ આધારિત અર્થવ્યવસ્થા :**

ગ્રામ સમુદાયની અર્થવ્યવસ્થા ખેતી આધારિત જોવા મળે છે. ખેતી એટલે પ્રકૃતિ પાસેથી પ્રત્યક્ષ આજીવિકા મેળવવી. કૃષિ સંબંધિત અન્ય વ્યવસાયો પણ જોવા મળે છે.

**(6) જ્ઞાતિ-વિભાગો :**

ગ્રામ સમુદાયમાં જુદી જુદી જ્ઞાતિઓ વચ્ચે દરજ્જાના તફાવતો હોય છે. જ્ઞાતિના પાયા ઉપર ભેદભાવો હોય છે; પરંતુ જ્ઞાતિઓ વ્યવસાયિક સેવાઓ દ્વારા પરસ્પરાવલંબિત હોય છે. ગ્રામ સમુદાયોમાં કૃષિ આધારિત વર્ગરચના

જોવા મળે છે. જેમાં સમૃદ્ધ, મધ્યમ અને નાના ખેડૂતોનો વર્ગ, ખેડૂત-ખેતમજૂરનો સમાવેશ થાય છે.

**(7) કુટુંબવાદ :**

ગ્રામીણ સમુદાય મહદ્ અંશે સંયુક્ત કુટુંબની લાક્ષણિકતા ધરાવે છે. ગ્રામીણ સમુદાયની પાયાની સંસ્થા તરીકે કુટુંબ ગામના સામુદાયિક જીવન ઉપર સર્વાંગી અસર ઉપજાવે છે. ગામના સામાજિક સંબંધો ઉપર કૌટુંબિક સંબંધોનો વિશેષ પ્રભાવ પડે છે. વળી, ગ્રામીણ કુટુંબોમાં વ્યક્તિવાદનો પ્રવેશ થતો જાય છે.

**(8) ગ્રામીણ ધર્મ :**

ગ્રામીણ સમુદાયનો ધર્મ પ્રકૃતિપ્રધાન હોય છે. સૂર્ય, પાણી, જમીન, પશુ જેવાં પ્રકૃતિનાં તત્ત્વો સાથે સંબંધિત છે. કુદરતી આફતોને લીધે તેઓ નસીબવાદી વલણ ધરાવતા હોય છે. પ્રકૃતિનાં વિવિધ તત્ત્વોની પૂજા-અર્ચના-આરાધના કરતાં હોય છે. સાથે સાથે વર્તમાન સમયમાં વિવિધ ધર્મના ઉત્સવોની અને તહેવારોની ઉજવણીમાં આધુનિકતાનું તત્ત્વ ઉમેરાતું જાય છે.

**(9) જ્ઞાતિપંચ, ગ્રામ પંચ :**

ગ્રામ સમુદાયમાં જ્ઞાતિપંચ, ગ્રામપંચ સામાજિક નિયંત્રણનું કામ કરે છે. જ્ઞાતિપંચ જ્ઞાતિના નિયમોનું પાલન કરાવે છે. ગ્રામના પંચમાં બધી જ્ઞાતિઓનું પ્રતિનિધિત્વ હોય છે. ગ્રામપંચ જ્ઞાતિઓ વચ્ચેના સંઘર્ષનું નિરાકરણ કરે છે. જોકે કાનૂની પંચાયતો આવતા ગ્રામપંચની સત્તા ઘટી છે.

આ ઉપરાંત ગ્રામીણ સમુદાયમાં જ્ઞાતિ અને કૃષિ આધારિત સ્તર રચના હોવાથી ગતિશીલતાની તકો મર્યાદિત રહે છે. જોકે જે ખુલ્લા વ્યવસાયો છે, જે સ્વીકારીને પોતાનો દરજ્જો બદલાવી શકાય છે. ગ્રામજનો પરંપરાને વળગી રહેવાનું વલણ ધરાવે છે. આથી તેઓ પરિવર્તનને ઝડપથી સ્વીકારતા નથી. જોકે નવી અનામતનીતિ, એન.જી.ઓ.(NGO)ની ભૂમિકા, માહિતી મેળવવાનો અધિકાર, સરકારી યોજનાઓને કારણે સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી જુદાં જુદાં પરિબળોની અસર ગ્રામ સમુદાય પર પડી છે. કૃષિક્રાંતિ, શ્વેતક્રાંતિ અને સંચારક્રાંતિને લીધે ગ્રામ સમુદાયો વૈશ્વિક અને રાષ્ટ્રીય અર્થવ્યવસ્થાનો ભાગ બનવા લાગ્યા છે. ગ્રામીણ સમુદાયોમાં સંસ્થાકીય પરિવર્તનો આવવા લાગ્યા છે. જેથી ગ્રામીણ જીવનશૈલી બદલાવા લાગી છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ગામડાંમાંથી શહેરોમાં મોટા પાયે સ્થળાંતરને કારણે ગ્રામીણ વસ્તી ઘટવા લાગી છે.

ગ્રામીણ સમુદાય એ ભૌગોલિક રીતે ક્યાં આવેલો છે અને વિકસિત નગર સમુદાયની કેટલો નજીક કે દૂર છે તેના ઉપર તેનાં લક્ષણોનો આધાર રહેલો છે. જો તે નગર સમુદાયની નજીક હોય અને વાહનવ્યવહારથી જોડાયેલો હોય તો તેનાં લક્ષણોમાં ઘણું બધું પરિવર્તન જોવા મળતું હોય છે. જ્યારે વિકસિત સમાજથી દૂર હોય તેવા ગ્રામીણ સમુદાયમાં ઉપર જણાવ્યા પ્રમાણેનાં લક્ષણો વધુ સ્પષ્ટ રીતે જોવા મળતા હોય છે.

**(3) શહેર સમુદાય :**

ભારત ગામડાંઓના દેશ તરીકે ઓળખાય છે. તેમ છતાં ભારતમાં પ્રાચીન સમયની સિંધુખીણ (મોહેન્જો-દડો, હડપ્પા)ની શહેરી સભ્યતા જોવા મળે છે. ભારતને તેનાં શહેરોની પ્રાચીન પરંપરા રહી છે. અનેક વિદેશી મુસાફરો જેવા કે હ્યુ એન સંગ, ફાહ્યાન વગેરેએ પોતાનાં લખાણોમાં ભારતના જુદા જુદા પ્રદેશોનાં વિકસેલાં શહેરોનો ઉલ્લેખ કર્યો છે. દા.ત., કાશી (બનારસ), મથુરા વગેરે શહેરો અને તેની આસપાસનાં ગામડાંઓ વચ્ચે ચોક્કસ પ્રકારના સંબંધો પણ હતા.



**શહેર સમુદાય**

વિદ્યાર્થીમિત્રો, આવા નગર સમુદાય અંગે આપણે માહિતી મેળવીશું.

**શહેર સમુદાયનો અર્થ :**

શહેર માટે નગર શબ્દ પ્રચલિત છે. શહેરી વિસ્તારમાં વસવાટ કરતા લોકોના બનેલા સમુદાયને શહેર સમુદાય કહે છે. જેમાં વસ્તીનું કદ મોટું અને ઘનતા વધુ હોય છે. મોટા ભાગની વસ્તી બિનકૃષિ વ્યવસાયમાં કામ કરતી

હોય છે. આવા નગરનું કદ મોટું હોવાથી તેના સભ્યો વચ્ચે ઔપચારિક સંબંધો હોય છે. ધર્મ, વ્યવસાય, કોમ, જ્ઞાતિ, ભાષા, હિતો વગેરે બાબતોમાં વિવિધતા હોય છે. મોટે ભાગે પ્રકૃતિથી દૂર હોય છે. સમાજશાસ્ત્રીય દૃષ્ટિથી જોઈએ તો શહેર કે નગર સમુદાય એક જીવનશૈલી છે. નગરમાં વધુ વસ્તી અને ગીચતા હોય છે. વાહનવ્યવહારની અવરજવર, ખરીદ-વેચાણ, વૈજ્ઞાનિક અને શૈક્ષણિક સગવડ વધુ હોય છે. નગર સમુદાયના લોકોની સામાજિક વ્યવસ્થા અને માન્યતાઓ તેમજ શ્રદ્ધાઓમાં વૈવિધ્ય હોય છે.

ભારતમાં એક સમાન સ્વરૂપના નગર સમુદાય નથી પરંતુ તેમાં કદ, કાર્ય, રચના, વસવાટની ઢબ વગેરેમાં વિવિધતા જોવા મળે છે.

**શહેર સમુદાયની વ્યાખ્યા અને લક્ષણો :**

**લૂઈ વર્થ -** ''મોટું કદ, ગીચ વસ્તી અને અનેકવિધતા એ નગર સમુદાયની મહત્ત્વની બાબતો છે.''

**કિંગ્સ્લે ડેવિસના** જણાવ્યા મુજબ નગર સમુદાય વિવિધ લાક્ષણિકતાઓ ધરાવે છે :

**(1) અનેકવિધતા :**

નગર સમુદાયના સમાજજીવનનાં વિવિધ ક્ષેત્રોમાં જેમ કે ધર્મ, ભાષા, જ્ઞાતિ, સંસ્કૃતિ, વ્યવસાય વગેરેમાં અનેકવિધતા હોય છે. સામાજિક, સાંસ્કૃતિક પાર્શ્વભૂમિના તફાવતો જોવા મળે છે.

**(2) દૂરવર્તી સંબંધો :**

નગર એ દૂરવર્તી સમુદાય છે. જેમાં તેના સભ્યો વચ્ચેના સંબંધો અને સંપર્કો પોતાનાં હિત સંતોષવા પૂરતા મર્યાદિત હોય છે. માત્ર ભૌતિક નિકટતા હોય છે. સામાજિક નિકટતા ઓછી હોય છે. સંબંધોમાં વધુ યાંત્રિકતા અને ઔપચારિકતા હોય છે.

**(3) વૈયક્તિકરણ :**

નગર સમુદાયમાં વ્યક્તિનું વૈયક્તિકરણ થાય છે. એટલે કે વ્યક્તિએ પોતાનાં હિતો સંતોષવા પોતે જ સાધનની પસંદગી કરીને ધ્યેય પ્રાપ્ત કરવાનું છે. તેમાં આવતી મુશ્કેલીઓને પોતે જ દૂર કરી ધ્યેય પ્રાપ્ત કરવા વ્યક્તિએ એકલાએ જ પ્રયત્ન કરવો પડે છે. આથી વ્યક્તિ નગર સમુદાયમાં એકલાપણું અનુભવે છે.

**(4) સામાજિક ગતિશીલતા :**

સામાજિક ગતિશીલતા નગર સમુદાયની ખાસિયત બની રહે છે. નગરમાં વ્યક્તિની ગતિશીલતાને પ્રોત્સાહન મળે છે. તે માટે જુદાં જુદાં પ્રલોભનો, તકો અને અનેક પ્રકારનાં આકર્ષણો જે વ્યક્તિને સામાજિક ગતિશીલતા માટે પ્રેરે છે. પ્રાપ્ત દરજ્જા વધુ મહત્ત્વના હોય છે. જુદા જુદા વ્યવસાયો, તાલીમ, શિક્ષણની સગવડોનો લાભ લઈ વ્યક્તિ પોતાનો દરજ્જો ઊંચો લઈ શકે છે. સમાજજીવનમાં સ્પર્ધાનું તત્ત્વ વિશેષ હોય છે.

**(5) દૂરવર્તી સામાજિક નિયંત્રણ :**

નગર વિશાળ અને દૂરવર્તી સમુદાય હોવાથી જાહેર જીવન શક્ય બનાવવા તેમજ સામુદાયિક સંગઠન જાળવવા અને લોકોના જાનમાલ, હકો-હિતોનું રક્ષણ કરવા કાયદો, પોલીસતંત્ર, કોર્ટ, ગુપ્તચર વિભાગો, વહીવટી વિભાગો વગેરે જરૂરિયાત બની રહે છે. નગર સમુદાયમાં ગ્રામ સમુદાય કરતાં ધોરણભંગ વર્તન છુપાવવાની વધુ તક હોય છે.

**(6) સામાજિક સહિષ્ણુતા :**

નગર સમુદાયમાં અમુક વર્તનો અને વિવિધતાઓ પ્રત્યે સહિષ્ણુતા કેળવાય છે. એટલે કે વ્યક્તિ પોતાના કરતા ભિન્ન જ્ઞાતિ, જાતિ, ધર્મ, ભાષા, કોમ આચાર-વિચાર, વ્યવહારો, અભિપ્રાયો, સંસ્કૃતિ પ્રત્યે ઉદારતા કે સમભાવ રાખીને પોતાનામાં સમાવી લે છે. નગર સમુદાયમાં દૂરવર્તી સંબંધો અને યંત્રવત્ જીવન હોવાથી જુદા જુદા પ્રકારની વ્યક્તિઓ, જૂથો, સંસ્કૃતિ અને વર્તન પ્રત્યે સહિષ્ણુતાનો ભાવ સામાજિક અનુકૂલન દર્શાવે છે.

**(7) સ્થાનિક પૃથકતા :**

નગર સમુદાય જુદા જુદા ભૌગોલિક વિસ્તારોમાં વિભાજિત થાય છે. નગરના અમુક વિસ્તારો વેપાર-વાણિજ્ય ઉદ્યોગ-ધંધાનું કેન્દ્ર હોય છે. અમુક વિસ્તારોમાં રહેઠાણ, મનોરંજન, શિક્ષણ, વહીવટ, ચિકિત્સા,

ધર્મ વગેરે અવર-જવર સંબંધી કેન્દ્રો વિકસ્યા છે.

**(8) યંત્રવત્ જીવન :**

યંત્રવત્ જીવન નગર સમુદાયની ખાસિયત છે. વ્યક્તિનું જીવન ઘડિયાળના કાંટાની જેમ સંચાલિત થતું હોય છે. વ્યક્તિ માનસિક રીતે સતત વ્યગ્રતા, તંગદિલી અને સંઘર્ષનો અનુભવ કરે છે.

**(9) સ્વૈચ્છિક સંગઠન :**

નગર સમુદાયમાં સેવા અને માનવતાવાદી સ્વૈચ્છિક સંગઠનો જોવા મળે છે. જોકે નગરમાં સ્વૈચ્છિક સંગઠનો, અનેક મંડળો શહેરની સામાજિક જરૂરિયાત પ્રમાણે વિકસે છે, જે વ્યક્તિને સામાજિક-આર્થિક, માનસિક સલામતી પૂરી પાડે છે. વર્તમાન ભારતમાં શહેરીકરણ વધતું જાય છે. શહેરનાં સ્વરૂપ, આકાર બદલાવા લાગ્યા છે. વસ્તીની ગીચતા અને વૈવિધ્યમાં વૃદ્ધિ થવા લાગી છે. સાથે સાથે શહેર સમુદાયમાં અનેક નવી સમસ્યાઓ પણ ઉદ્‌ભવી છે. જેવી કે ગંદા વસવાટો, ટ્રાફિક, પ્રદૂષણ વગેરે.

**(4) આદિવાસી સમુદાય :**

ગ્રામ સમુદાય અને નગર સમુદાયથી જુદી એવી વિશિષ્ટ સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક જીવનશૈલી ધરાવતા અને મોટે ભાગે પ્રાથમિક કક્ષાનું સામુદાયિક જીવન જીવતા જુદા જુદા આદિવાસી સમુદાય ભારતમાં વસવાટ કરે છે.

આદિમ જાતિઓ, આદિવાસીઓ કે આદિમ સમુદાયને બંધારણના અનુચ્છેદ 342(1)ના આધારે અનુસૂચિત જનજાતિ તરીકે ઓળખવામાં આવે છે.

ઈમ્પિરીયલ ગેઝેટિયર આદિવાસી સમુદાયને નીચે મુજબ સમજાવે છે :

''આદિવાસી કેટલાંક કુટુંબોનો સમુદાય છે જે સમાન નામ સમાન બોલી ધરાવતું અંતર્વિવાહી જૂથ છે તથા તેઓ સમાન પ્રદેશમાં વસે છે અથવા સમાન પ્રદેશના વતની છે તેવી માન્યતા ધરાવે છે.''

આદિવાસી સમુદાય સમાજના અન્ય લોકોથી સામાજિક વ્યવસ્થા અને અન્ય બાબતોમાં જુદા પડે છે. સમુદાયના સંદર્ભમાં આદિવાસી સમુદાયની લાક્ષણિક્તાઓ નીચે મુજબ દર્શાવી શકાય.

**(1) નિશ્ચિત ભૌગોલિક સ્થાન :**

સમુદાયની વ્યાખ્યામાં આ મહત્ત્વનું લક્ષણ છે. દરેક આદિવાસી સમુદાય નિશ્ચિત ભૌગોલિક સ્થાનમાં વસે છે. દા.ત., ગુજરાતમાં સાબરકાંઠાથી શરૂ કરી આહવા-ડાંગ સુધીની ઉત્તર-પૂર્વ પટ્ટીમાં મોટા ભાગના આદિવાસી સમુદાય વસે છે. તેમના નિશ્ચિત ભૌગોલિક વસવાટના સ્થાનને મૂળ વતન તરીકે જ ઓળખાવે છે.

**(2) વિશિષ્ટ નામ :**

પ્રત્યેક સમુદાય વિશિષ્ટ નામથી ઓળખાય છે. તેવી જ રીતે જુદા જુદા આદિવાસી સમુદાયને પોતાનાં વિશિષ્ટ નામ હોય છે. જેમ કે ગુજરાતમાં ભીલ, દુબળા, બાવચા વગેરે વિશિષ્ટ નામ સમુદાયની ઓળખ બની રહે છે.

**(3) સમાન ભાષા કે બોલી :**

દરેક આદિવાસી સમુદાયને ચોક્કસ અને સર્વસામાન્ય ભાષા કે આગવી બોલી હોય છે. ભારતના આદિવાસી સમુદાયમાં લિપિ જોવા મળતી નથી; પરંતુ સમાન ભાષા કે બોલી હોય છે.

**(4) સમુદાયના સભ્યો વચ્ચે પરસ્પરાવલંબન :**

આદિમ સમાજ પ્રમાણમાં વધારે સાદો અને એકવિધતાવાળો જોવા મળે છે. આવી એકવિધતા ભાષા ઉપરાંત વ્યવસાય, કુટુંબ વ્યવસ્થા, લગ્ન વ્યવસ્થા આનંદ-પ્રમોદનાં સાધનો વગેરેમાં હોય છે. જાણીતા સમાજશાસ્ત્રી ઈમાઈલ દર્ખાઈમ આવા સામાજિક સમુદાયને યાંત્રિક એકતા તરીકે વર્ણવે છે. આ સમુદાય એ અર્થમાં યાંત્રિક છે કે તેમાં રહેલાં જૂથો એકબીજાં સાથે યંત્રવત્ રીતે જોડાયેલાં હોય છે. જે મોટે ભાગે બધા જ સમાન વ્યવસાય કરે છે. દા.ત., સામુદાયિક ખેતી, પશુપાલન, કુદરતી ખાદ્ય સંકલન વગેરે. દરેક કુટુંબ પોતાનો જીવનનિર્વાહ પોતાની સામુદાયિક આર્થિક પ્રવૃત્તિ દ્વારા કરે છે. જેઓમાં સાદું શ્રમવિભાજન હોય છે.

આદિવાસીઓમાં સામુદાયિક ભાવના જળવાઈ રહે તે માટે અનેક તહેવારો, ઉત્સવો તેમજ આનંદ–પ્રમોદ કે મનોરંજનની પ્રવૃત્તિઓ સમુદાયના સભ્યો સાથે મળીને ઊજવે છે. તેમનાં નૃત્યો પણ વ્યક્તિગત નથી. જેમ કે આસામનું

બિહુ નૃત્ય કે ગુજરાતનું ડાંગી નૃત્ય કે વિશ્વમાં કોઈ પણ આદિવાસી નૃત્ય સામુદાયિક સ્વરૂપનું જોવા મળે છે.

સામાજિક રીત-રિવાજો, પરંપરાઓ વ્યક્તિવાદી નહિ પરંતુ સમુદાયને મહત્ત્વ આપે છે. ધાર્મિક આચરણમાં સમુદાયની રીતો મહત્ત્વની હોય છે. આદિવાસી સમુદાયમાં કુટુંબ જેમાં સગપણના સંબંધો વધુ મહત્ત્વના હોય છે. સગપણ વ્યવસ્થા વધુ વિકસિત હોય છે.

તેઓ ધર્મમાં મોટે ભાગે પ્રકૃતિનાં તત્ત્વોને દેવ ગણીને પૂજે છે. ભૂત-પ્રેત, ડાકણ જેવી અનેક પ્રકારની અંધશ્રદ્ધાઓમાં માનતા હોય છે. સામુદાયિક ભાવના વધારવામાં ધર્મની રીતોમાં ઉપાસના, માન્યતા, મૂલ્યો મહત્ત્વનાં હોય છે.

**(5) યુવાગૃહો :**

કેટલાક આદિવાસી સમુદાયમાં યુવાનો માટેનાં અલગ યુવાગૃહો હોય છે. જ્યાં તેમને સામુદાયિક શિક્ષણ આપવામાં આવે છે. શિકાર કે જીવનનિર્વાહની રીતોની તાલીમ, સમાજના ધોરણ મુજબનું સામાજીકરણ કરવામાં આવે છે.

**(6) સામાજિક નિયંત્રણ :**

આદિવાસી સમુદાયના સંચાલક તરીકે એક મુખ્ય વ્યક્તિ હોય છે, જે જૂથનો વડો કે સરદાર હોય છે. તે સમગ્ર સમુદાયને નિયંત્રિત કરે છે. તે પોતે જ સમુદાયનાં ધોરણો કે નિયમો ઘડે છે, જે સમુદાયના સભ્યોના વર્તનને નિયંત્રિત કરે છે. સમુદાયના બધાજ સભ્યોએ ધોરણનો અમલ કરવો પડે છે. સમુદાયનો કોઈ પણ વ્યક્તિ ધોરણભંગ વર્તન કરે તો તે સમગ્ર સમુદાયને નુકસાન થાય છે એવું માનવામાં આવે છે, પરિણામે સમુદાયનાં ધોરણોનો અમલ કરવામાં ન આવે તો તેની ઘણી કડક સજા કે શિક્ષા હોય છે. કેટલાક સંજોગોમાં વ્યક્તિને સજાના ભાગરૂપે સમુદાયથી અલગ કરવામાં આવે છે.

આમ, આદિવાસી સમુદાય કે જે પ્રાથમિક સાદો સમુદાય છે તેમની વિશિષ્ટ આગવી સંસ્કૃતિ, પ્રાથમિક કક્ષાનું શ્રમવિભાજન, સગપણ સંબંધો વધારે મજબૂત, સમુદાયની સત્તા કોઈ એક જ વ્યક્તિના હાથમાં હોય છે.

આ એકમમાં આપણે ભારતીય સંસ્કૃતિ અને તેનાં સ્વરૂપો તેમજ ભારતીય સમાજના વિવિધ સમુદાય અંગે માહિતગાર થયા. આગળના એકમમાં આપણે અનુસૂચિત જાતિ–જનજાતિ અને પછાત વર્ગોની માહિતી મેળવીશું.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો :**

(1) ભારતીય સંસ્કૃતિનાં લક્ષણો સમજાવો.

(2) 'ભારત બહુધર્મી દેશ છે' આ વિધાન સમજાવો.

(3) ગ્રામીણ સમુદાયનો અર્થ અને લક્ષણો સમજાવો.

(4) શહેર સમુદાયનાં લક્ષણો સમજાવો.

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :**

(1) ભારતીય સંસ્કૃતિનો અર્થ–વ્યાખ્યા સ્પષ્ટ કરો.

(2) આદિવાસી કળા સંસ્કૃતિની સમજૂતી આપો.

(3) આદિવાસી સમુદાયની વિસ્તૃત સમજ આપો.

(4) ભારતીય સંસ્કૃતિનું પ્રશિષ્ટ–માર્ગી સ્વરૂપ સમજાવો.

(5) હિંદુ સમુદાયની સમજૂતી આપો.

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો :**

(1) ભારતીય સંસ્કૃતિનાં સ્વરૂપો કયાં છે તે જણાવો.

(2) લોકસંસ્કૃતિનાં ઉદાહરણો દર્શાવો.

(3) આદિવાસીઓની માટીકલાની જાણકારી આપો.

(4) મુસ્લિમ સમુદાયની સમજૂતી આપો.

(5) પારસી સમુદાયની સમજૂતી આપો.

**4. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) સંસ્કૃતિ એટલે શું ?

(2) લોકસંસ્કૃતિનાં અંગો કયાં કયાં છે ?

(3) આદિવાસી સંસ્કૃતિની વિશિષ્ટતા જણાવો.

(4) ખ્રિસ્તી ધર્મના મુખ્ય સિદ્ધાંતો જણાવો.

(5) શીખ ધર્મના પાંચ ‘ક’ કોને કહે છે ?

(6) ભારતીય સંસ્કૃતિ કેવી સંસ્કૃતિ તરીકે ઊપસી આવી છે ?

**5. નીચેના પ્રત્યેક પ્રશ્નમાં આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર આપો :**

(1) ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતા શું છે ? ☐

(અ) વિવિધતામાં એકતા (બ) અલગતા (ક) અસહિષ્ણુતા (ડ) એક પણ નહિ

(2) ભારતીય સંસ્કૃતિનો દ્રષ્ટિકોણ કેવો છે ? ☐

(અ) વૈશ્વિક (બ) સ્થાનિક (ક) સંકુચિત (ડ) એક પણ નહિ

(3) લોકસંસ્કૃતિ એ કેવું સર્જન છે ? ☐

(અ) વ્યક્તિગત (બ) કુદરતનું (ક) સહિયારું (ડ) એક પણ નહિ

(4) લોકસંસ્કૃતિની પરંપરા કેવી છે ? ☐

(અ) લેખિત (બ) મૌખિક (ક) વર્ણનાત્મક (ડ) એક પણ નહિ

(5) આદિવાસી સંસ્કૃતિમાં શાનાં દર્શન થાય છે ? ☐

(અ) જીવનરીતિનાં (બ) માન્યતાનાં (ક) રિવાજોનાં (ડ) ઉપર્યુક્ત તમામનાં

(6) ભારતના બંધારણની કઈ કલમ વ્યક્તિને પોતાનો ધર્મ સ્વતંત્ર રીતે પાળવાની છૂટ આપે છે ? ☐

(અ) 25 (બ) 340 (ક) 15 (ડ) 118

(7) પારસીઓનું ધાર્મિક પુસ્તક કયું છે ? ☐

(અ) ભગવદ્ ગીતા (બ) અવેસ્તા (ક) કુરાને શરીફ (ડ) ત્રિપિટક

(8) યુવાગૃહો કયા સમુદાયમાં જોવા મળે છે ? ☐

(અ) ગ્રામીણ (બ) શહેરી (ક) આદિવાસી (ડ) એકપણ નહીં

(9) ગ્રામીણ અર્થવ્યવસ્થા શેના પર આધારિત છે ? ☐

(અ) કૃષિ (બ) વેપાર (ક) ઉદ્યોગ (ડ) આયાત-નિકાસ

(10) ભારતમાં ધાર્મિક લઘુમતી વસ્તી કેટલા ટકા છે ? ☐

(અ) 18.2 (બ) 17.17 (ક) 20.0 (ડ) 12.5

**પ્રવૃત્તિ**

- ભારતીય સંસ્કૃતિની વિવિધતાઓનો ચાર્ટ તૈયાર કરો.
- લોકસંસ્કૃતિના ભાગરૂપે લોક કહેવતોની યાદી બનાવો તેમજ લોકગીતોના પઠનનો કાર્યક્રમ યોજો.
- આદિવાસી કળા સંસ્કૃતિ અંગે ફોટો આલબમ બનાવો.
- તમારી નજીકના વિસ્તારના આદિવાસી ગામની મુલાકાત ગોઠવો.
- જુદા જુદા ધાર્મિક સમુદાય અંગે ચાર્ટ બનાવો.

●

# 3 અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો

**પ્રસ્તાવના**

વિદ્યાર્થીમિત્રો, આઝાદી પહેલાંથી જ ભારતીય સમાજમાં જ્ઞાતિઓ વિશેના અભ્યાસો સમાજવિજ્ઞાનીઓ માટે જ નહિ; પરંતુ વહીવટકર્તાઓ માટે પણ અભ્યાસના મહત્ત્વના ક્ષેત્રો રહ્યા છે. ભારતીય સામાજિક જીવનમાં જ્ઞાતિઓનો ચોક્કસ કોટિક્રમ જન્મદત્ત દરજ્જા સાથે સંકળાયેલ છે.

ધોરણ-11માં આપણે જ્ઞાતિ વ્યવસ્થા, એનાં લક્ષણોને જાણ્યા-સમજ્યા છે. આપણે સૌ જાણીએ છીએ કે જ્ઞાતિ વ્યવસ્થામાં કોટિક્રમિક વ્યવસ્થા છે, જેમાં કેટલાક જ્ઞાતિ સમૂહોને ઉચ્ચ તો કેટલાક જ્ઞાતિ સમૂહોને નિમ્ન દરજ્જો મળ્યો છે. આ માટે નિમ્ન જ્ઞાતિ સમૂહોની બંધારણીય ઓળખ પણ આપવામાં આવી છે. આવા જ્ઞાતિસમૂહોને પછાતવર્ગો તરીકે ઓળખવામાં આવે છે.

**પછાત વર્ગો**

ભારતમાં પછાત વર્ગોને યથાર્થ રીતે સમજવા માટે ભારતીય સમાજનું મૂળભૂત સ્વરૂપ જે સંખ્યાબંધ વિભિન્ન દરજ્જાવાળા અને બંધ જ્ઞાતિ સમૂહોનાં બનેલાં છે તે સમજવું જરૂરી છે. 'પછાત વર્ગો' એ એક સમષ્ટિ કે સમૂહ બનતો નથી; પરંતુ વિવિધ સમાજમાં વિભિન્ન સ્થાન અને દરજ્જાવાળા તથા સામાજિક દરજ્જાની દૃષ્ટિએ ચડતા-ઊતરતા ક્રમમાં ગોઠવાયેલાં સામાજિક જૂથો છે.

પછાતવર્ગોમાં (1) અનુસૂચિત જાતિઓ (2) અનુસૂચિત જનજાતિઓ અને (3) અન્ય પછાત વર્ગોનો સમાવેશ થાય છે.

બંધારણીય રીતે 'દલિતો'નો અનુસૂચિત જાતિમાં, 'આદિવાસીઓ'નો અનુસૂચિત જનજાતિમાં તથા 'અન્ય પછાત વર્ગો'નો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત સમૂહોમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

એક વિદ્યાર્થી તરીકે આપ સૌને એ પ્રશ્ન જરૂર થાય કે આ બધી જ્ઞાતિઓનો ઉદ્ભવ કેવી રીતે થયો હશે ? એનાં લક્ષણો કયાં છે તેમજ આપણા બંધારણમાં આ જ્ઞાતિઓની ઓળખ કેવી રીતે આપવામાં આવી છે. આ બધી જ્ઞાતિઓના સર્વાંગી વિકાસ માટે કયા કાર્યક્રમો છે વગેરે. આપણે આ બધા પ્રશ્નોની સમજ આ એકમમાં ક્રમશઃ મેળવીશું.

## (1) અનુસૂચિત જાતિ (Schedule Castes)

ભૂતકાળમાં વર્ણવ્યવસ્થા પછી જ્ઞાતિ વ્યવસ્થાના કોટિક્રમમાં અંતિમ સ્તરે સમાવિષ્ટ થતી જ્ઞાતિઓને 'અસ્પૃશ્ય જ્ઞાતિ' તરીકે ઓળખાવાતી. આ જ્ઞાતિઓ જુદા જુદા સમયે જુદા જુદા પ્રાંતમાં બહુવિધ નામથી ઓળખાતી. ગાંધીજીએ એમને 'હરિજન' નામ આપ્યું, તો કેટલાકે એમને 'કચડાયેલા વર્ગ' (depressed class) તરીકે ઓળખાવ્યા; પરંતુ ભારતની આઝાદી પછીથી બંધારણમાં આ જાતિઓના વર્ગને 'અનુસૂચિત જાતિ' (Schedule Castes) એવું નામ આપવામાં આવ્યું.

અનુસૂચિત જાતિ એ કોઈ એક જાતિ કે જ્ઞાતિ માટે પ્રયોજાતું નામ નથી પરંતુ કેટલીક જ્ઞાતિઓને તેમના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક પછાતપણાને કારણે એક જૂથમાં એકઠી કરીને જે વર્ગ હેઠળ (અનુસૂચિ) મૂકી તે વર્ગને અપાયેલું સમૂહવાચી નામ છે.

### અનુસૂચિત જાતિનું વર્ગીકરણ

ભારતમાં અનુસૂચિત જાતિ કોઈ એક જ પ્રદેશમાં રહે છે એવું નથી. ચોક્કસ સમૂહો કે જૂથોમાં જુદાં જુદાં રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં તે વસવાટ કરે છે. એક જ રાજ્યમાં એકથી વધુ પ્રકારની અનુસૂચિત જાતિ વસે છે. આ બધામાં ઘણીજ પ્રાદેશિક અને સાંસ્કૃતિક ભિન્નતા છે. આ બધી યાદી મોટી છે. અહીં આપણે ભારત અને ગુજરાતમાં એનું પ્રમાણ કેટલું છે એની માહિતી મેળવીએ.

ભારતમાં વર્ષો સુધી અનુસૂચિત જાતિને સામાજિક કોટિક્રમમાં નિમ્ન દરજ્જો અપાયો હતો. તેમના વ્યવસાયોમાં પણ ચામડાંનું કામ, સફાઈ કામ, વણાટકામ વગેરે હતાં. જેને લીધે આર્થિક વળતર પણ ઓછું મળતું. તેઓ આ દેશના નાગરિક હોવા છતાં કેટલીક અસમર્થતાઓ ભોગવવી પડતી, જેથી 1955માં ભારત સરકારે અસ્પૃશ્યતા નાબુદી કાનૂન બનાવ્યો.

આ ઉપરાંત શિક્ષણ, નવું વ્યવસાયીકરણ અને નોકરી, જાહેર વાહન-વ્યવહારનું વધતું જતું પ્રમાણ, સંચાર માધ્યમો, શહેરીકરણ અને ઔદ્યોગિકરણ, સંસ્કૃતિકરણ વગેરેને લીધે અનુસૂચિત જાતિ સાથેના વ્યવહારોમાં પરિવર્તન આવ્યું.

વિશેષમાં અરુણાચલ, નાગાલૅન્ડ, લક્ષદ્વીપ અને આંદામાન–નિકોબારમાં અનુસૂચિત જાતિનાં કુટુંબો જોવા મળતાં નથી.

**કોષ્ટક - 1**

**ભારત અને ગુજરાતની કુલ વસ્તીના પ્રમાણમાં અનુસૂચિત જાતિનું પ્રમાણ (ટકામાં)**

| અ.નં. | વર્ષ | ભારત | ગુજરાત |
|---|---|---|---|
| **1.** | 1961 | 14.64 | 6.33 |
| **2.** | 1971 | 14.60 | 6.84 |
| **3.** | 1981 | 15.65 | 7.15 |
| **4.** | 1991 | 16.48 | 7.41 |
| **5.** | 2001 | 16.20 | 7.10 |
| **6.** | 2011 | 16.02 | 7.10 |

**(સંદર્ભ : સેન્સસ રિપોર્ટ - 2011)**

ઉપરના કોષ્ટક પરથી જાણવા મળે છે કે વર્ષ 1961માં અનુસૂચિત જાતિનું પ્રમાણ કુલ વસ્તીના 14.64 હતું. જે વર્ષ 2011મા 16.02% જોવા મળ્યુ હતુ. જ્યારે ગુજરાતમાં એનું પ્રમાણ અનુક્રમે 6.33 અને 7.10 ટકાનું રહ્યું છે.

ભારતમાં 2001 અને 2011માં અનુસૂચિત જાતિમાં સ્ત્રી-પુરુષનું પ્રમાણ નીચે મુજબ છે :

**કોષ્ટક - 2**

**ભારતમાં અનુસૂચિત જાતિનું પ્રમાણ (મિલિયનમાં)**

| | **2001** | **2011** | **તફાવત** |
|---|---|---|---|
| કુલ વ્યક્તિ | 166.6 | 201.4 | + 20.8 % |
| પુરુષ | 86.1 | 103.5 | + 20.3 % |
| સ્ત્રી | 80.5 | 97.9 | + 21.5 % |

**(સંદર્ભ : સેન્સસ રિપોર્ટ - 2011)**

આ કોષ્ટક પરથી કહી શકાય કે છેલ્લા દાયકામાં અનુસૂચિત જાતિનું પ્રમાણ 21% જેટલું વધ્યું છે; પરંતુ પુરુષો કરતાં સ્ત્રીઓનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

ભારતમાં અનુસૂચિત જ્ઞાતિઓમાં સૌથી મોટી સંખ્યા ધરાવતી જ્ઞાતિ રોહિતની છે, તે અનુસૂચિત જ્ઞાતિઓનો ચોથો ભાગ બને છે. અનુસૂચિત જાતિઓનું સૌથી વધુ પ્રમાણ પંજાબ (31.9%) રાજ્યમાં છે અને સૌથી ઓછી વસ્તી મિઝોરમ(0.1%) રાજ્યમાં છે.

ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિઓમાં સૌથી વધુ વસ્તી ધરાવતી મુખ્ય ચાર જાતિઓ છે. જેમાં (1) માહ્યાવંશી, વણકર (2) ભાંભી, રોહિત (3) વાલ્મિકી, મહેતર, રૂખી (4) મેઘવાર, મેઘવાળનો સમાવેશ થાય છે.

**અનુસૂચિત જાતિની નવી ઓળખ**

સ્વતંત્રતા બાદ અનુસૂચિત જાતિઓના સામાજિક-આર્થિક વિકાસ માટે બંધારણીય જોગવાઈઓ અર્થે અને કલ્યાણ અર્થે લેવાયેલાં વિવિધ પગલાંઓ તેમજ સમાજ સુધારકોએ કરેલા પ્રયત્નોને લીધે ભારતના જ્ઞાતિ આધારિત સામાજિક સ્તરરચનાના માળખામાં પરિવર્તન આવ્યું છે. અનુસૂચિત જાતિઓએ એનો લાભ પણ લીધો છે. સંસ્કૃતિકરણની પ્રક્રિયા, બૌદ્ધ ધર્મ અંગીકાર, અનામત પ્રથા, શિક્ષણ, વ્યાવસાયિક પરિવર્તન અને સ્વજાગૃતિએ એમની નવી ઓળખ ઊભી કરી છે. આ માટે કેટલાંક આંદોલનો પણ થયા છે; પરંતુ ધીમે ધીમે ભેદભાવભર્યા વર્તન અને હાલાકીમાંથી મુક્ત થઈ ઉત્કર્ષ તરફ જઈ રહ્યાં છે. સમાજના મુખ્ય પ્રવાહમાં આવી વિધાયક ઓળખ પ્રાપ્ત કરી છે એવું કહી શકાય.

**(2) અનુસૂચિત જનજાતિઓ (Scheduled Tribes)**

અનુસૂચિત જાતિની જેમ બીજો સમૂહ અનુસૂચિત જનજાતિ છે. જેને Scheduled Tribes તરીકે ઓળખવામાં આવે છે. સાર્વત્રિક રીતે સંમત હોય એવી વ્યાખ્યા 'આદિવાસી' કે 'અનુસૂચિત જનજાતિ'ની મળતી નથી. આ માટે ભિન્ન ભિન્ન પ્રકારની સમજ અને લક્ષણો આપવામાં આવે છે.

વિશ્વમાં સૌથી વધુ આદિવાસી વસ્તી ધરાવતો દેશ આફ્રિકા છે, ભારત બીજા ક્રમે આવે છે.

વિદ્યાર્થીમિત્રો, અનુસૂચિત જનજાતિનો અર્થ આપણે પ્રથમ પ્રકરણમાં મેળવ્યો છે.

સામાન્ય રીતે બંધારણની કલમ 342(ક)માં રાષ્ટ્રપતિ દ્વારા બહાર પાડેલ સૂચિમાં જેનો સમાવેશ થયો છે તે અનુસૂચિત જનજાતિઓ.



**ભારતના આદિવાસીઓ**

**ભારતની અનુસૂચિત જનજાતિનાં લક્ષણો :**

ડૉ. મજમુદાર અને મદને અનુસૂચિત જનજાતિનાં સર્વસામાન્ય લક્ષણો નીચે મુજબ દર્શાવ્યા છે :

**(1) નિશ્ચિત પ્રદેશ :**

અનુસૂચિત જનજાતિને પ્રાદેશિક સમૂહ તરીકે ગણાવી શકાય. તેઓને નિશ્ચિત પ્રદેશ હોય છે, જ્યાં તેઓ નિવાસ કરે છે. કેટલીક આદિમ જાતિઓ સંપૂર્ણપણે પ્રાદેશિકતાને વળગી રહે છે. મૂંડા, હો, ગારો પૂર્ણપણે પ્રાદેશિક હોય છે. જ્યારે સંથાલ, ભૂમિજ, ભીલ વગેરે વિકસિત સમાજના લોકો સાથે પણ વસવાટ કરે છે; પરંતુ મહદંશે એમનો નિશ્ચિત પ્રદેશ તેમજ એ પ્રદેશમાં સમગ્ર જીવન જીવવાની ઉત્કંઠા તેઓમાં દૃષ્ટિગોચર થાય છે.

**(2) નિશ્ચિત નામ :**

દરેક અનુસૂચિત જનજાતિને પોતાનું એક વિશિષ્ટ નામ હોય છે. એ નામની આસપાસ કેટલીક દંતકથાઓ વણાયેલી હોય છે. નિશ્ચિત નામ તેઓનો ચોક્કસ સમૂહ સૂચવે છે. ભારતની કેટલીક આદિમ જાતિઓમાં જ્ઞાતિઓનાં નામ જેવી વિવિધતા જોવા મળે છે. ગુજરાતમાં ભીલ, ગામીત, રાઠવા વગેરેમાં પણ એવી જ પરિસ્થિતિ પ્રવર્તે છે. તેમનામાં સમૂહગત નામનું સવિશેષ મહત્ત્વ જોવા મળે છે.

**(3) નિશ્ચિત બોલી :**

આ સમૂહને પોતપોતાની નિશ્ચિત બોલી કે ભાષા હોય છે. કેટલીક આદિમ જાતિઓ પ્રાદેશિક ભાષાને અપનાવે છે. દા.ત., ભીલ, ભૂમિજ વગેરે. જ્યારે કેટલીક આદિમજાતિઓ પોતાની જ બોલી અને ભાષા પ્રત્યે મમત્વ ધરાવે છે.

**(4) સગાઈ–સંબંધોનું ગુંફન :**

સગાઈ–સંબંધોના ગુંફનમાં દરેક અનુસૂચિત જનજાતિની વ્યક્તિ જીવન વ્યતીત કરે છે. સગાઈ–સંબંધોનો વૈજ્ઞાનિક અભ્યાસ દર્શાવે છે કે આદિમજાતિઓના જીવનના મહત્ત્વના પ્રસંગો જેવા કે જન્મ, મૃત્યુ તેમજ ધાર્મિક વિધિઓમાં પણ સગાઈ-સંબંધોનું વિશિષ્ટ મહત્ત્વ હોય છે. શ્રાદ્ધવિધિ, પૂર્વજપૂજા કે શુભ-અશુભ પ્રસંગોએ સગાઈ–સંબંધો પર આધારિત રૂઢિઓ, આચારો, નિયમો અને રિવાજો દ્વારા વ્યક્તિના વર્તનને નિયંત્રિત તેમજ અમુક જ દિશામાં પ્રવાહિત કરવામાં આવે છે.

**(5) આદિમજાતિ પંચ :**

અનુસૂચિત જનજાતિમાં પંચની પ્રભાવશાળી અસર હોય છે. 'પંચ કહે તે પરમેશ્વર'ની દૃષ્ટિએ તેઓના સમાજમાં ન્યાયાધીશ અને કોર્ટનું કાર્ય પંચાયત કરે છે. કોઈને દંડ કરવો હોય, ગુના બદલ શિક્ષા કરવી હોય કે છૂટાછેડા લેવા હોય - એ સર્વ બાબતોમાં 'આદિમજાતિ પંચ'ની સર્વોપરી સત્તા કામ કરે છે. રાજકીય દૃષ્ટિએ રાજ્ય સરકારનું નિયંત્રણ હોવા છતાં તેઓમાં આંતરિક વ્યવસ્થા તેમજ સામાજિક નિયંત્રણ અર્થે પંચ-પ્રથાને પ્રાધાન્ય આપવામાં આવે છે.

**(6) યુવાગૃહ :**

યુવા-સંગઠનો કોઈ પણ આદિમજાતિમાં કેન્દ્રસ્થાને હોય છે. આવાં સંગઠનો યુવાગૃહો (Youth Organization) તરીકે પણ ઓળખાય છે. બધી જ આદિમજાતિઓ આવાં યુવાગૃહો ધરાવતી નથી; પરંતુ કેટલીક આદિમજાતિઓમાં આવાં યુવાગૃહો અસ્તિત્વ ધરાવે છે. સંયુક્ત અને વિભક્ત યુવાગૃહો દ્વારા આદિમજાતિના અપરિણીત યુવક-યુવતીઓનું સમાજીકરણ (Socialization) અને તેઓની સંસ્કૃતિનું આત્મસાતીકરણ (assimilation) કરવામાં આવે છે.

**(7) અર્થવ્યવસ્થાનું સ્વરૂપ :**

આદિમજાતિઓમાં અર્થવ્યવસ્થાનું સ્વરૂપ વિકસિત સમાજોની દૃષ્ટિએ ઓછું વિકસિત જોવા મળે છે. શાહુકારો ઉપરાંત બૅન્ક-વ્યવસ્થા દ્વારા ધિરાણનું કાર્ય થતું હોય છે.

**(8) અદૃશ્ય શક્તિઓમાં શ્રદ્ધા :**

અનુસૂચિત જનજાતિઓ અદૃશ્ય અને અલૌકિક શક્તિઓમાં શ્રદ્ધા ધરાવે છે. કોઈક ટોટેમ સાથે પોતાની આદિમજાતિને અલૌકિક સંબંધ છે એમ તેઓ માને છે તેમજ એ માન્યતાની આસપાસ અનેક માન્યતાઓ અને વહેમોને તેઓ વણી લે છે. અંધશ્રદ્ધાને તેઓ પોષે છે. શામન, બડવો કે ભગત જેવી ચમત્કારિક વ્યક્તિમત્તા ધરાવતી વ્યક્તિનું તેઓ પર સવિશેષ પ્રાધાન્ય જોવા મળે છે.

**(9) વિશિષ્ટ નૈતિક નિયમાવલિ :**

દરેક આદિમજાતિને પોતાની વિશિષ્ટ નૈતિક નિયમાવલિ હોય છે. એ નીતિમત્તાને તેઓ કદી છોડતા નથી. દરેકે તેનું ચુસ્તપણે પાલન કરવું પડે છે. સમૂહજીવનમાં નીતિમત્તાને તેઓ સૌથી વિશેષ પ્રાધાન્ય આપે છે.

**(10) સામાજિક–ધાર્મિક નિષેધાવસ્થા :**

અનુસૂચિત જનજાતિઓમાં સામાજિક ક્ષેત્રે તેમજ ધાર્મિક ક્ષેત્રે અનેક નિષેધો (Taboos)નું પાલન કરવાનું હોય છે. સામાજિક સંબંધોમાં, 'પરિહારના સંબંધો' તેઓની સામાજિક નિષેધાવસ્થાનું દર્શન કરાવે છે. જ્યારે ધાર્મિક વિધિઓ અને ક્રિયાઓમાં પણ 'પવિત્રતાનો ખ્યાલ' તેઓમાં સુસ્પષ્ટ હોય છે. શામન માટે, સ્ત્રીઓ માટે અનેક નિષેધો પાળવાના હોય છે. આવા નિષેધો વ્યક્તિની વર્તણૂકને નિયંત્રિત કરે છે.

**(11) ગૂઢ શક્તિઓનું પ્રાધાન્ય :**

આદિમજાતિના લોકો વિવિધ પ્રકારોની ગૂઢ શક્તિઓમાં શ્રદ્ધા ધરાવે છે. ટેકરીની ગૂઢ શક્તિઓ, જંગલની ગૂઢ શક્તિઓ, પૂર્વજોની ગૂઢ શક્તિઓ, મૃત-વીરોની ગૂઢ શક્તિઓ, ગામની ગૂઢ શક્તિઓ તેમજ ભૂત, ચુડેલ, ડાકણ જેવી અનિષ્ટકાર ગૂઢ શક્તિઓમાં શ્રદ્ધા ધરાવે છે.

**(12) મૃત્યુ પછીના જીવનમાં શ્રદ્ધા :**

અનુસૂચિત જનજાતિના સભ્યો મૃત્યુ પછીના જીવનમાં શ્રદ્ધા ધરાવે છે. પૂર્વજ-પૂજા અને પ્રકૃતિ-પૂજા, શરીરમાંથી મુક્ત થઈને આત્માનું અસ્તિત્વ ટકી રહે છે એ ફિલસૂફીમાંથી ઉદ્ભવેલી જોવા મળે છે. મૃત્યુ પામેલી વ્યક્તિઓને ખુશ કરવા 'સમૂહ શ્રાદ્ધ' પણ ઊજવવામાં આવે છે તેમજ મૃત્યુ પામેલી વ્યક્તિની સાથે તેને વાપરવા માટે વસ્તુઓ મૂકવામાં આવે છે. આ સર્વ રિવાજો તેઓની મૃત્યુ પછીના જીવનની શ્રદ્ધા પ્રગટ કરે છે.

**(13) ગોત્રચિહ્ન (Totem), નિષેધ (Taboo) અને છૂંદણા (Tattoo)નું મહત્ત્વ :**

ભારતની અનેક અનુસૂચિત જનજાતિઓ ગોત્રચિહ્નમાં શ્રદ્ધા ધરાવે છે. ગોત્રચિહ્નમાં આસપાસ વણાયેલી વર્તન પ્રણાલીમાંથી ગોત્રચિહ્નવાદ (Totemism) ઉદ્ભવે છે. તે જ રીતે નિષેધોનું પ્રાધાન્ય તેઓમાં સવિશેષ પ્રાપ્ત થાય છે તેમજ છૂંદણા છુંદાવવાનો રિવાજ લગભગ ઘણીખરી આદિમજાતિઓમાં જોવા મળે છે.

આમ 'ટોટેમ', 'ટેબૂ' અને 'ટેટૂ' – એ ત્રણેનું અસ્તિત્વ લગભગ બધી જ આદિમજાતિઓમાં પ્રાપ્ત થાય છે.



ગોત્રચિહ્ન (Totem)

**(14) વસ્ત્ર પરિધાન :**

આદિવાસીઓ મોટેભાગે પ્રકૃતિમાંથી પ્રાપ્ત થતાં સંસાધનોમાંથી બનાવેલા વસ્ત્રો પહેરે છે. વિકસિત સમાજના સંપર્કમાં આવતા તેઓ આધુનિક વસ્ત્ર પરિધાન કરતા પણ થયા છે. તો બીજી બાજુ જે આદિવાસીઓ જંગલના ઊંડાણવાળા વિસ્તારોમાં રહે છે, તેઓ હજી પણ ઓછાં વસ્ત્રો પહેરે છે. જેમ કે, આંદામાન-નિકોબારમાં વસતા જારવા આદિવાસીઓ.

**(15) કેફી પીણાંનો ઉપયોગ :**

કેટલાંક આદિવાસીઓમાં સામાજિક-ધાર્મિક પ્રસંગોએ તેઓની પરંપરાના ભાગરૂપે મહુડો, તાડી વગેરે કેફી પીણાંનો ઉપયોગ થાય છે. જો કે હવે વિવિધ ધર્મ-સંપ્રદાયો અને સુધારકોના સંપર્કને કારણે આવા નશાકારક પદાર્થોના સેવનનું પ્રમાણ ઘણું ઓછું થયું છે.

**(16) શિક્ષણનું ઓછું પ્રમાણ :**

શહેરી સમાજની તુલનામાં અનુસૂચિત જનજાતિમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. ખાસ કરીને જ્યાં શાળા કે કૉલેજ ઉપલબ્ધ નથી એવા અંતરિયાળ વિસ્તારોમાં.

**(17) સમૂહનૃત્ય, સમૂહ ગીતોનું અસ્તિત્વ :**

અનુસૂચિત જનજાતિઓનાં વિશિષ્ટ સમૂહ નૃત્યો હોય છે. પ્રદેશે પ્રદેશે તેમાં વિભિન્નતા દૃષ્ટિગોચર થાય છે. સમૂહનૃત્યો સમયે ખાસ પ્રકારનાં વાજિંત્રો અને સંગીત વગાડવામાં આવે છે. સમૂહ ગીતોનું ત્યાં વિશેષ પ્રાધાન્ય હોય છે. આખ્યાનો, દંતકથાઓ, ભજનો વગેરે તેઓ સામૂહિક રીતે ગાતાં હોય છે.

**(18) મેળાઓ અને ઉત્સવોની મહત્તા :**

આ સમૂહ જીવનમાં મેળાઓ અને ઉત્સવો દ્વારા તેઓ ઉલ્લાસ, આનંદ અને ઉત્સાહની અભિવ્યક્તિ કરે છે. વિવિધ ઋતુઓ સમયે ઊજવાતા ઉત્સવો, તહેવારો અને મેળાઓ તેમને ઉત્સાહસભર બનાવે છે.

**(19) જૂથ-એકતા અને જૂથ-સભાનતા :**

અનુસૂચિત જનજાતિઓમાં જૂથ એકતા (Group Solidarity)નું સવિશેષ પ્રમાણ જોવા મળે છે. સમગ્ર સમૂહ એક તાંતણે બંધાયેલ હોય તેવી એકતાનું દર્શન થાય છે. તેવી જ રીતે તેઓમાં જૂથ સભાનતા (Group Consciousness)નું પ્રમાણ હવે વિકસતું જાય છે. તેઓ રાજકીય અધિકારો મેળવવાનો સજાગ પ્રયત્ન કરે છે. કેટલીક આદિમજાતિઓમાં બળવો પણ સંભવ્યો છે. એટલે કે પોતાની સંગઠનશક્તિ અને સંઘબળ વિકસાવીને તેઓ સ્વાયત્ત થવાનો પ્રયત્ન કરી રહ્યા છે. સામાજિક, ધાર્મિક અને રાજકીય આંદોલનોનું અસ્તિત્વ તેઓમાં જોવા મળે છે.

વિદ્યાર્થીમિત્રો, અહીં એ પણ સમજવું જરૂરી છે કે ભારતની આદિમજાતિઓ વિશે ઉપર દર્શાવેલાં લક્ષણો તેઓની

સમગ્ર વ્યવસ્થા અને જીવનપદ્ધતિનો સુસ્પષ્ટ ખ્યાલ પ્રસ્તુત કરે છે. દરેક આદિમજાતિમાં આ સર્વ લક્ષણો હોવાં જ જોઈએ, એવું અનિવાર્ય નથી. આ સર્વ લક્ષણોનો એક સાથે સમાવેશ કરતી આદિમજાતિઓ પણ પ્રમાણમાં ઓછી છે. મજમુદાર અને મદને દર્શાવેલી આદિવાસીઓની ઉપર્યુક્ત લાક્ષણિકતાઓમાં સમયાંતરે ઘણું પરિવર્તન આવ્યું છે.

**ભારતની આદિમજાતિઓનું વર્ગીકરણ**

ભારતની આદિમજાતિઓનું વર્ગીકરણ છ રીતે કરી શકાય :

**(1) ભૌગોલિક રહેઠાણની દૃષ્ટિએ :**

નીચેના ત્રણ ભૌગોલિક વિસ્તારોમાં આદિવાસીઓની વસ્તી પથરાયેલી જોવા મળે છે :

- **ઉત્તર-ઉત્તરપૂર્વ વિસ્તાર :** આમાં લદાખ (જમ્મુ અને કશ્મીર), હિમાચલ પ્રદેશ, ઉત્તરનો ઉત્તર પ્રદેશ, સિક્કિમ તથા ઉત્તરપૂર્વ વિસ્તાર (જેમાં અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, મિઝોરમ, નાગાલૅન્ડ, મણિપુર અને ત્રિપુરા, આ સાત રાજ્યો)નો સમાવેશ થાય છે.
- **મધ્યવર્તી કે કેન્દ્રનો વિસ્તાર :** આમાં પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, બિહાર, દક્ષિણ ઉત્તર પ્રદેશ, દક્ષિણ રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે.
- **દક્ષિણ વિસ્તાર :** આમાં આંધ્રપ્રદેશ, તમિલનાડુ, કર્ણાટક, કેરળ અને આંદામાન તથા નિકોબારના બે કેન્દ્રશાસિત વિસ્તારો અને લક્ષદ્વીપનો સમાવેશ થાય છે.

મધ્યવર્તી વિસ્તારોમાં સૌથી વધુ આદિવાસી વસ્તી વસે છે અને અહીં વસેલા આદિવાસીઓ અન્ય વિસ્તાર કરતાં વધુ જાણીતા બન્યા છે.

**(2) વસ્તી પ્રમાણની દૃષ્ટિએ :**

ડૉ. બ્રીજરાજ ચૌહાણ આદિમજાતિઓનાં વસ્તી પ્રમાણના બે ભાગ પાડે છે :

- ખૂબ જ ઓછી વસ્તીવાળા પ્રદેશો અને રાજ્યો
- ખૂબ જ મોટા પ્રમાણમાં વસ્તીવાળા પ્રદેશો અને રાજ્યો

**(3) સાંસ્કૃતિક દૃષ્ટિએ :**

ડૉ. વેરિયર એલ્વિન અને પ્રોફેસર દાસ તથા સામાજિક કાર્યકર પરિષદે સાંસ્કૃતિક દૃષ્ટિએ વર્ગીકરણ કર્યું છે. ડૉ. વેરિયર એલ્વિને સાંસ્કૃતિક દૃષ્ટિએ ચાર વિભાગ દર્શાવ્યા છે :

**પ્રથમ વિભાગ :** જેમાં સહિયારી જમીનવાળા લોકોનો સમાવેશ થાય છે. તેઓ ખૂબ પછાત જીવન જીવે છે. અજાણ્યા લોકોના સંપર્કમાં આવતાં ડરે છે. દા.ત., બસ્તરના મુરિયા, ઓરિસ્સાના બોંદો અને જુઆંગ

**બીજો વિભાગ :** જેઓ જંગલો અને ડુંગરોમાં રહે છે, સમૂહ જીવન જીવે છે. બહારના લોકો સાથે સંપર્ક ઓછો છે.

**ત્રીજો વિભાગ :** આ વિભાગના લોકોની સંખ્યા વિશેષ છે. પોતાની સંસ્કૃતિમાં હવે બદલાવ લાવી રહ્યા છે. તેમાંના કેટલાક પરંપરાગત સંસ્કૃતિને ત્યજી તેઓ વિચલિત વર્તન તરફ પણ વળ્યાં છે.

**ચોથો વિભાગ :** આ વિભાગમાં ભીલ, સરદારો, મુરિયા જેવા જમીનદારોનો સમાવેશ થાય છે. તેઓ આર્થિક રીતે સધ્ધર અને સમૃદ્ધ છે.

**(4) આર્થિક દૃષ્ટિએ :**

કેટલાક માનવશાસ્ત્રીઓએ આદિમજાતિઓનું વર્ગીકરણ આર્થિક રીતે કર્યું છે. જેમાં શિકાર, પશુપાલન, ખેતી, કારખાનાં, ઉદ્યોગો વગેરેના સંદર્ભમાં વર્ગીકરણ કરવામાં આવે છે.

**(5) ભાષાકીય દૃષ્ટિએ**

ભારતની સર્વ આદિમજાતિને ભાષાકીય દૃષ્ટિએ મહત્ત્વનાં ત્રણ ભાષા કુટુંબો સાથે વર્ગીકૃત કરવામાં આવે છે :

- **ઓસ્ટ્રિક ભાષા કુટુંબ :** પૂર્વ ભારતના આદિવાસીઓ જેમાં કોલ, મુંડા અને ખાસી આદિવાસી બોલીનો ઓસ્ટ્રોએશિયાટીક ભાષા કુટુંબમાં સમાવેશ થાય છે.
- **દ્રાવિડિયન ભાષા કુટુંબો :** જેમાં તમિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમનો સમાવેશ થાય છે. આંધ્રમાં વસતા ગોંડ, દક્ષિણ ભારતના કાદર, ઈસલા, ચેચું, ટોડા વગેરે આદિમજાતિનો એમાં સમાવેશ થાય છે.

• **સીનો તિબેટન ભાષા કુટુંબો :** જેમાં તિબેટ–બર્મી અને સિયામી - ચીનીનો સમાવેશ થાય છે. દાર્જિલીંગ અને હિમાલયમાં વસતી આદિજાતિઓ આ ભાષા બોલે છે.

**(6) જાતિતત્ત્વોની દૃષ્ટિએ**

આમાં નિશ્ચિત શારીરિક લક્ષણો જેમાં માથું, નાક, ખોપરીનું ઘનત્વ, કદ, રક્તસમૂહ વગેરેને આધારે સમાવેશ થાય છે.

ભારતમાં અનેક વિદ્વાનોએ આ મુજબ વર્ગીકરણ કરવાનો પ્રયત્ન કર્યો છે. જેમાં આ નિશ્ચિત શારીરિક લક્ષણોમાં ત્વચા તથા આંખનો રંગ, વાળની બનાવટ, રુવાંટી, હોઠ વગેરેનો સમાવેશ થાય છે.

**અનુસૂચિત જનજાતિ - સાંસ્કૃતિક વૈવિધ્ય**

વિદ્યાર્થીમિત્રો, અનુસૂચિત જનજાતિની લગ્નવ્યવસ્થા, સગાઈ – સંબંધ, મિલકત વ્યવસ્થા, ધર્મસંસ્થા, જાદુ, ન્યાયતંત્ર, કલા અને સંગીત, દંતકથાઓ વગેરે તેમના સામાજિક અને સાંસ્કૃતિક જીવનને દર્શાવે છે. અહીં ભારતના અનુસૂચિત જનજાતિ સમૂહની થોડીક સાંસ્કૃતિક વિવિધતાને જોઈએ.

ભારતીય આદિમસમૂહ પ્રકૃતિ ગોત્રચિહ્ન, જાદુ, નૃત્ય, લોકસંગીત, કલા વગેરેમાં માને છે. પ્રકૃતિનાં વિભિન્ન તત્ત્વો જેવા કે સૂર્ય, ચંદ્ર, અગ્નિ, વાયુ તેમજ વનસ્પતિનો એમનાં સાંસ્કૃતિક જીવન સાથે ગાઢ સંબંધ છે. પ્રકૃતિ પૂજા એમના જીવનનો અભિન્ન ભાગ છે. આદિવાસીઓમાં ગોત્ર ચિહ્નવાદ - ટોટેમવાદ છે. આ એક સામૂહિક ચેતનાનું પ્રતીક છે. જેમાં જે-તે ગોત્રના સભ્યો કોઈ ગૂઢ અલૌકિક અને પવિત્ર સંબંધ રાખે છે. ટોટેમ પ્રત્યે સમૂહના સભ્યો આદર, શ્રદ્ધા–ભક્તિ ઉપરાંત ભયની લાગણી ધરાવે છે. આદિમજાતિ સમાજમાં ધર્મ અને જાદુ સાંસ્કૃતિક જીવનનાં અભિન્ન પાસાં છે. તેઓ આ વિશે જ્ઞાન ધરાવે છે.

જાદુમાં તેઓ મંત્ર અને તંત્રનો ઉપયોગ કરે છે. સફેદ જાદુ જે રક્ષણાત્મક અને કલ્યાણકારી છે, જ્યારે કાળો જાદુ તાંત્રિક વિદ્યા અને ભૂતપ્રેત સાથે સંકળાયેલ છે. તેઓ માને છે કે જાદુ દ્વારા અલૌકિક શક્તિ ઉપર આધિપત્ય જમાવી શકાય છે.

**કલા**

આદિવાસીઓ વર્ષોથી કલા અને સૌંદર્ય સાથે સંકળાયેલ છે. તેમની કલામાં સૌંદર્ય અને સંવેગની સાથે સામાજિક તત્ત્વ પણ સંકળાયેલ છે. તેમના વિચારો, મૂલ્યો, ધર્મ, પરંપરા, સામાજિક અને ભૌગોલિક પરિસ્થિતિ સાથે એની ઉપયોગિતા સંકળાયેલ છે. દા.ત., કલાત્મક કાંસકી, વાંસની ટોપલીઓ.

કલાની અભિવ્યક્તિની શૈલી એમનાં સંગીત, તાલ અને સૂરમાં પણ અભિવ્યક્ત થાય છે.

ડૉ. વેરિયર એલ્વિન જણાવે છે તે મુજબ ભારતીય આદિમજાતિની કળામાં યથાર્થવાદ અને પ્રતીકવાદ બંનેનો સમાવેશ થાય છે. તેઓ મૂર્તિકળા અને ચિત્રકળા બંનેનો સમાવેશ કરે છે. તેમની દીવાલો, ઓજારો ઉપરાંત આભૂષણોમાં એ વ્યક્ત થાય છે. આદિવાસીઓ તહેવારો, ઉત્સવો અને લગ્નપ્રસંગે ઘરની દીવાલો સુશોભિત કરે છે. ભીંત ચિત્રોમાં એ વ્યક્ત થાય છે. દા.ત., ગુજરાતના રાઠવાનું પીઠોરા. એ જ રીતે મૂરિયા લોકો હાથી, ઘોડા અને માનવની મૂર્તિઓ દેવને અર્પણ કરે છે. સાંથાલ લગ્ન વખતે ડોલીને સુંદર રીતે શણગારે છે. ભારતના આદિવાસીઓમાં સંગીત અને નૃત્યમાં તાલ, સૂર અને વાદ્યતંત્રનો ત્રિવેણી સંગમ જોવા મળે છે. એમનાં વાંજિત્રો ઈલેક્ટ્રોનિક્સ નથી હોતા; પરંતુ ફૂંક મારવી, હવા ભરવી, થાપ આપવી વગેરેથી વાગે છે. સારંગી, વાંસળી, તૂર, તંબૂર, બીન, ઢોલ, ઘંટ, મૃદંગ વગેરે એમાં સમાવિષ્ટ છે.

લગ્ન, ધાર્મિક પ્રસંગ, તહેવાર, ઉત્સવ વગેરેમાં તેઓ નૃત્ય કરે છે. ઘણી વાર રાજા, શિકારી પશુનાં મ્હોરાં પણ પહેરે છે, તેઓ સમૂહનૃત્ય પણ કરે છે. લોકગીતો દ્વારા સામૂહિક જીવનની એકતા દર્શાવે છે. તેઓની ભાષા, શૈલી, લોકકથા પણ એમાં વણાયેલા હોય છે.

**(3) અન્ય પછાતવર્ગો (The Other Backward Classes - OBC)**

વિદ્યાર્થીમિત્રો, આપણે આગળ જોયું તેમ બંધારણમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે વિશેષ જોગવાઈ છે. આ બંને સમૂહો ઉપરાંત ભારતના બંધારણમાં 'અન્ય પછાત વર્ગો'નો ઉલ્લેખ છે. જેમાં સામાજિક, શૈક્ષણિક અને આર્થિક પછાત વર્ગોનો સમાવેશ થાય છે. અન્ય પછાત વર્ગો માટે સમગ્ર ભારતની કોઈ સૂચિ કે યાદી નથી, પણ શિક્ષણ મંત્રાલય અને રાજ્ય સરકારોએ આવી યાદી બનાવી છે. આ યાદીઓમાં કેટલીક વિસંગતતા જોવા મળે છે.

ભારતમાં શ્રી કાકાસાહેબ કાલેલકરની અધ્યક્ષતામાં સૌપ્રથમ 1953માં કમિશન (પંચ) નિમાયું. આ કમિશને દેશમાં 2399 જ્ઞાતિઓને પછાત જ્ઞાતિઓની યાદીમાં સમાવિષ્ટ કરી. આ કમિશને સામાજિક દરજ્જાનો કોટિક્રમ અને પછાતપણાનો માપદંડ સ્વીકાર્યો પરંતુ એમની ભલામણનો સ્વીકાર ન થયો.

ભારત સરકારે બંધારણના અનુચ્છેદ 15 અને 16ના હેતુઓને અનુલક્ષીને 1979માં બીજા પંચને નીમ્યું. આ પંચના અધ્યક્ષ શ્રી બી.પી.મંડલ હતા. આ પંચ 'મંડલ કમિશન' તરીકે ઓળખાય છે. આ પંચના તજ્જ્ઞોની સમિતિના અધ્યક્ષ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા ભારતના સમાજશાસ્ત્રી એમ. એન. શ્રીનિવાસ હતા. મંડલ પંચને નીચેની કામગીરી સોંપવામાં આવી હતી :

**(1)** સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો નક્કી કરવા માટેના માપદંડો નક્કી કરવા.

**(2)** સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના વિકાસ માટેનાં પગલાંની ભલામણ કરવી.

**(3)** જાહેર સેવાઓમાં પર્યાપ્ત પ્રતિનિધિત્વ નથી તેવા પછાતવર્ગોને નોકરીઓમાં અનામતની જોગવાઈ અંગે ભલામણ કરવી.

## મંડલ પંચે સામાજિક અને શૈક્ષણિક પછાતપણું નક્કી કરવા અપનાવેલા માપદંડો

મંડલ પંચે સામાજિક અને શૈક્ષણિક પછાતપણું નક્કી કરવા માટે સામાજિક, શૈક્ષણિક અને આર્થિક એવા ત્રણ વિભાગમાં નીચેના માપદંડો અપનાવ્યા હતા. આ માપદંડો નીચે મુજબ છે :

### (1) સામાજિક માપદંડ :

સામાજિક પછાતપણું નક્કી કરવા માટે નીચેના ચાર માપદંડ નક્કી કરવામાં આવ્યા હતા :

- જે જ્ઞાતિઓ કે વર્ગો સામાજિક રીતે પછાત ગણાતા હોય.
- જે જ્ઞાતિઓ કે વર્ગો એમની આજીવિકા માટે શારીરિક શ્રમ ઉપર આધાર રાખતા હોય :
- જે જ્ઞાતિઓ કે વર્ગોના ગામડામાં વસતા લોકોના 25 ટકા સ્ત્રીઓ અને 10 ટકા પુરુષો અને શહેરમાં વસતા લોકોના 10 ટકા સ્ત્રીઓ અને 5 ટકા પુરુષો રાજ્યની સરેરાશ કરતાં વધારે સંખ્યામાં 17 વર્ષની નીચેની ઉંમરે લગ્ન કરતા હોય.
- જે જ્ઞાતિઓ કે વર્ગોમાં રાજ્યની સરેરાશ કરતાં 25 ટકા વધુ સ્ત્રીઓ આજીવિકા માટે કામ કરતી હોય.

### (2) શૈક્ષણિક માપદંડ :

શૈક્ષણિક પછાતપણું નક્કી કરવા માટે નીચેના ત્રણ માપદંડ અપનાવવામાં આવ્યા હતા :

- રાજ્યની સરેરાશ કરતાં 25 ટકા વધારે જ્ઞાતિઓ કે વર્ગોનાં 5થી 15 વર્ષની વયજૂથનાં બાળકો નિશાળે ગયાં જ ન હોય.
- રાજ્યની સરેરાશ કરતાં 25 ટકા વધારે જે જ્ઞાતિઓ કે વર્ગોના 5થી 15 વર્ષનાં બાળકો અધવચ્ચેથી અભ્યાસ છોડી દેતાં હોય.
- રાજ્યની સરેરાશ કરતાં 25 ટકા ઓછા જે જ્ઞાતિઓ/ વર્ગોમાં મૅટ્રિક ભણેલા હોય.

### (3) આર્થિક માપદંડ :

સામાજિક અને શૈક્ષણિક પછાતપણું નક્કી કરવા માટે નીચેના ત્રણ આર્થિક માપદંડ અપનાવવામાં આવ્યા હતા:

- રાજ્યની સરેરાશ કરતાં જે જ્ઞાતિઓ/વર્ગોનાં કુટુંબોની મિલકતની કિંમત 25 ટકા કરતાં ઓછી હોય.
- રાજ્યની સરેરાશ કરતાં જે જ્ઞાતિઓ/વર્ગોના 25 ટકા કરતાં વધારે કુટુંબો કાચા મકાનમાં રહેતા હોય.
- જે જ્ઞાતિઓ/વર્ગોના 25 ટકા કરતાં વધારે કુટુંબોને રોજબરોજની જરૂરિયાત માટે લોન લેવી પડતી હોય છે.

મંડલ પંચે નિષ્ણાતોની સમિતિ નીમીને સર્વેક્ષણ કરાવ્યું હતું. આ સર્વેક્ષણનો હેતુ માહિતી દ્વારા સામાજિક અને શૈક્ષણિક પછાતપણાના એકમો તરીકે જ્ઞાતિનો માપદંડ તરીકે ઉપયોગ કર્યો અને અન્ય પછાત વર્ગોની યાદી તૈયાર

કરીને પોતાની ભલામણ સાથેનો અહેવાલ 1980માં ભારત સરકારને સુપ્રત કર્યો. 1982માં આ અહેવાલની ચર્ચા સંસદમાં થઈ.

### અમલ, પ્રત્યાઘાત, ન્યાય અને પગલાં

13મી ઑગસ્ટ, 1990ના જાહેરનામાથી તે વખતની ભારત સરકારે મંડલ પંચની ભલામણોનો અમલ કર્યો. આ જાહેરનામાથી ભારત સરકારની સનદી જગ્યાઓ અને સેવાઓમાં અન્ય પછાતવર્ગો (OBCs)ને માટે 27 ટકા જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી. અનામતની આ જોગવાઈનો વિશાળ પાયા ઉપર વિરોધ થયો અને સર્વોચ્ચ અદાલતમાં અનામતની જોગવાઈને પડકારતી રિટપિટિશનો થઈ. નામદાર સર્વોચ્ચ અદાલતે 16 નવેમ્બર 1992માં બહુમતીથી ચુકાદો આપ્યો. આ ચુકાદામાં એવી શરત મૂકવામાં આવી કે અનામત અંગેના જાહેરનામાનો અમલ કરવામાં અન્ય પછાતવર્ગોમાં જે વ્યક્તિઓ સામાજિક રીતે વિકસિત છે, તેઓને અનામતના લાભોથી બાકાત રાખવા. આ ઉપરાંત સર્વોચ્ચ અદાલતે ભારત સરકાર અને બધી રાજ્ય સરકારોને અન્ય પછાતવર્ગોની યાદી અંગે લોકોની ફરિયાદ - રજૂઆતને લક્ષમાં લઈને તેમાં આવશ્યક સુધારા - વધારા કરવા માટે કાયમી તંત્ર ઊભું કરવાનો આદેશ આપ્યો. આ આદેશને અનુલક્ષીને 1993માં પછાતવર્ગો માટેના રાષ્ટ્રીય પંચની રચના કરવામાં આવી. પ્રસંગોપાત તેની પુનર્રચના કરવામાં આવે છે. 1999માં ભારત સરકારે નિષ્ણાતોની સમિતિ નીમી. આ સમિતિને અન્ય પછાતવર્ગોમાંથી વિકસિત વ્યક્તિઓને ઓળખી કાઢવાનું કામ સોંપવામાં આવ્યું. જેથી અન્ય પછાતવર્ગોને મળતા અનામતના લાભોથી તેઓને બાકાત રાખી શકાય અને જરૂરિયાતમંદ વંચિત રહેવા ન પામે.

### ગુજરાતમાં અન્ય પછાતવર્ગો

અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ સિવાયના સમાજના બીજા કયા કયા સ્તરના લોકો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત છે, તે નક્કી કરવા માટે ગુજરાત સરકારે 1972માં ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિ અને કાયદાપંચના અધ્યક્ષ શ્રી એ. આર. બક્ષીના અધ્યક્ષપદ હેઠળ પંચ (કમિશન)ની નિમણૂક કરી. આ પંચ ‘બક્ષીપંચ’ તરીકે જાણીતું છે. આ પંચે નિષ્ણાતોની સમિતિ નીમી. આ સમિતિના સભ્યોમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા ગુજરાતના સમાજશાસ્ત્રી આઈ. પી. દેસાઈ પણ હતા. આ પંચે હાથ ધરેલા સર્વેક્ષણના કામમાં આઈ. પી. દેસાઈએ ‘ટેક્નિકલ એરિયા કન્સલ્ટન્ટ’ તરીકે માનદ્ સેવા આપી હતી. ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગનાં તત્કાલીન અધ્યક્ષ તારાબહેન પટેલ અને એમની ટીમનું પણ યોગદાન મહત્ત્વનું રહેલું. બક્ષીપંચે કોઈ સમૂહના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતપણાને નક્કી કરવા ‘જ્ઞાતિ’ને એકમ તરીકે ગણી હતી.

બક્ષીપંચે જુદા જુદા સમૂહોની સામાજિક-આર્થિક, શૈક્ષણિક પરિસ્થિતિનો અભ્યાસ કરીને તથા જુદા-જુદા સમૂહોની રજૂઆતો સાંભળીને વિવિધ ધર્મની 82 જ્ઞાતિઓને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ગણવાની ભલામણ કરી, 1976માં બક્ષીપંચે પોતાનો અહેવાલ ગુજરાત સરકારને સુપરત કર્યો. બક્ષીપંચે જે જ્ઞાતિઓ/વર્ગો/જૂથોને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ગણી તેને અંગ્રેજીમાં Socially and Educationally Backward Classes(SEBC) કહે છે. આ યાદીમાં પ્રસંગોપાત સુધારો થતો રહ્યો છે. આ અન્ય પછાતવર્ગો માટે ‘બક્ષીપંચની જ્ઞાતિઓ’ જેવો શબ્દ પણ પ્રચલિત થવા પામ્યો. બક્ષીપંચે નક્કી કરી આપેલી આ 82 પછાતજ્ઞાતિઓને રાજ્ય સરકારે ગુજરાતમાં સરકારી, અર્ધસરકારી ખાતાંઓ તથા શિક્ષણસંસ્થાઓમાં અનામત બેઠકો આપી. કેટલીક પછાતજ્ઞાતિઓ કે જેઓને બક્ષીપંચની યાદીમાં સમાવિષ્ટ કરવામાં નહોતી આવી, તે જ્ઞાતિઓએ પોતે પછાત હોવાનો દાવો રજૂ કરીને પોતાનો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતજ્ઞાતિઓની યાદીમાં સમાવેશ કરવાની માગણી કરી. આથી ગુજરાત સરકારે 1981માં સામાજિક અને આર્થિક પછાતપણું નક્કી કરવા માટે ન્યાયમૂર્તિ શ્રી રાણેના અધ્યક્ષપદે પંચની નિમણૂક કરી. આ પંચ ‘રાણે પંચ’ તરીકે ઓળખાયું.

આ પછી ગોપાલકૃષ્ણ કમિશન અને સુજ્ઞાબેન ભટ્ટ કમિશનનો સમાવેશ થાય છે. 2004 સુધી ગુજરાતમાં 135 જેટલી જ્ઞાતિઓને અન્ય પછાત વર્ગોમાં સમાવિષ્ટ કરવામાં આવી. હાલમાં લગભગ 145 જેટલી જ્ઞાતિઓનો એમાં સમાવેશ થાય છે. જેને 27 ટકા લેખે શિક્ષણ, નોકરી અને રાજકીય ક્ષેત્રે અનામત મળે છે. આ બધાં ક્ષેત્રોમાં આવક મર્યાદાને લક્ષમાં લેવામાં આવે છે. એટલે કે ક્રીમીલેયરમાં આવતા SEBCનાં લોકોને અનામતનો લાભ મળતો નથી.

આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત સમૂહો ઉપરાંત વિચરતી-વિમુક્ત જાતિઓ, લઘુમતી કોમ વગેરે પણ સમાજમાં જોવા મળે છે.

## ભારતનું બંધારણ અને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા અન્ય પછાતસમૂહો

પ્રજાસત્તાક ભારતે પોતાનું આગવું બંધારણ સ્વીકાર્યું. ડૉ. બી. આર. આંબેડકરે બંધારણ સંબંધી ડ્રાફ્ટ કમિટીના અધ્યક્ષ તરીકેની ભૂમિકા ભજવી. બંધારણના ઘડવૈયાઓએ ભારતને એક સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકતંત્રાત્મક અને પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો ગંભીરતાપૂર્વકનો સંકલ્પ કર્યો. દરેક નાગરિકને ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા મળી રહે એવી જોગવાઈ કરી.

બંધારણમાં કેટલાક સમૂહોને વિશિષ્ટ લાભ આપવા માટે અલગ તારવવામાં આવ્યા. જેવા કે (1) અનુસૂચિત જાતિઓ (2) અનુસૂચિત જનજાતિઓ (3) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત સમૂહો. આ ઉપરાંત લઘુમતીઓ માટે પણ કેટલીક વિશેષ જોગવાઈઓ કરવામાં આવી.

### બંધારણ અને અનુસૂચિત જાતિઓ

અનુસૂચિત જાતિઓને બંધારણમાં ખાસ સંરક્ષણ આપવામાં આવ્યું. સામાજિક અન્યાયો અને શોષણમાંથી બંધારણીય રીતે મુક્તિ આપવામાં આવી છે એટલું જ નહિ આ માટે રાજ્યને ફરજ પાડવામાં આવી છે.

બંધારણના ત્રીજા ભાગ ઉપરાંત નાગરિકોના મૂળભૂત અધિકારોની કેટલીક જોગવાઈ કરવામાં આવી છે. આ વિશેની માહિતી તમે ધોરણ-10માં મેળવી છે.

**બંધારણીય જોગવાઈઓ :**

કલમ : 14 થી 17, 46, 330, 332, 334, 335

કલમ : 14-કાયદા સમક્ષ સમાનતા

કલમ : 15-ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ અથવા જન્મસ્થાનના કારણે ભેદભાવનો નિષેધ

કલમ : 16-જાહેર નોકરીઓ બાબતમાં તકની સમાનતા

કલમ : 17-અસ્પૃશ્યતા નાબૂદી

કલમ : 46-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય નબળા વર્ગોનાં શૈક્ષણિક અને આર્થિક હિતોની અભિવૃદ્ધિ

કલમ : 330-લોકસભામાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે અનામત બેઠકો

કલમ : 332-રાજ્યોની વિધાનસભામાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે અનામત બેઠકો

કલમ : 334-રાજકીય અનામત બેઠકોનો સિત્તેર વર્ષ પછી અંત આવશે.

કલમ : 335-અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના સેવાઓ અને જગ્યાઓ માટે હક દાવાઓ.

### અનુસૂચિત જાતિ કલ્યાણ યોજનાઓ

ભારત સરકાર અને ગુજરાત સરકારે અનુસૂચિત જાતિ કલ્યાણ યોજનાઓ અને કાર્યક્રમો દ્વારા ઉત્કર્ષ પ્રવૃત્તિઓ હાથ ધરી છે. વિદ્યાર્થીમિત્રો, તમારે એ જરૂર જાણવું જોઈએ કે સરકાર દ્વારા અનુસૂચિત જાતિઓનાં શિક્ષણ માટે યુનિફૉર્મ, આશ્રમશાળા, છાત્રાલય, ફી માફી, પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન, અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા વાલીઓનાં બાળકોને શિષ્યવૃત્તિ, નિઃશુલ્ક ભોજન, ઓછા વ્યાજે લોન, વિદેશી તાલીમ વગેરે માટે સરકાર પ્રોત્સાહિત કરે છે.

અનુસૂચિત જાતિઓના આર્થિક વિકાસ માટે ખેડૂતોને સહાય, લઘુ ઉદ્યોગ માટે લોન, તબીબી સ્નાતકો, વકીલો વગેરેને લોન ઉપરાંત મહિલા ઉદ્યોગ સાહસિકોને મદદ કરાય છે.

આ ઉપરાંત આંતરજ્ઞાતીય લગ્નને પ્રોત્સાહન, ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર બાંધવા સહાય, સમૂહલગ્નને પ્રોત્સાહન, સમૂહ વીમા અને કેટલીક આફતો પર સહાય આપવાનું વિચારાયેલું છે.

ભારતમાં આદિવાસીઓના વિકાસ અર્થે વિવિધ વિકાસ કાર્યક્રમોનું આયોજન થયું છે.

**આદિવાસી વિકાસ માટેના કાર્યક્રમો :**

**(1)** અનુસૂચિત જનજાતિને ધ્યાનમાં લઈ ઘડાયેલ કાર્યક્રમો - 1951

**(2)** પંડિત જવાહરલાલ નહેરુએ આપેલ પંચશીલનો સિદ્ધાંત - 1956

**(3)** અનુસૂચિત જનજાતિના વિકાસ માટે આદિવાસી બ્લૉકની રચના - 1961

**(4)** ગુજરાત આદિવાસી વિકાસ નિગમની રચના - 1972

**(5)** સંકલિત આદિજાતિ વિકાસ પ્રોજેક્ટ - 1974

**(6)** ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ - 1976

**(7)** અનુસૂચિત જનજાતિનાં કુટુંબોને ગરીબી રેખાથી ઉપર લાવવા ગરીબી નિવારણ કાર્યક્રમો - 1982

**(8)** અનુસૂચિત જનજાતિ સહકારી બજાર સંઘ (નાણાકીય સંસ્થા) - 1987

**(9)** રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ અને જનજાતિ નાણાં અને વિકાસ નિગમ - 1989

**(10)** અનુસૂચિત જાતિ-જનજાતિ અત્યાચાર નિવારણ ધારો - 1989

**(11)** પંચાયતોમાં પ્રતિનિધિત્વ સંદર્ભે બંધારણનો 73 અને 74મો સુધારો - 1993

**(12)** પંચાયત સંદર્ભે પેસા(pesa) ઍક્ટ જેમાં પંચાયત રાજની સંસ્થાઓ અને ગ્રામસભાને પાયાગત કક્ષાએ અનુસૂચિત જનજાતિના સહભાગી વિકાસને ટેકો આપવો - 1996

**(13)** અભિગમ બદલાવ - કલ્યાણથી વિકાસ અને જનજાતિ સશક્તિકરણ - 1997

**(14)** ન્યૂ ગુજરાત પેટર્ન - 1998-99

**(15)** મિનિસ્ટ્રી ઑફ ટ્રાયબલ અફેર્સ સ્થાપના - 1999

**(16)** વનબંધુ કલ્યાણ યોજના - 2007

**અન્ય પછાત સમૂહો માટે ભારત અને ગુજરાતમાં વિવિધ કલ્યાણ યોજનાઓની ટૂંક માહિતી :**

- શૈક્ષણિક યોજનાઓમાં આવક મર્યાદાને ધ્યાનમાં રાખી ટયૂશન ફી તેમજ પરીક્ષા ફીમાંથી મુક્તિ.
- વિવિધ અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિ
- ગણવેશ સહાય યોજના
- ઓછા વ્યાજે લોન
- વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ માટે સરકારી છાત્રાલયોની સુવિધા
- તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન

**આર્થિક યોજનાઓ**

**(1)** માનવ ગરિમા યોજના હેઠળ કુટિર ઉદ્યોગો સહિત સ્વ-રોજગારી માટે નાણાકીય સહાય.

**(2)** કાયદા અને તબીબી સ્નાતકોને પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે વાર્ષિક 4 ટકાના દરે લોન.

**(3)** શિક્ષણ વર્ગો અને કમ્પ્યૂટરની તાલીમ માટે માસિક સ્ટાઈપેન્ડ આપવાની યોજના.

**(4)** આઈ.એ.એસ./આઈ.પી.એસ.ની તાલીમ માટેના વર્ગો માટે સ્ટાઈપેન્ડ તેમજ પુસ્તકો ખરીદવા આર્થિક સહાય.

**અનામત નીતિ**

સમાજના નબળા વર્ગના સમૂહો તરીકે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાત સમૂહો માટેનાં રક્ષણ અને વિકાસ માટે વિવિધ કલ્યાણ પ્રવૃત્તિઓ ઉપરાંત અનામતની જોગવાઈ કરવામાં આવી છે. અનામતની નીતિ સમાજના નબળા વર્ગોની તરફેણમાં રક્ષિત ભેદભાવની નીતિ છે. સામાજિક સમતા અને ન્યાયની સ્થાપના માટેનું કલ્યાણકારી પગલું છે.

આ ઉપરાંત વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અને સરકારી નોકરીઓમાં વય મર્યાદામાં છૂટછાટ આપવામાં આવે છે.

વિદ્યાર્થીમિત્રો, આપણે જોયું કે, સમાજના નબળા સમૂહોને સશક્ત બનાવવા પ્રયત્નો થયા છે. તેવી જ રીતે મહિલાઓના સશક્તિકરણ માટે પ્રયત્નો થયા છે જેના વિશેની માહિતી હવે પછીના એકમમાં મેળવીશું.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો :**

(1) અનુસૂચિત જનજાતિની મુખ્ય લાક્ષણિકતાઓ જણાવો.

(2) ભારતમાં અનુસૂચિત જનજાતિનું સાંસ્કૃતિક વૈવિધ્ય જણાવો.

(3) પછાતપણાના મુખ્ય માપદંડો જણાવો.

(4) અનુસૂચિત જનજાતિનું વર્ગીકરણ કરો.

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :**

(1) અન્ય પછાત વર્ગ વિશે નોંધ લખો.

(2) આદિવાસી વિકાસના કાર્યક્રમની ટૂંકી રૂપરેખા આપો.

(3) અનુસૂચિત જાતિની બંધારણીય જોગવાઈઓ જણાવો.

(4) અનુસૂચિત જાતિના વિકાસ માટે સરકારી યોજનાઓની ટૂંક માહિતી આપો.

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો :**

(1) ટોટેમવાદ એટલે શું ?

(2) જાદુના પ્રકાર જણાવો.

(3) વેરિયર એલ્વિન ભારતીય આદિમજાતિની કળામાં કયા બે વાદને દર્શાવે છે ?

(4) ભારતની કોઈ ચાર આદિમજાતિનાં નામ આપો.

(5) મંડલ પંચે સામાજિક અને આર્થિક પછાતપણું નક્કી કરવા કયા ત્રણ વિભાગમાં માપદંડ દર્શાવ્યા ?

(6) ભારતમાં પછાતસમૂહો માટે કેટલા ટકા અનામત રાખવામાં આવી છે ?

**4. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) અનુસૂચિત જાતિ એટલે શું ?

(2) અનુસૂચિત જનજાતિની વ્યાખ્યા આપો.

(3) પછાતપણાનો અર્થ આપો.

(4) આદિવાસીઓને બંધારણમાં કયા નામે ઓળખવામાં આવે છે ?

**5. નીચેના પ્રત્યેક પ્રશ્નમાં આપેલા વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર આપો :**

(1) ભારતમાં 2011ની વસ્તી ગણતરીના અહેવાલ પ્રમાણે અનુસૂચિત જાતિનું પ્રમાણ કેટલું છે ? ☐

(અ) 6.33 % (બ) 16.02 % (ક) 7.14 % (ડ) 15.65 %

(2) ગુજરાતમાં 2011ની વસ્તી ગણતરી પ્રમાણે અનુસૂચિત જાતિનું પ્રમાણ કેટલું છે ? ☐

(અ) 6.84 % (બ) 16.48 % (ક) 6.33 % (ડ) 7.10 %

(3) અનુસૂચિત જાતિનું સૌથી વધુ પ્રમાણ કયા રાજ્યમાં છે ? ☐

(અ) પંજાબ (બ) અરુણાચલ

(ક) મેઘાલય (ડ) બિહાર

(4) આદિવાસીઓની સંખ્યાની દૃષ્ટિએ ભારત વિશ્વમાં કયા ક્રમે આવે છે ? ☐

(અ) તૃતીય (બ) દ્વિતીય

(ક) પ્રથમ (ડ) ચોથા

(5) ભારતની આદિમજાતિની વસ્તીનું વર્ગીકરણ કોણે આપ્યું છે ? ☐

(અ) ડૉ. વેરિયર એલ્વિન (બ) ડૉ. બ્રીજરાજ ચૌહાણ

(ક) મેલીનોવસ્કી (ડ) મજમુદાર

(6) ટોટેમવાદ શેમાં જોવા મળે છે ?

(અ) અનુસૂચિત જાતિ (બ) અનુસૂચિત જનજાતિ

(ક) સવર્ણ (ડ) અન્ય પછાત વર્ગો

(7) મંડલ કમિશનમાં ભારતના કયા સમાજશાસ્ત્રીને કામગીરી સોંપવામાં આવી હતી ?

(અ) આઈ. પી. દેસાઈ (બ) અક્ષયકુમાર દેસાઈ

(ક) એમ. એન. શ્રીનિવાસ (ડ) તારાબહેન પટેલ

(8) ગુજરાતમાં અન્ય પછાતવર્ગ માટે 1979માં કયું કમિશન નિમાયું ?

(અ) કાલેલકર કમિશન (બ) બક્ષી કમિશન

(ક) રાણે કમિશન (ડ) મંડલ કમિશન

**પ્રવૃત્તિ**

- તમારા વર્ગના વિદ્યાર્થીઓનું જ્ઞાતિ આધારિત વર્ગીકરણ કરો.
- તમારી શાળામાં પછાત સમૂહોના વિદ્યાર્થીને મળતી શૈક્ષણિક અને આર્થિક સહાય વિશે કોષ્ટક બનાવો.
- તમારા ગામમાં પછાત સમૂહોનાં રહેઠાણનો નકશો તૈયાર કરો.
- તમારી જ્ઞાતિનો ઇતિહાસ જાણો.
- ગુજરાત સરકારશ્રીની અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને પછાતસમૂહો માટેની વિવિધ યોજનાઓ જણાવો.

●

# 4 | સ્ત્રી-સશક્તિકરણ

**પ્રસ્તાવના**

વિદ્યાર્થીમિત્રો, એકમ-3માં આપણે સમાજના જુદા જુદા નબળા સમૂહો વિશે માહિતી મેળવી. એક સમય એવો હતો કે જેમાં સ્ત્રીઓને અબળા ગણવામાં આવતી હતી; પરંતુ વર્તમાન સમયમાં સ્ત્રી સશક્ત બનતી જાય છે. મહિલા સશક્તિકરણના સંદર્ભમાં સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, ''વિશ્વના કલ્યાણ માટે મહિલાઓની સ્થિતિ જ્યાં સુધી સુધરશે નહિ ત્યાં સુધી વિકાસની કોઈ તક મળી શકશે નહિ. કોઈ પણ પંખીને એક પાંખથી ઊડવું અશક્ય બની જતું હોય છે.'' આપણા સમાજમાં પણ આવું જ કાંઈક બન્યું છે અને તેથી મહિલાઓને અધિકાર આપવાનો મુદ્દો સમગ્ર વિશ્વમાં ધ્યાનાકર્ષિત બન્યો છે. સ્ત્રીઓના અધિકારોને સ્વતંત્ર, સમાન અને ન્યાયી રીતે ભોગવવાની બાબત સ્ત્રી સશક્તિકરણનું પ્રથમ પગથિયું છે. આ વિશેની વિભાવના, લક્ષણો અને મહત્ત્વને જોવાં જરૂરી છે. ભારતમાં વિવિધ બાબતો પૈકી લિંગપ્રમાણ સાથે તે સંબંધિત છે. જેમ જેમ મહિલાઓ વિશેના ખ્યાલો બદલાતા ગયા, એના વિકાસ વિશેના અભિગમો વિકસતા ગયા અને વિકાસની પ્રક્રિયામાં એને સામેલ કરવામાં આવી એમ શૈક્ષણિક, આર્થિક, સામાજિક, રાજકીય અને આરોગ્યના ક્ષેત્રે સ્ત્રીઓનું સશક્તિકરણ વધવા લાગ્યું. ભારતનું બંધારણ, કાયદાઓ તેમજ સ્ત્રીઓ વિશેની વિવિધ કલ્યાણ યોજનાઓ અને કાર્યક્રમોને લીધે સ્ત્રી-સશક્તિકરણને વેગ મળ્યો. વિદ્યાર્થીમિત્રો, આપણે આ એકમમાં સશક્તિકરણ, સ્ત્રી–સશક્તિકરણનો અર્થ અને તેનાં લક્ષણો, મહત્ત્વ, ભારતમાં લિંગપ્રમાણ, સ્ત્રી-સશક્તિકરણ માટેના વિવિધ કાર્યક્રમો, કલ્યાણકારી યોજનાઓ અને સ્ત્રીઓ વિશેની કાયદાકીય માહિતી મેળવીશું.

**સ્ત્રી–સશક્તિકરણનો અર્થ :**

સશક્તિરણ એટલે કે Empowerment. આ શબ્દનો ઉદ્ભવ 1970ના દાયકામાં લૅટિન અમેરિકામાં શિક્ષણ અંગેની ચર્ચામાં થયો હોવાનું ઈવલિન હસ્ટ નોંધે છે. નારીવાદી વિચારકો અને કર્મશીલોએ એ ખ્યાલને આગળ વધાર્યો. 1980 પછી આ ખ્યાલનો વધુ ને વધુ ઉપયોગ થવા લાગ્યો.

ભારતના સમાજશાસ્ત્રી **યોગેન્દ્ર સિંઘ** નોંધે છે તેમ, સશક્તિકરણની વિભાવના વિશાળ સૂચિતાર્થો ધરાવે છે. સશક્તિકરણનો ખ્યાલ કાળા અને સીમાંત સમૂહોની સામાજિક ચળવળની વિચારસરણીમાંથી ઉદ્ભવ્યો. તેમાં સંસાધનોની ઉપલબ્ધિ, વ્યવસાય, શિક્ષણ, આરોગ્ય પર ભાર મૂકવામાં આવ્યો. ભારતના સંદર્ભમાં સ્ત્રીઓના સશક્તિકરણ માટેની ચળવળ અને વિચારસરણી, સ્વાતંત્ર્ય ચળવળ અને સ્ત્રી-મુક્તિના સંદર્ભમાં જોવા મળે છે.

સશક્તિકરણ એટલે કે Empowermentમાં Power એટલે સત્તા–નિર્ણય લેવાની પ્રક્રિયા અંગે ઉદાર વિચાર સાથેનો ગાઢ સંબંધ. સ્ત્રી–સશક્તિકરણમાં શક્તિ (Power) મહત્ત્વની છે. જેમાં બળ અને પ્રભાવ સમાવિષ્ટ છે.

સરળ શબ્દોમાં જોઈએ તો, મહિલા સશક્તિકરણનો અર્થ મહિલાઓમાં એવા પ્રકારની શક્તિ હોવી જેમાં પોતાના જીવનનિર્વાહ માટે પોતાની ઇચ્છા અનુસાર કરવા માટે સક્ષમ તથા સ્વતંત્ર હોય.

**રેણુકા પામેયા –** ''મહિલા સશક્તિકરણ એટલે સામાજિક ન્યાય અને સમતા અથવા મહિલાની સ્વતંત્ર ઓળખ અથવા તેનો મનુષ્યના રૂપમાં સ્વીકાર થવો.''


**સુશીલા પારીક –** ''મહિલા સશક્તિકરણ એટલે મહિલાઓનું શક્તિ સંપન્ન થવું. શક્તિ અને સાધન બંને જીવનની ગુણવત્તા સાથે જોડાયેલી અવધારણાઓ છે.''

આમ, સ્ત્રી–સશક્તિકરણ પરિવર્તનશીલ અને બહુઆયામી અવધારણા છે, જેમાં સ્ત્રીઓની આત્મછબી અને સામાજિક છબીમાં પરિવર્તન આવે છે. મહિલાઓને એક વ્યક્તિ ગણી તેને સશક્ત બનાવી, નિર્ણયમાં સામેલ કરવી, સત્તા અને પદ આપવાં અને તેની શક્તિઓનો સ્વતંત્ર રીતે વિકાસ કરવો તે તેના મૂળભૂત પાયામાં છે.

**ચંદ્રિકા રાવલ** સ્ત્રી–સશક્તિકરણને સમજાવતા તેનાં લક્ષણો નીચે મુજબ દર્શાવે છે :

- સ્ત્રી–સશક્તિકરણ એક પ્રક્રિયા છે.
- આ પ્રક્રિયામાં સ્ત્રીઓને પોતાનું સ્થાન અને મોકળાશ મળે છે.
- આ પ્રક્રિયા સ્ત્રીઓ દ્વારા સામૂહિક રીતે સભાનપણે કરાયેલા પ્રયત્નોની શૃંખલા છે.
- તે સ્ત્રીઓને હકોની અનુભૂતિ કરાવે છે.

* તે સત્તાની નવી સંકલ્પના છે.
* તે સામાજિક પરિવર્તનની પ્રક્રિયા છે.
* તે સ્ત્રીઓની સભાનતા, અનુભવ, વિચાર, વર્તન વગેરે સાથે સંકળાયેલ છે.
* તે સ્ત્રીઓ વિશેની પરંપરાગત માન્યતાઓને બદલે છે.
* તે પુરુષ વિરોધી નથી, પણ સ્ત્રીઓ સમાજમાં પોતાનું આત્મગૌરવ અને આત્મવિશ્વાસથી આગળ વધે એવું લક્ષ્ય ધરાવે છે.


મહિલા સશક્તિકરણ

**સ્ત્રી–સશક્તિકરણનું મહત્ત્વ :**

ભારતીય સમાજમાં સમાજજીવનનાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક, રાજકીય, કાનૂની વગેરે ક્ષેત્રમાં સ્ત્રી–સશક્તિકરણનું આગવું મહત્ત્વ રહેલું છે.

**(1) વ્યક્તિગત મહત્ત્વ :**

વિવિધ ક્ષેત્રો ઉપરાંત વ્યક્તિગત રીતે સ્ત્રીઓમાં જાગૃતિ આવે, પ્રશ્નો અને પડકારોનો સામનો કરી શકે, કુશળતા વિકસી શકે, નિર્ણયાત્મક સત્તા પ્રાપ્ત કરી શકે અને સ્ત્રીઓ પોતાનું મૂલ્ય સમજી, સામાજિક વિકાસમાં યોગદાન આપી શકે; સ્વમાન, સમજણ અને સન્માન મેળવી શકે તથા અન્યાયોને ગંભીરતાપૂર્વક દૂર કરવા કાર્યાન્વિત બની શકે એવાં બહુવિધ પાસાંના સંદર્ભમાં સ્ત્રી-સશક્તિકરણ આવશ્યક છે.

**(2) સામાજિક મહત્ત્વ :**

સ્ત્રી-સશક્તિકરણ સમાજમાં સ્ત્રીઓ પ્રત્યેની હીન ભાવનાને અવગણે છે. સ્ત્રીઓને સન્માન આપવા તરફ પ્રયત્ન કરે છે. આ સંદર્ભમાં મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે, ''જો આપણે ભારત દેશનો વિકાસ કરવો હોય તો સૌથી પહેલાં ભારતીય નારીનો વિકાસ કરવો પડશે. કારણ કે સ્ત્રી વડે કુટુંબ, કુટુંબ વડે સમાજ અને સમાજ વડે રાષ્ટ્ર બને છે. 'સ્ત્રી' સમાજનું પાયાનું એકમ છે.''

સ્ત્રી-સશક્તિકરણ સમાજમાં સ્ત્રીઓને થતા અન્યાય, શોષણ કે પજવણીમાંથી મુક્તિ આપી સ્વતંત્રતા તરફ લઈ જવા માટેની મહત્ત્વની પ્રક્રિયા છે. આ માટે આંદોલનો પણ થયાં છે. સ્ત્રી-સંગઠનો અને સામાજિક-સુધારકોએ સામૂહિક ચેતના પણ જગાવી છે.

સશક્તિકરણ સ્ત્રીઓને પોતાનાં સ્થાનમાં પરિવર્તન લાવવા અને પોતાનાં બાળકોનું યોગ્ય સામાજિકરણ કરવા સક્ષમ બનાવવામાં ઉપયોગી છે તેમજ નેતૃત્વશક્તિ અને આત્મવિશ્વાસ વધે તે માટે પણ તે આવશ્યક છે.

**(3) શૈક્ષણિક મહત્ત્વ :**

મહિલા સશક્તિકરણ શિક્ષણમાં આવશ્યક છે કારણ કે શિક્ષણથી સ્ત્રીઓ પોતાના મનપસંદ ક્ષેત્રમાં શિક્ષણ લઈ પોતાનાં ધ્યેય, સિદ્ધિ અને સફળતા પ્રાપ્ત કરી, આત્મવિશ્વાસ કેળવી, સ્વાવલંબી બનવા સમર્થ બને છે.

શિક્ષણમાં સ્ત્રીઓને મળતી વિશેષ સવલતો સ્ત્રી-સશક્તિકરણને ગતિશીલ બનાવે છે. સ્ત્રીઓનાં પરંપરાગત વલણોને બદલવા શૈક્ષણિક સશક્તિકરણ એવું માધ્યમ છે કે જે તેને સાચી દિશા તરફ લઈ જાય છે. સ્ત્રીઓમાં વ્યવસાયિક કુશળતા વધારવા સશક્તિકરણ આવશ્યક છે.

**(4) આર્થિક મહત્ત્વ :**

કોઈ પણ રાષ્ટ્રમાં વિકાસ માટે આર્થિક સશક્તિકરણ જરૂરી છે. સ્ત્રીઓને મિલકતમાં સમાન હક આપવો, તે માટે જાગૃત કરવી, અર્થોપાર્જન કરતી મહિલાઓની આવક પર તેનો અધિકાર રહે, આર્થિક રીતે સ્વાવલંબી બને એ માટે સશક્તિકરણ આવશ્યક છે.

વિદ્યાર્થીમિત્રો, આપ જાણો છો કે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી ગુજરાતની SEWA (Self Employed Women's Association–સેલ્ફ એમ્પ્લોઈડ વિમેન ઍસોસિયેશન) જેવી અનેક સંસ્થાઓએ સ્ત્રીઓના આર્થિક સ્વાવલંબન માટે ગર્વનિષ્ઠ પ્રયત્નો કર્યા છે.

જે સ્ત્રીઓ ખેતી–ખેતી આનુષંગિક ગૃહઉદ્યોગ કે સ્વરોજગારમાં રોકાયેલ છે તેઓને પોતાના કાર્યનું યોગ્ય વળતર મળે અને તેના આર્થિક યોગદાનની ગણતરી થાય તે માટે સશક્તિકરણ આવશ્યક છે. આર્થિક સશક્તિકરણ વધશે તેમ વેતનમાં સમાનતા આવશે. જાતિગત ભેદભાવોની નાબૂદી થશે. મહિલાઓની બચત યોજનાઓ વધશે. આમ, દીર્ઘકાલીન સમતુલિત આર્થિક વિકાસ માટે સશક્તિકરણ આવશ્યક છે.

**(5) રાજકીય મહત્ત્વ :**

સશક્તિકરણનો ખ્યાલ રાજકીય ક્ષેત્ર સાથે સંકળાયેલો છે. ભારતના બંધારણમાં આર્ટિકલ 14, 15 અને 16માં રાજ્યે સ્ત્રી-પુરુષ સમાનતાનો અધિકાર, સ્ત્રી-પુરુષ લિંગભેદ સામે પ્રતિબંધ અને રોજગારીની તકોમાં સમાનતાનો અધિકાર આપ્યો છે. આમ છતાં, એનું વાસ્તવિક ચિત્ર જુદું જોવા મળતું; પરંતુ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલા આરક્ષણની જોગવાઈને લીધે સ્ત્રીઓને રાજકીય સશક્તિકરણની તક આપવામાં આવી છે. મત આપવો, ઉમેદવારી નોંધાવવી, વિજેતા બનતા સત્તામાં ભાગીદાર બનવું વગેરે માટે સ્ત્રી-સશક્તિકરણ આવશ્યક છે. આ વિશેની વિસ્તૃત સમજ તમે એકમ-8માં મેળવશો.

તદુપરાંત ભારતમાં સ્ત્રીઓ વિશેના વિશેષ કાયદાઓ દ્વારા સ્ત્રીઓનું સશક્તિકરણ કરવાનો પ્રયત્ન થયો છે. સ્ત્રીઓમાં આરોગ્ય અને સ્વાસ્થ્ય સંબંધિત સભાનતા કેળવાય તે માટે મહિલા સશક્તિકરણ આવશ્યક છે.

**ભારતમાં લિંગપ્રમાણ :**

દર હજાર પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા લિંગપ્રમાણ દર્શાવે છે. જીવવિજ્ઞાનની દૃષ્ટિએ સ્ત્રીઓ પુરુષો કરતાં મજબૂત હોવાથી પુરુષો કરતાં વધુ જીવે છે; પરંતુ કેટલાંક પરિબળોને લીધે સમાજમાં સ્ત્રી-પુરુષના પ્રમાણમાં તફાવત સર્જાય છે. જેનાથી લિંગ અનુપાત અને અસમાન લિંગપ્રમાણની સમસ્યા સર્જાય છે.

**ભારત અને ગુજરાતમાં દર હજાર પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ**

| વર્ષ | લિંગપ્રમાણ | |
|---|---|---|
| | ભારત | ગુજરાત |
| 1901 | 972 | 954 |
| 1951 | 946 | 952 |
| 2011 | 940 | 918 |

**(સ્ત્રોત : Gender Composition of Population Provisional Population Totals India - Page - 80.)**

ઉપર્યુક્ત કોષ્ટક પરથી આપણે ભારત અને ગુજરાતના લિંગપ્રમાણને અનુક્રમે જોઈએ.

**ભારત :** સ્વતંત્રતા પહેલાં - 1901માં દર 1000 પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા 972, સ્વતંત્રતા પછીના દાયકામાં - 1951માં 946 અને છેલ્લી વસ્તી ગણતરી 2011માં 940 છે. એટલે કે સ્ત્રીઓની સંખ્યા ઘટતી જાય છે.

**ગુજરાત :** ગુજરાતના આંકડા જોઈએ તો 1901માં 954, 1951માં 952 અને 2011માં 918 છે. એટલે કે સ્ત્રીઓની સંખ્યા સતત અને અસાધારણ રીતે ઘટતી જાય છે. 1951-2011માં 36 આંકનો ઘટાડો સૂચવે છે, જે સમાજ માટે ચિંતાજનક ગણાય.

વિદ્યાર્થીમિત્રો, ભારત અને ગુજરાતના 2011ની વસ્તીગણતરી મુજબ ગ્રામીણ–શહેરી લિંગપ્રમાણ જોઈએ.

**ભારત અને ગુજરાતમાં ગ્રામીણ–શહેરી લિંગપ્રમાણ**

| ભારત/ગુજરાત | કુલ | ગ્રામીણ | શહેરી |
|---|---|---|---|
| ભારત | 940 | 947 | 926 |
| ગુજરાત | 918 | 947 | 880 |

**(સંદર્ભ : વસ્તી ગણતરી, ભારત - ગુજરાત, 2011)**

ઉપર્યુક્ત કોષ્ટક પરથી જોઈ શકીએ છીએ કે ભારતમાં અને ગુજરાતમાં સામાન્ય સ્ત્રી-પુરુષ જાતિ પ્રમાણમાં મોટો તફાવત (અનુક્રમે 940 અને 918) હોવા છતાં બંને સ્થળે ગ્રામ વિસ્તારોમાં આ પ્રમાણ 947 છે. બીજી બાજુ,

દેશ કરતાં ગુજરાતમાં સ્થળાંતરની પ્રક્રિયા અને તેમાં પણ એકલ પુરુષોના સ્થળાંતરની પ્રક્રિયા અસરકારક હોવાને પરિણામે રાજ્યના ગ્રામ વિસ્તારો (947) અને શહેરી વિસ્તારોમાં (880) મોટો તફાવત નોંધાયો છે.

વિદ્યાર્થીમિત્રો, આપણે ભારત અને ગુજરાતમાં દર 1000 પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ જોયું. ગ્રામીણ–શહેરી આંકડાઓની વિગત મેળવી. હવે 0-6ના વયજૂથના બાળકોમાં જાતિપ્રમાણ જોઈએ તો લગભગ બધાં જ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં તે ચિંતાજનક છે. 2011ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતમાં બાલિકાઓનું પ્રમાણ 914 છે. ગુજરાતમાં આ પ્રમાણ 890 છે. સૌથી વધારે પ્રમાણ મિઝોરમમાં (971) છે જ્યારે સૌથી ઓછું પ્રમાણ પંજાબમાં (846) છે.

ભારતનાં વિવિધ રાજ્યોમાં સ્ત્રી-પુરુષના વધતા અને ઘટતા પ્રમાણ સમાજમાં લિંગપ્રમાણની અસમાનતા ઊભી કરે છે, જેના માટે કુદરતી જૈવકીય બાબતો, સ્થળાંતર અને સ્ત્રીઓ પ્રત્યેનો સામાજિક-સાંસ્કૃતિક દૃષ્ટિકોણ જવાબદાર છે. પ્રત્યેક રાજ્ય આ અસમાનતા દૂર કરવા અનેકવિધ કાર્યક્રમો તથા યોજનાઓ ઘડીને તેનાં અસરકારક અમલ પર ભાર મૂકે છે.

### સ્ત્રી-સશક્તિકરણ માટેના કાર્યક્રમો

ભારતના બંધારણના આમુખ, મૂળભૂત અધિકારો, મૂળભૂત ફરજો અને માર્ગદર્શક સિદ્ધાંતમાં જાતિ સમાનતા (Gender equality)નો ઉલ્લેખ કરેલો છે. દેશનું બંધારણ મહિલાઓને સમાનતા આપે છે એટલું જ નહિ; પરંતુ રાજ્યની મહિલાઓની તરફેણમાં વિધેયાત્મક પગલાં ભરવાની સત્તા આપે છે.

સ્વતંત્રતા બાદ ભારતની વિકાસનીતિમાં પંચવર્ષીય યોજનામાં સ્ત્રી-સશક્તિકરણ માટેના વિવિધ કાર્યક્રમોને સમર્થન મળે છે. પાંચમી પંચવર્ષીય યોજના સમયે (1974-1978) વિશ્વભરમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ (1975), મહિલા દશાબ્દી (1976-1985) એને સમર્થન આપે છે. 1990માં ભારતની સંસદે કાયદાથી મહિલાઓ માટે રાષ્ટ્રીય કમિશનની રચના કરી, 1993માં મહિલાઓ સામેના તમામ પ્રકારની ભેદભાવની નાબૂદીનાં સંમેલનો થયાં અને ત્યારબાદ મહિલાઓની સમસ્યાઓના સંદર્ભમાં સ્વૈચ્છિક સંસ્થાઓએ પણ મહિલા સશક્તિકરણ માટે મહત્ત્વની ભૂમિકા ભજવી.

વિદ્યાર્થીમિત્રો, મહિલા સશક્તિકરણ માટેના કાર્યક્રમો ઘણા વિશાળ ફલક પર જોઈ શકાય, પણ અહીં આપણે મહિલાઓના સશક્તિકરણ માટેની રાષ્ટ્રીયનીતિ-2001ના સંદર્ભમાં મૂલવવાનો પ્રયત્ન કરીશું. ગુજરાત નારી ગૌરવનીતિ ઘડાઈ છે. આ બંને નીતિમાં સ્ત્રી-સશક્તિકરણ માટેનાં ઘણાં પાસાંઓનો સમાવેશ થાય છે. જેનું ધ્યેય મહિલાઓની સત્તા, ઉત્કર્ષ અને વિકાસનું છે. આપણા અભ્યાસક્રમને અનુલક્ષીને આપણે શૈક્ષણિક, આર્થિક, આરોગ્યલક્ષી કાર્યક્રમો તેમજ કલ્યાણકારી યોજનાઓની ચર્ચા કરીશું.

**(1) શૈક્ષણિક કાર્યક્રમો :**

ગાંધીજીએ કહેલું કે ''જો તમે એક છોકરાને શિક્ષણ આપો છો તો તમે એક વ્યક્તિને શિક્ષણ આપો છો; પરંતુ જો તમે એક છોકરીને શિક્ષણ આપો છો તો તમે આખા કુટુંબને શિક્ષણ આપો છો.''

સ્વતંત્ર ભારતમાં બંધારણ દ્વારા સ્ત્રી અને પુરુષ સમાનતાનાં મૂલ્યને સ્થાપિત કરવા સ્ત્રી-શિક્ષણ પર ભાર મુકાયો. સ્ત્રીઓના સંદર્ભમાં સશક્તિકરણની રાષ્ટ્રીય નીતિમાં પણ સ્ત્રી-શિક્ષણની આવશ્યકતાને સ્વીકારવામાં આવી. સ્ત્રી-શિક્ષણને વેગ આપવા ભારત સરકાર તરફથી અનેક કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા. ગુજરાતના સંદર્ભમાં કેટલાક કાર્યક્રમો જોઈએ.

- **કન્યા કેળવણી રથયાત્રા :** જેમાં પ્રાથમિક શિક્ષણમાં કન્યાઓનો પ્રવેશદર વધારવા માટે તેમજ પ્રાથમિક શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવા માટે શાળા પ્રવેશોત્સવ સમગ્ર રાજ્યમાં લોકભાગીદારીથી કરવામાં આવે છે.
- **તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન :** ધોરણ-10 અને ધોરણ-12ની બોર્ડની પરીક્ષામાં મહેનત, ધગશથી બોર્ડમાં ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરી વિશેષ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આવા વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ યોજીને અન્ય વિદ્યાર્થીઓને - ખાસ કરીને કન્યાઓનો શિક્ષણ પ્રત્યે રસ જાગ્રત કરવામાં આવે છે.
- **સર્વ શિક્ષા અભિયાન :** સ્ત્રી-શિક્ષણને વેગ આપવા માટે સર્વ શિક્ષા અભિયાન હેઠળ કન્યા કેળવણી અંગેના જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે છે. પ્રચાર અને પ્રસાર માધ્યમોનો ભરપૂર ઉપયોગ કરવામાં આવે છે.

- **શાળા લોકાર્પણ :** ખાસ કરીને કન્યાઓ શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે અંતરિયાળ ગામોમાં શાળા સ્થાપીને કે શાળામાં સાધન-સગવડો વધારીને તેના લોકાર્પણ કાર્યક્રમ દ્વારા સ્ત્રી-શિક્ષણને વેગ આપવામાં આવે છે.
- **સાઈકલ વિતરણ :** ઉચ્ચ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરવાની ઇચ્છા ધરાવતી કન્યાઓને ગામથી 3 કિમીના અંતરે આવેલી શાળામાં જવા માટે સાઇકલ વિતરણ કાર્યક્રમ દ્વારા કન્યા કેળવણીમાં અવરોધરૂપ બનતી પરિસ્થિતિને દૂર કરવાના પ્રયત્નો થાય છે.
- **અનાજનું વિતરણ:** આદિવાસી વિસ્તારની 1થી 7 ધોરણમાં ભણતી અને 70 % હાજરી નોંધાવતી કન્યાઓને પ્રોત્સાહિત કરવા તેમજ વાલીઓના સ્ત્રી-શિક્ષણ પ્રત્યેના હકારાત્મક વલણને વેગ આપવા વિના મૂલ્યે અનાજ વિતરણના કાર્યક્રમ યોજીને આદિવાસી વિસ્તારમાં શાળાનો ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવામાં આવે છે.

તદુપરાંત શિક્ષણનો અધિકાર (RTE - Right to Education), સપ્તધારા, ગુણોત્સવ વગેરે સંબંધી જાણકારી આપતા કાર્યક્રમો યોજીને તેમાં પણ કન્યા-કેળવણી પર ભાર મૂકવામાં આવે છે.

આમ, શિક્ષણ સંબંધિત કાર્યક્રમોમાં કન્યા-કેળવણી પર ભાર મૂકીને સ્ત્રી-સશક્તિકરણના પ્રયાસો કરવામાં આવે છે.

**(2) આર્થિક કાર્યક્રમો :**

સ્ત્રી-સશક્તિકરણ માટે આર્થિક સ્વાતંત્ર્ય અનિવાર્ય છે. આર્થિક સ્વાવલંબન વ્યક્તિને સામર્થ્યવાન બનાવે છે. સ્ત્રીઓના આર્થિક સ્વાવલંબન માટે પણ રાષ્ટ્રીય નીતિમાં ભાર મૂકાયો છે.

**રાષ્ટ્રીય નીતિમાં આર્થિક કાર્યક્રમો :**

રાષ્ટ્રીય નીતિ હેઠળ નીચે મુજબના કાર્યક્રમો દ્વારા સ્ત્રીઓને જાગ્રત કરીને સામર્થ્યવાન બનાવવાના પ્રયત્નો થાય છે:

- અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતી સ્ત્રીઓને રોજગારીની તકો વિશે માહિતી.
- સમાન વેતન અંગે જાણકારી.
- મહિલાઓને ધિરાણ બચત સંબંધિત જાણકારી.
- આર્થિક કાર્યોની અસમાન વહેંચણીની નાબૂદી.
- નિર્ધારિત સમયના કામના કલાકો વિશે જાણકારી.
- કામનાં સ્થાને સલામતીભર્યા વાતાવરણ માટેની કાયદાકીય જોગવાઈ સંબંધિત જાણકારી.
- સંગઠિત ક્ષેત્રોમાં અર્થોપાર્જન માટે જરૂરી લાયકાતની માહિતીની જાણકારી.

આ પ્રકારના કાર્યક્રમો સ્ત્રીઓ માટે યોજીને સ્ત્રીઓનું આર્થિક સશક્તિકરણ કરવામાં આવે છે.

ગુજરાતમાં પણ અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે.

**તાલીમ વર્ગો :** ઘર-આંગણે શાકભાજી ઉગાડવા, કેનિંગ તેમજ કિચન ગાર્ડનિંગ અંગેના તાલીમ વર્ગો દ્વારા સ્ત્રીઓને ડેમોન્સ્ટ્રેશન દ્વારા તાલીમ આપીને પગભર બનાવવાના પ્રયત્નો થાય છે.

**વ્યવસાયનાં ક્ષેત્રો :** સ્ત્રીઓને સંગઠિત અને અસંગઠિત વિભાગના વ્યવસાયો અને રોજગારી વિશે માહિતી આપતા કાર્યક્રમોમાં સામેલ કરીને કૌશલ્યવર્ધનને વેગ અપાય છે.

**પ્રદર્શન—વેચાણ :** રાષ્ટ્રીય—રાજ્યકક્ષાએ પ્રદર્શન—વેચાણ કાર્યક્રમો દ્વારા સ્વ-રોજગાર, નાના કે કુટિર ઉદ્યોગ સાથે સંકળાયેલ સ્ત્રીઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે. 'હુન્નરથી રોજગાર'નો હેતુ તેમાં કેન્દ્રસ્થાને હોય છે.

**કૃષિરથ મેળા :** કૃષિ સાથે સંકળાયેલ સ્ત્રીઓને સામેલ કરીને કૃષિ સંબંધિત વૈજ્ઞાનિક જાણકારી આપવામાં આવે છે. જેથી ઉત્પાદનની માત્રામાં વધારો કરીને ઓછા શ્રમે તે વધુ રોજગારી મેળવી શકે.

**સ્ત્રી-જૂથ અને રોજગાર કાર્યક્રમ :** સ્ત્રીઓના આર્થિક સ્વાવલંબનને વેગ આપવા માટે સખી-મંડળોને, સ્ત્રી-જૂથોને સરકારની વિવિધ જાણકારી આપવા માટે અનેક કાર્યક્રમો યોજવામાં આવે છે. જેમાં ખાસ કરીને બજાર વ્યવસ્થા, ધિરાણની યોજનાઓ, બચત યોજનાઓ વગેરે વિશે જાણકારી આપવામાં આવે છે.

આમ, આર્થિક ક્ષેત્રે અનેક કાર્યક્રમો યોજીને સ્ત્રી-સશક્તિકરણ કરવાના પ્રયત્નો થાય છે.

**(3) આરોગ્યલક્ષી કાર્યક્રમો :**

ભારત સરકારની સ્ત્રી-સશક્તિકરણની રાષ્ટ્રીય નીતિમાં સ્ત્રીઓના આરોગ્ય પ્રત્યે ભાર મૂકવામાં આવ્યો છે.

ભારત સરકારના આરોગ્ય વિભાગ તેમજ મહિલા અને બાળ-કલ્યાણ વિભાગ સ્ત્રીના આરોગ્ય સંબંધિત કાર્યક્રમો યોજીને સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી આપવા નીચે મુજબના પ્રયત્નો કરે છે.

**સામાજિક બદીઓ અને સ્ત્રી-સ્વાસ્થ્ય :** સમાજના કુરિવાજોથી સ્ત્રીના કથળતા આરોગ્ય અંગે જાણકારી આપતા કાર્યક્રમો યોજવામાં આવે છે. દા.ત., બાળલગ્નથી આરોગ્યને જોખમ, ગેરકાયદેસર જાતિ પરીક્ષણથી શરીરને થતું નુકસાન.

**માતૃ-કલ્યાણ કાર્યક્રમો :** સ્ત્રીઓને ગર્ભાધાન, સ્તનપાન તેમજ બાળઉછેર સંબંધિત વૈજ્ઞાનિક જાણકારી આપીને સ્ત્રીઓનાં આરોગ્યનું જતન કરવામાં આવે છે.

**કુટુંબ કલ્યાણ કાર્યક્રમો :** કુટુંબના મર્યાદિત કદ સહિત માતા અને બાળકનાં કલ્યાણ સંબંધિત કાર્યક્રમ વિશે જાણકારી આપતા કાર્યક્રમો યોજીને સ્ત્રીઓને કુટુંબ નિયોજનની પદ્ધતિઓની વૈજ્ઞાનિક ઢબે માહિતી અપાય છે. તદુપરાંત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ઉપયોગિતા તેમજ પરંપરાગત પ્રસૂતિ પદ્ધતિના ગેરલાભ વગેરેની સમજણ આપતા કાર્યક્રમો કરવામાં આવે છે.

**પોષણક્ષમ આહારને લગતા કાર્યક્રમો :** સ્ત્રીઓના કુપોષણની માત્રાને ઘટાડવા માટે Nutrition Week દ્વારા પોષણક્ષમ આહારની જાણકારી આપતા કાર્યક્રમો ઘડવામાં આવે છે. ખાસ કરીને રોગપ્રતિકારક શક્તિવર્ધક આહાર વિશે જાગૃતિ લાવવાના પ્રયત્નો થાય છે.

ગુજરાતમાં પણ ઉપર્યુક્ત કાર્યક્રમો ઉપરાંત સ્ત્રીના આરોગ્યલક્ષી કાર્યક્રમો થાય છે. જેમ કે **બેટી બચાવો, બેટી વધાવો અભિયાન :** સમાજના જાતિ પ્રમાણમાં ઊભી થયેલી અસમતુલાને દૂર કરવા, કન્યા જન્મને સ્વીકારીને સ્ત્રીઓનાં આરોગ્યને જાળવવા આ અભિયાન હેઠળ રેલી, નાટકો, શિબિરો, સેમિનાર, કૉન્ફરન્સ, પરિસંવાદ, ચર્ચા જેવા કાર્યક્રમો યોજવામાં આવે છે.

**જાગૃતિ કાર્યક્રમો :** સ્ત્રી-સ્વાસ્થ્ય સંબંધિત સંકુચિત માનસમાં પરિવર્તન લાવવા જાગૃતિ કાર્યક્રમો કરવામાં આવે છે. ખાસ કરીને ગ્રામીણ તથા આદિવાસી વિસ્તારોમાં સ્ત્રીઓનાં આરોગ્યને લગતા સંકુચિત લોકમાનસમાં બદલાવ લાવવા આરોગ્ય કેન્દ્રની સુવિધા વધારી, સ્વાસ્થ્ય અધિકારીઓ દ્વારા જનજાગૃતિ કાર્યક્રમો કરવામાં આવે છે.

આમ, આરોગ્ય સંબંધિત કાર્યક્રમો દ્વારા સ્ત્રીઓનું સ્વાસ્થ્ય ક્ષેત્રે સશક્તિકરણ કરવામાં આવે છે.

આમ, સ્ત્રી-સશક્તિકરણ માટે શૈક્ષણિક, આર્થિક તેમજ આરોગ્યલક્ષી કાર્યક્રમો ઘડવામાં આવે છે અને તેના અમલીકરણ દ્વારા સ્ત્રી-સશક્તિકરણ કરવાના પ્રયત્નો થાય છે. જેમાં સરકારી, બિનસરકારી તેમજ સ્વાયત્ત સંસ્થાઓ પણ ફાળો આપે છે.

**(4) કલ્યાણકારી યોજનાઓ :**

ભારતના બંધારણમાં 'સર્વના કલ્યાણ'ની બાબત અભિપ્રેત છે. રાષ્ટ્ર તેમજ રાજ્યની નીતિઓમાં નાગરિકોના કલ્યાણ સંબંધિત યોજનાઓની જોગવાઈ પર ભાર મૂકાયો છે.

### ગુજરાતમાં સ્ત્રીઓ માટેની કેટલીક મહત્ત્વની યોજનાઓ

ગુજરાતમાં સ્ત્રી-સશક્તિકરણ માટે ઘડાયેલી કલ્યાણકારી યોજનાઓ તરફ દૃષ્ટિપાત કરીએ.

**(1) શૈક્ષણિક ક્ષેત્રે :**

ગુજરાતમાં 2011ની વસ્તી ગણતરી મુજબ કુલ સાક્ષરતા દર 78.03 % જેટલો છે. જેમાં પુરુષ-સાક્ષરતા દર 85.75 % અને સ્ત્રી-સાક્ષરતા દર 69.68 % છે. ગુજરાતમાં ગ્રામીણ સાક્ષરતા દર 61.4 % અને શહેરી સાક્ષરતા દર 81.0 % જેટલો નોંધાયો છે. સ્ત્રી-સાક્ષરતામાં સુધાર કરવા માટે અનેકવિધ યોજનાઓ ઘડીને તેના અમલીકરણ માટે સઘન પ્રયત્નો થાય છે. આવી કેટલીક યોજનાઓની યાદી નીચે મુજબ છે.

- વિદ્યાલક્ષ્મી બોન્ડ
- કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલય

* આદિજાતિ કન્યાના વાલીઓને અનાજ સહાય
* કન્યા સૈનિક શાળાની વિદ્યાર્થિનીઓને શિષ્યવૃત્તિ, યુનિફૉર્મ અને તાલીમની જોગવાઈ
* કન્યાઓને વિનામૂલ્યે શિક્ષણ
* કન્યાઓ માટે હૉસ્ટેલ
* સાઇકલ સહાય
* સરકારી પોલિટેકનિકમાં અભ્યાસ કરતી કે સરકારી ઈજનેરી કૉલેજમાં અભ્યાસ કરતી કન્યાઓ માટે હૉસ્ટેલની સુવિધાની જોગવાઈ



**શૈક્ષણિક યોજનાઓ**

* આદિજાતિ વિસ્તારોમાં સરકારી પોલિટેકનિક કે ઈજનેરી કૉલેજમાં અભ્યાસ કરતી કન્યાઓને હૉસ્ટેલની સુવિધા
* વિદ્યાસાધના યોજના
* એસ.એસ.સી. પછીના અભ્યાસક્રમ માટે અનુસૂચિત જનજાતિની મહિલાઓને શિષ્યવૃત્તિ

**(2) આર્થિક ક્ષેત્રે :**

2011ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતમાં કામકાજની ભાગીદારીનો કુલ દર 40.98 % છે. જેમાં પુરુષનો ભાગીદારી દર 57.16 % અને સ્ત્રીનો ભાગીદારી દર 23.38 % છે.

ગુજરાતમાં સંગઠિત ક્ષેત્રમાં કામ કરનારી સ્ત્રીઓમાંથી જાહેર સંગઠિત ક્ષેત્રમાં 57.47 % સ્ત્રીઓ તથા ખાનગી સંગઠિત ક્ષેત્રમાં 42.53 % સ્ત્રીઓ કામ કરે છે.

સ્ત્રીઓની કામકાજમાં ભાગીદારી વધારવા માટે નીચે મુજબની અનેક યોજનાઓ ઘડવામાં આવી છે :

* સ્ત્રીઓ માટે તાલીમ યોજના
* સ્ત્રીઓ માટે ખાસ રોજગાર કચેરીઓની સ્થાપના
* મિશન મંગલમ્ યોજના
* આજીવિકા કેન્દ્રો–ગ્રામીણ વિસ્તારોમાં સ્વ-સહાય જૂથોના ફેડરેશનની યોજના
* માતા યશોદા ગૌરવનિધિ
* ઘર–દીવડા યોજના
* વર્કિંગ વીમેન હૉસ્ટેલ સુવિધા યોજના
* મહિલા સંચાલિત ગ્રામ્ય દૂધ ઉત્પાદક મંડળીઓ તેમજ મહિલા પશુપાલકો માટેની પ્રોત્સાહક સહાય યોજનાઓ વગેરે યોજનાઓનું અમલીકરણ કરીને સ્ત્રીઓનું આર્થિક સશક્તિકરણ કરવામાં આવે છે.

**(3) આરોગ્ય ક્ષેત્રે :**

કોઈ પણ રાષ્ટ્ર કે રાજ્યમાં ગુણવત્તાયુક્ત વસ્તી પર ભાર મૂકવામાં આવે છે. જન્મ-મૃત્યુદરની સપ્રમાણતા, આરોગ્ય અને પોષણક્ષમ આહાર, જાતિગત સપ્રમાણતા વગેરે બાબતોને લક્ષમાં રાખીને યોજનાઓ ઘડવામાં આવે છે. ગુજરાતમાં આરોગ્યની સુખાકારી માટે અનેક યોજનાઓ ઘડવામાં આવી છે : જેમ કે,

* ચિરંજીવી યોજના
* ઈ-મમતા
* બેટી વધાવો યોજના
* કસ્તૂરબા પોષણ સહાય યોજના
* જનની સુરક્ષા યોજના
* દીકરી યોજના

- આશા વર્કર માટે પ્રોત્સાહન યોજના
- નર્સિંગ શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને સ્ટાઈપેન્ડ
- માતા અને બાળહૉસ્પિટલ માટે સહાય
- કિશોરી શક્તિ યોજના
- રાજીવ ગાંધી બાલિકા સમૃદ્ધિ યોજના - સબલા
- ઈંદિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના

વગેરે યોજનાઓ દ્વારા સ્ત્રીઓનાં આરોગ્યને સુધારવાના પ્રયત્નો થાય છે.

**(4) સામાજિક ક્ષેત્રે :**

નબળા વર્ગની સ્ત્રીઓના ઉત્કર્ષ માટે ગુજરાતમાં સામાજિક કલ્યાણના હેતુથી નીચેની વિવિધ યોજનાઓ ઘડાઈ છે :

- ભગવાન બુદ્ધ રાજ્ય શિષ્યવૃત્તિ
- ડૉ. આંબેડકર સરકારી છાત્રાલયો
- ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતીય લગ્નોને પ્રોત્સાહન માટે સહાય
- કુંવરબાઈનું મામેરું/મંગળસૂત્ર યોજના
- માઈ રમાબાઈ આંબેડકર સાત ફેરા સમૂહલગ્ન યોજના
- મહિલાઓ માટે સીવણ વર્ગોની તાલીમ તથા આર્થિક સહાય
- સરસ્વતી સાધના યોજના
- વિકલાંગ વિધવા મકાન સહાય યોજના
- વિધવા પેન્શન યોજના
- વિધવાઓના આર્થિક પુનર્વસન માટે તાલીમ અને સાધન સહાય યોજના
- બળાત્કારનો ભોગ બનેલ મહિલાને આર્થિક વળતર યોજના
- વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજના
- અભયમ્-181 મહિલા હેલ્પલાઈન યોજના
- સરકારી મહિલા આશ્રયગૃહોની સુધારણા
- માનસિક રીતે અસ્થિર અથવા HIV/AIDS ગ્રસ્ત મહિલાઓ માટે આશ્રયગૃહોની યોજના
- મુખ્યમંત્રી મહિલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના
- સુરક્ષા સેતુ યોજના
- સમરસ મહિલા ગ્રામપંચાયતને સહાય યોજના

આ યોજનાઓ દ્વારા સમાજમાં વંચિત કે નબળા વર્ગની સ્ત્રીઓને સહાય કરીને તેનું સશક્તિકરણ કરવામાં આવે છે.

**(5) રમતગમત ક્ષેત્રે :**

સ્ત્રીઓના શારીરિક, માનસિક વિકાસ માટે સ્ત્રી-ખેલાડીઓને પ્રોત્સાહન આપવા ગુજરાતમાં અનેક યોજનાઓ ઘડવામાં આવી છે. જે નીચે મુજબ છે :

- મહિલા આત્મરક્ષણ માટેની યોજના - 'પડકાર'
- મહિલા ખેલાડીઓને શિષ્યવૃત્તિ
- અનુસૂચિત જાતિની મહિલા ખેલાડીને પુરસ્કાર યોજના

આ પ્રોત્સાહક યોજનાઓ દ્વારા સ્વ-સુરક્ષાના હેતુથી સ્ત્રીઓની રમતગમત ક્ષેત્રે ભાગીદારી વધારવામાં આવે છે.

સરકારની આવી પ્રોત્સાહક યોજનાઓ અને કાર્યક્રમો દ્વારા સ્ત્રી-સશક્તિકરણ કરવામાં આવે છે. જેમાં સરકારી ઉપરાંત બિનસરકારી તેમજ સ્વાયત્ત સંસ્થાઓ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**સ્ત્રીઓ અને કાયદાઓ**

વિદ્યાર્થીમિત્રો, આપણે સ્ત્રી-સશક્તિકરણ માટેના કાર્યક્રમો તેમજ કલ્યાણકારી યોજનાઓ જોઈ. હવે આપણે સ્ત્રીઓની સ્થિતિ સુધારવા માટે ઘડવામાં આવેલા સ્ત્રીલક્ષી કાયદાઓની જાણકારી ત્રણ વિભાગમાં વર્ગીકૃત કરીને સમજીએ.

**(1) સ્ત્રીઓના બંધારણીય અધિકારો :**

બંધારણીય કાયદો એ કોઈ પણ દેશનો મૂળભૂત કાયદો કહેવાય. ભારતમાં સામાજિક પરિવર્તન લાવવા માટે, સ્ત્રીઓના દરજ્જામાં સુધાર કરવા કાયદાકીય જોગવાઈ કરીને સ્ત્રીને પુરુષ સમાન દરજ્જો અને તકની સમાનતા આપવામાં આવી છે. બંધારણની કલમો દ્વારા સ્ત્રીઓને માટે વિશેષ જોગવાઈ કરવામાં આવી છે, એટલે કે સ્ત્રીઓને બંધારણીય અધિકારો આપવામાં આવ્યા છે. જેમાં જીવન જીવવાનો, પુખ્તવયે લગ્ન કરવાનો, સ્વ-પસંદગીથી લગ્ન કરવાનો, છૂટાછેડા મેળવવાનો, પુનર્લગ્ન કરવાનો, પતિ કે પિતાની મિલકતમાંથી વારસો કે હિસ્સો મેળવવાનો, ત્યક્તા સ્ત્રી તરીકે પતિ પાસેથી ભરણપોષણ મેળવવાનો, અત્યાચારથી બચવા પતિથી અલગ રહેવાનો, સ્વ-કમાણી અને સ્ત્રી-ધન પર સંપૂર્ણ હક મેળવવાનો, નબળા વર્ગની સ્ત્રીઓને મફત કાનૂની સહાય મેળવવાનો, શોષણાત્મક પ્રથાઓ સામે રક્ષણ મેળવવાનો, શિક્ષણ, વ્યવસાય અને રાજકારણમાં અનામત બેઠકો દ્વારા વિશેષ હકો મેળવવાનો વગેરેનો સમાવેશ થાય છે.

**(2) સ્ત્રીઓને રક્ષણ પૂરું પાડતા કાયદા :**

સ્ત્રીઓના જૈવકીય, સામાજિક-સાંસ્કૃતિક, આર્થિક ક્ષેત્રના સશક્તિકરણ માટે રક્ષણાત્મક કાનૂનો પણ ઘડવામાં આવ્યા છે. આપણે તેમાંથી કેટલાક કાનૂનોની જોગવાઈઓનો ટૂંકમાં પરિચય મેળવીએ.

| કાનૂન | વર્ષ | કાનૂનનો હેતુ |
|---|---|---|
| અનૈતિક વેપાર અટકાયત કાનૂન | 1956 | જાતીય શોષણ સામે રક્ષણ |
| દહેજ પ્રતિબંધક કાનૂન | 1961 | દહેજનાં દૂષણની નાબૂદી |
| ગર્ભપાતને લગતો કાનૂન | 1971 | સ્ત્રીઓનાં જીવન અને ગૌરવની સુરક્ષા |
| બીભત્સ પ્રદર્શન પર પ્રતિબંધ મૂકતો કાનૂન | 1986 | સ્ત્રીને અપમાનજનક કે હલકી રીતે નિરૂપવા સામે રક્ષણ |
| સતી પ્રતિબંધક કાનૂન (આ કાનૂન સૌપ્રથમ 1829માં ઘડાયેલો. ત્યાર પછી તેને સંપૂર્ણ નાબૂદ કરી, નવેસરથી 1987માં ઘડવામાં આવ્યો.) | 1987 | વિધવા સ્ત્રીને જીવન જીવવાની સુરક્ષા |
| કૌટુંબિક હિંસા નિવારણ કાનૂન | 2005 | સ્ત્રીને ઘરેલુ હિંસા સામે રક્ષણ |
| કામના સ્થળે સ્ત્રીઓની જાતીય સતામણી અટકાયત કાનૂન | 2013 | કામના સ્થળે સ્ત્રીઓની જાતીય સતામણી સામે સુરક્ષાની જોગવાઈ |

ઉપર્યુક્ત કોષ્ટકમાં દર્શાવેલ કાનૂનો ઉપરાંત પણ અન્ય રક્ષણાત્મક કાનૂનો છે, જે સ્ત્રીઓના દરજ્જાને નુકસાન કરતી ઘટનાઓ સામે રક્ષણ પૂરું પાડીને સ્ત્રી-સશક્તિકરણને વેગ આપે છે.

**(3) સ્ત્રી–કલ્યાણલક્ષી કાયદા :**

ભારત એ કલ્યાણ રાજ્ય છે, આ આદર્શને ધ્યાનમાં રાખીને સ્ત્રી-કલ્યાણલક્ષી કાયદાઓ ઘડવામાં આવ્યા. આપણે તેમાંથી કેટલાક કાનૂનોની જોગવાઈની જાણકારી મેળવીએ.

| કાનૂન | વર્ષ | કાનૂનનો હેતુ |
|---|---|---|
| ફૅક્ટરી ઍક્ટ | 1948 | સ્ત્રીઓના કામના કલાકો સુનિશ્ચિત કરવા, ઘોડિયા ઘરની વ્યવસ્થા કરવી |
| કામદાર રાજ્ય વીમા કાનૂન | 1948 | કામદાર સ્ત્રીને પ્રસૂતિના તેમજ વીમાના લાભ આપવા |
| બીડી અને સિગાર કામદાર કાનૂન | 1966 | સ્ત્રીઓની રાત્રિ રોજગારી કે નોકરી પર પ્રતિબંધની જોગવાઈ |
| સમાન વેતન ધારો | 1976 | પુરુષ સમકક્ષ વેતન આપવું |
| કૌટુંબિક અદાલત કાનૂન | 1984 | સ્ત્રીને ઝડપી ન્યાય, બાળ-કલ્યાણ માટે અદાલતની રચના |
| કાનૂની સેવા સહાયને લગતો કાનૂન | 1987 | નબળા વર્ગનાં સ્ત્રી-પુરુષને મફત કાનૂની સહાય આપવી |
| મહિલા રાષ્ટ્રીયપંચ કાનૂન | 1990 | સ્ત્રી-લક્ષી કાયદાનું અસરકારક અમલીકરણ થાય |

ઉપર્યુક્ત તેમજ તદુપરાંતના સ્ત્રી–કલ્યાણલક્ષી કાયદાઓ દ્વારા સ્ત્રી-સશક્તિકરણને ગતિ આપવામાં આવે છે.

વિદ્યાર્થીમિત્રો, સ્ત્રી-સશક્તિકરણ વિશે આપણે આ એકમમાં માહિતી મેળવી. સશક્તિકરણને લીધે સ્ત્રીઓના દરજ્જામાં પરિવર્તન આવતું જોઈ શકાય છે. સમાજશાસ્ત્રમાં સામાજિક અને સાંસ્કૃતિક પ્રક્રિયાઓ મહત્ત્વની છે. જેની માહિતી હવે પછીના એકમમાં જોઈશું.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો :**

(1) સ્ત્રી-સશક્તિકરણની વ્યાખ્યા આપી, તેનું મહત્ત્વ સમજાવો.

(2) સ્ત્રી-સશક્તિકરણ માટેના મુખ્ય કાર્યક્રમો આપો.

(3) ગુજરાતમાં સ્ત્રીઓ માટેની શૈક્ષણિક અને આર્થિક ક્ષેત્રની યોજનાઓ જણાવો.

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :**

(1) સ્ત્રી-સશક્તિકરણની વિભાવના સમજાવો.

(2) સ્ત્રી-સશક્તિકરણનાં લક્ષણો જણાવો.

(3) ગુજરાતમાં સ્ત્રીઓ માટેની આરોગ્યલક્ષી યોજનાઓ જણાવો.

(4) સ્ત્રીઓને રક્ષણ પૂરું પાડતા મુખ્ય કાનૂનોની નોંધ લખો.

(5) સ્ત્રીઓના બંધારણીય અધિકારો જણાવો.

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો :**

(1) ભારત અને ગુજરાતમાં 2011ની વસ્તી ગણતરી પ્રમાણે ગ્રામીણ અને શહેરી લિંગપ્રમાણ જણાવો.

(2) સ્ત્રી-કલ્યાણલક્ષી કાનૂનના કોઈ પાંચ નામ આપો.

(3) સ્ત્રી-સશક્તિકરણની વ્યાખ્યા આપો.

**4. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો :**

(1) 'સશક્તિકરણ' શબ્દનો ઉદ્‌ભવ ક્યારે થયો ?

(2) લિંગપ્રમાણ એટલે શું ?

(3) SEWAનું પૂરું નામ જણાવો.

(4) ભારતમાં સ્ત્રી-સશક્તિકરણ માટેની નીતિ ક્યારે ઘડાઈ ?

(5) સ્ત્રીલક્ષી કાયદાઓને મુખ્યત્વે કયાં ત્રણ વિભાગોમાં વર્ગીકૃત કરી શકાય.

(6) ફૅક્ટરી ઍક્ટ ક્યારે ઘડાયો ?

**5. નીચેના પ્રત્યેક પ્રશ્નમાં આપેલા વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર આપો :**

(1) 1901માં ભારતમાં જાતિપ્રમાણ કેટલું હતું ? ☐

(અ) 954 (બ) 946 (ક) 972 (ડ) 952

(2) સાઈકલ સહાય યોજનાનો લાભ કોને આપવામાં આવે છે ? ☐

(અ) છોકરીઓને (બ) છોકરાઓને (ક) બંનેને (ડ) વૃદ્ધોને

(3) 2011ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતમાં સૌથી વધારે બાલિકાઓનું પ્રમાણ કયા રાજ્યમાં છે ? ☐

(અ) રાજસ્થાન (બ) મિઝોરમ (ક) તમિલનાડુ (ડ) ઉત્તરપ્રદેશ

(4) 2011ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતમાં સૌથી ઓછું બાલિકાઓનું પ્રમાણ કયા રાજ્યમાં છે ? ☐

(અ) મધ્યપ્રદેશ (બ) બિહાર (ક) છત્તીસગઢ (ડ) પંજાબ

(5) ચિરંજીવી યોજના કયા પ્રકારની યોજના છે ? ☐

(અ) શિક્ષણ (બ) આર્થિક

(ક) આરોગ્ય અને પરિવાર કલ્યાણ (ડ) સામાજિક ન્યાય અને અધિકારિતા

(6) કુંવરબાઈનું મામેરું યોજના કયા વિભાગમાં સમાવિષ્ટ છે ? ☐

(અ) સામાજિક ન્યાય અને અધિકારિતા (બ) આર્થિક

(ક) શિક્ષણ (ડ) આરોગ્ય અને પરિવાર કલ્યાણ

(7) ગર્ભપાતનો કાનૂન ક્યારે ઘડાયો ? ☐

(અ) 1961 (બ) 1955 (ક) 1956 (ડ) 1971

(8) મહિલા રાષ્ટ્રીય પંચ કાનૂન ક્યારે ઘડાયો ? ☐

(અ) 1990 (બ) 1954 (ક) 1955 (ડ) 1971

(9) કાર્યસ્થળે સ્ત્રીઓની જાતીય સતામણી અટકાયત કાનૂન ક્યારે ઘડાયો ? ☐

(અ) 2005 (બ) 2013 (ક) 1971 (ડ) 1956

**પ્રવૃત્તિ**

- સ્ત્રીઓના સશક્તિકરણ માટેની સરકારની વિવિધ યોજનાઓ વિશેની જાણકારી મેળવો.
- તમારા રહેઠાણ વિસ્તારમાં સ્ત્રી-સશક્તિકરણ વિશે જાગૃતિ કાર્યક્રમ યોજો.
- ભારતની અગ્રગણ્ય મહિલાઓનો ચાર્ટ તૈયાર કરી, તે વિશે ટૂંકી નોંધ લખો.

●

# 5 પરિવર્તનની સામાજિક–સાંસ્કૃતિક પ્રક્રિયાઓ

**પ્રસ્તાવના**

વિદ્યાર્થીમિત્રો, આગળના એકમમાં તમે સ્ત્રી–સશક્તિકરણનો અર્થ અને મહત્ત્વ, સ્ત્રી–સશક્તિકરણના કાર્યક્રમો અને કાયદાની સમજૂતી મેળવી. હવે આ એકમમાં આપણે પરિવર્તનની સામાજિક, સાંસ્કૃતિક પ્રક્રિયાઓ વિશે સમજૂતી મેળવીશું.

પરિવર્તન એક પ્રક્રિયા છે. પરિવર્તન એટલે ફેરફાર. જે હોય તેનાથી કંઈક જુદું થવું એટલે પરિવર્તન. જ્યારે નોંધપાત્ર ફેરફાર દેખાય ત્યારે પરિવર્તન આવ્યું હોવાનું જણાય છે. પરિવર્તન કુદરતનો નિયમ છે. કુદરતની જેમ સમાજમાં સતત પરિવર્તન જોવા મળે છે. સાતત્ય અને પરિવર્તન એ દરેક સમાજનું લક્ષણ છે. સામાજિક, સાંસ્કૃતિક પરિવર્તન એ અવિરત ચાલતી ઘટના છે. પરિવર્તનની સામાજિક, સાંસ્કૃતિક પ્રક્રિયાઓ જોવામાં સમાજશાસ્ત્રને રસ છે. કારણ કે સામાજિક, સાંસ્કૃતિક પ્રક્રિયાઓ સમાજવ્યવસ્થામાં મહત્ત્વપૂર્ણ પરિણામો નિપજાવે છે એટલું જ નહિ, તે સમાજજીવનની મહત્ત્વની બાબત હોવાથી તેની સમજૂતી મેળવવી જોઈએ.

પહેલાં લોકો જમીન પર પલાંઠીવાળી હાથ વડે જમતા તેના બદલે હવે ડાઈનિંગ ટેબલ પર ચમચી અને છરી–કાંટા વડે જમે છે તેમજ વસંતપંચમીને બદલે વેલેન્ટાઈન ડે ઉજવણીનું પ્રચલન વધ્યું છે. આ ઉદાહરણો પરિવર્તનની કઈ સાંસ્કૃતિક પ્રક્રિયાનું પરિણામ છે તે તમારે જાણવું છે ? અથવા સમાજશાસ્ત્રમાં ઉપર્યુક્ત પરિવર્તન દર્શાવવા માટે કયા ખ્યાલોનો ઉપયોગ કરવામાં આવે છે તે તમારે જાણવું છે ને ?

મિત્રો, તમે પશ્ચિમીકરણ, સંસ્કૃતિકરણ, વૈશ્વિકીકરણ, ઉદારીકરણ શબ્દોથી પરિચિત હશો; પરંતુ આ શબ્દો સમાજશાસ્ત્રમાં કઈ રીતે ઉપયોગી છે ? આ શબ્દો પરિવર્તનના સ્ત્રોત તરીકે તેમજ સામાજિક–સાંસ્કૃતિક પ્રક્રિયાના ખ્યાલ તરીકે કેવી સમજૂતી આપે છે તેની સ્પષ્ટતા કરવી જરૂરી છે. કારણ કે આવી સામાજિક, સાંસ્કૃતિક પ્રક્રિયાઓ સમાજજીવનમાં, સામાજિક સંબંધો ઉપર તેમજ લાગણીઓની અભિવ્યક્તિમાં અગત્યની અસરો નિપજાવતી હોવાથી તેનો અભ્યાસ જરૂરી છે. તેના ભાગરૂપે અહીંયા આપણે સૌપ્રથમ સામાજિક–સાંસ્કૃતિક પરિવર્તનનો અર્થ તેમજ પરિવર્તનના સ્ત્રોત એવી સંસ્કૃતિકરણ, વૈશ્વિકીકરણ, પશ્ચિમીકરણ અને ઉદારીકરણ જેવી સામાજિક–સાંસ્કૃતિક પ્રક્રિયાઓની જાણકારી મેળવીશું.

**સામાજિક પરિવર્તનનો અર્થ :** સામાજિક પરિવર્તન એ અવિરત ચાલતી ઘટના છે. તે સાર્વત્રિક છે. સમાજના રચનાતંત્રમાં સતત ફેરફાર થાય છે. તેનાં પરિણામે સંસ્થાઓમાં પરિવર્તન જોવા મળે છે. જ્યારે સામાજિક સંગઠનોનાં સ્વરૂપમાં નોંધપાત્ર ફેરફાર થાય ત્યારે તેને સામાજિક પરિવર્તન કહેવાય છે. ઉદાહરણરૂપે જ્ઞાતિસંસ્થામાં આવેલું પરિવર્તન.

**સામાજિક પરિવર્તનની વ્યાખ્યા :**

**કિંગ્સ્લે ડેવિસ** – 'સામાજિક રચનાતંત્ર અને કાર્યોમાં આવતું પરિવર્તન એટલે સામાજિક પરિવર્તન.' દા.ત., : સંયુક્ત કુટુંબના સ્થાને વિભક્ત કુટુંબનું પ્રચલન એ રચનાતંત્રમાં પરિવર્તન સૂચવે છે તેમજ કુટુંબનું મનોરંજનનું કાર્ય, સિનેમા, ટીવીએ લઈ લીધું જે કાર્યમાં પરિવર્તન સૂચવે છે.

**સામાજિક પરિવર્તના લક્ષણો :**

**(1)** સામાજિક પરિવર્તન પ્રક્રિયા છે.

**(2)** સામાજિક પરિવર્તન સાર્વત્રિક પ્રક્રિયા છે.

**(3)** સામાજિક પરિવર્તન સામાજિક રચનાતંત્રમાં ફેરફાર સૂચવે છે.

**(4)** સામાજિક પરિવર્તન સામાજિક કાર્યોમાં ફેરફાર સૂચવે છે.

**(5)** સામાજિક પરિવર્તન સ્વયંજનિત તેમજ આયોજિત પ્રક્રિયા સ્વરૂપે જોવા મળે છે.

**સાંસ્કૃતિક પરિવર્તન**

ભારતીય સમાજમાં સામાજિક પરિવર્તનને સમજવા માટે સાંસ્કૃતિક પરિવર્તનનો ખ્યાલ ખૂબ મહત્ત્વ ધરાવે છે. વિવિધ પરિબળોની અસરને કારણે આધુનિક સમયમાં પરંપરાગત ભારતીય સમાજમાં અનેકવિધ સાંસ્કૃતિક પરિવર્તનો આવ્યાં છે.

**સાંસ્કૃતિક પરિવર્તનનો અર્થ અને વ્યાખ્યા :**

સાંસ્કૃતિક પરિવર્તન એક વિશાળ અર્થ ધરાવતી વિભાવના છે. તેમાં સંસ્કૃતિમાં સમાવિષ્ટ તમામ બાબતો જેવી કે કલા, વિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, ભાષા, સાહિત્ય વગેરે તેમજ સામાજિક સંગઠનતંત્રનાં સ્વરૂપો, રચના અને કાર્યોમાં આવતા પરિવર્તનનો સમાવેશ થાય છે.

સંસ્કૃતિનો ખ્યાલ વિશાળ છે. સંસ્કૃતિના ભૌતિક અને અભૌતિક પાસામાં આવતું પરિવર્તન સાંસ્કૃતિક પરિવર્તન છે. સંસ્કૃતિના ભૌતિક પાસામાં ફર્નિચર, યંત્રો, મકાન વગેરેનો સમાવેશ થાય છે. ઉદાહરણ તરીકે કાચા મકાનના બદલે પાકું આધુનિક મકાન, સંપર્ક માટે ટેલિફોનને બદલે સેલફોનનો ઉપયોગ વગેરે સંસ્કૃતિના ભૌતિક પાસામાં આવેલું પરિવર્તન છે. તે જ રીતે સંસ્કૃતિના અભૌતિક પાસામાં ચિત્રકલા, નૃત્યકલા, જ્ઞાન, ભાષા વગેરેનો સમાવેશ થાય છે. ઉદાહરણ તરીકે આધુનિક ચિત્રકલા અને લખવા–બોલવામાં અંગ્રેજીનો ઉપયોગ એ સંસ્કૃતિના અભૌતિક પાસામાં આવતું પરિવર્તન ગણાય.

સાંસ્કૃતિક પરિવર્તનમાં નવી અને જૂની સંસ્કૃતિનાં તત્ત્વોનું મિશ્રણ થાય છે. જે મોટે ભાગે નવશોધ અને પ્રસરણ દ્વારા થતું હોય છે. જ્યારે એક સંસ્કૃતિનાં તત્ત્વો બીજી સંસ્કૃતિ કે સામાજિક માળખામાં ઉમેરતાં તે સમાજ માટે નવી સંસ્કૃતિ બની જાય છે. ઉદાહરણરૂપે ભારતે બંધારણમાં લોકશાહીનું ધ્યેય સ્વીકારતાં રાજાશાહીને બદલે દેશમાં લોકશાહી સંસ્કૃતિ પ્રસરી અને મજબૂત બની છે.

કલા, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન વગેરે સંસ્કૃતિનાં તત્ત્વોમાં આવતું પરિવર્તન એટલે સાંસ્કૃતિક પરિવર્તન. આમાં સામાજિક સંગઠનના સ્વરૂપ, નિયમોમાં થતા પરિવર્તનનો પણ સમાવેશ થાય છે. આ રીતે સાંસ્કૃતિક પરિવર્તન સામાજિક પરિવર્તન કરતાં વિશાળ ખ્યાલ છે. એટલે કે બધાં જ સામાજિક પરિવર્તનો સાંસ્કૃતિક પરિવર્તનો કહી શકાય. દા.ત., મૂલ્યોમાં આવેલું પરિવર્તન.

**મેકાઈવર અને પેજ :** ''સાંસ્કૃતિક પરિવર્તનમાં ધર્મ, સાહિત્ય, કળા વગેરેમાં થતાં પરિવર્તનોનો સમાવેશ થાય છે. સામાજિક પરિવર્તન સાંસ્કૃતિક પરિવર્તનથી વધારે ગતિશીલ હોય છે. કારણ કે સામાજિક સંબંધોમાં જેટલી ઝડપે પરિવર્તન આવે છે, તેટલી ઝડપથી કલા, વિજ્ઞાન, સાહિત્ય, પરંપરા, ધર્મ, તત્ત્વજ્ઞાન વગેરેમાં આવતું નથી.'' દા.ત., માતાપિતા અને સંતાન વચ્ચેના સંબંધોમાં આવેલું પરિવર્તન.

સામાજિક અને સાંસ્કૃતિક પરિવર્તન પરસ્પર અસર પહોંચાડે છે. બંનેની સમાજ પર અસર પડે છે. દા.ત., જૂથ જીવન અને સંબંધોમાં પરિવર્તન આવે તો સંસ્કૃતિનાં તત્ત્વો, મૂલ્યો, માન્યતાઓને અસર પહોંચાડે છે. એવી જ રીતે સાંસ્કૃતિક વાતાવરણ બદલાતાં સમાજજીવન બદલાય છે. આમ, એકબીજા પર અસર કરે છે. દા.ત., સાંસ્કૃતિક પરિવર્તનથી ગ્રામીણ જીવનમાં પરિવર્તન આવ્યું છે.

કેટલીકવાર સામાજિક તંત્રને કોઈ પણ ફેરફાર પહોંચાડ્યા વિના સાંસ્કૃતિક તંત્રમાં ફેરફારો થતા હોય છે. દા.ત., ભાષામાં ઉચ્ચારણ કે ધ્વનિ સંબંધિત પરિવર્તન, સંગીત શૈલીમાં થતાં પરિવર્તન સંસ્કૃતિમાં આવતાં પરિવર્તનો છે; પરંતુ તેની સમાજ પર કોઈ નોંધપાત્ર અસર થતી નથી. આમ, સમાજશાસ્ત્રને એવા સાંસ્કૃતિક પરિવર્તનમાં રસ છે કે જે સામાજિક સંગઠનોમાંથી નીપજતાં હોય અને સામાજિક સંગઠનને અસર કરતાં હોય. સામાજિક પરિવર્તન અને સાંસ્કૃતિક પરિવર્તન વચ્ચે પાતળી ભેદરેખા હોવાથી તે કયું પરિવર્તન છે તે નક્કી કરવું મુશ્કેલ હોય છે.

**સાંસ્કૃતિક પરિવર્તનના લક્ષણો :**

**(1) સંસ્કૃતિના કોઈ પણ ભાગમાં આવતું પરિવર્તન :**

સંસ્કૃતિનાં કોઈ પણ તત્ત્વો કે ભાગમાં આવતું પરિવર્તન એ સાંસ્કૃતિક પરિવર્તન તરીકે ઓળખાવી શકાય. દા.ત., હેન્ડલુમને બદલે પાવરલુમનો ઉપયોગ, નવરાત્રીનું બદલાયેલ સ્વરૂપ.

**(2) સમાજની સાધનાત્મક વ્યવસ્થામાં થતું પરિવર્તન :**

સમાજ પોતાની જરૂરિયાતો સંતોષવા માટેનાં સાધનો વિકસાવે છે. જેમાં યંત્રો, વાહનો, મકાનો, પુસ્તકો, વાસણો, ફર્નિચર વગેરે મુખ્ય સગવડનાં સાધનોમાં આવતું પરિવર્તન એટલે સાંસ્કૃતિક પરિવર્તન. દા.ત., બેસવા માટે સોફાસેટ, જમવા માટે ડાઈનિંગ ટેબલનો ઉપયોગ.

**(3) સમાજની ધોરણાત્મક વ્યવસ્થામાં થતું પરિવર્તન :**

સામાજિક સંબંધોની વ્યવસ્થા ટકાવવા સમાજ ધોરણોની વ્યવસ્થા રચે છે, જે સંસ્કૃતિનો ભાગ છે. તેથી જ ધોરણાત્મક વ્યવસ્થામાં થતા પરિવર્તનને સાંસ્કૃતિક પરિવર્તન કહેવામાં આવે છે. દા.ત., લગ્ન અંગેના કાયદામાં બદલાવ, સ્ત્રીઓને અધિકાર આપતા કાયદા, રાજાશાહીમાંથી લોકશાહી શાસનવ્યવસ્થા.

સામાજિક–સાંસ્કૃતિક પરિવર્તનનો અર્થ જોયા બાદ આપણે હવે પરિવર્તનની સાંસ્કૃતિક પ્રક્રિયાઓ જોઈશું.

**સંસ્કૃતિકરણ**

ધોરણ-11માં સ્તરરચનાના એકમમાં જોઈ ગયા કે પરંપરાગત ભારતીય સમાજમાં જ્ઞાતિ બંધ પ્રકારની સ્તરરચના હતી એટલે કે વ્યક્તિનો સામાજિક દરજ્જો તે જે જ્ઞાતિમાં જન્મે છે તેના આધારે પ્રાપ્ત થાય છે અને જીવનભર તે જ્ઞાતિનું સભ્યપદ અને દરજ્જો જાળવી રાખે છે. જ્યારે વર્ગ વ્યવસ્થામાં વ્યક્તિ તેના જીવનકાળ દરમિયાન શિક્ષણ, તાલીમ કે અન્ય કોઈ રીતે દરજ્જો બદલી શકે છે. ટૂંકમાં જ્ઞાતિ વ્યવસ્થામાં દરજ્જા વિષયક પરિવર્તન શક્ય નથી તેવું સમાજશાસ્ત્રીઓ માનતા હતા; પરંતુ ભારતના જાણીતા સમાજશાસ્ત્રી પ્રો. એમ. એન. શ્રીનિવાસે પોતાના અભ્યાસ દ્વારા દર્શાવ્યું કે જ્ઞાતિ જેવી પ્રમાણમાં બંધ પ્રકારની સ્તરરચનામાં પરિવર્તન શક્ય છે. આ સંદર્ભમાં તેમણે સંસ્કૃતિકરણ જેવી સાંસ્કૃતિક પ્રક્રિયાનો ખ્યાલ આપ્યો છે.

સંસ્કૃતિકરણ એ પરિવર્તનનો આંતરિક સ્ત્રોત છે. સંસ્કૃતિકરણે ભારતીય સમાજમાં સામાજિક પરિવર્તન લાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે. સંસ્કૃતિકરણ એ એક એવી સામાજિક અને સાંસ્કૃતિક પ્રક્રિયા છે, જે ભારતના જુદા જુદા ભાગમાં વસતા હિન્દુઓમાં વ્યાપક રૂપમાં જોવા મળે છે. ઉપરાંત આદિવાસી સમૂહમાં પણ સક્રિય રીતે ચાલી રહી છે.

**સંસ્કૃતિકરણનો અર્થ**

સંસ્કૃતિકરણની પ્રક્રિયા અતિ પ્રાચીન હોવા છતાં 'સંસ્કૃતિકરણ' શબ્દ અને ખ્યાલ સૌપ્રથમ એમ. એન. શ્રીનિવાસે આપ્યો છે. તેમણે "Religion and Society among the Coorg" પુસ્તકમાં જ્ઞાતિના પરિવર્તનને સમજાવવા માટે બ્રાહ્મણીકરણ શબ્દ પ્રયોજ્યો હતો. તે પછી ડેવિડ પોકોક અને અન્ય માનવશાસ્ત્રીઓએ કહ્યું કે નિમ્નજ્ઞાતિ માટે બ્રાહ્મણ સિવાય અન્ય જ્ઞાતિ પણ મૉડેલ બને છે. તેથી શ્રીનિવાસે બ્રાહ્મણીકરણને બદલે સંસ્કૃતિકરણ શબ્દનો ઉપયોગ કર્યો.

સંસ્કૃતિકરણના અર્થમાં માત્ર સંસ્કૃતિનું અનુકરણ કરે છે તેવું નથી; પરંતુ સંસ્કૃત ભાષાના ધાર્મિક ગ્રંથોમાં જે પ્રકારના વિચારો, માન્યતા વ્યક્ત થતી હતી જે ઉપલી જ્ઞાતિ અપનાવતી, તેનું અનુકરણ નિમ્ન જ્ઞાતિ કરતી માટે સંસ્કૃતિકરણ શબ્દનો ઉપયોગ કરે છે.

**સંસ્કૃતિકરણની વ્યાખ્યા :**

**એમ. એન. શ્રીનિવાસ –** "સંસ્કૃતિકરણ એક એવી પ્રક્રિયા છે જેમાં નિમ્ન હિંદુ જ્ઞાતિ, આદિવાસી કે અન્ય સમૂહો તેમનાથી ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ કે દ્વિજ જ્ઞાતિના રિવાજો, વિધિવિધાન, વિચારણસરણી અને જીવનશૈલીનું અનુકરણ કરે છે. આમ કરીને તેઓ પોતાનો પરંપરાગત સામાજિક દરજ્જો જ્ઞાતિના કોટિક્રમમાં ઉચ્ચ હોવાનો દાવો કરે છે."

**સંસ્કૃતિકરણની પ્રક્રિયાનાં પાસાં**

એમ. એન. શ્રીનિવાસે પોતાના પુસ્તક "Social Change in Modern India" (આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન)માં સંસ્કૃતિકરણની વિગતે ચર્ચા કરી છે. તેના આધારે આ સાંસ્કૃતિક પ્રક્રિયાનાં કેટલાંક પાસાંઓને સમજવાનો પ્રયત્ન કરીએ :

**(1)** સંસ્કૃતિકરણની પ્રક્રિયા સમૂહલક્ષી છે એટલે કે આ પ્રક્રિયામાં વ્યક્તિ નહિ; પરંતુ સમગ્ર જ્ઞાતિસમૂહ ઊભી ગતિશીલતા પ્રાપ્ત કરે છે. અને તે માટે તે જ્ઞાતિ પોતાનો દાવો પણ આગળ ધરે છે. બીજી રીતે કહીએ તો સંસ્કૃતિકરણ થાય એટલે જ્ઞાતિસમૂહને આપોઆપ ઊંચો દરજ્જો પ્રાપ્ત થતો નથી, તે માટે તેણે પ્રયત્ન કરવો પડે છે.

**(2)** સંસ્કૃતિકરણથી જે ગતિશીલતા કે પરિવર્તન આવે છે તેનાથી જ્ઞાતિના કોટિક્રમમાં સ્થાનફેર કે દરજ્જામાં પરિવર્તન આવે છે; પરંતુ માળખાગત પરિવર્તન આવતું નથી. એટલે કે જ્ઞાતિ વ્યવસ્થા પાયામાંથી બદલાઈ જતી નથી. એ રીતે પરિવર્તન સામાજિક પ્રક્રિયા છે.

(3) સંસ્કૃતિકરણથી આર્થિક ઉન્નતિ થાય એવી કોઈ ખાતરી નથી એટલું જ નહિ, આર્થિક અને રાજનૈતિક રીતે આગળ હોય; પરંતુ સાંસ્કૃતિક દરજ્જો ઊંચો ન હોય તેવા લોકો સંસ્કૃતિકરણથી દરજ્જો ઊંચો લાવતા.

(4) સંસ્કૃતિકરણના ખ્યાલમાં સ્થાનિક પ્રભાવી જ્ઞાતિની ભૂમિકા મહત્ત્વની છે, જે આપણે આગળ જોઈશું.

(5) સંસ્કૃતિકરણની પ્રક્રિયા માત્ર હિંદુ જ્ઞાતિઓમાં જોવા મળે છે તેવું નથી, ઉપલી જ્ઞાતિઓનું અનુકરણ કરી આદિવાસીસમૂહો પણ જ્ઞાતિનો દરજ્જો મેળવવાનો દાવો કરે છે. પશ્ચિમ ભારતમાં 'ભીલ' અને મધ્ય ભારતમાં 'ગોન્ડ', 'હો', 'ઉરાવ' તેનાં ઉદાહરણો છે. આ સંદર્ભમાં સંસ્કૃતિકરણ સમૂહો અને સમુદાયો માટે ઊભી ગતિશીલતાની તેમજ પરિવર્તનની સાંસ્કૃતિક પ્રક્રિયા છે.

(6) સંસ્કૃતિકરણની પ્રક્રિયા દરમિયાન સંઘર્ષ અને વિરોધ પણ જોવા મળ્યા છે. શ્રીનિવાસ જણાવે છે, કે એવાં ઉદાહરણ બને છે કે જ્યારે અનુકરણ કરતી જ્ઞાતિઓમાં આવેલાં પરિવર્તનોનો ઉપલી જ્ઞાતિઓ વિરોધ કરે છે અને સાથે સાથે નિમ્ન જ્ઞાતિના દાવાનો અસ્વીકાર કરે છે. આમ કરવા જતાં જ્ઞાતિઓ વચ્ચે સંઘર્ષ પણ જોવા મળે છે.

(7) કેટલીક નિમ્ન જ્ઞાતિઓ ઉપલી જ્ઞાતિનું નામ અને અટક સ્વીકારી ઉચ્ચ સ્થાન માટે દાવો કરે છે. આ માટે 1931ની સેન્સસમાં પોતાની જ્ઞાતિની નોંધણી ઉચ્ચ જ્ઞાતિના નામે કરાવી હતી. આ પ્રક્રિયાને પણ શ્રીનિવાસ સંસ્કૃતિકરણ કહે છે.

(8) સંસ્કૃતિકરણની પ્રક્રિયા દ્વિમાર્ગી છે એટલે કે એક તરફ નિમ્ન જ્ઞાતિઓને તેનાથી ઉચ્ચ ગણાતી જ્ઞાતિનો દરજ્જો અપાવી ગતિશીલતા સર્જે છે; પરંતુ બીજી તરફ આમ કરવા જતાં પોતાની જ્ઞાતિની કેટલીક સારી બાબતોનો ત્યાગ કરે છે.

## સંસ્કૃતિકરણની પ્રક્રિયા અને પ્રભાવી જ્ઞાતિ

સંસ્કૃતિકરણના ખ્યાલમાં સ્થાનિક પ્રભાવી જ્ઞાતિની ભૂમિકા મહત્ત્વની છે. જીવનશૈલીનું અનુકરણ કરવામાં બ્રાહ્મણો ઉપરાંત અન્ય જ્ઞાતિઓને પણ અનુસરવામાં આવે છે. તેની સ્પષ્ટતા કરવા માટે શ્રીનિવાસે 1955માં "The Social System of a Mysore Village"માં સૌપ્રથમ પ્રભાવી જ્ઞાતિનો ખ્યાલ લાગુ કર્યો. તેમના મતે પ્રભાવી જ્ઞાતિ ગ્રામીણ સામાજિક જીવનને સમજવા તેમજ સંસ્કૃતિકરણની પેટર્ન જોવામાં ઉપયોગી છે.

જ્ઞાતિને પ્રભાવી માનવા માટે શ્રીનિવાસે કેટલાક માપદંડોની રજૂઆત કરી છે :

(1) સ્થાનિક વિસ્તારની નોંધપાત્ર જમીનમાલિકી એ જ્ઞાતિ પાસે હોવી આવશ્યક છે.

(2) સંખ્યાની દ્રષ્ટિએ એ વિસ્તારમાં નોંધપાત્ર વસ્તી હોવી જોઈએ.

(3) ઉચ્ચ પારંપરિક દરજ્જો ઉપરાંત શિક્ષણનું પ્રમાણ, વહીવટીતંત્રમાં નોકરીઓ, આવકના શહેરી સ્ત્રોત પણ કેટલીક જ્ઞાતિઓને ગ્રામવિસ્તારોમાં સત્તા-પ્રતિષ્ઠા આપી પ્રભાવી બનાવે છે. આ માપદંડોને આધારે જોઈએ તો ગુજરાતમાં સ્થાનિક રીતે કેટલાક વિસ્તારમાં ક્ષત્રિય અને પાટીદારો પ્રભાવી જ્ઞાતિનો દરજ્જો ધરાવે છે.

## સમીક્ષા–મર્યાદા

સંસ્કૃતિકરણના ખ્યાલની અનેક સ્તરો પર ટીકા થઈ છે જેમ કે,

(1) સંસ્કૃતિકરણથી કેટલાક લોકો અસમાનતા પર આધારિત સામાજિક રચનાતંત્રમાં પોતાનું સ્થાન સુધારી લે છે; પરંતુ એનાથી સમાજમાં પ્રસરેલી અસમાનતા–ભેદભાવ નાબૂદ થતો નથી તે નોંધવું રહ્યું.

(2) ઉચ્ચ જ્ઞાતિની જીવનશૈલી ઊંચી હોય છે અને નિમ્ન જ્ઞાતિની નિમ્ન એવું સાબિત થાય છે એટલું જ નહિ, ઉચ્ચ જ્ઞાતિના લોકોની જીવનશૈલી ઇચ્છનીય અને અનુકરણીય છે તેવું દર્શાવે છે.

(3) સંસ્કૃતિકરણથી મહિલાઓના દરજ્જામાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું નથી.

## પશ્ચિમીકરણ

પશ્ચિમીકરણની પ્રક્રિયા યુરોપિયન પ્રજાના સંપર્કથી શરૂ થઈ હતી. જોકે બ્રિટિશરોએ 150 વર્ષ શાસન કર્યું હોવાથી તેમની અસર વધુ થઈ છે. પશ્ચિમીકરણ પરિવર્તન માટેની મહત્ત્વની સામાજિક–સાંસ્કૃતિક પ્રક્રિયા છે.

પશ્ચિમીકરણના અનેક અર્થ કરવામાં આવે છે. તેમાં ત્રણ બાબતોનો સમાવેશ કરવામાં આવે છે :

**(1)** યંત્રવિદ્યા અને વિજ્ઞાન

**(2)** સંસ્થાઓ, વિચારસરણી, મૂલ્યો

**(3)** ચીજવસ્તુ, ભાષા વગેરે

'આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન' પુસ્તકમાં એમ. એન. શ્રીનિવાસના પશ્ચિમીકરણ ખ્યાલને વિગતે સમજાવ્યો છે. આ સંદર્ભમાં તેઓ જણાવે છે કે ''પશ્ચિમીકરણ એવી પ્રક્રિયા છે જેમાં ભારતમાં દોઢસો વર્ષના બ્રિટિશરાજને કારણે ભારતીય સમાજ અને સંસ્કૃતિમાં વિવિધ સ્તરે પરિવર્તનો આવ્યાં છે, જેમ કે યાંત્રિકી, સંસ્થાકીય, વૈચારિક અને મૂલ્ય સંબંધિત વગેરે''

પશ્ચિમીકરણ એક વ્યાપક સંકુલ અને ઘણા સ્તરવાળો ખ્યાલ છે. તેને એક છેડે પશ્ચિમી ટેક્નોલૉજીથી માંડી બીજે છેડે આધુનિક વિજ્ઞાન અને આધુનિક ઇતિહાસ લેખનનું વિશાળ ક્ષેત્ર આવરી લેવામાં આવ્યું છે. અહીં એ સ્પષ્ટ કરવું જરૂરી છે કે સંસ્કૃતિકરણ અને પશ્ચિમીકરણ એ ભારતમાં માળખાકીય પરિવર્તનો કરતાં સાંસ્કૃતિક–સામાજિક પરિવર્તનો સમજાવવા માટેના ખ્યાલ છે.

નવાં મૂલ્યો, આદર્શો અને સંસ્થાઓ દ્વારા જે ફેરફાર આવ્યા તેને આપણે પશ્ચિમીકરણ કહી શકીએ એટલે કે પશ્ચિમની વિચારસરણીના માનવતાવાદી, બિનસાંપ્રદાયિક, ઉદારમતવાદી, સમાનતાવાદી મૂલ્યોનો અંગ્રેજ અમલ દરમિયાન ભારતમાં પ્રવેશ થતા ભારતીય સમાજજીવનનાં વિભિન્ન ક્ષેત્રમાં જે પરિવર્તન આવ્યાં તે સૂચવતી પ્રક્રિયા.

**પશ્ચિમીકરણનાં પાસાં**

એમ. એન. શ્રીનિવાસે અનેક ઉદાહરણ દ્વારા ભારત પર પશ્ચિમીકરણની અસરો નીચે દર્શાવેલ પાસાંઓ દ્વારા સમજાવેલ છે :

**(1)** બ્રિટિશ શાસન દરમિયાન ભારતમાં ખાસ કરીને કૃષિ ક્ષેત્રે કેટલાક કાયદા અને વહીવટી તંત્રનો અમલ કરવાથી વ્યાપક પરિવર્તનો આવ્યાં. અઢારમી સદીનાં અંતિમ વર્ષોમાં જમીનદારી, રૈયતવારી જેવી વ્યવસ્થાઓ જમીનમાલિકી અને મહેસૂલ ઉઘરાવવાના મુદ્દે દાખલ કરવામાં આવી. પરિણામે ગ્રામીણ વિસ્તારોમાં નવા ભૂમિ સંબંધો સ્થપાયા.

**(2)** બ્રિટિશરોએ સમાજવ્યવસ્થાની જાળવણી માટે નવા કાયદા, કાનૂન અને ન્યાયતંત્રની વ્યવસ્થા ઊભી કરી, લશ્કર અને પોલીસદળની નવેસરથી રચના કરી. જેથી સમાજમાં મોટો બદલાવ આવ્યો.

**(3)** બ્રિટિશરોએ ભારતમાં પશ્ચિમી શિક્ષણવ્યવસ્થા દાખલ કરી, જેથી શિક્ષણ બધા માટે ખુલ્લું થયું અને બધાને તક મળી. સમય જતા આ શિક્ષણવ્યવસ્થાએ ગ્રામ્ય વિસ્તારો સુધી નવા વિચારો અને મૂલ્યોનો પ્રચાર–પ્રસાર કર્યો.

**(4)** બ્રિટિશરોએ ભારતમાં છાપખાનાંની શરૂઆત કરી તેના પગલે પગલે અખબાર, પુસ્તકો, સામયિકોનું પ્રકાશન શરૂ થયું અને વિસ્તર્યું. સમાજમાં વિવિધ વર્ગો અને સમૂહોમાંથી વિચારો વ્યક્ત કરવા માટે છાપખાનાંએ આધુનિક સગવડો ઊભી કરી તેને કારણે વૈશ્વિક સ્તરના નવા વિચારો, મૂલ્યો પ્રચારમાં આવ્યા.

**(5)** પશ્ચિમીકરણની એક મહત્ત્વની અસરને શ્રીનિવાસ 'માનવતાવાદ'ના સંદર્ભમાં તપાસે છે. જ્ઞાતિ, આર્થિક પરિસ્થિતિ, ધર્મ, ઉંમર અને જાતિના ભેદભાવ વગર સૌને માટે કલ્યાણનો આદર્શ અને તેની સાથે સમાનતા, સ્વતંત્રતા અને બિનસાંપ્રદાયિકતાના પશ્ચિમી ખ્યાલોએ ભારતમાં માનવતાવાદી વાતાવરણ સર્જવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. આની અસર રૂપે ભારતમાં ઘણી સામાજિક સુધારણાની પ્રવૃત્તિઓ શરૂ થઈ.

**(6)** પશ્ચિમીકરણની અસર રૂપે ભારતમાં વિકસેલ વ્યાપાર અને ઉદ્યોગોને કારણે તેમજ શિક્ષણના પ્રસારને પરિણામે એક નવો મધ્યમ વર્ગ ઉદ્ભવ્યો. બ્રિટિશ સરકારે શરૂ કરેલા વહીવટી તંત્રમાં શરૂઆતમાં નોકરીએ રહેલો નાનો શિક્ષિત વર્ગ સમય જતા આધુનિક ભારતમાં અસરકારક મધ્યમવર્ગ સ્થાપિત થઈ ચૂક્યો. આ વર્ગમાં વકીલો, ડૉક્ટરો, અધ્યાપકો, સાહિત્યકારો તેમજ કલાકારોને સમાવતો બુદ્ધિજીવી વર્ગ પણ વિકસ્યો. આ નવા વર્ગની અસરરૂપે દેશમાં પશ્ચિમી સંસ્કૃતિનાં કેટલાંક તત્ત્વોનો સ્વીકાર થયો અને શહેરોમાં આધુનિકતા વિકસી.

**(7)** બ્રિટિશ શાસન દરમિયાન સ્વતંત્રતાની લડતમાં ઊભી થયેલી પશ્ચિમની લોકશાહી, ઉદારતાવાદ અને રાષ્ટ્રીયતાથી પ્રેરાઈને દેશ નેતાઓએ લોકોને સંગઠિત કરવાનું શરૂ કર્યું. આઝાદીની લડતનાં વર્ષોમાં લોકશાહી પ્રત્યેની શ્રદ્ધા અને વિશ્વાસ એટલા વિકસ્યા કે સ્વતંત્ર ભારતમાં લોકશાહી શાસનવ્યવસ્થાને લોકોએ સ્વીકારી તે પશ્ચિમીકરણની અસર છે તેમ કહી શકાય.

## વૈશ્વિકીકરણ

21મી સદીમાં સામાજિક પરિવર્તનની ચર્ચા વૈશ્વિકીકરણ–ઉદારીકરણના સંદર્ભ વગર અધૂરી ગણાય. આમ તો વૈશ્વિકીકરણની પ્રક્રિયા ભારત માટે નવી નથી; પરંતુ 20મી સદીના છેલ્લા દશકામાં સમગ્ર વિશ્વમાં ત્રણ પ્રક્રિયા શરૂ થઈ. ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણ. આ ત્રણેય પ્રક્રિયાઓએ દેશની અર્થવ્યવસ્થા પર તેમજ સમાજ અને સંસ્કૃતિ પર અસર કરી છે. આ પ્રક્રિયાને લીધે ખૂબ ઝડપથી ''વિશ્વ એક સમાજ અને એક આંતરરાષ્ટ્રીય બજાર બની જશે'' એવો ભય ઊભો થયો હોવાથી સમાજશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રીઓને આ બંને પ્રક્રિયાના અભ્યાસમાં રસ જાગ્યો છે. પરિવર્તનની સામાજિક–સાંસ્કૃતિક પ્રક્રિયા તરીકે હવે આપણે વૈશ્વિકરણ, ઉદારીકરણના ખ્યાલની સમજૂતી મેળવીશું.

વૈશ્વિકીકરણ એ જટિલ સામાજિક, આર્થિક, રાજકીય પ્રક્રિયા છે, જે વિશ્વના તમામ દેશોમાં જોવા મળે છે. સમાજવૈજ્ઞાનિકોની દ્રષ્ટિએ વૈશ્વિકીકરણની પ્રક્રિયા સમય અને ભૌતિક અંતર ઘટાડી રાષ્ટ્ર અને રાજ્યને નજીક લાવી દે છે અને વિશ્વ એક ગામ બને છે તો સંચારક્રાંતિ અને યંત્રવૈજ્ઞાનિક સ્ત્રોતોએ આ પ્રક્રિયાને ગતિ આપી છે.



**વૈશ્વિકીકરણ**

### વૈશ્વિકીકરણનો અર્થ

વૈશ્વિકીકરણનો સીધો અર્થ એ થાય છે કે સમગ્ર જગતના દેશો વૈશ્વિક સ્તરે વિચારણા કરે. એટલે કે કોઈ પણ દેશ પોતાના રાજકારણ, અર્થકારણ, સમાજ કે સંસ્કૃતિ વિશે અલગ રીતે ન વિચારતા સમગ્ર જગતના સંદર્ભમાં જ વિચારે.

સામાજિક દ્રષ્ટિકોણથી જોઈએ તો ઇતિહાસમાં પહેલી વાર એવી ઘટના બની છે કે સ્થાનિક અને વૈશ્વિક સમાજના લોકો એક તાંતણે બંધાઈ ગયા છે. આ માટે વિવિધ પ્રક્રિયાઓ દુનિયાભરના લોકોના સામાજિક સંબંધો પર ઘણી મોટી અસર નિપજાવે છે અને તેમને નજીક લાવે છે, જેને સમાજશાસ્ત્રીઓ વૈશ્વિકીકરણ તરીકે જુએ છે.

### વૈશ્વિકીકરણની વ્યાખ્યા :

**ગીડેન્સ –** ''વિભિન્ન લોકો અને દુનિયાનાં વિભિન્ન ક્ષેત્રોની વચ્ચે વધતી જતી પારસ્પરિકતા જ વૈશ્વિકીકરણ છે. આ પારસ્પરિકતા સામાજિક અને આર્થિક સંબંધોમાં થાય છે. આમાં સમય અને સ્થાન મળી જાય છે.''

**યોગેન્દ્ર સિંઘ –** ''ભારતીય સમાજમાં 1990ના દાયકા પછી ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે. વૈશ્વિકીકરણને કારણે સામાજિક સ્તરીકરણનું સ્વરૂપ બદલાયું છે. સાથે સાથે સામાજિક પરિવર્તનની ગતિમાં બદલાવ આવ્યો છે. ઉપરાંત વસ્તીવિષયક પરિવર્તન અને નગરીકરણ તથા ઔદ્યોગીકરણની પ્રક્રિયા તીવ્ર બની છે.''

**માલ્કમ વોટર્સ –** ''વૈશ્વિકીકરણ એક પ્રક્રિયા છે. જેમાં સામાજિક–સાંસ્કૃતિક વ્યવસ્થા પર જે ભૌગોલિક દબાણ હોય છે તે પાછળ હટી જાય છે અને લોકો પણ સમજે છે કે ભૌગોલિક સીમાઓ અર્થ વગરની કે બેમતલબ હોય છે.''

### વૈશ્વિકીકરણની લાક્ષણિકતાઓ :

વૈશ્વિકીકરણની પ્રક્રિયા એ જટિલ પ્રક્રિયા છે. આ પ્રક્રિયા અંતર્ગત આધુનિકીકરણ, ઔદ્યોગિકરણ, મૂડીવાદનો સમાવેશ થાય છે. સંચાર ક્રાંતિ એ તેના પ્રસરણમાં સહાય કરી છે. વૈશ્વિકીકરણ નીચે મુજબની લાક્ષણિકતાઓ દ્વારા વધારે સ્પષ્ટ સમજી શકાય છે.

**(1) જટિલ પ્રક્રિયા છે :**

વૈશ્વિકીકરણ એ જટિલ પ્રક્રિયા એટલા માટે છે કે તેની સાથે ઉદારીકરણ અને ખાનગીકરણ ગાઢ રીતે સંકળાયેલ છે. તેથી પરસ્પર અસરો થતી હોવાથી તે જટિલ અને અઘરું બને છે. બીજું વૈશ્વિકીકરણ કારણ અને પરિણામ બંને રીતે અસર કરે છે. આમ, તે ખૂબ જટિલ પ્રક્રિયા છે તેમ કહી શકાય.

**(2) બહુવિધ પાસાં ધરાવતી પ્રક્રિયા છે :**

વૈશ્વિકીકરણ આર્થિક, રાજનૈતિક, સામાજિક–સાંસ્કૃતિક જેવાં અનેક બહુવિધ પાસાં ધરાવતી પ્રક્રિયા છે. જોકે સમાજશાસ્ત્રને વૈશ્વિકીકરણના માત્ર સામાજિક–સાંસ્કૃતિક પાસાં અને પરિણામોના અભ્યાસમાં જ રસ છે.

**(3) નવશોધ અને પ્રસરણ સૂચવતી પ્રક્રિયા :**

આ પ્રક્રિયા દ્વારા નવા ઉદ્યોગો, નવા યંત્રવિજ્ઞાન અને નવી શોધને પ્રોત્સાહન મળ્યું છે. તો સાથે દુનિયાભરમાં તેના પ્રસરણને ગતિ મળી છે. દા.ત., ઇન્ટરનેટ અને સેવા ઉદ્યોગ.

**(4) નાગરિક અધિકારો અને માનવતાની ચેતના જગાવતી પ્રક્રિયા છે :**

વૈશ્વિકીકરણની પ્રક્રિયાને લીધે દુનિયામાંથી ગરીબી નાબૂદ કરી શિક્ષણ, આરોગ્ય માટેનાં દબાણ ઊભા કર્યા છે. માહિતી અધિકારનો કાયદો, ફૂડ ફૉર ઓલ જેવા કાયદા બન્યા છે. ઉપરાંત પર્યાવરણના પરિવર્તનને લીધે આવતી કુદરતી આપત્તિમાંથી ઉગારવા અને મદદ કરવાની ભાવના જગાવે છે.

**(5) વૈશ્વિક સંસ્કૃતિ :**

કેટલાક વિદ્વાનોના મતે આ પ્રક્રિયાના પરિણામ સ્વરૂપે વિશ્વ એક ગામડું બનતાં એક નવી સંસ્કૃતિ ઉદ્‌ભવશે જેમાં કુટુંબ, લગ્ન–મનોરંજન, કલા–સાહિત્ય જેવી બાબતોને અસર થઈ છે. દા.ત., સમગ્ર વિશ્વમાં થતી વેલેન્ટાઇન ડે ની ઉજવણી.

**(6) સંસ્કૃતિનું સમન્વયીકરણ :**

વૈશ્વિકીકરણની પ્રક્રિયાના પરિણામે સંચારવ્યવહાર, પર્યટન, સ્થળાંતર, સંદેશાવ્યહાર વગેરે જેવી પ્રક્રિયાઓ આજે એટલી ઝડપી બની ગઈ છે કે દુનિયાની સંસ્કૃતિઓ એકબીજાના સંપર્કમાં આવતા એકબીજા સાથે એકરૂપ બનતી જાય છે. દા.ત., ભાંગડા, પોપ અને ફ્યુઝન મ્યુઝિક.

**(7) વિનિમયનું સાધન ચલણ :**

વૈશ્વિકીકરણને કારણે વિનિમયના સાધન તરીકે વસ્તુ-વિનિમયને બદલે દુનિયામાં એક સમાન ચલણનો ખ્યાલ પ્રવર્તે છે. દા.ત., અમેરિકન ડૉલર.

**(8) બજારોનું પ્રભુત્વ :**

આજે વ્યાપાર-ધંધામાં બજારનું મહત્ત્વ ખૂબ વધી ગયું છે. આજે વૈશ્વિક સ્તરે અર્થવ્યવસ્થાનું એક જાળું બની ગયું છે. જેના પરિણામે વસ્તુઓના વપરાશની પદ્ધતિઓ સમગ્ર વિશ્વમાં લગભગ સમાન બની ગઈ છે. દા.ત., નુડલ્સ અને પીત્ઝા.

**(9) નવાં સામાજિક આંદોલનો :**

યોગેન્દ્ર સીંઘના મતે આજે ત્રીજા વિશ્વમાં અને ખાસ કરીને ભારતમાં વૈશ્વિકીકરણના પરિણામે જે પરિવર્તન આવ્યાં છે તેણે ઘણાં નવાં આંદોલનોને જન્મ આપ્યો છે. જેમ કે સ્ત્રીઓનાં આંદોલન, માનવ અધિકાર અંગેનાં આંદોલન વગેરે.

ટૂંકમાં, વૈશ્વિકરણની પ્રક્રિયા એ વૈશ્વિક સ્તરે રાષ્ટ્ર રાજ્યને નિકટ લાવી આધુનિકીકરણ અને અનુઆધુનિકીકરણને વેગ આપી સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, રાજકીય સંબંધ બાંધ્યો છે.

**ઉદારીકરણ**

દેશ આઝાદ થયા બાદ ભારતીય અર્થવ્યવસ્થા અને બજારને કાયદા દ્વારા વૈશ્વિક સ્પર્ધાથી સુરક્ષિત રાખ્યાં હતાં. ઉપરાંત પ્રજા કલ્યાણ માટે સરકારે મહત્ત્વની ભૂમિકા ભજવવી જોઈએ તેવો આદર્શ તેમજ બંધારણમાં સામાજિક ન્યાય પર ભાર મૂક્યો હોવાથી તે મુજબ નીતિ નિર્ણયો લેવાયા હતા.

પરંતુ વર્ષ 1991ની શરૂઆતના ભાગમાં અર્થતંત્રમાં વિદેશી હૂંડિયામણનું અનામત ભંડોળ ઘટી રહ્યું હતું. આર્થિક સ્થિતિ કટોકટીભરી હતી. જેથી સરકારે દેશના અર્થતંત્રમાં ફરી નવસંચાર કરવાના ભાગ રૂપે આર્થિક નીતિ જાહેર કરી. જેમાં વિદેશ વ્યાપારના પરિપ્રેક્ષ્યમાં લગભગ મુક્ત કહી શકાય તેવી વ્યાપાર નીતિને પ્રોત્સાહન આપ્યું. લાંબા ગાળાની આયાત-નિકાસ નીતિ અન્વયે આયાત-જકાત-પ્રમાણ જેવા પ્રતિબંધો હળવા કર્યા, જેને ઉદારીકરણ કહી શકાય.

**ઉદારીકરણનો અર્થ**

ઉદારીકરણની નીતિ એટલે ખાનગીકરણની નીતિ. સરકાર દ્વારા ઉદ્યોગોના ક્ષેત્રે વધુમાં વધુ પરવાના, મૂડીરોકાણ અને નફાની પ્રાપ્તિ માટે ખાનગી ક્ષેત્ર માટે અનુકૂળતા કરી આપવાનો સમાવેશ તેમાં થાય છે. ટૂંકમાં સરકારની ઉદ્યોગોની સ્થાપના અને વિકાસ અંગેની હસ્તક્ષેપ વગરની નીતિ એટલે ઉદારીકરણ. ઉદારીકરણ એ વૈશ્વિકીકરણની પ્રક્રિયાની પૂર્વશરતરૂપે છે અને ઉદારીકરણ માટે ખાનગીકરણ અનિવાર્ય પ્રક્રિયા છે.

**ઉદારીકરણની વ્યાખ્યા :**

ઉદારીકરણ એટલે વૈશ્વિકીકરણના ભાગ રૂપે વૈશ્વિક બજાર દેશની અર્થવ્યવસ્થા માટે લાભકારી બને તેને અનુરૂપ વ્યાપાર–ઉદ્યોગને નિયમન કરતા નિયમો અને આર્થિક નિયંત્રણોને ઉદાર બનાવવા. દા.ત., વિવિધ ક્ષેત્રમાં સીધા વિદેશી રોકાણને પરવાનગી આપવી.

**ઉદારીકરણના લાભો :**

- વિદેશી રોકાણ વધ્યું, બહુરાષ્ટ્રીય કંપનીઓએ ભારતની કંપની સાથે ભાગીદારી કરી જેથી અદ્યતન ટેક્નોલૉજીનો લાભ મળ્યો અને ઉત્પાદન વધ્યું.
- ગ્રાહકોને વાજબી કિંમતે શ્રેષ્ઠ વસ્તુઓ મળતી થઈ.
- ખાનગીકરણ અને મુક્ત સ્પર્ધાને લીધે ઉત્પાદકો વાજબી કિંમતે સારી ગુણવત્તાવાળી વસ્તુઓનું વેચાણ કરવા લાગ્યા.
- દરેક ક્ષેત્રે સ્પર્ધા થઈ, પરિણામે વૈશ્વિક સ્પર્ધામાં ટકવા મૅનેજમેન્ટ ટેક્નિક અને શ્રમિકોનાં કૌશલ્યો માટે તાલીમ અને શિક્ષણનું મહત્ત્વ વધ્યું.
- ધિરાણ પરના વ્યાજનો દર ઘટવાથી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થયો.
- ઉદારીકરણને લીધે ટીવી ચેનલ, મોબાઈલ, ઈન્ટરનેટ કંપનીઓ અને ઓનલાઈન શૉપિંગને પ્રોત્સાહન મળ્યું.
- ઉદારીકરણે ઉપભોક્તાવાદને પ્રોત્સાહિત કર્યો, બજારો નિર્ણાયક બની ગયા છે.
- ઉદારીકરણથી લોકોની જીવનશૈલીમાં અને વપરાશની વસ્તુમાં ખૂબ મોટો બદલાવ આવ્યો છે.
- ઉદારીકરણને લીધે સામાજિક–સાંસ્કૃતિક આદાન-પ્રદાનમાં ગતિ આવી છે.

**ઉદારીકરણના ગેરલાભો :**

ઉદારીકરણના ગેરલાભો નીચે મુજબ છે :

- ખાનગીકરણ અને ઉદારીકરણના અમલ પછી રોજગારીની તકોમાં ઘટાડો થયો છે અને બેરોજગારીનું પ્રમાણ વધ્યું છે.
- કૃષિ ક્ષેત્રે ઉત્પાદન વૃદ્ધિનો દર ઘટ્યો છે. બહુરાષ્ટ્રીય કંપનીના બી. ટી. બિયારણો, રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓએ જમીનની ફળદ્રુપતા ઘટાડી પ્રદૂષણ વધાર્યું છે.
- વિકસીત દેશો ઉદારીકરણનાં નામે પ્રદૂષણ વધારતા ઉદ્યોગો ત્રીજા વિશ્વના દેશોમાં ઊભા કરી પર્યાવરણમાં અસંતુલન ઊભું કરે છે.
- વિશ્વ વ્યાપાર સંગઠનની શરતોનું પાલન કરવાથી આયાત-જકાતો મોટા પ્રમાણમાં ઘટાડી આયાત પ્રમાણ ઉદાર બનાવ્યા તેથી નિકાસ વૃદ્ધિ ધીમી થઈ ગઈ.
- બહુરાષ્ટ્રીય કંપની ભારતમાં સસ્તી જમીન મેળવી ઓછું વેતન ચૂકવી મોટો નફો કમાઈ પોતાના દેશમાં મોકલે છે. આ રીતે આવકનું બહિર્ગમન જોવા મળે છે.
- બૅન્કિંગ ક્ષેત્રના સુધારા દ્વારા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (R. B. I.) એ થાપણો અને નાની બચત યોજનાના

વ્યાજદરમાં ક્રમશઃ ઘટાડો કરતા મધ્યમ વર્ગ અને પેન્શન પર આધારિત વર્ગને નુકસાન થયું છે.

• ઉદારીકરણને લીધે દરેક બાબતોને બજાર ઉપર છોડી દીધી. પરિણામે અસમાનતા અને મોંઘવારી વધી છે.

વિદ્યાર્થીમિત્રો, આ એકમમાં આપણે પરિવર્તનની સાંસ્કૃતિક અને સામાજિક પ્રક્રિયાઓની સમજૂતી મેળવી જેથી તમે સંસ્કૃતિકરણ અને પશ્ચિમીકરણ વચ્ચેનો ભેદ જોઈ શક્યા, સાથે વૈશ્વિકીકરણ અને ઉદારીકરણની સમાજ પર થતી અસરો જોઈ શકો છો. હવે આપણે સમૂહસંચારનાં માધ્યમો અને સમાજ વિશે જાણકારી આગળના એકમમાં મેળવીશું.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો :**

(1) સાંસ્કૃતિક પરિવર્તનનો અર્થ આપી, તેના લક્ષણો જણાવો.

(2) સંસ્કૃતિકરણની પ્રક્રિયાનાં પાસાં ટૂંકમાં જણાવો.

(3) પશ્ચિમીકરણનાં પાસાં ટૂંકમાં વર્ણવો.

(4) વૈશ્વિકીકરણનાં લક્ષણો જણાવો.

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :**

(1) સંસ્કૃતિકરણની વ્યાખ્યા સમજાવો.

(2) પશ્ચિમીકરણનો અર્થ સમજાવો.

(3) વૈશ્વિકીકરણની વ્યાખ્યા સમજાવો.

(4) ઉદારીકરણના લાભ જણાવો.

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો :**

(1) સામાજિક–સાંસ્કૃતિક પ્રક્રિયાઓ કઈ બાબત જોવા–સમજવામાં ઉપયોગી છે ?

(2) સામાજિક પરિવર્તન એટલે શું ?

(3) સંસ્કૃતિમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

(4) પ્રભાવી જ્ઞાતિના માપદંડો કયા છે ?

(5) ઉદારીકરણ એટલે શું ?

**4. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો :**

(1) સાંસ્કૃતિક પરિવર્તનના મુખ્ય સ્ત્રોત કયા છે ?

(2) ભૌતિક સંસ્કૃતિમાં કઇ બાબતોનો સમાવેશ થાય છે ?

(3) અભૌતિક સંસ્કૃતિમાં કઇ બાબતોનો સમાવેશ થાય છે ?

(4) સંસ્કૃતિકરણનો ખ્યાલ કોણે આપ્યો ?

(5) પશ્ચિમીકરણ પ્રક્રિયાનો પ્રારંભ ક્યારથી થયો ?

(6) વૈશ્વિકીકરણને જટિલ પ્રક્રિયા કેમ કહેવાય છે ?

(7) ઉદારીકરણની શરૂઆત ભારતમાં કઈ સાલથી થઈ ?

(8) પશ્ચિમીકરણનો ખ્યાલ શ્રીનિવાસે કયા પુસ્તકમાં આપ્યો છે ?

**5. નીચેના પ્રત્યેક પ્રશ્નમાં આપેલા વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર આપો :**

(1) સામાજિક પરિવર્તન એટલે......... ☐

(અ) રચનાતંત્રમાં ફેરફાર (બ) ફૅશનમાં ફેરફાર

(ક) ખોરાકમાં ફેરફાર (ડ) એક પણ નહિ

(2) સંસ્કૃતિનાં તત્ત્વોમાં આવતું પરિવર્તન એટલે........ ☐

(અ) ભૌગોલિક પરિવર્તન (બ) સાંસ્કૃતિક પરિવર્તન

(ક) સામાજિક પરિવર્તન (ડ) એક પણ નહિ

(3) સંસ્કૃતિનાં મુખ્ય કેટલાં પાસાં હોય છે ?

(અ) 1 (બ) 2 (ક) 3 (ડ) 4

(4) સંસ્કૃતિકરણ માટે શ્રીનિવાસે સૌપ્રથમ કયો શબ્દ પ્રયોજ્યો હતો ?

(અ) પશ્ચિમીકરણ (બ) ઈસ્લામીકરણ (ક) બ્રાહ્મણીકરણ (ડ) એક પણ નહિ

(5) સંસ્કૃતિકરણનો ખ્યાલ કઈ ગતિશીલતા માટે પ્રયોજાય છે ?

(અ) જૂથલક્ષી (બ) વ્યક્તિગત (ક) નિમ્નગામી (ડ) એક પણ નહિ

(6) પશ્ચિમની વિચારસરણીનાં કયાં તત્ત્વોનો ભારતમાં પ્રવેશ થયો ?

(અ) બિનસાંપ્રદાયિકતા (બ) માનવતાવાદ (ક) સમાનતાવાદ (ડ) ઉપર્યુક્ત તમામ

(7) સંસ્કૃતિનું સમન્વયીકરણ કઈ પ્રક્રિયાથી થાય છે ?

(અ) વૈશ્વિકીકરણ (બ) ઉદ્યોગીકરણ (ક) ખાનગીકરણ (ડ) એક પણ નહિ

(8) ઉદારીકરણમાં કઈ બાબત પર ભાર મુકાય છે ?

(અ) ઉદ્યોગ-વેપાર (બ) સમાજ-સંસ્કૃતિ (ક) માનવ-કલ્યાણ (ડ) એક પણ નહિ

(9) વિવિધ દેશોની અર્થવ્યવસ્થા, સમાજ અને સંસ્કૃતિ ઉપર અસર કરતી કઈ પ્રક્રિયા છે ?

(અ) પશ્ચિમીકરણ (બ) સંસ્કૃતિકરણ (ક) વૈશ્વિકીકરણ (ડ) ઈસ્લામીકરણ

**પ્રવૃત્તિ :**

- તમારા ગામમાં આવેલા સામાજિક–સાંસ્કૃતિક પરિવર્તનનું અવલોકન કરી અહેવાલ તૈયાર કરો.
- પશ્ચિમી જીવનશૈલીના ફોટાનું આલબમ બનાવો.
- સેલફોન અને ઈન્ટરનેટના લાભ અને ગેરલાભ અંગે જૂથ ચર્ચા યોજો.
- વૈશ્વિકીકરણની સામાજિક અસરો અંગે જૂથ ચર્ચા કરો.
- વૈશ્વિકીકરણ અને ઉદારીકરણથી તમને ઉપલબ્ધ થતી વસ્તુ–સેવાની યાદી તૈયાર કરો.

●

# 6 | સમૂહ-સંચારનાં માધ્યમો અને સમાજ

**પ્રસ્તાવના**

વિદ્યાર્થીમિત્રો, આગળના એકમમાં આપણે જોયું કે વૈશ્વિકરણ માટે સંચારક્રાંતિ આવશ્યક છે. સંચાર ક્રાંતિ સંચારનાં માધ્યમો દ્વારા આવે છે. આ સમૂહ-સંચારનાં માધ્યમો વિશેની માહિતી આ એકમમાં મેળવીશું.

વિદ્યાર્થીમિત્રો, શાળાનો બેલ વાગે ને તમે કલાસમાં જાવ છો, તમે શિક્ષકને નમસ્કાર કહો તો શિક્ષક નમસ્કાર કહે છે. તમે સમાચાર પત્ર વાંચો છો, તમે ફોન ઉપર વાતો કરો છો કે તમે ટેલિવિઝન જુઓ છો - આ બધું સંચારથી શક્ય બને છે. સંચારને અંગ્રેજી ભાષામાં Communication (કોમ્યુનિકેશન) કહેવામાં આવે છે. કોમ્યુનિકેશન શબ્દ લૅટિન Commun થી નિર્મિત છે. હિન્દી ભાષામાં સંચાર, સૂચના, સંચારવ્યવસ્થા, સંસર્ગ વગેરે જેવા શબ્દો પ્રયોજાય છે. ગુજરાતીમાં સંદેશાવ્યવહાર, સંચાર, પ્રત્યાયન વગેરે શબ્દો પ્રયોજવામાં આવે છે. માનવ સમાજની આવશ્યક જરૂરિયાત પૈકીની એક પાયાની જરૂરિયાત હોય તો તે સંચાર છે. સંચાર બે કે તેથી વધુ પક્ષો વચ્ચેની એવી આંતરક્રિયા છે, જેમાં સંવેદનાવાહક અને ભૌતિક માધ્યમો દ્વારા એકબીજા પક્ષ ઉપર આંતરિક કે બાહ્ય અસર ઉપજાવે છે. સંચારની પ્રક્રિયાનો પ્રારંભ બાળકના જન્મથી થાય છે અને તેનો અંત માનવ જીવનના અંતથી થાય છે. આ રીતે પ્રત્યાયન કે સંચાર માનવજીવનનું અભિન્ન અંગ છે. આવા સંચારનો અર્થ, પ્રક્રિયા, સમૂહ, લોક માધ્યમ, સમૂહ માધ્યમો તેની અસરો વગેરેનો પ્રાથમિક ખ્યાલ અહીં મેળવીશું.

**સંચારની વ્યાખ્યાઓ**

સંચારની વ્યાખ્યાઓ નીચે મુજબ છે :

**એડવર્ડ એમરી** – ''સંચાર એ માહિતી, વિચારો અને વલણોને એક વ્યકિતથી બીજી વ્યક્તિ સુધી પરિવર્તિત કરવાની કલા છે.''

**વિદ્યુત જોષી** – ''વ્યક્તિ પોતાનાં વિચારો, લાગણીઓ, ઊર્મિઓ, ઇચ્છાઓ કે ઇન્દ્રિયગત અનુભવો જેવી આત્મલક્ષી માનસિક અમૂર્ત બાબતોને ભાષા કે અન્ય કોઈ અર્થપૂર્ણ માધ્યમ દ્વારા બીજી વ્યક્તિમાં પ્રત્યાયિત, પસાર કરે તે પ્રક્રિયાને પ્રત્યાયન તરીકે ઓળખવામાં આવે છે.''

**કીથ ડેવિડ** – ''સંચાર-પ્રત્યાયન એટલે એક વ્યક્તિ કે સમૂહથી બીજી વ્યક્તિ કે સમૂહમાં કોઈ સૂચના અથવા ભાવ પહોંચાડવાની પ્રક્રિયા.''

ટૂંકમાં, આપણે એમ કહી શકીએ કે સંચાર એક એવું માધ્યમ છે, જેના દ્વારા બે વ્યકિતઓ કે સમૂહોની વચ્ચે પરસ્પર ભાવનાઓ અને આકાંક્ષાઓનું આદાન-પ્રદાન થાય છે. સંચારના બે પ્રવાહ છે. જેમાં એક બાજુ સંદેશા મોકલનાર સંદેશ મોકલે છે જ્યારે બીજી બાજુ સંદેશા મેળવનાર તેની પ્રતિક્રિયા આપે છે.

**સંચારની લાક્ષણિકતાઓ**

**(1) સંચાર એક અવિરત પ્રક્રિયા છે :**

સંચાર વગર માનવજીવન શક્ય નથી. એટલે એ માનવજીવનનું અભિન્ન અંગ છે. પ્રત્યાયન વિના એક વ્યક્તિ બીજી વ્યક્તિની ભાવનાઓથી જ્ઞાત થતો નથી. સંચાર કે પ્રત્યાયનમાં સૂચના, આદેશ, નિર્દેશ, સલાહ, મંતવ્ય, શિક્ષણ, પ્રેરણા, પ્રેમ, ભાવનાઓ વગેરે સંદેશાના આદાન-પ્રદાનની પ્રક્રિયા સતત ચાલતી રહે છે.

**(2) સંચાર દ્વિમાર્ગી પ્રક્રિયા છે :**

સંચારમાં બે વ્યક્તિઓ અથવા સમૂહોની વચ્ચે સંદેશાનું આદાન-પ્રદાન થતું હોય છે. આ અવિરત પ્રક્રિયા દ્વિમાર્ગી છે. આમ, સંદેશો આપનાર પ્રેષક સંદેશ આપે છે. સંદેશો પ્રાપ્ત કરનાર તેની પ્રતિક્રિયા આપે છે.

**(3) સંચાર માટે માધ્યમ આવશ્યક છે :**

સંચારમાં બે વ્યક્તિ કે સમૂહ વચ્ચે માનવીની વાચા, હાસ્ય, રુદન, ઈશારા, હાવભાવ જેવું સંવેદનવાહક માધ્યમ કે વર્તમાનપત્ર, રેડિયો, ટી.વી. ટેલિફોન, મોબાઇલ જેવાં ભૌતિક માધ્યમો અનિવાર્ય છે.

**(4) સંચાર એક પ્રાકૃતિક ગુણ છે :**

સંચાર એ જન્મજાત ગુણ છે. સંચારનો પ્રારંભ જન્મથી થાય છે. દા.ત., નવજાત બાળકને ભૂખ લાગે અને તે રડવાનું શરૂ કરે. માનવીનું બોલવા, સાંભળવાનું કૌશલ્ય પ્રાણી કરતાં જુદા પ્રકારનું છે. તો લેખનકલાનું કૌશલ્ય માનવીને અજોડ બનાવે છે. આમ, સંચાર એ માનવીનો પ્રાકૃતિક ગુણ છે.

**(5) સંચાર એક સામાજિક પ્રક્રિયા છે :**

સંચાર એ બે વ્યક્તિ કે સમૂહ વચ્ચે થતી પ્રક્રિયા છે. આ પ્રક્રિયામાં સંચાર માટેના સંદેશા કે સંજ્ઞાના અર્થો સમાજ દ્વારા પરિભાષિત થયેલા હોય છે. જેમ કે વ્યક્તિ હાથ ઊંચો કરીને હલાવે ત્યારે સામેની વ્યક્તિ સમજી જાય કે મને આવજો કહે છે.


**(6) સંચાર વિજ્ઞાન અને કળા છે :**

વૈજ્ઞાનિક પદ્ધતિથી સંચારની ટેક્નિક વિકસાવીને પ્રેક્ષકોને વધુ અર્થપૂર્ણ સંદેશા આપી શકાય છે. આ માટે વિવિધ પ્રકારનાં સાધનો, ભાષા, નૃત્ય અને ટેક્નોલૉજીનાં સાધનોનો ઉપયોગ કરી શકાય છે. દા. ત. પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશન.

**સંચાર પ્રક્રિયા**

સંચાર પ્રત્યેક માનવ સમાજની અનિવાર્ય જરૂરિયાત છે. સંચાર વગર માનવ સમાજની કલ્પના પણ ન કરી શકાય. સંચારની પ્રક્રિયા અનેક સોપાનોમાંથી પસાર થાય છે. આ સોપાનો નીચે મુજબ છે.

**(1) ઓસગુડ અને વિલ્બર શ્રેમનું મૉડેલ :**




ઓસગુડ અને વિલ્બરના મતે લોકો જે સંદેશો મેળવે છે, તેને સમજે છે. જેવું સમજાય તેવા સંદેશાનું અર્થઘટન કરી જેની પાસેથી સંદેશો પ્રાપ્ત કર્યો હોય તેને સંદેશાનો જવાબ પરત કરે છે. આમ, સંદેશાનું અર્થઘટન કરીને સંદેશા આપ-લેની પ્રક્રિયા સતત ચાલતી રહે છે.

**(2) ડેવિડ બર્ગોનું S.M.C.R પ્રત્યાયન મૉડેલ :**

Source - પ્રેષક (સંદેશો મોકલનાર)

Message - સંદેશો

Channel - ચેનલ

Receiver - પ્રાપ્તકર્તા (સંદેશો મેળવનાર)

**સંચાર માધ્યમોના પ્રકાર**

**સંચાર માધ્યમો**

- **પારસ્પરિક સંચાર**
- **સમૂહ સંચાર**
  - **પરંપરાગત માધ્યમો**
    - લોકસાહિત્ય
    - લોકસંગીત
    - કઠપૂતળી ખેલ
    - ભવાઈ
    - લોકનાટ્ય
  - **આધુનિક માધ્યમો**
    - **મુદ્રિત માધ્યમો**
      - વર્તમાનપત્રો
      - પુસ્તકો
      - સામયિકો
      - ચોપાનિયાં
      - બેનર - હોર્ડિંગ
    - **વીજાણુ માધ્યમો**
      - રેડિયો-ટેપરેકોર્ડર
      - ફોટોગ્રાફી - ફિલ્મો
      - ટેલિવિઝન
      - કમ્પ્યૂટર - ઈન્ટરનેટ
      - મોબાઇલ ટેલિફોન

સંચારના માધ્યમોને ધ્યાનમાં રાખીને બે પ્રકાર પાડી શકાય :

**પારસ્પરિક સંચાર :** બે કે તેથી વધુ વ્યક્તિ કે સમૂહ વચ્ચે એકબીજાની પ્રત્યક્ષ હાજરીમાં વાતચીત, પ્રેમ, હાસ્ય, રુદન, કે કોઈપણ અભિવ્યક્તિ, કોઈ સંકેત કરે કે કોઈ હાવભાવ વ્યક્ત કરે અને એકબીજા ઉપર અસર ઉપજાવે તેને પારસ્પરિક સંચાર કહેવામાં આવે છે.

**સમૂહ સંચાર :** વિશાળ માનવ સમુદાયોને વિવિધ યંત્રવિજ્ઞાન - ટેક્નોલૉજી દ્વારા વિવિધ વિષય ઉપર સંદેશો પહોંચાડવાનું કાર્ય આ સમૂહ માધ્યમો દ્વારા થાય છે. વિશાળ અને જટિલ સમુદાયમાં ઝડપી સંદેશા પહોંચાડવા માટે વર્તમાનપત્ર, રેડિયો, ટેલિવિઝન, કમ્પ્યૂટર, મોબાઇલ, ઈન્ટરનેટ વગેરે દ્વારા સમૂહ સંચાર શક્ય બને છે.

સમૂહ-સંચાર માધ્યમના પણ બે પ્રકાર પાડી શકાય :

- પરંપરાગત સમૂહ સંચાર માધ્યમો
- આધુનિક સમૂહ સંચાર માધ્યમો

**(1) પરંપરાગત સમૂહ સંચાર માધ્યમો :** પ્રાચીનકાળથી ભારતમાં પરંપરાગત સમૂહ માધ્યમોની બોલબાલા વત્તે-ઓછે અંશે જોવા મળે છે. લોકસાહિત્ય, લોકસંગીત અને લોકનૃત્ય આ ત્રણેય ભારતના વિવિધ પ્રદેશોમાં પોતાની આગવી ઓળખ ધરાવે છે. દા.ત., ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ વિસ્તારની લોકકથા, લોકવાર્તાઓ, લોકગીત, આખ્યાનો, છંદ, દુહા વગેરે. સામાન્ય રીતે કોઈ વીરકથા, સતીકથા, ધાર્મિક કથા રજૂ થતી. એવી જ રીતે રાજસ્થાન, ગુજરાતમાં ભવાઈ ઉત્તરપ્રદેશમાં નૌટંકી, બંગાળમાં બાઉલ, મહારાષ્ટ્રમાં ભારંડ, મધ્યપ્રદેશમાં પંડવા જેવાં લોકનાટકોનું ખૂબજ આકર્ષણ ગ્રામ સમુદાયમાં રહેતું. કઠપૂતળીનો ખેલ, મલ્લનો ખેલ અને મદારીના ખેલ વગેરે મનોરંજન મેળવવાનાં પરંપરાગત સમૂહ મધ્યમો છે. આ માધ્યમ દ્વારા લોકોને મનોરંજન ઉપરાંત નૈતિક મૂલ્યો અને જ્ઞાન મળતું. વર્તમાન સમયમાં આધુનિક સંચાર માધ્યમોના વિકાસને લીધે તેમાં ઓટ આવી છે.

આ પરંપરાગત માધ્યમો આમ તો પારસ્પરિક પ્રત્યક્ષ માધ્યમ હતાં, તેમાં યંત્રવિજ્ઞાન કે ટેક્નોલૉજીનો અભાવ હતો. ગ્રામજનો સામાજિક, ઐતિહાસિક, ધાર્મિક પ્રસંગોને લઈને મનોરંજન સાથે ભાવાત્મક અને નૈતિક

મૂલ્યો પોતાની લોકકલા દ્વારા રજૂ કરતા. ટેલિવિઝનના કારણે ગ્રામ સમુદાયમાં પરંપરાગત માધ્યમ મોટે ભાગે અસ્ત પામી રહ્યાં છે.

**(2) આધુનિક સમૂહ સંચાર માધ્યમો :** આ સમૂહ માધ્યમોને બે ભાગમાં વહેંચી શકાય :

**(અ) મુદ્રિત માધ્યમો :** વર્તમાનપત્ર, પુસ્તકો, સામયિકો, પોસ્ટર, હોર્ડિંગ, ચોપાનિયાં

**(બ) વીજાણુ માધ્યમો :** રેડિયો, ફોટોગ્રાફી, ફિલ્મો, ટેલિવિઝન, કમ્પ્યૂટર, મોબાઇલ, ઇન્ટરનેટ

હવે આપણે આ બંને પ્રકારના સંચાર માધ્યમોની વિસ્તૃત સમજ મેળવીએ.




**સામાજિક માધ્યમો**

**(અ) મુદ્રિત માધ્યમો :**

જર્મનીમાં 1440માં ગુટેન બર્ગે છાપકામની ટેક્નોલૉજી એટલે કે પ્રિન્ટિંગ પ્રેસનો વિકાસ કર્યો. ત્યારથી એક સાથે હજારો આવૃત્તિઓમાં છાપકામની શરૂઆત થઈ. પ્રારંભમાં નાના ચોપાનિયાં સ્વરૂપમાં સમાચાર છાપીને વર્તમાનપત્ર શરૂ કરવામાં આવ્યા. ધીમે ધીમે આ વર્તમાનપત્રો દૈનિક વર્તમાનપત્ર સ્વરૂપમાં રજૂ થયા તેમજ તે સમયે હસ્તલિખિત પુસ્તકો પણ છપાવા લાગ્યા. માટે એમ કહી શકાય કે યંત્રવિજ્ઞાન અને ટેક્નોલૉજીની સાથે આધુનિક યુગની શરૂઆત થઈ. ભારતમાં વર્તમાનપત્રની શરૂઆત 18મી સદીના ઉત્તરાર્ધમાં જાન્યુઆરી 1780માં જેમ્સ અગસ્ત હાકીને અંગ્રેજી ભાષામાં બંગાળ ગેઝેટને સાપ્તાહિક સ્વરૂપે પ્રકાશિત કર્યું ત્યારથી થઈ હતી. ભારતનું સૌપ્રથમ દૈનિક વર્તમાનપત્ર કલકત્તા ગેઝેટ હતું. સ્વતંત્ર ભારતમાં યુનાઇટેડ ન્યૂઝ ઑફ ઇન્ડિયા નામની એક કંપની સ્થાપવામાં આવી. તેનું કાર્ય સમાચાર આપવાનું છે. 27 ઑગસ્ટ, 1947માં પ્રેસ ટ્રસ્ટ ઑફ ઇન્ડિયા (પી. ટી. આઇ.)ની સ્થાપના કરવામાં આવી. આ સમાચારપત્રો આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય, પ્રાદેશિક અને સ્થાનિક એમ ચાર કક્ષાએ રજૂ થયા. જેમાં સ્થાનિક કક્ષાથી શરૂ કરી આંતરરાષ્ટ્રીય કક્ષા સુધીની તમામ ઘટનાઓ અને વિગતો પ્રકાશિત કરવામાં આવતી; પરંતુ નિરક્ષરતા છે ત્યાં આ મુદ્રિત માધ્યમો ઓછાં અસરકારક બની શકે છે.

વળી, મુદ્રિત માધ્યમોમાં પાઠ્યપુસ્તકો, ધાર્મિક ગ્રંથો, નવલકથાઓ, કાવ્યો, નાટકો વગેરે મહત્ત્વની ભૂમિકા ભજવે છે. હાલ કમ્પ્યૂટર સાથે જોડાયેલ ડિજિટલ ટેક્નોલૉજીને કારણે બીબાપ્રિન્ટિંગ ટેક્નોલૉજીનો અંત આવી ગયો છે. ડિજિટલ ટેક્નોલૉજીને કારણે વિવિધ પ્રકારનાં પ્રિન્ટર, ફોટોકૉપી મશીન વગેરે દ્વારા પ્રિન્ટિંગ ઘણું સરળ અને ઝડપી થવા લાગ્યું છે. ટેલિવિઝન, કમ્પ્યૂટર, ઇન્ટરનેટ, સ્માર્ટફોન વગેરેને કારણે વર્તમાનપત્રો, પુસ્તકો, સામયિકોના વાંચનના પ્રમાણમાં ઘણો ઘટાડો જોવા મળે છે.

**(બ) વીજાણુ માધ્યમો :** વીજાણુ સમૂહ સંચાર માધ્યમો ઇલેક્ટ્રોનિક માધ્યમોથી ઓળખાય છે. જેમાં રેડિયો, ફોટોગ્રાફી, ફિલ્મો, ટેલિવિઝન, કમ્પ્યૂટર, મોબાઇલ, સ્માર્ટફોન વગેરેનો સમાવેશ થાય છે.

**(1) રેડિયો :** રેડિયોનો આવિષ્કાર 1921માં ઇટાલીના વૈજ્ઞાનિક માર્કોનીએ કર્યો હતો. આકાશવાણીનું સૌપ્રથમ કેન્દ્ર ઇંગ્લૅન્ડમાં સ્થપાયું. ભારતમાં રેડિયો પ્રસારણનો પ્રારંભ 1923માં ખાનગી સ્વરૂપે મુંબઈમાં કલબ રેડિયો સ્વરૂપે થયો. ત્યાર બાદ 1927માં રેડિયોનો પ્રારંભ મુંબઈ અને કોલકાતામાં બે સરકારી ટ્રાન્સમીટરની સ્થાપના દ્વારા થયો. 1930માં આ રેડિયો સ્ટેશનનું સંચાલન અને નિયંત્રણ સરકાર દ્વારા કરવામાં આવ્યું અને તેનું ભારતીય પ્રસાર સેવા નામ આપવામાં આવ્યું. 1936માં આ નામ બદલીને ઓલ ઇન્ડિયા રેડિયો કરવામાં આવ્યું. ત્યાર બાદ 1957થી ભારતમાં તે આકાશવાણી તરીકે જાણીતું છે. તેનું ભારતના સૂચના અને પ્રસારણ મંત્રાલય દ્વારા સંચાલન કરવામાં આવે છે. વર્તમાન ભારતમાં કુલ 187 રેડિયો સ્ટેશન અને 180 રેડિયો ટ્રાન્સમીટર દેશનો કુલ 83 % વિસ્તાર અને 96 % જનસંખ્યાને આવરી લે છે.

ભારતના દુર્ગમ અને અંતરિયાળ ભાગમાં રેડિયો અસરકારક માધ્યમ છે. રેડિયો દ્વારા પ્રસારિત કાર્યક્રમને લીધે કૃષિ, પશુપાલન, મત્સ્ય ઉદ્યોગો, મરઘાઉદ્યોગોને લગતી માહિતીએ વિકાસ અને પરિવર્તન લાવવામાં ભાગ ભજવ્યો છે. વળી, યુવાનો, મહિલાઓ, બાળકો, આદિવાસીઓ વગેરેને લગતા કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવે છે. વિવિધ ભાષામાં સમાચારો, કોમેન્ટ્રી સહિત મનોરંજક કાર્યક્રમો પ્રસારિત કરવામાં આવે છે. પહેલાંના સમયમાં રેડિયો રાખવા માટે લાયસન્સ રાખવું પડતું, હાલ ટેક્નોલૉજીની ક્રાંતિને લીધે એફ. એમ. રેડિયો આવતા પ્રસારણ પ્રક્રિયા અને કાર્યક્રમોનું સ્વરૂપ બદલાયું છે.

**(2) ફોટોગ્રાફી :** અમેરિકાના જ્યોર્જ ઈસ્ટમૅને 1888માં કોડેક બૉક્સ કૅમેરાની શોધ કરી. શરૂઆતમાં કૅમેરા રોલના ઉપયોગથી બ્લેક એન્ડ વ્હાઇટ અને ત્યાર બાદ કલર ફોટોગ્રાફી કરવામાં આવતી. હવે સ્માર્ટ ફોન અને ડિજિટલ કૅમેરાથી ફોટોગ્રાફી થાય છે. સમાજના પ્રત્યેક તબક્કે ફોટોગ્રાફી મહત્ત્વની બની છે.

**(3) ચલચિત્રો કે સિનેમા :** ચિત્રોને ગતિ આપીને દૃશ્યો દર્શાવવાની પ્રક્રિયાને ચલચિત્ર કહે છે. આ ચલચિત્રની ટેક્નોલૉજી શોધવાનું શ્રેય થોમસ આલ્વા એડિસનને જાય છે. ભારતમાં સૌપ્રથમ 7 જુલાઈ, 1896માં પ્રથમ ફિલ્મ પ્રદર્શિત થઈ. ભારતીય ચલચિત્રોમાં દાદાસાહેબ ફાળકેનું પ્રદાન નોંધપાત્ર હોવાથી તેમના નામે આજે પણ ભારતીય ફિલ્મજગતનો પ્રસિદ્ધ એવૉર્ડ એનાયત કરવામાં આવે છે. ભારતીય ફિલ્મ ડિવિઝનની સ્થાપના 1948માં મુંબઈમાં થઈ. 1952માં ફિલ્મ સેન્સર બોર્ડનું ગઠન કરવામાં આવ્યું. ભારતની કોઈ ફિલ્મને સાર્વજનિક કરતાં પહેલાં આ સેન્સરબોર્ડનું પ્રમાણપત્ર આપવામાં આવે છે. સમાજજીવનનાં વિવિધ પાસાંનું નિરૂપણ ફિલ્મોમાં કરવામાં આવે છે. આથી આજે પણ ભારતીય ફિલ્મજગત સમાજમાં આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. હાલ સિનેમાના નવા સ્વરૂપે મલ્ટિપ્લેક્સ સિનેમાગૃહનો ઉદય થયો છે; પરંતુ ટેલિવિઝન, કમ્પ્યૂટર, ઇન્ટરનેટ, કોમ્પેક્ટ ડિસ્ક (સી.ડી), ડિજિટલ વર્સેટાઇલ ડિસ્ક (ડી.વી.ડી) અને પેનડ્રાઇવનું પ્રચલન વધતાં સિનેમાગૃહમાં ફિલ્મ જોવાનું પ્રમાણ ઘટી રહ્યું છે.

**(4) ટેલિવિઝન :** ટેલિવિઝન એ આધુનિક યુગનો અદ્ભુત અને અકલ્પનીય આવિષ્કાર છે. આ દૃશ્ય–શ્રાવ્ય માધ્યમનો આવિષ્કાર ઈ.સ. 1926માં ઇંગ્લૅન્ડના વૈજ્ઞાનિક જોન એલ. બેયર્ડે કર્યો હતો. ભારતમાં દૂરદર્શનનો પ્રારંભ 15 સપ્ટેમ્બર, 1959માં દિલ્હીમાં પ્રાયોગિક ધોરણે થયો હતો. 1972માં ટી.વી. કેન્દ્રની શરૂઆત થઈ. 1982માં ભારતના યજમાન પદે યોજાયેલ એશિયાડ રમતમહોત્સવનું રંગીન ટેલિવિઝન પ્રસારણ શરૂ થયું. દૂરદર્શનનો મુખ્ય ઉદ્દેશ ગ્રામવિકાસ, કૃષિવિકાસ, શિક્ષણ, જનજાગૃતિ માટે માહિતી આપી રાષ્ટ્રિય વિકાસ કરવાનો હતો; પરંતુ 1985 પછી ખાનગી ચેનલોનો પ્રવેશ થતાં તેના મનોરંજન કાર્યક્રમોની અસર સમગ્ર ભારતમાં છવાઈ ગઈ. હાલમાં 800થી વધુ ચેનલો દ્વારા કાર્યક્રમો પ્રસારિત કરવામાં આવે છે. હાલ ટેલિવિઝન દરેક પરિવારનું અભિન્ન અંગ બની ગયું છે.

**(5) કમ્પ્યૂટર :** આજનો યુગ કમ્પ્યૂટર યુગ છે. જ્હોન મોચેલ અને જે. પી. ઍકર્ટ દ્વારા 1946માં ડિજિટલ કમ્પ્યૂટર શોધવામા આવ્યું કમ્પ્યૂટર એવું સાધન છે, કે જે માહિતી સ્વીકારે છે, સંગ્રહ કરે છે, પૃથક્કરણ કરે છે અને વિવિધ સ્વરૂપે માહિતી પાછી મોકલી શકે છે. આજે ભારતમાં તમામ ક્ષેત્રમાં કમ્પ્યૂટરનો ઉપયોગ અનિવાર્ય બન્યો છે. તેથી કમ્પ્યૂટર શિક્ષણ અનિવાર્ય બન્યું છે.

**(6) ઇન્ટરનેટ :** ઇન્ટરનેટ એટલે વિશ્વનું સૌથી મોટું જાળું જે સંખ્યાબંધ કમ્પ્યૂટર અને મોબાઇલને એકબીજાથી જોડે છે. જેને ઇન્ટરનેટ નેટવર્ક પણ કહેવામાં આવે છે. આ નેટવર્કથી દ્વિતરફી માહિતીની આપ-લે થાય છે. ભારતમાં ઇન્ટરનેટની શરૂઆત 15 ઑગસ્ટ 1995ના રોજ થઈ હતી. વ્યક્તિ આંગળીના ટેરવાથી આખી દુનિયાનાં તમામ પાસાંનું જ્ઞાન મેળવી શકે છે, અને દુનિયાના કોઈ પણ ખૂણે કોઈ પણ માહિતી મોકલવી હોય તો મોકલી શકાય છે. વર્લ્ડ વાઇડ વેબ(WWW - World Wide Web) ઇન્ટરનેટ કમ્પ્યૂટર અને સ્માર્ટફોન સાથે જોડાતા અકલ્પનીય ઉપયોગ થવા લાગ્યો છે. ઇન્ટરનેટ પર માહિતી કે સેવા આપતા કમ્પ્યૂટરને ઇન્ટરનેટ સર્વર કહે છે. ઇન્ટરનેટ પર દુનિયાભરના હજારો સર્વર એક વિશાળ જાળથી જોડાયેલ છે. આ રચનાને વર્લ્ડ વાઇડ વેબ કહે છે. જુદી જુદી વેબસાઈટ દ્વારા વિવિધ પ્રકારની માહિતી ક્ષણભરમાં ઉપલબ્ધ થાય છે. ઇ-ગવર્નન્સ, ઈ-બૅકિંગ, ઈ. શૉપિંગ, ઈ. કૉમર્સ વગેરેનો ઉપયોગ વધવા લાગ્યો છે. આ ઉપરાંત શિક્ષણ, આરોગ્ય, રેલવે, હવાઈમુસાફરી, મનોરંજન વગેરેમાં ઇન્ટરનેટનું પ્રાધાન્ય વધતું જાય છે.

**(7) મોબાઇલ :** ભારતમાં 15 ઑગસ્ટ, 1995ના રોજ મોબાઇલ સેવાનો પ્રારંભ થયો. હાલ સ્માર્ટફોન યુવા જગતનું આકર્ષણ બન્યો છે. મોબાઇલમાં વિવિધ પ્રકારની એપ્લિકેશનના માધ્યમથી માહિતી અને મનોરંજન સરળ અને તે જ ક્ષણે તે ઉપલબ્ધ બન્યા છે.

**સમૂહ માધ્યમોની અસરો :**

સમૂહમાધ્યમોએ સમાજજીવન, શિક્ષણ, આરોગ્ય, આર્થિક, કલા અને રમતગમત ક્ષેત્ર, મનોવૈજ્ઞાનિક અને રાષ્ટ્રીય એકતાનાં ક્ષેત્રે અસરો ઉપજાવી છે, જે નીચે મુજબ જોઈ શકાય :

**(1) સામાજિક જીવન પર અસરો :**

કુંટુંબ, લગ્ન, જ્ઞાતિ અને સાંસ્કૃતિક પાસાંના સંદર્ભમાં સમૂહ માધ્યમોની અસરો નીચે મુજબ જોવા મળે છે :

• **કુટુંબજીવન પર અસરો :** સમૂહ માધ્યમોને લીધે કુટુંબવાદને બદલે વ્યક્તિવાદ ઊભો થયો છે. પુરુષો કે વડીલોની સત્તામાં પરિવર્તન આવ્યું છે. સમૂહ માધ્યમોમાં દર્શાવાતા કાર્યક્રમો અને ધારાવાહિકોની અસર કૌટુંબિક સંબંધો ઉપર પડતી જોવા મળે છે. પતિ-પત્નીના સંબંધોમાં સત્તા અને તાબેદારીને બદલે સમાનતા અને ઉદારતા તથા સ્વતંત્રતાના ખ્યાલો વિકસતા જાય છે. કૌટુંબિક સંબંધોમાં લોકશાહીપૂર્ણ વાતાવરણ વધતું જાય છે. વિવિધ માધ્યમોની અસરને લીધે પ્રાપ્ત માહિતીને કારણે શિક્ષણની અનેક તકો વધતી જાય છે, જેને લીધે બાળકો સ્વતંત્ર રીતે પોતાની શૈક્ષણિક કારકિર્દી બનાવી શકવા સમર્થ બને છે. દીકરી અને દીકરાના જન્મ, ભેદભાવ કે ઉછેરમાં સમૂહ માધ્યમોએ નવી જાગૃતિ ઊભી કરી છે. સમૂહ માધ્યમોમાં આવતી જાહેરાતોને લીધે કુટુંબમાં વિવિધ સભ્યોને આજીવિકાની તક મળતાં સ્થળાંતર વધ્યું છે; પરંતુ માધ્યમોને લીધે રોજબરોજનો સંપર્ક પણ ચાલુ રહે છે. સમૂહ માધ્યમોએ કૌટુંબિક જીવન પ્રણાલી ઉપર હકારાત્મક અને નકારાત્મક અસરો નીપજાવી છે.

• **લગ્ન વ્યવસ્થા :** સમૂહ માધ્યમોએ લગ્ન માટે જીવનસાથીની પસંદગીમાં કુટુંબના વડીલોને ગૌણ અને લગ્ન કરનારાં યુવક-યુવતીને પાયાનું સ્થાન અપાવ્યું છે. તેથી લગ્ન પહેલાં એકબીજાની મુલાકાત દ્વારા યુવક-યુવતીની ઉંમર, દેખાવ, શિક્ષણ, વ્યવસાય, સ્વભાવ અને કુટુંબ વગેરે બાબતોને મહત્વ આપી જીવનસાથીની પસંદગી કરે છે. આમ, સ્વપસંદગી પુખ્તવયે લગ્ન, બાળલગ્ન વિરોધ, લગ્નમાં દહેજ ના લેવું જોઈએ વગેરે વલણો સમૂહ માધ્યમો ઘડી રહ્યાં છે. સાથે લગ્નમાં યુવક–યુવતીના ગુણ કરતા મંડપ કે ભોજનના ઠાઠમાઠના ખર્ચમાં વધારો કરવા આ માધ્યમો પ્રેરી રહ્યાં છે. પતિ-પત્નીએ સહજીવન બંધબેસતું ન હોય તો પડ્યું પાનું નિભાવી લેવું એ ખ્યાલ દૂર થઈ રહ્યો છે. એટલે છૂટાછેડાથી લગ્નજીવનનો અંત લાવીને નવા જીવન માટે માર્ગ મોકળો કરવામાં સમૂહ માધ્યમોની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહી છે.

• **જ્ઞાતિ વ્યવસ્થા :** જ્ઞાતિના કોટિક્રમ, ખાનપાન, વ્યવસ્થા અને નાગરિક તથા ધાર્મિક અસમર્થતાની બાબતમાં ગાંધીજી કે ડૉ. બાબાસાહેબ આંબેડકરની અસ્પૃશ્યતા સામેની લડતમાં મુદ્રિત માધ્યમોએ ઘણો ફાળો આપ્યો હતો. ત્યાર બાદ ભારતના બંધારણ અને કાયદાથી ભેદભાવ દૂર કરવામાં આ માધ્યમો મદદરૂપ થયા. આધુનિક માધ્યમોએ ખાનપાન, વ્યવસાય તથા નાગરિક હકોની ભેદભાવવાળી પ્રણાલીને ઉખેડીને ફેંકી દીધી છે. આંતરજ્ઞાતીય લગ્નોને પ્રોત્સાહન આપી રહ્યાં છે. વ્યક્તિ કે કુટુંબ ઉપર જ્ઞાતિની મજબૂત પકડ ઢીલી પાડવામાં સમૂહ માધ્યમોની ભૂમિકા મહત્ત્વની બની રહી છે.

• **સંસ્કૃતિ :** ભારતીય સમાજ અનેક ધાર્મિક સંપ્રદાયો ધરાવતો દેશ છે. આ સંપ્રદાયોમાં અનેક વિધિ-વિધાનો, માન્યતાઓ, શ્રદ્ધાઓ, વહેમ અને અંધશ્રદ્ધાઓ જોવા મળે છે. જેમાં સમૂહ માધ્યમો ઘણાં વિધિ-વિધાન, માન્યતાઓ કે અંધશ્રદ્ધાઓ વિશે વૈજ્ઞાનિક જ્ઞાન આપીને લોકોને જાગૃત કરે છે. સાથે આ માધ્યમો શ્રદ્ધાઓ, માનવધર્મ અને યોગનો પ્રચાર પણ કરે છે. વળી, જન્મદિનની ઉજવણી, મેરેજ એનિવર્સરી, વિવિધ તહેવારો કે ઉત્સવોની ઉજવણી સમૂહ માધ્યમો ખૂબ ઠાઠમાઠથી ઊજવવા પ્રેરે છે. દીકરીના જન્મને આવકારવા સમૂહ માધ્યમો પ્રોત્સાહન આપી રહ્યાં છે. મૃત્યુના પ્રસંગોમાં પણ લાંબા અને ઊંડા શોક અને વિચિત્ર રિવાજોને માત્ર બેસણામાં ફેરવવાનું કાર્ય આ સમૂહ માધ્યમો દ્વારા થાય છે.

**(2) ભૌતિક વસ્તુઓના ઉત્પાદન અને સેવાઓનો પ્રચાર :**

મુદ્રિત માધ્યમ અને વીજાણુ માધ્યમોમાં વિવિધ ચીજવસ્તુની ખરીદી કરવા પ્રેરતા વારંવારના વિજ્ઞાપનોને કારણે લોકોને આ ચીજવસ્તુઓ તરફ આકર્ષવા અને તેની ખરીદી કરવા કે ઉપભોગ કરવા પ્રેરે છે. ગૃહ ઉપયોગી એવાં ઈલેક્ટ્રિક ફ્રિજ, વૉશિંગ મશીન, મિક્સર, કુલર, વેક્યુમક્લિનર, વૉટર પ્યુરિફાયર અને ઈલેક્ટ્રોનિક કમ્પ્યૂટર, ટેલિવિઝન, મોબાઈલ, ઘર-વપરાશની ચીજવસ્તુ જેવી કે હેરઑઈલ, સાબુ, પાવડર, ટૂથપેસ્ટ, મરીમસાલા, કાપડ, ફર્નિચર, વાહનો ઉપરાંત વીમા, બૅન્કની સેવાઓ વગેરે વિજ્ઞાપનોને કારણે લોકો વિવિધ ચીજવસ્તુઓથી પરિચિત બને છે, અને પસંદગીની તક મળે છે. આમ, સમૂહ માધ્યમોમાં આવતી વિજ્ઞાપનોએ લોકોમાં નવી જરૂરિયાતો પેદા કરી છે. વિવિધ કંપનીઓ પોતાના ઉત્પાદન સંબંધી વિજ્ઞાપનો દ્વારા લોકોને પોતાના ઉત્પાદનોનો ઉપભોગ કરવા તરફ દોરી જાય છે. ગ્રાહક તે વસ્તુ ખરીદવા તરફ આકર્ષાય તે માટે એક વસ્તુ સાથે વસ્તુ કે ભેટ, આકર્ષક ઑફર,

હપ્તા પદ્ધતિ, શૂન્ય ડાઉનપેમેન્ટ, શૂન્ય ટકા વ્યાજ જેના જાહેર વિજ્ઞાપનથી ગ્રાહકોને આકર્ષે છે. હાલ સમાજમાં યુઝ એન્ડ થ્રોનો ખ્યાલ પ્રચલિત બની રહ્યો છે. એટલે એમ કહી શકાય કે સમૂહ માધ્યમોએ ઉપયોગિતાવાદ કે ગ્રાહકવાદ ઊભો કર્યો છે. વ્યક્તિ પાસે દેવું કરાવીને પણ વસ્તુ ખરીદવા સમૂહ માધ્યમો પ્રેરે છે.

**(3) શિક્ષણ ક્ષેત્રે પ્રભાવ :**

સમૂહ–સંચાર માધ્યમો સામાજિક વિકાસ માટે અગત્યનાં સાધનો છે. શિક્ષણનું મહત્ત્વ સમજાવતાં પ્રત્યક્ષ કે પરોક્ષ વિવિધ કાર્યક્રમો કે વિજ્ઞાપન નિરક્ષરતા નિવારવામાં ફાળો આપે છે. ટેલિવિઝને શિક્ષણ, કૃષિ, વિજ્ઞાન, ટેક્નોલૉજી માટે વિશેષ ચેનલો અને વિશેષ કાર્યક્રમો ચાલુ કરેલ છે. દૃશ્ય અને શ્રાવ્ય દ્વારા પ્રાયોગિક પદ્ધતિથી વર્ગમાં અસરકારક રીતે તમામ વિષયમાં ખૂબ જ ઊંડાણમાં જ્ઞાન આપી શકે છે. આ માટે ડિસ્કવરી, નેશનલ જોગ્રોફીક, હિસ્ટ્રી, ગુજરાત સરકારની બાયસેગ-16 ચેનલો, દૂરદર્શન યુ.જી.સી.ના કાર્યક્રમો વગેરે ઉત્તમ ઉદાહરણો છે. તેવી જ રીતે વિવિધ જ્ઞાનવર્ધક ટી.વી. શો, ક્વીઝ વગેરેથી જ્ઞાનમાં વધારો કરે છે. કમ્પ્યૂટર અને મોબાઈલમાં વિવિધ વેબસાઈટ કે ઈ-બુકથી શિક્ષણના પાઠ વિદ્યાર્થી અને શિક્ષકો ભણે છે. હવે કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાં ઈન્ફર્મેશન-કોમ્યુનિકેશન ટેક્નોલૉજી અનિવાર્ય બની છે. સ્માર્ટબોર્ડ અને પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન શિક્ષણ માટે અનિવાર્ય માધ્યમ બન્યું જેના દ્વારા શિક્ષકને ભણાવવામાં અને વિદ્યાર્થીને સમજાવવામાં ખૂબ સરળતા રહે છે. સમૂહ માધ્યમો ટ્રાફિકના નિયમો, મતદાર જાગૃતિ, વૃક્ષારોપણ, પ્રદૂષણ, વ્યસનો, રક્તદાન, ચક્ષુદાન, ઊર્જા બચાવો, પાણી બચાવો વગેરે નાગરિક જાગૃતિનું શિક્ષણ આપે છે.

**(4) આરોગ્યના સ્તરમાં પ્રભાવ :**

સમૂહ–સંચાર માધ્યમો આરોગ્ય અંગેની કાળજી લેવામાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અપનાવવામાં મદદ કરે છે. આહાર, પોષણ, વ્યસનો, વિવિધ રોગો અંગે જાગૃતિ અને તેની વૈજ્ઞાનિક જાણકારી આપે છે. તેનાથી લોકોના આરોગ્યમાં સુધારો થાય છે. તેવી રીતે કુટુંબકલ્યાણ, બાળકલ્યાણ, માતૃકલ્યાણ અને બાળઉછેર અંગે સમૂહ માધ્યમો સીધી કે આડકતરી રીતે વૈજ્ઞાનિક માહિતી આપે છે. તેનાથી વસ્તીની ગુણવત્તામાં સુધારો થાય છે. વસ્તી નિયંત્રણ કરવામાં મદદરૂપ થાય છે. વિવિધ માધ્યમો  ટેલિવિઝન ચેનલો અને ઈન્ટરનેટ દ્વારા વિવિધ પ્રકારના રોગો અને તેના ઉપચારો અંગેની માહિતી મળે છે. વળી એચ.આઈ.વી.-એઈડ્સ, સ્વાઈન ફ્લ્યુ, મેલેરિયા, ટી.બી., કૅન્સર, પોલિયો વગેરે રોગો અંગેની માહિતી અને તેના ઉપચારનો પ્રસાર વધ્યો છે. આજકાલ 'સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત' નું સૂત્ર સમૂહ માધ્યમો દ્વારા અસરકારક બન્યું છે.

**(5) આર્થિક ક્ષેત્રે પ્રભાવ :**

ભારત જેવા  વિકસિત સમાજમાં ખેતીની આધુનિક પદ્ધતિઓ, રાસાયણિક ખાતર, સુધારેલ બિયારણ, પાક સંરક્ષણ વગેરેને લગતા કાર્યક્રમો દ્વારા ખેડૂતોને ખેતીને લગતું વૈજ્ઞાનિક જ્ઞાન મળી શકે છે. તેનાથી ખેડૂત ગુણવત્તાવાળો પાક મેળવી શકે છે. પાકવીમો, બજારભાવ, વેચાણ, હવામાન વગેરેની માહિતી મેળવી શકે છે. મોબાઈલમાં મેસેજ દ્વારા ખેડૂતોને પાકમાં થતા રોગો, જંતુનાશક દવાનો છંટકાવ, નીંદામણની દવા વગેરે ખેતીવિષયક માહિતી મળી રહે છે. તેનાથી ખેડૂત પોતાનો પાક સારી રીતે પકવીને સારી કમાણી કરી શકે છે.

મોટા ઉદ્યોગો, લઘુઉદ્યોગો, કુટિરઉદ્યોગો, ગૃહઉદ્યોગ માટે કયા સ્થળે, કેટલી લોન, સબસીડી વગેરે તથા શૅરબજાર, અન્ય વેપાર, રોકાણ, બૅન્કિંગ, શાકભાજી, સોના–ચાંદી, અનાજ-કરિયાણા જેવા બજારભાવની માહિતી સમૂહ માધ્યમો આપે છે. તેથી વ્યક્તિઓને રોજગારી અને કમાણી કરવામાં મદદ મળે છે. અગાઉ જણાવ્યા મુજબ વ્યવસાયિક વિજ્ઞાપનો પણ ધંધા અને રોજગારીમાં પ્રોત્સાહન આપે છે. સાથે એ પણ નોંધવું જોઈએ કે આર્થિક છેતરપિંડી, ક્રિકેટ સટ્ટો, અનૈતિક-વ્યવસાયો વગેરેને પણ સમૂહ માધ્યમો વેગ આપે છે.

**(6) કલા અને રમતગમત ક્ષેત્રમાં પ્રભાવ :**

વર્તમાનપત્ર અને સામયિકોમાં વિવિધ કલા જગતના લેખ આવતા હોય છે. આથી લોકોને હસ્તકલા અને લોકકલા જેવી કે લોકગીત, લોકસંગીત, ચિત્રકલા, ભરતગૂંથણની કલા વગેરેમાં રસ જાગૃત થાય છે. રેડિયો–ટેલિવિઝન ઉપર આવતા વિવિધ લોકસંગીત, શાસ્ત્રીય નૃત્ય, સંગીતના કાર્યક્રમો, વિવિધ સંગીત, નૃત્ય, કોમેડી અભિવ્યક્તિની સ્પર્ધાઓ પણ લોકોનાં કૌશલ્યો વિકસાવવા અને કારકિર્દી ઘડવામાં મદદ કરે છે. ફિલ્મ ટેલિવિઝનની વિજ્ઞાપનો, સિરિઅલ, ફિલ્મોમાં અભિનય કલા અને નાટ્યકલા વિકસાવવા માટે પ્રોત્સાહિત કરે છે.

ટેલિવિઝન જેવા સમૂહ માધ્યમમાં રમતગમતની વિશેષ ચેનલો દ્વારા ઓલિમ્પિક, એશિયાડ, કોમનવેલ્થ કે રાષ્ટ્રીય

રમતોનું અને ક્રિકેટ, કબડ્ડી જેવી રમતોના જીવંત પ્રસારણથી લોકોનો રમતગમતમાં રસ વધી રહ્યો છે.

**(7) મનોવૈજ્ઞાનિક અને અંગત અસરો :**

વ્યક્તિના વિચારો, માન્યતાઓ, ટેવો, આવડત, પદ્ધતિઓ કે વર્તન બદલીને વ્યક્તિનો વ્યક્તિત્વ વિકાસ કરવામાં સમૂહ માધ્યમોનો ફાળો અગ્રગણ્ય છે. આ માધ્યમો પ્રેરક વ્યક્તિઓના ઇન્ટરવ્યૂ કે જીવન પ્રસંગો દ્વારા સામાન્ય માનવીને પણ જીવન જીવવામાં આગળ વધવાની પ્રેરણા પૂરી પાડે છે. વ્યક્તિને સમૂહ માધ્યમો પ્રેરણા, પ્રોત્સાહન, સંઘર્ષ, સાહસનાં ઉદાહરણ પૂરાં પાડીને વ્યક્તિની કારકિર્દી ઘડતરમાં મદદરૂપ થાય છે. વ્યક્તિને ખાનપાન, બેસવા-ઊઠવાની, રહેણીકરણી, ખોરાક બનાવવાની, સાચવવાની, પીરસવાની વગેરે રીતો શીખવે છે.

સમૂહ માધ્યમોએ માનવ જીવન પર હકારાત્મક અને નકારાત્મક અસરો ઉપજાવી છે. વળી ટીવી સિરિઅલોમાં દર્શાવાતું વૈભવી અને વિલાસી જીવન વાસ્તવિક જિંદગીમાં આભાસી ચિત્ર રજૂ કરે છે. ઘણી વખત વ્યક્તિ મહત્ત્વાકાંક્ષી, ઈર્ષાળુ, અધીરો, તનાવપૂર્ણ, વિચારશૂન્ય, વિવેકશૂન્ય, ગણતરીબાજ બની જાય છે. તેનું પરિણામ નિષ્ફળતામાં આવે તો, તે હતાશા, નિરાશા, વ્યગ્રતાનાં પરિણામે ઘણી વખત આત્મહત્યા કે સામૂહિક આત્મહત્યાના બનાવો બને છે. પ્રેમની અભિવ્યક્તિ કરતાં દૃશ્યો અને કેટલીક ઇન્ટરનેટની અશ્લીલ વેબસાઈટમાં વાસ્તવિકતા કરતાં વિકૃત દૃશ્યો યુવામાનસ પર ગંભીર અસરો ઉપજાવે છે.

**(8) રાષ્ટ્રીય એકતા અને લોકશાહી મૂલ્યોનો પ્રચાર :**

મુદ્રિત માધ્યમોએ લોકોમાં જાગૃતિ પેદા કરી સ્વતંત્રતા મેળવવામાં અમૂલ્ય ફાળો આપ્યો છે. વર્તમાનપત્રો, સામયિકોમાં આવતા વિવિધ લેખોએ લોકોમાં રાષ્ટ્ર પ્રત્યે ફરજની ભાવના જગાડી છે. રેડિયો કે ટેલિવિઝનમાં આવતી કેટલીક શ્રેણીઓ એકતાસર્જક હોય છે. ક્યારેક વિભિન્ન ચલચિત્રો કે ટી.વી. શ્રેણીઓ જુદાજુદા પ્રદેશ, જાતિના લોકો સંબંધી હોય છે. જેમાં તેઓની વિભિન્ન જીવનશૈલી, વિચાર, માન્યતાઓ વ્યક્ત થતાં હોય છે. જેની અસર નીચે લોકો પોતાનાં સમાજ અને લોકોની જીવનરીતિથી ભિન્ન જીવનરીતિનો સ્વાભાવિક સ્વીકાર કરતાં થાય છે. ટેલિવિઝનની ઐતિહાસિક શ્રેણી જેવી કે રામાયણ, મહાભારત, ચાણક્ય, ચક્રવર્તી અશોક વગેરે દેશાભિમાન અને રાષ્ટ્રીય એકતા વિકસાવવામાં ફાળો આપે છે.

સમૂહ માધ્યમો લોકશાહીના પાયા સમાન મતદાતાઓને મતદાન માટે જાગૃત કરવાનું અને વિવિધ રાષ્ટ્રીય પક્ષોના ચૂંટણી ઢંઢેરાથી પરિચિત કરાવીને કોને મત આપવો એ નિર્ણય કરવાનું કાર્ય કરે છે. સમગ્ર ભારતની લોકસભા, વિધાનસભા કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના સુચારુ આયોજનમાં અને ગેરરીતિ અટકાવવામાં આ માધ્યમો મદદરૂપ થાય છે. ચૂંટણીઓનાં સંભવિત પરિણામ અને વાસ્તવિક પરિણામોને ખૂબ તલસ્પર્શી વિશ્લેષણથી રજૂ કરી લોકોને તેની કાર્યવાહીથી અવગત કરાવે છે. આમ, સમૂહ માધ્યમો રાષ્ટ્રીય એકતા અને લોકશાહીના પાયા મજબૂત કરવામાં આશીર્વાદરૂપ બન્યા છે.

વિદ્યાર્થીમિત્રો, આપણે સંચાર માધ્યમોની સમજ મેળવી. સમૂહ માધ્યમોએ સમાજમાં વિવિધ આંદોલનોને પણ નવી દિશા આપી છે, જેનો અભ્યાસ હવે પછીના એકમમાં કરીશું.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો :**

(1) સંચારનો અર્થ સમજાવી તેની લાક્ષણિકતાઓ સમજાવો.

(2) સંચાર માધ્યમોના પ્રકારોની છણાવટ કરો.

(3) આધુનિક સંચાર માધ્યમોનાં વીજાણુ સાધનોનો ટૂંકો પરિચય આપો.

(4) સમૂહ માધ્યમોની સામાજિક અસરોની વિગતે ચર્ચા કરો.

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :**

(1) આધુનિક સંચાર માધ્યમના પ્રકારો સમજાવો.

(2) પરંપરાગત સંચાર માધ્યમોનો ટૂંકો પરિચય આપો.

(3) કમ્પ્યૂટર વિશે ટૂંકમાં પરિચય આપો.

(4) ઇન્ટરનેટ વિશે ટૂંકમાં પરિચય આપો.

(5) સંચાર માધ્યમોની સમાજજીવન પર અસરો સમજાવો.

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) સંચારની વ્યાખ્યા આપો.

(2) ડેવિડ બર્ગોનું સંચાર મૉડલ સમજાવો.

(3) વર્લ્ડ વાઇડ વેબ (WWW)નો અર્થ સમજાવો.

(4) ભારતની રેડિયો પ્રસારણ સેવાને કયા નામે ઓળખવામાં આવે છે ?

(5) ભારતના રેડિયો અને ટેલિવિઝન પ્રસારણ કયા મંત્રાલય દ્વારા સંચાલિત થાય છે ?

(6) ઓસગુડ અને વિલ્બર શ્રેમનું સંચાર પ્રક્રિયાનું મૉડલ સમજાવો.

**4. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) ગુજરાતીમાં સંચાર માટે અન્ય કયો શબ્દ પ્રયોજવામાં આવે છે ?

(2) વિશ્વમાં સૌપ્રથમ પ્રિન્ટિંગ પ્રેસનો પ્રારંભ ક્યાં, કોણે અને ક્યારે કર્યો ?

(3) પી.ટી.આઈ.નું પૂરું નામ જણાવો.

(4) યુ.એન.આઈ.નું પૂરું નામ જણાવો.

(5) રેડિયો પ્રસારણથી દેશનો કેટલો ભાગ આવરી લેવામાં આવ્યો છે ?

(6) ભારતમાં ખાનગી રેડિયો પ્રસારણ સેવા ક્યારથી શરૂ કરવામાં આવી ?

(7) WWWનું પૂરું નામ જણાવો.

**5. આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી લખો :**

(1) ફિલ્મજગતનો પ્રતિષ્ઠિત એવૉર્ડ કોના નામે આપવામાં આવે છે ? ☐

(અ) દાદા સાહેબ ફાળકે (બ) રાજ કપૂર (ક) પૃથ્વીરાજ કપૂર (ડ) લતા મંગેશકર

(2) ભારતમાં ટેલિવિઝનનો પ્રારંભ ક્યારે થયો ? ☐

(અ) 1959 (બ) 1982 (ક) 1969 (ડ) 1979

(3) ભારતમાં રંગીન ટેલિવિઝનનો પ્રારંભ ક્યારે થયો ? ☐

(અ) 1959 (બ) 1982 (ક) 1969 (ડ) 1979

(4) ડિજિટલ કમ્પ્યૂટરની શોધ ક્યારે થઈ ? ☐

(અ) 1959 (બ) 1946 (ક) 1956 (ડ) 1976

(5) ભારતમાં ઇન્ટરનેટ સેવાનો પ્રારંભ ક્યારે કરવામાં આવ્યો ? ☐

(અ) 15 ઑગસ્ટ, 1995 (બ) 15 ઑગસ્ટ, 1985

(ક) 15 ઑગસ્ટ, 1975 (ડ) 15 ઑગસ્ટ, 2005

(6) ભારતમાં મોબાઇલ સેવાનો પ્રારંભ ક્યારે થયો ? ☐

(અ) 15 ઑગસ્ટ, 1995 (બ) 15 ઑગસ્ટ, 1985

(ક) 15 ઑગસ્ટ, 1975 (ડ) 15 ઑગસ્ટ, 2005

**પ્રવૃત્તિ**

- તમારું ઈ-મેઇલ આઈ.ડી બનાવીને તમારા મિત્રને સંદેશો મોકલો.
- તમારી શાળામાં કયાં કયાં વીજાણુ સાધનોથી શિક્ષણકાર્ય થાય છે તેની નોંધ બનાવી વધારાનાં કયાં સાધનોનો શિક્ષણમાં ઉપયોગ થઈ શકે એની યાદી તૈયાર કરો.
- સ્માર્ટફોન અને ટેલિવિઝનનો દિવસમાં કેટલો સમય ઉપયોગ કરો છો અને આના ઉપયોગથી તમારા શિક્ષણ અને દૈનિકજીવનમાં કઈ કઈ અસરો થાય છે તેની નોંધ કરો.

•

# 7 સામાજિક આંદોલન

**પ્રસ્તાવના**

વિદ્યાર્થીમિત્રો, એકમ-6માં આપણે જોયું કે સમાજ જીવનમાં સમૂહ માધ્યમોની ભૂમિકા મહત્ત્વની છે. કોઈ એક જગ્યાએ બનતી ઘટના ક્ષણભરમાં વિશ્વમાં ફેલાય છે. સામાજિક આંદોલન વિશેની જાણકારી પણ સમૂહ માધ્યમોને લીધે આપણને મળે છે. આ સામાજિક આંદોલનો કોને કહેવાય, કયા-કયા પ્રકારનાં સામાજિક આંદોલનો થયાં છે, આંદોલનનાં લક્ષણો કયા છે અને માનવ સમાજ પર તેની કેવી અસર પડે છે તેની માહિતી આ એકમમાં મેળવીશું.

સામાજિક આંદોલનને સામાજિક ચળવળ તરીકે ઓળખવામાં આવે છે. અંગ્રેજીમાં તેના માટે 'Social Movement' શબ્દ પ્રયોજવામાં આવે છે. સામાજિક ચળવળ કે આંદોલન આખરે તો સમાજમાં થતાં હોવાથી એની પ્રત્યક્ષ કે પરોક્ષ અસર સમાજની વ્યવસ્થા ઉપર પડે છે. આથી આ એકમમાં 'સામાજિક આંદોલન' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

'સામાજિક આંદોલન' શબ્દ 19મી સદીમાં પહેલ-વહેલો વપરાવા લાગ્યો તે સમયે આ શબ્દ અમુક ચોક્કસ અર્થમાં વપરાતો અને આજે આ શબ્દનો ઉપયોગ કિસાન ચળવળ, ખેતમજૂર આંદોલન, યુવક આંદોલન, મજૂર આંદોલન, સ્વાતંત્ર્ય આંદોલન, ભૂદાન ચળવળ, ગુજરાતમાં થયેલું નવનિર્માણ આંદોલન વગેરે અનેક ઘટનાઓ દર્શાવવા માટે થવા લાગ્યો છે.

જુદા-જુદા સમયે અને જુદા-જુદા સંજોગોમાં સમાજના જુદા-જુદા વિભાગો તરફથી રૂઢિગત સંસ્થાઓ કે મૂલ્યોને બદલે નવી વ્યવસ્થાઓ નિર્માણ કરવાની માંગણીઓ રજૂ કરવામાં આવે છે; પરંતુ પરિવર્તનની માંગણીનો પ્રતિકાર કરવામાં આવે છે અને વર્તમાન વ્યવસ્થાઓ, જૂની ટેવો જાળવી રાખવા માટેના પણ પ્રયાસ થાય છે. આમ, એક બાજુ પરિવર્તનની માગણી કરતાં જૂથો અને બીજી બાજુ વર્તમાન વ્યવસ્થા ટકાવી રાખવા માંગતાં જૂથો - આ બંને વચ્ચે કોઈ ને કોઈ સ્વરૂપનો સંઘર્ષ થાય છે. આ ઘટના સામાજિક આંદોલન જન્માવે છે.

આ રીતે જોઈએ તો સામાજિક આંદોલન અજાણતાં જ પેદા થઈ જતી ઘટના નથી. તેની પાછળ સભાનતાપૂર્વકના હેતુઓ રહેલા હોય છે. તેમાં પરિવર્તન માટેની સભાન માગણી રહેલી હોય છે. આંદોલન સાથે વિચારસરણી પણ સંકળાયેલી હોય છે. વિચારસરણી આંદોલનકારીઓના અસંતોષને પ્રગટ કરે છે, સમસ્યાઓના નિવારણનો માર્ગ રજૂ કરે છે અને પરિવર્તનની માગણીનું વાજબીપણું પ્રસ્થાપિત કરે છે.

## સામાજિક આંદોલનનો અર્થ

સામાજિક આંદોલન એ સામાજિક પ્રક્રિયા છે. મોટે ભાગે સામાજિક પરિવર્તન ધીમું અને બિનઆયોજિત હોય છે; પરંતુ લોકોની અપેક્ષાઓ અને દૃષ્ટિકોણ બદલાઈ જતાં કેટલીક વખત પ્રવર્તમાન સમાજનાં 'દૂષણો' દૂર કરવા માટે અને નવી જીવનપદ્ધતિ પ્રસ્થાપિત કરવા માટે લોકોને કોઈક સામૂહિક પગલું લેવાનું જરૂરી લાગે છે; પરંતુ અહીં એ યાદ રાખવું જોઈએ કે લોકોના કામચલાઉ અને છૂટાછવાયા સામૂહિક પગલાંને 'સામાજિક આંદોલન' કહી શકાય નહિ.

જુદા-જુદા સમાજશાસ્ત્રીઓએ 'સામાજિક આંદોલન'ની જુદી-જુદી વ્યાખ્યાઓ આપી છે.

**બ્રુમ અને સેલ્ઝનિક** – 'લોકોનું સામૂહિક પગલું જ્યારે સંગઠિત, લાંબા સમય સુધી ચાલે એવું હોય છે, ત્યારે તેવા સામૂહિક પગલાંને સામાજિક આંદોલન કહેવાય.'

એટલે કે સમાજનાં પ્રવર્તમાન દૂષણો દૂર કરવા માટે અને નવી જીવનપદ્ધતિ પ્રસ્થાપિત કરવા માટે લોકો જ્યારે કોઈ સંગઠિત અને લાંબા સમય સુધી ચાલે એવું સામૂહિક પગલું ભરે ત્યારે તેને 'સામાજિક આંદોલન' તરીકે ઓળખાવી શકાય.

**નિસ્બેત** – 'સામાજિક ચળવળને ચોક્કસ ધ્યેય હોય છે. આ ધ્યેય તે સામાજિક માળખામાં પરિવર્તન લાવવાનું છે.'

સામાજિક આંદોલનના ખ્યાલને વધુ સ્પષ્ટ કરવા સામાજિક આંદોલનનાં લક્ષણો જોઈએ.

## સામાજિક આંદોલનનાં લક્ષણો

**(1)** આંદોલન એ સામાજિક અને લાંબાગાળાની પ્રક્રિયા છે.

(2) આંદોલન સામૂહિકતા ધરાવે છે.

(3) કોઈ પણ આંદોલન ધ્યેયલક્ષી હોય છે.

(4) સામાન્ય રીતે મોટા ભાગનાં આંદોલન ચોક્કસ પ્રકારની વિચારસરણીથી પ્રેરિત હોય છે.

(5) આંદોલન ક્રિયા તરફની અભિમુખતા દર્શાવે છે.

(6) લગભગ બધાં આંદોલનોમાં વ્યક્તિ કે વ્યક્તિઓનું ચોક્કસ પ્રકારનું તાદાત્મ્ય હોય છે.

(7) પ્રત્યેક આંદોલનમાં પોતાની માંગણીઓને રજૂ કરવાની ચોક્કસ પદ્ધતિ હોય છે અને એ માટે અનેક પ્રકારની રીતોનો ઉપયોગ કરવામાં આવે છે.

(8) પ્રત્યેક આંદોલન બદલાવ અને સાતત્યની લાક્ષણિકતા ધરાવે છે.

**સામાજિક આંદોલનોના પ્રકાર**

સામાજિક આંદોલનોને કોઈ એક ચોક્કસ શ્રેણીમાં મૂકવાં ઘણું મુશ્કેલ છે. સામાજિક આંદોલનોને તેની લાક્ષણિકતાઓને આધારે જુદા-જુદા સમાજશાસ્ત્રીઓએ જુદી-જુદી રીતે વર્ગીકૃત કરેલાં છે, તેમ છતાં વિશ્લેષણાત્મક દૃષ્ટિએ જોઈએ તો સામાજિક આંદોલનના ચાર પ્રકાર દર્શાવી શકાય :

(1) સુધારાવાદી સામાજિક આંદોલન (Reformative Social Movement)

(2) ક્રાંતિકારી સામાજિક આંદોલન (Revolutionary Social Movement)

(3) પ્રતિરોધાત્મક સામાજિક આંદોલન (Resistant Social Movement)

(4) વિરોધાત્મક સામાજિક આંદોલન (Protest Social Movement)

હવે આપણે આ ચારેય પ્રકારના આંદોલનની વિસ્તૃત સમજ મેળવીએ.

**(1) સુધારાવાદી સામાજિક આંદોલન :**

વર્તમાન સામાજિક સ્થિતિને સુધારવા માટેનાં આંદોલનને સુધારાવાદી સામાજિક આંદોલન કહે છે.



**સામાજિક આંદોલન**

સુધારાવાદી સામાજિક આંદોલન, સમાજના કોઈ એક પક્ષ કે કેટલાંક ભાગોમાં જ પરિવર્તન લાવે છે. આ પ્રકારના આંદોલનો વર્તમાન સામાજિક વ્યવસ્થા સામે પડકારરૂપ હોતાં નથી; પરંતુ સમાજમાં જે રીતરિવાજો છે તેને ટકાવી રાખવાનો પ્રયત્ન કરે છે. સુધારાવાદી સામાજિક આંદોલન નૈતિકતા સાથે જોડાયેલું હોય છે અને તેની સાથે સામાજિક પ્રતિષ્ઠા જોડાયેલી હોય છે. સમાજના મોટા ભાગના લોકો જે સમસ્યાઓ પ્રત્યે ઉદાસીન હોય છે તેવી સમસ્યાઓ પ્રત્યે લોકોનો જનમત જાગૃત કરવાનો પ્રયત્ન આ પ્રકારનાં આંદોલનો દ્વારા કરવામાં આવે છે. સુધારાવાદી આંદોલનનું કાર્ય સમાજમાં એક આદર્શ પ્રસ્થાપિત કરવાનું હોય છે. આ પ્રકારનાં આંદોલનોમાં નેતા કે સભ્યો મોટા ભાગે એવા લોકો હોય છે, જે આવી સમસ્યાઓના ભોગ બન્યા હોય. સુધારાવાદી આંદોલનો સમાજના લોકોની પરંપરાગત માન્યતાઓ, કર્મકાંડો, વલણો તથા જીવનપદ્ધતિમાં પરિવર્તન લાવવાનું કાર્ય કરે છે. જેમ કે રાજા રામમોહનરૉય દ્વારા સતીપ્રથા તથા બાળલગ્નોનો વિરોધ કરી બ્રહ્મસમાજની સ્થાપના કરી, સમાજના કુરિવાજો ને દૂર કરી સમાજમાં પરિવર્તન લાવવા માટે જ આંદોલન ચલાવાતું હતું. ગુજરાતમાં કવિ નર્મદનું સુધારાવાદી આંદોલન તથા કરસનદાસ મૂળજી તથા મહર્ષિ કર્વેના સ્ત્રી-કેળવણી માટેનાં આંદોલનો આનાં ઉત્તમ ઉદાહરણ કહી શકાય. આ પ્રકારનાં આંદોલનો શાંતિપૂર્વક અને અહિંસક હોય છે.

**(2) ક્રાંતિકારી સામાજિક આંદોલન :**

ક્રાંતિકારી સામાજિક આંદોલન સુધારાવાદી આંદોલન કરતાં બિલકુલ વિરુદ્ધ પ્રકારનાં છે, જે સમાજના કોઈ એક

ક્ષેત્ર કે ભાગમાં પરિવર્તનની હિમાયત નથી કરતાં; પરંતુ સમાજમાં ધરમૂળથી ફેરફારની હિમાયત કરે છે. આ પ્રકારનું આંદોલન સમાજની વર્તમાન વ્યવસ્થાને સ્થાને સંપૂર્ણ નવી જ વ્યવસ્થા સ્થાપવાનો ઉદ્દેશ ધરાવે છે. હર્બટ બ્લૂમર ક્રાંતિકારી આંદોલનની નીચે પ્રમાણે વિશેષતાઓ દર્શાવે છે :

- ક્રાંતિકારી આંદોલન સંપૂર્ણ સામાજિક વ્યવસ્થાનું પુનઃ નિર્માણ કરે છે.
- ક્રાંતિકારી આંદોલન વર્તમાન સમયમાં પ્રસ્થાપિત મૂલ્યો, રૂઢિઓ, રિવાજોને સ્થાને નવાં નૈતિક મૂલ્યોની નવી યોજના રજૂ કરે છે.
- આ આંદોલન સમાજની સમસ્યાઓના ઉકેલ માટે વર્તમાન સંસ્થાઓ (સંસદ, પોલીસ, ન્યાયતંત્ર)માં વિશ્વાસ ધરાવતા નથી. તેને સ્થાને નવી સંસ્થા શરૂ કરવામાં માને છે.
- આ આંદોલનમાં લોકમત ઊભો કરવામાં આવતો નથી; પરંતુ લોકોને જ પોતાના પક્ષમાં લઈ લે છે.
- આ પ્રકારનાં આંદોલન મોટે ભાગે સમાજના નિમ્ન વર્ગોમાંથી ઉદ્ભવે છે, કારણ કે તેઓનું શોષણ વધુ થતું હોય છે.
- ક્રાંતિકારી આંદોલનમાં સમાજ બે ભાગમાં વહેંચાઈ જાય છે. એક વર્ગ એવો છે કે જેની પાસે ઉત્પાદનનાં સાધનોની માલિકી હોય છે અને બીજો વર્ગ એવો છે કે, જેની પાસે ઉત્પાદનનાં સાધનોની માલિકી નથી, પણ તેઓ પાસે શ્રમ હોય છે. આ પ્રકારનાં આંદોલનો આ બંને પ્રકારના વર્ગો વચ્ચેના સંઘર્ષમાંથી ઉદ્ભવતાં હોય છે.

વિશેષમાં કહી શકાય કે ક્રાંતિકારી સામાજિક આંદોલનમાં વૈચારિક ક્રાંતિનો પણ સમાવેશ કરી શકાય. ભારતના સંદર્ભમાં જોઈએ તો ડૉ. વર્ગીસ કુરિઅનનાં અમુલ દ્વારા ઊભી થયેલ ''શ્વેત ક્રાંતિ'' તથા વિનોબા ભાવેનાં ભૂદાન, ગ્રામદાન, સંપત્તિદાન દ્વારા સમાજમાં થયેલ ક્રાંતિ તેનાં ઉત્તમ ઉદાહરણ છે.

સુધારાવાદી આંદોલન અને ક્રાંતિકારી આંદોલન વચ્ચેનો તફાવત :

| સુધારાવાદી આંદોલન | ક્રાંતિકારી આંદોલન |
|---|---|
| (1) સમાજના આંશિક પરિવર્તન સાથે જોડાયેલ હોય છે. | (1) સમાજના સંપૂર્ણ પરિવર્તન સાથે જોડાયેલ છે. |
| (2) પ્રસ્થાપિત સામાજિક વ્યવસ્થામાં સુધારણા કેન્દ્રસ્થાને છે. | (2) પ્રસ્થાપિત સામાજિક વ્યવસ્થાને સંપૂર્ણપણે નકારે છે. |
| (3) આંદોલનો સાથે આદર અને સન્માન જોડાયેલાં હોય છે. | (3) આ આંદોલન સાથે આદર–સન્માન જોડાયેલા હોતા નથી કારણ કે સ્થાપિત નિયમો અને વ્યવસ્થાનો અસ્વીકાર કરવામાં આવતો હોય છે. |
| (4) લોકમતને સમસ્યાના સમાધાન માટે તૈયાર કરવામાં આવે છે. | (4) આ પ્રકારનાં આંદોલનોમાં જબરદસ્તીથી લોકોને પોતાના પક્ષમાં લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. |
| (5) આ આંદોલન મધ્યમવર્ગ દ્વારા ચલાવવામાં આવે છે. | (5) આ આંદોલન મહદંશે શોષિત વર્ગમાંથી ઉદ્ભવે છે. |
| (6) આ આંદોલન સામાજિક પરિવર્તન માટે બહુ ગંભીર હોતાં નથી. તેનો ઉદ્દેશ સમાજમાં આદર્શ મૂલ્યોની પુનઃસ્થાપના કરવાનો હોય છે. | (6) ક્રાંતિકારી આંદોલનોનો મુખ્ય ઉદ્દેશ વર્તમાન પ્રસ્થાપિત વ્યવસ્થાને નષ્ટ કરી તેનાં સ્થાને નવી વ્યવસ્થા પ્રસ્થાપિત કરવાનો હોય છે. |
| (7) સુધારાવાદી આંદોલનો શાંતિપ્રિય અને અહિંસક હોય છે. | (7) ક્રાંતિકારી આંદોલનો મહદંશે હિંસક હોય છે. |

### (3) પ્રતિરોધાત્મક સામાજિક આંદોલન :

જ્યારે સમાજમાં સામાજિક પરિવર્તનની ગતિ ઝડપી બને છે અને લોકો તેની તીવ્રતા સાથે સમાયોજન સાધી શકતા નથી, ત્યારે જે આંદોલન થાય છે તે આંદોલનને પ્રતિરોધાત્મક આંદોલન તરીકે ઓળખાવી શકાય. પ્રતિરોધ એટલે રોકવું કે વિરોધ કરવો તે. જ્યારે સમાજમાં જે પરિવર્તન આવે છે તે તેમની ઇચ્છા પ્રમાણે નથી હોતું, ત્યારે

લોકો આ પરિવર્તનની વિરુદ્ધમાં આંદોલન ચલાવે છે. તેને પ્રતિરોધાત્મક આંદોલન કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો નર્મદાબંધ વિરોધી આંદોલન, અમુક ભાષા કે ભાષાઓ પ્રત્યે વિરોધ દર્શાવતાં આંદોલન વગેરે પ્રતિરોધાત્મક આંદોલનો છે. પ્રતિરોધાત્મક આંદોલનોનું પરિણામ કાં તો ઘણું જ આંશિક પરિવર્તન હોય છે અથવા તો જે-તે પરિસ્થિતિને ટકાવી રાખવા માટેનું હોય છે.

એ. એલ. બર્ટ્રેન્ડ જણાવે છે કે પ્રતિરોધ આંદોલનો એવાં આંદોલન છે અથવા તે એટલા માટે ઉદ્‌ભવે છે કારણ કે લોકોને એવો વિશ્વાસ હોય છે કે જે કંઈ પરિવર્તન આવી રહ્યું છે અથવા વર્તમાનમાં જે પરિસ્થિતિ છે તે યોગ્ય નથી તેથી તેનો વિરોધ કરવો જોઈએ. આવાં આંદોલનોનો ઉદ્દેશ જે પરિવર્તનો આવી રહ્યાં છે તેને રોકવાનો છે અને જે-તે પરિસ્થિતિને જેમ છે તેમ ટકાવી રાખવાનો છે. આ આંદોલન સાથે જે લોકો જોડાયેલા છે તેમનો ઉદ્દેશ એ હોય છે કે તેઓ પરિવર્તન ઈચ્છતા નથી. ક્યારેક આ આંદોલનો એટલા માટે ઉદ્‌ભવે છે કે સમાજમાંનાં સ્થાપિત હિતોને પોતાનું વર્ચસ્વ, સત્તા જોખમાતી હોવાનો ભય હોય છે. જેમ કે ગામમાં જમીનદારો અને ખેતમજૂરો વચ્ચે થતાં આંદોલનો. 'ખેડે તેની જમીન'ના કાયદા વિરુદ્ધમાં જે પ્રતિક્રિયા ઉદ્‌ભવે તેને આ પ્રકારનાં આંદોલનો કહેવાય.

**(4) વિરોધાત્મક સામાજિક આંદોલન :**

વિરોધાત્મક આંદોલન મુખ્યત્વે પ્રસ્થાપિત વ્યવસ્થાનો વિરોધ છે. જ્યારે આપણે કોઈ વ્યવસ્થાથી સંતુષ્ટ નથી હોતા, ત્યારે આપણે તેનો વિરોધ કરવાની શરૂઆત કરીએ છીએ. કેટલાક સમાજશાસ્ત્રીઓએ વિરોધાત્મક આંદોલનને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. વિરોધાત્મક આંદોલનો એવાં આંદોલનો છે, જેમાં કાં તો અસંતોષની અભિવ્યક્તિ થાય છે અથવા તો એવી માંગણી હોય છે જે પૂર્ણ કરવામાં આવી હોતી નથી. આવા પ્રકારના વર્તન-વ્યવહારો સામૂહિક રૂપનાં આંદોલનો હોય છે, જેને વિરોધાત્મક આંદોલનો કહી શકાય. વિરોધાત્મક આંદોલનો મુખ્યત્વે ત્રણ બાબતો સાથે જોડાયેલ હોય છે :

- અસંતોષ અને અન્યાય માટે : કેટલીક ઘટનાઓ જે સમાજમાં યોગ્ય લાગતી ન હોય તેમજ અન્યાયકારી લાગતી હોય ત્યારે વિરોધ શરૂ થાય છે.
- માંગણીઓ માટે : સમાજમાં કેટલીક ઘટનાઓ ન બનવી જોઈએ અથવા જો આવી કોઈ ઘટના બની તો તેની વિરુદ્ધમાં માંગણીઓ શરૂ થાય છે.
- પ્રતિરોધ માંગણીઓ માટે : એવું શક્ય બને કે એવી કોઈ ઘટના બનવાની હોય કે જેથી તેની સામે નવી માંગણીઓ રજૂ કરવામાં આવતી હોય. દા.ત., જ્યારે ચોરીનું પ્રમાણ વધે તો લોકો તેનું પ્રમાણ ઘટે તેવી વ્યવસ્થા કરવાની માંગણી કરે.

આમ, વિરોધાત્મક આંદોલનો એટલે જ્યારે સમાજમાં પરંપરાગત વ્યવસ્થાને દૂર કરીને નવી વ્યવસ્થા પ્રસ્થાપિત કરવામાં આવે અને લોકોને પસંદ ન પડે ત્યારે આ પ્રકારનાં આંદોલનો થાય છે. તેમજ સમાજમાં લોકોની સામે આર્થિક અને સામાજિક સમસ્યાઓમાં વૃદ્ધિ થાય ત્યારે લોકો વિરોધાત્મક આંદોલન કરે છે. દા.ત., મોંઘવારી સામેનાં આંદોલનો, સ્ત્રી અત્યાચાર વિરોધી આંદોલનો. વિરોધાત્મક આંદોલન, વિકસિત સમાજ હોય કે અવિકસિત સમાજ હોય, દરેક પ્રકારના સમાજમાં જોવા મળે છે. આ આંદોલનો મહદંશે લોકશાહી સમાજમાં જોવા મળે છે.

**સ્વચ્છતા આંદોલન**



**સ્વચ્છતા આંદોલન**

આધુનિક વિશ્વની એક જટિલ સમસ્યા છે – અસ્વચ્છતાની, ગંદકીની. વિશ્વમાં પ્રતિવર્ષ ગામડાંઓ, કસબાઓ, નગરો, મહાનગરોમાં ખડકાતા કચરાના ઢગલાઓ પર્યાવરણવાદીઓ માટે ચિંતાનો વિષય બન્યા છે. જળ, વાયુને પ્રદૂષિત કરતા કચરાના ઢગલાઓએ સમગ્ર માનવજાતિ માટે અનેક પ્રશ્નો પેદા કર્યા છે. 25મી માર્ચ, 2014ના રોજ જિનિવા ખાતે થયેલી એક પરિષદમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશને જણાવ્યું હતું કે ઈ.સ. 2012ના અરસામાં વિશ્વમાં કુલ 70 લાખ કરતાં વધુ લોકો માત્ર પ્રદૂષિત વાતાવરણને કારણે મૃત્યુ પામ્યા હતા. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનના જ એક અન્ય અહેવાલ મુજબ દૂષિત પાણીને લીધે થતા ઝાડાને કારણે દર વર્ષે 22 લાખ લોકો મૃત્યુ પામે છે. દર વર્ષે પાંચ વર્ષથી નાની ઉંમરનાં 18 લાખ બાળકો દૂષિત પાણીને લીધે મૃત્યુ પામે છે. જળ અને વાયુ તો જીવનનાં અભિન્ન અંગો છે; પરંતુ માનવીએ તેમાં કચરો ઠાલવીને માનવજાતના શત્રુ બનાવી દીધા છે.

આજે ચારેબાજુ ગામડાંઓ અને શહેરોમાં કચરો ઊભરાય છે પરંતુ એ કચરો ક્યાં ઠાલવવો એ પણ એક જટિલ સમસ્યા

બની છે. આવા સમયે સ્વચ્છતા અંગેના અભિયાને આંદોલનનું સ્વરૂપ ધારણ કરી સૌનું ધ્યાન વિશેષ આકર્ષિત કર્યું છે.

સ્વચ્છતા આંદોલન એ સુધારાવાદી આંદોલનનો જ એક ભાગ છે. ઈ.સ. 2014ની 2જી ઑક્ટોબરે મહાત્મા ગાંધીની 145મી જન્મજયંતીના અવસરે ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વચ્છતા અભિયાનનો આરંભ થયો. આ આંદોલનનો મુખ્ય હેતુ ઈ.સ.2019માં ઊજવાનાર ગાંધીજીની 150મી જન્મજયંતી સુધીમાં સમગ્ર ભારતને સ્વચ્છ કરવાનો છે.

પ્રધાનમંત્રીશ્રીના આદેશાનુસાર આજે સ્વચ્છતા અભિયાન ભારતનાં તમામ રાજ્યોમાં વિસ્તાર પામ્યું છે. ગામડાંની શેરીઓથી શરૂ કરીને શહેરના મહોલ્લાઓ અને જાહેરસ્થાનોની સ્વચ્છતાને પ્રાધાન્ય મળ્યું છે. સરકાર ઉપરાંત વિવિધ સામાજિક અને સ્વૈચ્છિક સંસ્થા અને સમૂહ માધ્યમો વગેરેના પ્રયાસથી હવે આ આંદોલન એક જનઆંદોલન બન્યું છે.

ભારતમાં સ્વચ્છતા આંદોલનમાં સમાજના તમામ વર્ગના લોકો સ્વયંભૂ જોડાયા છે અને સમગ્ર રાષ્ટ્રમાં સ્વચ્છતા અંગેના કાર્યક્રમોની એક સાંકળ રચાઈ છે. તમામ જાહેરસ્થાનોમાં સ્વચ્છતા જળવાય તે માટે સરકાર તરફથી 0.5 % સેસ લાગુ કરવામાં આવ્યો છે. શાળા-કૉલેજોમાં યોજાતા સ્વચ્છતા અંગેના કાર્યક્રમોથી વિદ્યાર્થીઓએ સ્વચ્છતાને એક મૂલ્ય તરીકે સ્વીકાર્યું છે.

આ રીતે સ્વચ્છતા અભિયાને સુધારાવાદી આંદોલનના ભાગ તરીકે સમગ્ર દેશમાં સ્વચ્છતા અંગેની અનોખી ચેતના જગાવી છે.

### સામાજિક આંદોલનની અસરો

સામાજિક આંદોલન એ સમૂહની સામાજિક અભિવ્યક્તિ છે. સમૂહના લોકો પોતાના નક્કી કરેલ હેતુ માટે આંદોલન કરે છે. આંદોલન એક ચોક્કસ પરિવર્તન માટે કરવામાં આવે છે. આ સામાજિક આંદોલન સમાજ ઉપર ખૂબ ગહન અસરો ઊભી કરે છે, જેને નીચે મુજબ દર્શાવી શકાય :

- સામાજિક આંદોલન પરિવર્તનની પ્રક્રિયા ઝડપી બનાવે છે.
- લોકોમાં સભાનતા વધે છે.
- નવી નેતાગીરી ઊભી થાય છે.
- વૈચારિક વિકાસ થાય છે.
- વૈકલ્પિક ઉપાયોની ચર્ચા થાય છે.
- આંદોલનથી સમાજમાં બદલાવ આવે છે.

ટૂંકમાં સમાજમાં સામૂહિક વર્તનો દ્વારા પોતાના અસંતોષની અભિવ્યક્તિ કરવાના પ્રયત્નો સામાજિક આંદોલનો દ્વારા કરવામાં આવતા હોય છે. આમ, સામાજિક આંદોલનો એ એક સાધન છે, જેના દ્વારા વ્યક્તિ પોતાના અસંતોષને વ્યક્ત કરી સમાજમાં આંશિક કે સંપૂર્ણ પરિવર્તન લાવે છે. સમાજમાં બે પ્રકારના સમૂહો હોય છે : (1) રૂઢિવાદી (2) આધુનિકતાવાદી. જ્યારે આધુનિકતાવાદી સમૂહ દ્વારા સમાજવ્યવસ્થામાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન થાય છે, ત્યારે રૂઢિવાદી સમૂહો આ પરિવર્તનો અટકાવીને જૂની વ્યવસ્થાને ટકાવવાનો પ્રયત્ન કરે છે. આમ, સમાજમાં એક યા બીજા પ્રકારનાં લાંબાગાળાનાં કે ટૂંકાગાળાનાં સામાજિક આંદોલનો જોવા મળતા હોય છે. સામાજિક આંદોલનો સ્થગિત તથા સ્થિર સમાજમાં નવચેતના પ્રસરાવવાનું કાર્ય કરે છે.

સામાજિક આંદોલનમાં લોકભાગીદારી આવશ્યક છે. જો લોકભાગીદારી વધુ અને આયોજિત રીતે હોય તો કોઈ પણ આંદોલન સફળ થાય છે. સમાજના સુશાસન માટે આવી જ લોકભાગીદારી આવશ્યક છે, જેનું એક ઉદાહરણ પંચાયતીરાજ છે. જેની સમજ હવે પછીના એકમમાં મેળવીશું.

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો :**

(1) સુધારાવાદી સામાજિક આંદોલન અને ક્રાંતિકારી સામાજિક આંદોલન વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

(2) ક્રાંતિકારી સામાજિક આંદોલનની વિશેષતાઓ જણાવો.

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :**

(1) સામાજિક આંદોલનનો અર્થ આપી તેનાં લક્ષણો જણાવો.

(2) પ્રતિરોધાત્મક સામાજિક આંદોલન વિશે માહિતી આપો.

(3) વિરોધાત્મક સામાજિક આંદોલન વિશે સમજૂતી આપો.

(4) 'સ્વચ્છતા અભિયાન' વિગતે સમજાવો.

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) બ્રૂમ અને સેલ્ઝનિકે આપેલી સામાજિક આંદોલનની વ્યાખ્યા જણાવો.

(2) સામાજિક આંદોલનનાં લક્ષણો જણાવો.

(3) સામાજિક આંદોલનના પ્રકારો જણાવો.

(4) સામાજિક આંદોલનની અસરો જણાવો.

(5) એ. એલ. બર્ટ્રેન્ડ પ્રતિરોધાત્મક આંદોલન વિશે શું કહે છે ?

(6) સામાજિક આંદોલન કોને કહેવાય ?

**4. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો :**

(1) સુધારાવાદી સામાજિક આંદોલન એટલે શું ?

(2) વિરોધાત્મક સામાજિક આંદોલન એટલે શું ?

(3) સુધારાવાદી સામાજિક આંદોલનનાં ઉદાહરણો આપો.

(4) વિરોધાત્મક સામાજિક આંદોલનનાં ઉદાહરણો જણાવો.

(5) આંદોલનનો ઉદ્દેશ જણાવો.

(6) નિસ્બેતે આપેલી સામાજિક આંદોલનની વ્યાખ્યા આપો.

(7) ક્રાંતિકારી આંદોલનની વિશેષતાઓ કોણે દર્શાવી છે ?

(8) પ્રતિરોધાત્મક સામાજિક આંદોલનનાં ઉદાહરણો જણાવો.

(9) ક્રાંતિકારી સામાજિક આંદોલન એટલે શું ?

(10) સમાજમાં કયા બે પ્રકારના સમૂહ હોય છે ?

**5. નીચેના પ્રત્યેક પ્રશ્નમાં આપેલા વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર આપો :**

(1) કયા આંદોલનનું પરિણામ જે-તે પરિસ્થિતિને ટકાવી રાખવા માટેનું હોય છે ? ☐

(અ) પ્રતિરોધાત્મક (બ) સુધારાવાદી (ક) વિરોધાત્મક (ડ) ક્રાંતિકારી

(2) બ્રહ્મસમાજની સ્થાપના કોણે કરી હતી ? ☐

(અ) રાજા રામમોહનરૉય (બ) કરસનદાસ મૂળજી (ક) કવિ નર્મદ (ડ) મહર્ષિ કર્વે

(3) ગુજરાતમાં સુધારાવાદી આંદોલન કોણે ચલાવ્યું હતું ? ☐

(અ) રાજા રામમોહનરૉય (બ) કવિ નર્મદ (ક) કરસનદાસ મૂળજી (ડ) મહર્ષિ કર્વે

(4) ગુજરાતમાં સ્ત્રી-કેળવણી માટેનાં આંદોલનો કોણે ચલાવ્યાં હતાં ? ☐

(અ) હર્બટ બ્લૂમર (બ) રાજા રામમોહનરૉય (ક) મહર્ષિ કર્વે (ડ) એની બેસન્ટ

(5) સુધારાવાદી સામાજિક આંદોલન કરતાં બિલકુલ વિરુદ્ધ પ્રકારનું આંદોલન કયું છે ? ☐

(અ) ક્રાંતિકારી આંદોલન (બ) વિરોધાત્મક આંદોલન

(ક) પ્રતિરોધાત્મક આંદોલન (ડ) સરમુખત્યારશાહી આંદોલન

(6) નર્મદાબંધ વિરોધી આંદોલન કયા પ્રકારનું છે ? ☐

(અ) સુધારાવાદી (બ) ક્રાંતિકારી

(ક) પ્રતિરોધાત્મક (ડ) વિરોધાત્મક

(7) કયા આંદોલનમાં ફક્ત અભિવ્યક્તિ હોય છે, તેમાં કોઈ ક્રિયા જોડાયેલી હોતી નથી ? ☐

(અ) ક્રાંતિકારી (બ) સુધારાવાદી

(ક) પ્રતિરોધાત્મક (ડ) વિરોધાત્મક

(8) કયા પ્રકારનું આંદોલન નૈતિકતા સાથે જોડાયેલું હોય છે ? ☐

(અ) વિરોધાત્મક આંદોલન (બ) ક્રાંતિકારી આંદોલન

(ક) સુધારાવાદી આંદોલન (ડ) પ્રતિરોધાત્મક આંદોલન

(9) કયા પ્રકારનું આંદોલન શાંતિપ્રિય અને અહિંસક હોય છે ? ☐

(અ) ક્રાંતિકારી આંદોલન (બ) સુધારાવાદી આંદોલન

(ક) વિરોધાત્મક આંદોલન (ડ) પ્રતિરોધાત્મક આંદોલન

(10) કયા પ્રકારનાં આંદોલનમાં જબરદસ્તીથી લોકોને પોતાના પક્ષમાં લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે ? ☐

(અ) સુધારાવાદી આંદોલન (બ) પ્રતિરોધાત્મક આંદોલન

(ક) ક્રાંતિકારી આંદોલન (ડ) વિરોધાત્મક આંદોલન

**પ્રવૃત્તિ**

- તમારા પોતાના વિસ્તારમાં આવાં કોઈ સુધારાત્મક આંદોલનો થયાં હોય તો તેની યાદી અને અહેવાલ તૈયાર કરો.
- ભારતમાં થયેલાં વિવિધ આંદોલનની યાદી આંદોલનના પ્રકારોના આધારે તૈયાર કરો.
- સ્વચ્છતા અભિયાન અંતર્ગત અને લોકજાગૃતિ માટે તમારા વિસ્તારમાં સફાઈ કાર્યક્રમનું આયોજન કરો.
- સ્વચ્છતાની અસરો વિશે શાળામાં ચર્ચાસભાનું આયોજન કરો.

●

# 8 ભારતમાં પંચાયતી રાજ

**પ્રસ્તાવના**

વિદ્યાર્થીમિત્રો, એકમ 7માં આપણે વિવિધ પ્રકારનાં આંદોલનો વિશેની માહિતી મેળવી. સમાજમાં સુધારા અને ક્રાંતિ લાવવામાં આ આંદોલનનું આગવું પ્રદાન છે. લોકોમાં સભાનતા, નેતાગીરી અને વિકાસ મહત્ત્વનાં છે, જે સામૂહિક વર્તન પર અસર કરે છે. ભારતમાં ગ્રામીણ સમુદાયના સામાજિક વિકાસ અને નેતૃત્વ માટે પંચાયતી રાજની ભૂમિકા મહત્ત્વની છે. આ એકમમાં પંચાયતી રાજનું ત્રિસ્તરીય માળખું અને તેની સામાજિક અસરો અંગે માહિતી મેળવીએ.

ભારતમાં વૈદિક સમયથી ગ્રામીણ ક્ષેત્રે પંચાયતી સંસ્થાનું અસ્તિત્વ જોવા મળે છે. દરેક ગ્રામને પોતાની સભા કે સમિતિ હતી. આઠમીથી બારમી સદી સુધીના પાંડ્યો અને પલ્લવોના સમય દરમિયાન ગ્રામસભાના અસ્તિત્વ અંગેના ઉલ્લેખો જોવા મળે છે. અઢારમી સદી સુધી કોઈ ને કોઈ સ્વરૂપે ગ્રામપંચાયતો કે ગ્રામસભા અસ્તિત્વ ધરાવતી હતી. પંચ પરમેશ્વર એ સિદ્ધાંત ઉપર ગામડાંમાં ગામનું સ્થાનિક પંચ કામ કરતું હતું.

ઋગ્વેદ, મનુસ્મૃતિ, ધર્મશાસ્ત્ર, ઉપનિષદ, જાતક કથાઓ વગેરે સંહિતાઓમાં સ્થાનિક ક્ષેત્રે વહીવટીકાર્ય કરતી ગ્રામસભા કે ગ્રામસંઘનો ઉલ્લેખ જોવા મળે છે. જોકે સમગ્ર ભારતમાં તે જુદા જુદા નામે ઓળખાતી હતી. તેનું સંચાલન મુખી કે પંચ દ્વારા થતું હતું. ગામડાંઓની સમસ્યા નિવારી ગ્રામજનોનું કલ્યાણ કરવાનું તેમજ ગામડાંમાં સામાજિક ધોરણો અને વ્યવસ્થા જાળવવાનું (નિયંત્રણનું કાર્ય), ધર્મ-રિવાજો, પરંપરાઓ વગેરેના પાલન અંગેનું કાર્ય આ પંચ કરતું હતું.

ભારતમાં બ્રિટિશરોના શાસન દરમિયાન ગ્રામ પંચાયતની રચના, કાર્ય અને સ્વરૂપમાં પરિવર્તન આવવા લાગ્યું. બ્રિટિશ સરકારે પોતાનું રાજકીય નિયંત્રણ મજબૂત અને સ્થાયી કરવા માટે ભૂમિ વ્યવસ્થા અને મહેસૂલી વ્યવસ્થામાં પરિવર્તનો કર્યાં તેની સાથે સાથે ગ્રામ પંચાયતોનાં સ્વરૂપમાં ફેરફાર કરી પુનર્ગઠન કર્યું. ઈ.સ. 1870માં મદ્રાસ(હવે તામિલનાડુ), બંગાળ, પંજાબ, ઉત્તરપ્રદેશ વગેરે પ્રાંતોમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સ્થાપવાના કાયદા કર્યા, જેમાં લૉર્ડ મેયોએ પહેલ કરી હતી. ઈ.સ. 1882માં લૉર્ડ રિપને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના સિદ્ધાંતો નક્કી કર્યા. સમયાંતરે બ્રિટિશ સરકારે જુદા જુદા કાયદા ઘડી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટેનાં પગલાં લીધાં હતાં.

મહાત્મા ગાંધીજી ગ્રામ સ્વરાજ્યમાં દૃઢપણે માનતા હતા. તેમના મતે પંચાયત રાજની સ્વતંત્રતા પાયાથી શરૂ થવી જોઈએ. પ્રત્યેક ગામ એક સંપૂર્ણ ગણરાજ્ય છે. સત્તાના વિકેન્દ્રીકરણ દ્વારા જ સાચા અર્થમાં લોકશાહી સ્થાપી શકાય. તેથી સંપૂર્ણ સત્તા પંચાયત પાસે હોવી જોઈએ. પંચાયતોની સંપૂર્ણ સત્તા અને શક્તિ દ્વારા જ ગ્રામીણ ક્ષેત્રે લોકો વધુ સુખી થઈ શકશે. ગાંધીજીના વિચારોના પ્રભાવ હેઠળ ભારતના બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની કલમ 40માં રાજ્યોની જવાબદારી તરીકે સ્થાનિક સ્વરાજ્યના મહત્ત્વના એકમ તરીકે ગ્રામ પંચાયતોની રચના અંગે સ્પષ્ટ દિશાસૂચન કરવામાં આવ્યું છે.

સ્વાતંત્ર્ય પછી પ્રથમ પંચવર્ષીય યોજનામાં 1952માં સામુદાયિક વિકાસ કાર્યક્રમ અમલમાં આવ્યા; આ કાર્યક્રમનો મુખ્ય હેતુ લોકભાગીદારીનો હતો, પણ આ કાર્યક્રમ લોકોને પ્રોત્સાહન આપી શક્યો નહિ. સામુદાયિક વિકાસ કાર્યક્રમ અંતર્ગત નાણાં, સાધન-સામગ્રીના સંચાલન માટે સરકાર પર આધારિત રહેવું પડતું. લોકોમાં પોતાની મદદ પોતે જ કરી શકે તેવી ભાવના વિકસી નહિ.

પંડિત જવાહરલાલ નહેરુએ પંચાયતોને અસરકારક બનાવવા ઉપર ભાર મૂકી પંચાયતી રાજને એક ક્રાંતિકારી પ્રયોગ તરીકે ઓળખાવ્યો હતો.

સામુદાયિક વિકાસ કાર્યક્રમનો હેતુ જુદા જુદા દૃષ્ટિબિંદુથી ગ્રામીણ વિકાસનો હતો, જે હેતુ પૂરો ન થતાં સ્પષ્ટ થયું કે વિકાસ કાર્યક્રમમાં લોકોની ભાગીદારી પ્રભાવી ત્યારે જ બને જ્યારે સ્થાનિક કક્ષાએ નીતિ-નિર્માણ અને જુદી જુદી યોજનાઓના નિર્માણ અને અમલમાં લોકોને ભાગીદાર બનાવવામાં આવે કે તેમને જોડવામાં આવે.

ઈ.સ. 1952માં શરૂ થયેલ સામુદાયિક વિકાસ કાર્યક્રમનું મૂલ્યાંકન કરવા તેમજ તેમાં રહેલી ક્ષતિઓને દૂર કરવા માટે 1957માં યોજના આયોગ (Planning Commission)ની પરિયોજના સમિતિએ બળવંતરાય મહેતાના અધ્યક્ષપણા હેઠળ અભ્યાસ સમિતિ નિયુક્ત કરી. આ કમિટીએ 'લોકશાહી વિકેન્દ્રીકરણ' શબ્દ આપ્યો. જેમાં નિમ્ન

સ્તર સુધી સત્તાનું વિકેન્દ્રીકરણ કરવું જોઈએ તેમ જણાવ્યું. તે માટે કમિટીએ સત્તાનું લોકશાહી ઢબે વિકેન્દ્રીકરણ કરી ગ્રામ, તાલુકા અને જિલ્લા કક્ષાએ લોકોના પ્રતિનિધિઓ વિકાસ કાર્યક્રમ ચલાવે તે માટેના ત્રિસ્તરીય માળખાની રચના કરવા માટેની ભલામણ કરી. ગ્રામ વિકાસનાં કામોની જવાબદારી અને સત્તા પંચાયતો સંભાળે તેને માટે તેમણે 'પંચાયતી રાજ' શબ્દનો ઉપયોગ કર્યો હતો.



ગ્રામ પંચાયત સભા

## પંચાયતી રાજનો અર્થ

પંચાયતી રાજ મોટે ભાગે ભારત, પાકિસ્તાન અને નેપાળમાં પ્રવર્તતી દક્ષિણ એશિયાઈ રાજકીય પ્રથા છે. 'પંચાયત' શબ્દ 'પંચ' શબ્દ પરથી આવ્યો છે. પંચાયત એટલે સ્થાનિક સમુદાય દ્વારા પસંદ કરેલ પાંચ વડીલોનો સમૂહ.

**એસ. કે. ડે –** ''પંચાયતી રાજ એ પ્રજાની ઉન્નતિ માટેનો રસ્તો છે. પંચાયતી રાજનો સાચો અર્થ તો એ છે કે લોકો સંગઠિત, જાગૃત અને સ્વાવલંબી બને અને સરકાર પાસે જે અધિકારો છે તે લઈને પોતે બજાવે.''

**વિદ્યાસાગર શર્મા –** ''પંચાયતી રાજ એક એવી કલ્પના છે, જે વિશ્વ સમક્ષ લોકશાહીનો એક નવો જ દૃષ્ટિકોણ રજૂ કરે છે.'' ટૂંકમાં પંચાયતી રાજ એટલે સત્તાનું વિકેન્દ્રીકરણ કરી લોકશાહીની રીતે સામૂહિક વિકાસનાં કામો કરવાની સત્તા સંભાળતી લોકો દ્વારા ચૂંટાયેલી પંચાયતોની વ્યવસ્થા.

## પંચાયતી રાજના હેતુઓ

પંચાયતી રાજની સ્થાપના માટેના ઉદ્દેશો કે હેતુઓ નીચે મુજબ જોવા મળે છે :

### (1) સત્તાનું લોકશાહી ઢબે વિકેન્દ્રીકરણ :

પંચાયતી રાજનો એક મહત્ત્વનો હેતુ સત્તાનું લોકશાહી ઢબે વિકેન્દ્રીકરણ કરવાનો છે. લોકશાહી સમાજમાં સત્તાને વિકેન્દ્રિત કરી સમાજના બધા લોકો સત્તામાં સક્રિય ભાગીદાર બને છે. ગામડાંની સ્થાનિક ક્ષેત્રની વહીવટી જવાબદારી અને સત્તા ગામડાંના લોકોને મળી રહે અને તેઓ વિકાસ કાર્યક્રમોમાં રસ લેતા થાય, સત્તાના ઉપલા સ્તર સુધી તેમને અભિપ્રાય વ્યક્ત કરવાની તક મળે વગેરે હેતુથી પંચાયત રાજની સ્થાપના કરવામાં આવી છે.

### (2) સમુદાય વિકાસ કાર્યક્રમોને પુનર્જીવિત કરવા :

સમુદાય વિકાસ કાર્યક્રમોના લક્ષ્યાંકો સિદ્ધ થતા ન હતા, તેથી બળવંતરાય મહેતા કમિટીએ સમુદાય વિકાસ કાર્યક્રમોને પુનર્જીવિત કરવાના હેતુથી પંચાયતી રાજની સ્થાપના કરવાની હિમાયત કરી. ગ્રામ વિકાસના કાર્યક્રમને સફળ બનાવવા ગ્રામીણ લોકોની ભાગીદારી અત્યંત જરૂરી છે. પંચાયતી રાજ પદ્ધતિ દાખલ કરવાથી લોકો આ કાર્યક્રમમાં જોડાશે અને તેને લોકોનું સમર્થન મળશે. આ કાર્યક્રમ પોતાનો છે તેવું ગામ લોકો અનુભવશે તો તે વધારે અસરકારક અને સફળ બનશે તેવો હેતુ પંચાયતી રાજનો છે.

### (3) લોક ભાગીદારી વધારવી :

ગ્રામવિકાસના કાર્યક્રમોમાં લોકોની ભાગીદારી વધે અને સહકાર પ્રાપ્ત થાય તેમજ લોકોનો ટેકો મેળવવાનો હેતુ છે. પ્રજા પોતાના પ્રશ્ન ઉકેલે અને વિકાસ કાર્યક્રમોમાં ભાગીદાર બને તેવો હેતુ છે.

### (4) ગામડાંનું નવનિર્માણ કરવું :

પંચાયતી રાજનો મૂળભૂત હેતુ ગામડાંનો સર્વાંગી વિકાસ કરી નવનિર્માણ કરવાનો છે. જેમાં ગ્રામીણ સમસ્યાઓ જેવી કે ગરીબી, નિરક્ષરતા, બેકારી વગેરે દૂર કરી તેમનો સામાજિક-આર્થિક દરજ્જો ઊંચો લાવી તેમની મૂળભૂત જરૂરિયાતો સંતોષવાનો છે.

### (5) લોક સશક્તિકરણ :

પંચાયતી રાજની સ્થાપના પાછળનો એક હેતુ લોક સશક્તિકરણનો છે, જેમાં સ્ત્રીઓ માટે એક તૃતીયાંશ બેઠકો,

અનુસૂચિત જાતિ, આદિજાતિ અને અન્ય પછાત વર્ગો માટે તેમની વસ્તીનાં ધોરણે અનામતની જોગવાઈ, પંચાયતોને સત્તા અને જવાબદારીની સોંપણી તેમજ ગ્રામીણ વિકાસ માટે સ્વૈચ્છિક સંસ્થાઓને સહાય દ્વારા લોક સશક્તિકરણનો હેતુ રહેલો છે.



પંચાયતી રાજનું ત્રિસ્તરીય માળખું

## પંચાયતી રાજનું ત્રિસ્તરીય માળખું

પંચાયતી રાજ એક સરકારી પદ્ધતિ છે. આ પદ્ધતિમાં ગ્રામ પંચાયતો વહીવટનું મૂળભૂત એકમ છે. રાજ્ય સરકારો દ્વારા પંચાયતી રાજની પદ્ધતિ 1950થી 1960ના દાયકામાં અપનાવવામાં આવી હતી. 24 એપ્રિલ, 1993ના રોજ ભારતમાં પંચાયતી રાજ માટે બંધારણીય (73મો સુધારો) ઍક્ટ બંધારણીય દરજ્જો પૂરો પાડે છે. બળવંતરાય મહેતા સમિતિએ ત્રિસ્તરીય (ગ્રામ, તાલુકા અને જિલ્લા) પંચાયતી રાજની સ્થાપના કરવાનું જણાવ્યું હતું. ભારતની દરેક રાજ્ય સરકારોએ પોતાને અનુકૂળ હોય તે રીતે લોકશાહી વિકેન્દ્રીકરણનું સ્વરૂપ વિકસિત કર્યું છે.

બળવંતરાય મહેતા કમિટીની રચના પ્રમાણેનું પંચાયતી રાજનું ત્રિસ્તરીય માળખું નીચે પ્રમાણેનું હતું :

**પંચાયતી રાજ**

↓

**ગ્રામ પંચાયત**

(1) ગ્રામ પંચાયતના ચૂંટાયેલા સભ્યો
(2) ગ્રામ પંચાયતના અધિકારી
↓
મંત્રી — ગ્રામ સેવક

**તાલુકા પંચાયત**

(1) તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યો
(2) સહસભ્યો અને આમંત્રિત સભ્યો
(3) તાલુકા પંચાયતની સમિતિઓ
(4) તાલુકા પંચાયત પ્રમુખ
(5) તાલુકા વિકાસ અધિકારી

**જિલ્લા પંચાયત**

(1) ચૂંટાયેલા સભ્યો
(2) સહસભ્યો અને આમંત્રિત સભ્યો
(3) જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓ
(4) જિલ્લા પંચાયત પ્રમુખ
(5) જિલ્લા વિકાસ અધિકારી

પંચાયતી રાજના માળખામાં ગ્રામ પંચાયત સૌથી પાયાનું એકમ છે. ત્યાર પછી તાલુકાસ્તર પર તાલુકા પંચાયત અને સૌથી ઉપર જિલ્લા સ્તર પર જિલ્લા પંચાયત છે. આ ત્રણેય કક્ષાએ વહીવટ – શાસન અને વિકાસ કક્ષાએ કામ કરતાં પંચાયતના આ તંત્રને ત્રિસ્તરીય માળખું કહે છે. પંચાયતોની ચૂંટણી માટે ખાસ ચૂંટણી પંચની રચના કરવામાં આવે છે. આ ત્રણેય સ્તરની પંચાયતોની રચના અંગેની માહિતી નીચે મુજબ જોઈશું.

### (1) ગ્રામ પંચાયત (પ્રથમ સ્તર)

પંચાયત રાજની રચનામાં ગ્રામ પંચાયત પાયાનું સ્વશાસનનું એકમ છે. ગ્રામ પંચાયતની સભ્ય સંખ્યા વસ્તીનાં ધોરણે નક્કી થાય છે. ગ્રામ પંચાયત એ ગામડાંમાં સ્થાનિક કક્ષાએ લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓની બનેલી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા છે. પુખ્તવય મતાધિકારનાં ધોરણે પંચાયતની ચૂંટણી થાય છે. ગામડાંનાં વિકાસ કાર્યો તથા સ્થાનિક પ્રશ્નોનો ઉકેલ લાવવાની જવાબદારી અને સત્તા ગ્રામ પંચાયતની હોય છે. ગ્રામ પંચાયતના માળખામાં ચૂંટાયેલા સભ્યો હોય છે અને બીજા સરકારે નીમેલા મંત્રી અને ગ્રામ સેવક એવા બે અધિકારી હોય છે જે શાસકીય કાર્યોમાં સરપંચને મદદ અને માર્ગદર્શન આપે છે.

#### ગ્રામ પંચાયતના ચૂંટાયેલા સભ્યો :

ગ્રામ પંચાયતના સભ્યોની પસંદગી ચૂંટણીથી થાય છે. ગામના પુખ્તવયના મતદારો ગુપ્ત મતદાન પદ્ધતિથી ગ્રામ પંચાયતના સભ્યો ચૂંટે છે. ગ્રામ પંચાયતમાં ગામની વસ્તીનાં ધોરણે ઓછામાં ઓછા સાત અને વધુમાં વધુ 15 સભ્યો હોય છે. ગ્રામ પંચાયતના સભ્યો તરીકે ગામની અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા મહિલાઓને

માટે અમુક બેઠકો અનામત રાખવામાં આવે છે. ગામના મતદારો સરપંચ અને ગ્રામ પંચાયતના અન્ય સભ્યોને ચૂંટે છે. મતદારો દ્વારા ચૂંટાયેલા આ સભ્યો મળીને ઉપસરપંચ ચૂંટે છે. સરપંચ ગ્રામ પંચાયતનો વડો છે.

સરપંચ ગ્રામ પંચાયતના વડા તરીકે ગામનાં વિકાસકાર્યો અને વહીવટી કાર્યોમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ ઉપરાંત સરપંચે પંચાયતના કર્મચારીઓની કામગીરી પર દેખરેખ રાખવાની તથા ગ્રામ પંચાયતના સભ્યોએ લીધેલા નિર્ણયોનો અમલ કરવાની કામગીરી પણ કરવાની હોય છે.

ગુજરાત રાજ્યના પંચાયતી ધારા પ્રમાણે ગ્રામ પંચાયતનાં અંગો નીચે મુજબ છે :

• **ગ્રામસભા :** ગામના બધા મતદારો ગ્રામસભાના સભ્યો છે. ગ્રામસભા એ મૂળ એકમ છે, જેને પ્રત્યે ગામ પંચાયત જવાબદાર છે. ગ્રામ પંચાયતના અંદાજપત્ર અને વિકાસ કાર્યક્રમોની ગ્રામસભા વિચારણા કરે છે. વર્ષમાં બે વખત ગ્રામસભાની મિટિંગ યોજવાની હોય છે.

• **કારોબારી સમિતિ :** ગ્રામ પંચાયતના ચૂંટાયેલા સભ્યોમાંથી પાંચ સભ્યોની કારોબારી સમિતિ બને છે. આ પાંચ સભ્યો પૈકી એક મહિલા સભ્ય હોય છે અને એક સભ્ય અનુસૂચિત જાતિ કે જનજાતિનો હોય છે. નવા છેલ્લા 73મા બંધારણીય સુધારા મુજબ પંચાયતોમાં બધા સ્તરે મહિલાઓનું પ્રતિનિધિત્વ 33 ટકા કરવામાં આવ્યું છે.

• **સામાજિક ન્યાયસમિતિ :** ગામના નબળા વર્ગના લોકોને સામાજિક ન્યાય મળી રહે એવાં કાર્યો કરવા માટે સામાજિક ન્યાય સમિતિ રચવામાં આવે છે.

• **ન્યાય પંચાયત :** નજીકનાં પાંચ-સાત ગામડાંઓના જૂથ માટે એક સહિયારી ન્યાય પંચાયત હોય છે. જૂથનાં દરેક ગામડાંમાંથી એક-એક સભ્ય ન્યાય પંચાયતના સભ્ય તરીકે કામ કરે છે. ન્યાય પંચાયતના સભ્ય તરીકે ગામના મતદારોમાંથી શિક્ષિત અને લાયકાત ધરાવતી વ્યક્તિને ગ્રામ પંચાયત ચૂંટી કાઢે છે. આ સભ્યો પોતાનામાંથી એક સમિતિ નક્કી કરે છે. ન્યાય પંચાયત કેટલીક દીવાની અને ફોજદારી સત્તા ધરાવે છે. ન્યાય પંચાયત ગામોના સ્થાનિક પ્રશ્નો ઉકેલી ન્યાય આપવાનું કાર્ય કરે છે.

• **સમાધાન પંચ :** દરેક ગામડાંમાં એક સમાધાન પંચ રચાય છે. સમાધાન પંચના સ્થાયી સભ્ય તરીકે એક વ્યક્તિ હોય છે. ગામના મતદારોમાંથી શિક્ષિત અને લાયક વ્યક્તિને ગ્રામ પંચાયત સમાધાન પંચના સભ્ય તરીકે ચૂંટી કાઢે છે. ઝઘડાનું સમાધાન કરવા માટે સમાધાન પંચ બેસે છે, ત્યારે તેનો એક સ્થાયી સભ્ય અને બંને પક્ષકારોની પસંદગીના એક-એક સભ્ય એમ ત્રણ સભ્યોનું સમાધાન પંચ રચાય છે. ન્યાય પંચાયત તરફથી આવેલો દાવો બંને પક્ષકારોને સાંભળીને સમાધાન કરવા પ્રયાસ કરે છે.

ગ્રામ પંચાયતના સ્તર પર પંચાયતમંત્રી અને ગ્રામસેવક એવા બે અધિકારી છે, જે પ્રશાસનમાં સરપંચને સહાય કરે છે.

**ગ્રામ પંચાયતના મંત્રી :**

ગ્રામ પંચાયતના મંત્રી સરકાર દ્વારા નિમાયેલા કર્મચારી છે. મંત્રી ગ્રામ પંચાયતનો રેકર્ડ રાખવો, તેની જાળવણી કરવી, બજેટ, અનુમાન અને રિપોર્ટ તૈયાર કરવામાં પંચાયતને સહાય કરે છે. ઉપરાંત ગ્રામ પંચાયતના નાણાંકીય હિસાબો રાખવા અને તે હિસાબો પર સરપંચની સહીઓ લેવી એ પણ તેનું કાર્ય છે. સરપંચ અને પંચાયતના અન્ય હોદ્દેદારો સરકારી નિયમોના માળખામાં રહીને કામ કરતા રહે એ પણ એણે જોવાનું રહે છે.

**ગ્રામસેવક કે ગ્રામસ્તરનો કાર્યકર્તા :**

તેને ગ્રામવિકાસ અધિકારી કહેવામાં આવે છે. જે પંચાયતની જુદી જુદી યોજનાઓ તૈયાર કરવામાં મદદ કરે છે અને વિભિન્ન વિકાસ કાર્યક્રમો વિશે જાણકારી આપે છે. કૃષિ માટે લોન મેળવવામાં ખેડૂતોને મદદ કરે છે. આ અધિકારી બીજ અને ખાતર જેવી વસ્તુઓ મળી રહે તે માટેનો પ્રબંધ કરે છે અને આધુનિક કૃષિ પ્રણાલી વિશે ખેડૂતોને માહિતગાર કરે છે. તે તાલુકા પંચાયતને યોજનાઓની પ્રગતિ અને લક્ષ્યોની ઉપલબ્ધિ વિશે રિપોર્ટ આપે છે.

**ગ્રામ પંચાયતનાં કાર્યો :**

ગ્રામ પંચાયતે ગામના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ કાર્યો કરવાનાં હોય છે. ગામની પાયાની જરૂરિયાતો સંતોષવા માટે તેના મુખ્ય બે પ્રકારનાં કાર્યો છે :

**(1) નાગરિક કાર્યો :** નાગરિક કાર્યમાં સફાઈ, સ્વચ્છતા, જલાપૂર્તિ, રસ્તાઓનું નિર્માણ અને જાળવણી, પ્રકાશ વ્યવસ્થા, સ્મશાનની વ્યવસ્થા, પ્રાથમિક શિક્ષણ, કૂવા–તળાવ જેવાં સાર્વજનિક સ્થાનો, ધાર્મિક સ્થાનો વગેરેનો નિભાવ અને જાળવણી કરવી - વગેરેનો સમાવેશ થાય છે.

**(2) વિકાસાત્મક કાર્યો :** સહકારી પ્રવૃત્તિને વેગ આપવો, નબળા વર્ગના લોકોના વિકાસ માટે વિશિષ્ટ પ્રબંધ કરવો, ગામના યુવાનો, મહિલાઓ, બાળકો વગેરેના વિકાસ માટે પ્રવૃત્તિઓ કરવી, ગામમાં મેળાઓ અને બજારની વ્યવસ્થા ઊભી કરવી વગેરે જેવાં વિવિધ કાર્યો ગ્રામ પંચાયતે કરવાનાં હોય છે.

**આવકનાં સાધનો :** ગામમાં વિકાસનાં કાર્યો કરવા માટે ગ્રામ પંચાયત કેટલાક સ્થાનિક કરવેરા નાખીને નાણાં એકત્ર કરી શકે છે. આ ઉપરાંત સરકારી ગ્રાંટ, લોકફાળો, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની આર્થિક સહાય વગેરે સાધનોમાંથી ગ્રામ પંચાયતને નાણાં મળે છે.

### (2) તાલુકા પંચાયત (દ્વિતીય સ્તર)

તાલુકા પંચાયતનું સ્થાન ગ્રામ પંચાયત અને જિલ્લા પંચાયતની વચ્ચે છે. એક લાખની વસ્તી સુધી તાલુકા પંચાયત 15 સભ્યોની બનેલી હોય છે. 25 હજારની વસ્તી વધતા 2 સભ્યોનો વધારો થાય છે. કુલ બેઠકોમાંથી એક તૃતીયાંશ બેઠકો સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવે છે. ઉપરાંત વસ્તીના પ્રમાણમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો માટે અનામત બેઠક રાખવામાં આવે છે. તાલુકા પંચાયતની મુદત 5 વર્ષની હોય છે.

**તાલુકા પંચાયતનું માળખું (રચનાતંત્ર) :**

તાલુકા પંચાયતનાં રચનાતંત્રીય અંગો નીચે મુજબ છે :

- **ચૂંટાયેલા સભ્યો :** તાલુકાનાં બધાં ગામડાંના મતદારો સીધી ચૂંટણીમાં તાલુકા પંચાયતના સભ્યોને ગુપ્ત મતદાન પદ્ધતિથી ચૂંટી કાઢે છે. આ ચૂંટાયેલા સભ્યો તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ ચૂંટી કાઢે છે.
- **સહસભ્યો અને આમંત્રિત સભ્યો :** તાલુકા પંચાયતમાં ચૂંટાયેલા સભ્યો ઉપરાંત સહસભ્યો અને આમંત્રિત સભ્યો હોય છે. આ સભ્યો તાલુકા પંચાયતની મિટિંગમાં ભાગ લે છે, ચર્ચામાં ભાગ લે છે, સલાહ-સૂચનો કરી શકે છે; પરંતુ તેમને મત આપવાનો અધિકાર નથી.
- **તાલુકા પંચાયતની સમિતિઓ :** તાલુકાનાં ગામોનાં વિકાસ કાર્યો કરવા માટે તાલુકા પંચાયત પોતાના સભ્યોમાંથી કારોબારી સમિતિ અને સામાજિક ન્યાય સમિતિની રચના કરે છે. આ ઉપરાંત આવશ્યકતા અનુસાર મરજિયાત સમિતિઓની રચના કરે છે.

(1) **કારોબારી સમિતિ :** તાલુકા પંચાયતના સભ્યો પોતાનામાંથી 9 સભ્યો સુધીની કારોબારી સમિતિની રચના કરે છે. આ સભ્યો તેમનામાંથી એક સભ્યને કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે પસંદ કરે છે. આ સમિતિની મુદત બે વર્ષની હોય છે.

(2) **સામાજિક ન્યાય સમિતિ :** તાલુકા પંચાયતમાં આ સમિતિની રચના કરવી ફરજિયાત છે. આ સમિતિના સભ્યોની સંખ્યા વધુમાં વધુ પાંચ હોય છે અને તે તાલુકા પંચાયત નક્કી કરે છે.

**તાલુકા પંચાયતના પ્રમુખ :**

તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યો પ્રમુખની અને ઉપપ્રમુખની ચૂંટણી કરે છે. પ્રમુખ તાલુકાની ગ્રામીણ પ્રજાનું પ્રતિનિધિત્વ ધરાવતા લોકશાહી નેતા છે.

**તાલુકા વિકાસ અધિકારી (TDO) :**

તાલુકા વિકાસ અધિકારી તાલુકા પંચાયતનું વહીવટી કાર્ય કરવા માટે સરકારે નીમેલા અધિકારી છે. સરકારી અને વહીવટી કાર્યો કરવા પંચાયત પ્રમુખને માર્ગદર્શન આપે છે.

**તાલુકા પંચાયતનાં કાર્યો :**

**(1) સ્વાસ્થ્ય અને સફાઈ :** આ ક્ષેત્રે તાલુકા પંચાયતે ગ્રામીણ પાણી પુરવઠો, પાણીનું પ્રદૂષણ અટકાવવું, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, દવાખાનાં, પ્રસૂતિગૃહ અને કુટુંબનિયોજનને લગતાં કાર્યો કરવાનાં હોય છે.

**(2) શિક્ષણ :** તાલુકા પંચાયતે તાલુકાનાં ગામોમાં પ્રાથમિક શાળાની સ્થાપના અને તેનું સંચાલન, પ્રાથમિક

શાળાનાં મકાનો બાંધવા, રમત-ગમતનાં મેદાન બનાવવાં, માધ્યમિક શિક્ષણ અંગેની કામગીરી કરવી તેમજ સમાજ શિક્ષણને લગતી કામગીરીમાં અનૌપચારિક શિક્ષણ, પ્રૌઢશિક્ષણ સંબંધી કાર્યો કરવાનાં હોય છે.

(3) **બાંધકામ :** તાલુકામાંનાં ગામોને જોડતા રસ્તા, મોટા રસ્તાને જોડતા રસ્તા, ગામના રસ્તાનું બાંધકામ અને તેની જાળવણીનું કાર્ય કરવાનું હોય છે. આ ઉપરાંત તાલુકાના રસ્તાની બાજુમાં વૃક્ષારોપણની કામગીરી કરવાની રહે છે.

(4) **ગ્રામ વસવાટ :** તાલુકા પંચાયતે તાલુકાનાં ગામોના ગામતળનો વિકાસ અને ગામનાં રહેઠાણોનું આયોજન કરવાની કામગીરી બજાવવાની હોય છે.

(5) **ખેતીવાડી :** તાલુકા પંચાયતે તાલુકા વિસ્તારમાં ખેતીવાડીની સુધારણા, સિંચાઈકામોનું બાંધકામ, જમીન સુધારણા, જમીનનું સંરક્ષણ, ખેતી અને સિંચાઈ માટે ધિરાણની વ્યવસ્થા, ખેડૂતોના તાલીમવર્ગો અને વિસ્તરણ કાર્યક્રમો, વૉટરશેડનાં કામો તેમજ ગોડાઉનો સ્થાપવાં અને તેની જાળવણીને લગતાં કાર્યો કરવાનાં હોય છે.

(6) **પશુ સંવર્ધન :** તાલુકા પંચાયતે પશુચિકિત્સાલયો ચલાવવાં, પશુઓનાં કૃત્રિમ ગર્ભાધાન કેન્દ્રો ચલાવવાં તેમજ ડેરી વિકાસને લગતી કામગીરી કરવાની રહે છે.

(7) **ગ્રામોદ્યોગ :** ગ્રામોદ્યોગના વિકાસ માટે તાલુકા પંચાયતે ઉત્પાદન-સહ તાલીમ કેન્દ્રો સ્થાપવાં, ખાદી ગ્રામોદ્યોગ અને કુટિર ઉદ્યોગોનો વિકાસ કરવો તેમજ ટેક્નિકલ અને વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો ચલાવવાને લગતી કામગીરી કરવાની હોય છે.

(8) **સહકાર :** તાલુકા પંચાયતે તાલુકા વિસ્તારમાં સહકારી પ્રવૃત્તિનો વિકાસ કરવા માટે સહકારી ધોરણે ધિરાણ, વેચાણ, ઉદ્યોગ, સિંચાઈ સંબંધી વિવિધ મંડળી સ્થાપવાનાં કાર્યો કરવાનાં હોય છે.

(9) **રાહત સહાય :** તાલુકા પંચાયતે કુદરતી આફતોના પ્રસંગો જેવાં કે પૂર, આગ, ધરતીકંપ, રોગચાળો, દુષ્કાળ વખતે તાલુકા વિસ્તારમાં ગ્રામજનોને રાહત સહાય આપવાની કામગીરી બજાવવાની હોય છે.

(10) **સમાજકલ્યાણ અને સુરક્ષા :** તાલુકા પંચાયતે તાલુકાનાં ગામડાંમાં અસ્પૃશ્યતા નિવારણ, સમાજના નબળા વર્ગો, વિકલાંગો, વૃદ્ધો, નિરાધાર, વિધવા, ત્યક્તાના કલ્યાણ માટેની યોજનાઓ ઘડી તેનો અમલ કરવાનો હોય છે તેમજ અનાથાશ્રમ અને ગરીબો માટેનાં આશ્રયસ્થાનો બાંધવા અને ચલાવવાની કામગીરી દ્વારા જરૂરિયાતમંદોને સમાજસુરક્ષા પૂરી પાડવાની કામગીરી કરવાની હોય છે.

### (3) જિલ્લા પંચાયત (તૃતીય સ્તર)

પંચાયતી રાજના ત્રિ-સ્તરીય માળખામાં જિલ્લા પંચાયત એ સૌથી ઉપલા સ્તરની સંસ્થા છે. 4 લાખની વસ્તી સુધી જિલ્લા પંચાયત 17 સભ્યોની બનેલી હોય છે. ત્યાર બાદ દર એક લાખની વસ્તી દીઠ બે સભ્યોનો વધારો થાય છે. જિલ્લા પંચાયતની કુલ બેઠકોમાંથી એક તૃતીયાંશ બેઠકો સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવે છે. વસ્તીના પ્રમાણમાં અનુસૂચિત જાતિઓ અને આદિજાતિઓ માટે બેઠકો અને અધ્યક્ષપદો અનામત રાખવામાં આવે છે. બક્ષીપંચ (અન્ય પછાતવર્ગો) માટે 10 % બેઠકો અને અધ્યક્ષપદો અનામત રાખવામાં આવે છે.

#### જિલ્લા પંચાયતનું માળખું (રચનાતંત્ર) :

જિલ્લા પંચાયતનાં રચનાતંત્રીય અંગો નીચે મુજબ છે :

(1) **ચૂંટાયેલા સભ્યો :** જિલ્લાનાં ગામડાંના મતદારો દ્વારા સીધી ચૂંટણીથી જિલ્લા પંચાયતના સભ્યોને ચૂંટે છે. આ ચૂંટાયેલા સભ્યો જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ ચૂંટી કાઢે છે.

(2) **સહસભ્યો અને આમંત્રિત સભ્યો :** જિલ્લા પંચાયતમાં સીધી ચૂંટણીથી ચૂંટાયેલા સભ્યો ઉપરાંત નિયુક્ત સભ્યો, કૉ-ઓપ્ટ સભ્યો અને આમંત્રિત સભ્યો હોય છે. ચૂંટાયેલા સભ્યોની સરખામણીમાં આ સભ્યોના અધિકારો મર્યાદિત છે. તેઓને મત આપવાનો અધિકાર નથી.

(3) **જિલ્લા પંચાયતની સમિતિઓ :** જિલ્લા પંચાયતે જિલ્લાનાં ગામોના વિકાસને લગતાં અનેકવિધ કાર્યો કરવાનાં હોય છે. આ કાર્યો કરવા માટે જિલ્લા પંચાયતના સભ્યોની બનેલી લગભગ 10 જેટલી સમિતિઓની રચના કરવામાં આવે છે. આ દરેક સમિતિના સભ્યો પોતાનામાંથી કોઈ એક સભ્યને સમિતિના અધ્યક્ષ તરીકે ચૂંટી કાઢે છે. અધ્યક્ષની દોરવણી નીચે સમિતિ કાર્ય કરે છે.

(4) **જિલ્લા પંચાયત પ્રમુખ :** જિલ્લા પંચાયતના પ્રમુખ લોકશાહી ઢબે ચૂંટાયેલા નેતા છે અને તેઓ જિલ્લા પંચાયતના વડા તરીકે કામ કરે છે. પંચાયતી રાજમાં જિલ્લા પંચાયતના પ્રમુખનું પદ ખૂબ મહત્ત્વનું ગણવામાં આવ્યું છે. પ્રમુખ જિલ્લાની ગ્રામીણ પ્રજાના પ્રતિનિધિ છે. પંચાયતી રાજની સફળતાનો તથા ગ્રામીણ વિકાસની સફળતાનો આધાર પ્રમુખની કામગીરી પર રહે છે.

(5) **જિલ્લા વિકાસ અધિકારી (DDO) :** જિલ્લા વિકાસ અધિકારી જિલ્લા પંચાયત હસ્તકનો સરકારી અધિકારી છે. તેમણે જિલ્લા પંચાયતના કાર્યાલયમાં વહીવટી જવાબદારી સંભાળવાની રહે છે. સરકારી અધિકારી તરીકે જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યો અને પ્રમુખને સરકારના નિયમોની જાણકારી અને માર્ગદર્શન પૂરાં પાડવાનાં રહે છે.

**જિલ્લા પંચાયતનાં કાર્યો :**

જિલ્લા પંચાયત તેની દેખરેખ નીચે તમામ તાલુકા અને ગામડાંઓના સર્વાંગી વિકાસનાં કાર્યો માટેનું માર્ગદર્શન આપે છે. જિલ્લા પંચાયતનાં કેટલાંક કાર્યો નીચે મુજબ છે :

(1) સમગ્ર જિલ્લાના ગ્રામ વિસ્તારો માટે વિકાસનીતિ ઘડીને તાલુકા અને ગ્રામ પંચાયતો પાસે તેનો અમલ કરાવે છે.

(2) જિલ્લાના વિવિધ તાલુકાઓને તથા ગામડાંઓને જોડતાં રસ્તા બનાવવા તથા જિલ્લાના ગ્રામ વિસ્તારનાં લોકોને વાહનવ્યવહારની સુવિધા પૂરી પાડે છે.

(3) જિલ્લાનું ખેત-ઉત્પાદન વધે એ માટે ખેતીવિષયક તમામ સુવિધાઓ જેવી કે સિંચાઈ, બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ, ખેતીની નવી પદ્ધતિ વગેરે ઉપલબ્ધ કરાવે છે.

(4) જિલ્લાના ગ્રામવિસ્તારમાંથી બેકારી ઘટે તે માટે નાના પાયાના ઉદ્યોગો, હસ્ત ઉદ્યોગો સ્થપાય તેમજ ગામડાંના બેકાર લોકોને રોજગારીની તક મળે તેવા કાર્યક્રમો ઘડી તાલુકા પંચાયત પાસે તેનો અમલ કરાવે છે.

(5) ગ્રામવિસ્તારના લોકોની આરોગ્યની સુધારણા માટે ગ્રામ આરોગ્ય કેન્દ્રો, કુટુંબનિયોજન કેન્દ્રો, માતૃ અને બાળકલ્યાણ કેન્દ્રો ઊભાં કરવાની કામગીરી જિલ્લા પંચાયત કરે છે. ગામડાંમાં ચેપી રોગ ફાટી નીકળે ત્યારે જિલ્લા મથકેથી ઉપચારનાં સાધનો, ડૉકટરોની ટુકડી, દવાઓ વગેરે તાત્કાલિક જે-તે ગામમાં પહોંચાડવાનું કામ જિલ્લા પંચાયતનું છે.

(6) જિલ્લાઓનાં ગામડાંઓમાંથી નિરક્ષરતા દૂર કરવા માટે જિલ્લા પંચાયત વિશિષ્ટ પ્રયાસો કરે છે. દરેક ગામડાંમાં  પ્રાથમિક શાળા ઊભી કરવી, નાણાકીય મદદ ઊભી કરવી, શૈક્ષણિક સાધનો મોકલવાં, ગ્રામ વિસ્તારની શાળાઓમાં શિક્ષકની ભરતી તથા બદલીઓ કરવી, શાળાઓની તપાસ કરી શૈક્ષણિક સુધારા સૂચવવા, નિરક્ષર પ્રૌઢોને અક્ષરજ્ઞાન મળે એવી સુવિધા ઊભી કરવી વગેરે કાર્યો તે કરે છે.

(7) જિલ્લાના ગ્રામ વિસ્તારોમાં રહેતા નબળા વર્ગના લોકો જેવાં કે અનુસૂચિત જાતિ, આદિવાસીઓ, ખેતમજૂરો વગેરેના ઉત્કર્ષ માટેની યોજના ઘડવી, તાલુકા પંચાયત પાસે પણ ઘડાવવી તથા તેને કાર્યાન્વિત કરવાનું કાર્ય જિલ્લા પંચાયત કરે છે.

(8) જિલ્લાના ગ્રામવિસ્તારોમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા રમતગમતની પ્રવૃત્તિઓ વિકસે, પુસ્તકાલયો સ્થપાય, યુવક વિકાસ અને મહિલા વિકાસ માટેનાં સંગઠનો સ્થપાય એવા તાલુકા અને ગ્રામ પંચાયતનાં કાર્યોમાં જિલ્લા પંચાયત મદદરૂપ બને છે. આ માટેનાં સાધનો તથા નાણાકીય મદદ પણ પૂરી પાડે છે.

ટૂંકમાં જિલ્લા પંચાયતે પંચાયતી રાજની જિલ્લા કક્ષાની સર્વોચ્ચ લોકશાહી સંસ્થા તરીકે ગ્રામવિસ્તારોના સર્વાંગી વિકાસ માટેના પ્રયાસો કરવાનાં હોય છે. આ માટે અમુક નાણાં રાજ્ય સરકાર તરફથી ગ્રાન્ટ તરીકે મળે છે. આ ઉપરાંત જિલ્લા પંચાયતને મહેસૂલ, સ્થાનિક કરવેરા વગેરેમાંથી પણ આવક થાય છે. જિલ્લા પંચાયત પોતાની આવક માટે અન્ય સાધનો પણ ઊભાં કરી શકે છે.

**પંચાયતી રાજની સામાજિક અસરો**

પંચાયતી રાજની સ્થાપનાનો હેતુ સત્તાનું લોકશાહી વિકેન્દ્રીકરણ કરવાનો તથા ગામડાંના સર્વાંગી વિકાસના પ્રયાસ કરવાનો છે. આ હેતુના સંદર્ભમાં જોતાં પંચાયતી રાજની ગ્રામીણ સમાજ પરની સામાજિક અસરો મુખ્યત્વે નીચે મુજબ જોવા મળે છે :

**(1) લોકશાહી મૂલ્યોનો પ્રસાર :** ભારતની બહુમતી પ્રજા ગ્રામીણ વિસ્તારોમાં વસે છે. પંચાયતી રાજના અમલને કારણે ગ્રામીણ સમાજમાં લોકશાહી મૂલ્યોના પ્રસારને વેગ મળ્યો છે. ગામડાંનાં મતદારોને પોતાના મતનો ઉપયોગ કરીને પ્રતિનિધિ પસંદ કરવાની (ચૂંટવાની) તક મળે છે.

**(2) નવા નેતૃત્વનો ઉદ્‌ભવ :** પરંપરાગત ગ્રામ સમાજમાં સામાન્ય રીતે વયોવૃદ્ધ વ્યક્તિઓને વારસાગત રીતે નેતાગીરી મળતી હતી. પંચાયતી રાજને કારણે ચૂંટણીઓમાં ગામડાંના યુવાનો અને શિક્ષિત વર્ગને ઉમેદવારી કરવાની અને ચૂંટાવાની તક મળી છે. પરિણામે યુવાન, શિક્ષિત અને ગતિશીલ નેતૃત્વ ઉદ્‌ભવ્યું છે.

**(3) સત્તાના માળખામાં પરિવર્તન :** પંચાયતી રાજની સ્થાપના થતાં સત્તાનું વિકેન્દ્રીકરણ શક્ય બન્યું છે. ગામડાંના લોકોના હાથમાં સત્તા આવી છે. તેઓ પોતે જ પોતાના પ્રતિનિધિઓને પસંદ કરીને વિકાસનાં કાર્યોનાં આયોજન, અમલ અને વહીવટી જવાબદારી સંભાળે છે. પંચાયતી રાજથી સમાનતા તથા સ્વાતંત્ર્યની દિશામાં સત્તાની વહેંચણી થવા લાગી છે.

**(4) સામાજિક ગતિશીલતામાં વૃદ્ધિ :** પંચાયતી રાજને લીધે સામાજિક ગતિશીલતામાં વૃદ્ધિ થવા લાગી છે. પંચાયતના ત્રણે સ્તરમાં અનામતની જોગવાઈ હોવાથી અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓને, પંચાયતમાં ચૂંટાવાની અને સત્તા મેળવવાની તક મળી છે, પરિણામે પરંપરાગત રીતે નીચું સ્થાન ભોગવતી જ્ઞાતિના સભ્યોને રાજકીય અને આર્થિક-સામાજિક દરજ્જો સુધારવાની કે ઊંચા લઈ જવાની તક મળી છે. આમ રાજકીય, સામાજિક અને આર્થિક ક્ષેત્રે સામાજિક ગતિશીલતામાં વધારો થયો છે.

**(5) રાજકીય જાગૃતિ :** પંચાયતની ચૂંટણીઓએ રાજકીય જાગૃતિ લાવવામાં ભાગ ભજવ્યો છે. ચૂંટણી સમયે જુદા જુદા રાજકીય પક્ષોના નેતા ગામડાંઓની મુલાકાત લે છે, ત્યાં સભા ભરે છે અને પક્ષના ચૂંટણી વચનો આપે છે. પરિણામે લોકો રાષ્ટ્રીય પક્ષો, પક્ષપ્રથા, પક્ષની સામાજિક, આર્થિક નીતિ વગેરે રાજકારણના પ્રશ્નોથી વાકેફ થાય છે. જેથી ગ્રામીણ લોકોની રાજકીય સમજણ અને સભાનતામાં વધારો થયો છે.

**(6) બિનસાંપ્રદાયીકરણ :** પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારે જુદી જુદી જ્ઞાતિઓનો ટેકો મેળવવો પડે છે. ચૂંટણી પછી પંચાયતના સભ્યોએ પંચાયતની કાર્યવાહીમાં પણ જ્ઞાતિ કે કોમના ભેદ વગર સાથે મળીને વિચાર-વિમર્શ કરી નિર્ણયો લેવા માટે એકબીજાનો સહકાર મેળવવો પડે છે. આથી, ગ્રામ સમાજમાં પરંપરાગત સાંપ્રદાયિકતાના ખ્યાલો નબળા પડે છે અને બિનસાંપ્રદાયિક મૂલ્યોનો પ્રચાર-પ્રસાર થતો જાય છે.

**(7) સામાજિક અંતરમાં ઘટાડો :** પંચાયતી રાજને કારણે ગામડાંની વિવિધ ઉચ્ચ-નિમ્ન જ્ઞાતિઓ, કોમો, પુરુષો અને સ્ત્રીઓ, ખેડૂતો અને ખેતમજૂરો વગેરે વર્ગો વચ્ચે પરંપરાગત સામાજિક અંતર ઘટવા લાગ્યું છે. પહેલાંના સમયમાં આ બધા વર્ગો વચ્ચે એક પ્રકારની સામાજિક અલગતા રહેતી પરંતુ હવે પંચાયતની ચૂંટણીઓમાં, તેની કાર્યવાહીમાં, ગામનાં સાર્વજનિક વિકાસનાં કામોમાં દરેક વર્ગના સભ્યોએ પરસ્પર આંતરક્રિયા અને સામાજિક સંપર્ક કરવો જરૂરી બને છે. આથી ધીમે ધીમે તેમની વચ્ચે સામાજિક અંતરમાં ઘટાડો થવા લાગ્યો છે.

**(8) લોકોની ભાગીદારી વધી :** પંચાયતી રાજની સ્થાપના પાછળનો હેતુ ગ્રામવિકાસનાં કાર્યોમાં લોકોની ભાગીદારી વધારવાનો હતો. તેમાં સફળતા મેળવી શકાઈ છે, જે કેટલાક અભ્યાસો પરથી જણાય છે. હવે ગામડાંઓમાં પંચાયતનું મકાન, ગોબરગૅસ પ્લાન્ટ, વોટરવર્ક્સ, જાહેર શૌચાલય, રસ્તા પરની લાઇટ અને વૃક્ષો વગેરે સગવડો ઊભી થઈ છે. તે જ રીતે ઘણાં ગામડાંઓમાં લોકોનો અમુક ફાળો તથા સરકારી મદદ મેળવીને વીજળીકરણ કરવામાં આવ્યું છે. લોકોએ સ્વૈચ્છિક શ્રમ સ્વરૂપે ગામના વિકાસમાં ફાળો આપીને રસ્તા પણ બનાવ્યા છે.

પંચાયતી રાજની કેટલીક નકારાત્મક સામાજિક અસરો પણ પડી છે, જે ટૂંકમાં નીચે મુજબ દર્શાવી શકાય :

**(1) જૂથવાદ અને પક્ષાપક્ષી :** પંચાયતી રાજની ચૂંટણીઓએ ગામડાંમાં પણ પક્ષાપક્ષી અને જૂથવાદને ઉત્તેજન આપ્યું છે. ચૂંટણી વખતે ગામડામાં જુદા જુદા રાજકીય પક્ષો સક્રિય બની પોતાના ઉમેદવારો માટે ટેકો મેળવવા જૂથો ઊભાં કરે છે. પરિણામે કેટલીક વખત ગામડાંમાં કાયમી કડવાશનાં બીજ રોપાય છે.

**(2) જ્ઞાતિવાદને ઉત્તેજન :** પંચાયતની ચૂંટણીઓમાં વિવિધ જ્ઞાતિઓ પોતાના સંખ્યાબળને આધારે ઉમેદવારો ઊભા કરે છે. તેથી ક્યારેક ઉમેદવારની વ્યક્તિગત લાયકાતો ગૌણ બની જાય છે અને ચૂંટણી જીતવા માટે જ્ઞાતિનું પીઠબળ નિર્ણાયક બને છે, એટલે કે મોટું સંખ્યાબળ ધરાવતી જ્ઞાતિનો ઉમેદવાર વ્યક્તિગત

લાયકાતની બાબતમાં બીજા ઉમેદવારો કરતાં નબળો હોવા છતાં તે જ્ઞાતિના સભ્યોનો ટેકો મેળવવા માટે ચૂંટણીના પ્રચારમાં જ્ઞાતિનાં હિતોને પ્રાધાન્ય આપે છે અને પોતાની જ્ઞાતિને આગળ લાવવા માટેનાં વચનો આપે છે. આથી ગામડાંમાં જ્ઞાતિવાદને ઉત્તેજન મળે છે તેથી જ્ઞાતિપ્રથાને નાબૂદ કરવાના બંધારણીય આદર્શની પીછેહઠ થાય છે.

**(3) આંતરજ્ઞાતીય સંઘર્ષ :** જ્ઞાતિવાદ આંતરજ્ઞાતીય સંઘર્ષ ઊભા કરે છે. વિવિધ જ્ઞાતિઓ વચ્ચેના હિત સંઘર્ષ અને જૂથવાદ તેમની વચ્ચે સંઘર્ષ પેદા કરે છે. પંચાયતની ચૂંટણી પછી કેટલાંક ગામડાંઓમાં વિવિધ જ્ઞાતિઓ વચ્ચે ઝઘડા, મારામારી અને સંઘર્ષના બનાવો પણ બને છે. આમ, પંચાયતી રાજ પદ્ધતિની કેટલીક મર્યાદાઓ પણ જોવા મળે છે.

**પંચાયતી રાજ - 73મા બંધારણીય સુધારાની વિશેષતાઓ**

ગ્રામસભાને પંચાયતી રાજપ્રણાલીનો આધાર માનવામાં આવી છે. આ ગ્રામસભાઓ રાજ્ય વિધાનમંડળી દ્વારા સોંપવામાં આવેલાં કાર્યો તથા અધિકારોનો ઉપયોગ કરશે.

ગ્રામ, મધ્યવર્તી અને જિલ્લા સ્તરો પર પંચાયતો ત્રણ સ્તરે વહેંચાયેલી હશે. 20 લાખની જનસંખ્યા ધરાવતાં રાજ્યોને એ અધિકાર હશે કે જો તેઓ ઇચ્છે તો મધ્યવર્તી સ્તરે પંચાયતોની રચના ન કરે. કલમ 243ને આધીન રાષ્ટ્રપતિ દ્વારા કેન્દ્રશાસિત પ્રદેશો માટે વિશેષ વ્યવસ્થા અંતર્ગત પણ સભ્યો બની શકશે. પ્રત્યક્ષ રીતે ત્રણેય સ્તરે સભ્યોની ચૂંટણી થશે. ગ્રામ પંચાયતોનો પ્રધાન મધ્યવર્તી સંસ્થાઓનો સભ્ય બની શકશે. આ જ રીતે મધ્યવર્તી સ્તરનો સભ્ય જિલ્લા સંસ્થાઓનો પણ સભ્ય બની શકશે.

પ્રત્યેક સ્તરે પંચાયતોનો કાર્યકાળ પાંચ વર્ષનો હશે અને કાર્યકાળ પૂરો થાય તે પહેલાં ચૂંટણી કરાવી લેવામાં આવશે. પંચાયત ભંગ કરવાની સ્થિતિ આવે તો છ મહિનાની અંદર ચૂંટણી કરાવવી અનિવાર્ય બની જશે.

તમામ પંચાયતોમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિ માટે તેમની વસ્તી પ્રમાણે બેઠકો અનામત રાખવામાં આવશે. કુલ બેઠકોની $\frac{1}{3}$ બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે. આ જ રીતે પંચાયતમાં પણ પ્રત્યેક સ્તરે અધ્યક્ષોના હોદ્દાની કુલ સંખ્યામાં ઓછામાં ઓછા એક તૃતીયાંશ હોદ્દાઓ મહિલાઓ માટે અનામત રહેશે. રાજ્યોની જનસંખ્યામાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓમાં જનસંખ્યાનું જે પ્રમાણ છે તે જ પ્રકારનું એમના માટે અનામત હોદ્દાનું પણ પ્રમાણ રહેશે. આ સિવાય રાજ્યોનાં વિધાનમંડળો દ્વારા પંચાયતમાં કોઈ પણ સ્તરે અથવા અધ્યક્ષોના હોદ્દા માટે કોઈ પણ સ્તરે પછાત જાતિઓના નાગરિકો માટે હોદ્દો અનામત રાખી શકાય છે.

24 એપ્રિલ, 1993થી એટલે કે 73મો બંધારણીય સુધારો અમલમાં આવ્યો તે તારીખથી એક વર્ષની અંદર અને તે પછી પાંચ વર્ષની સમાપ્તિ પછી તમામ રાજ્યોમાં એક નાણાં પંચની રચના કરવામાં આવશે, જે રાજ્યો અને તમામ સ્તરે પંચાયતો વચ્ચે નાણાકીય સંસાધનોના વિતરણ તથા હસ્તાંતરણના નિયંત્રિત સિદ્ધાંતો અને પંચાયતોની નાણાકીય સ્થિતિ સુધારવાના ઉપાયો પર વિચાર કરશે.

વિકાસ યોજનાઓ લાગુ કરવા માટે પંચાયતોને પૂરતા પ્રમાણમાં નાણાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

પંચાયતોને કર એકત્રિત કરવાની મંજૂરી આપવી અથવા મહેસૂલનો કેટલો ભાગ પંચાયતી રાજ સંસ્થાઓને આપવો કે નહિ તે બાબત રાજ્ય સરકાર પોતે નક્કી કરશે.

પંચાયતોની મતદાતા સૂચિ તૈયાર કરવાનું અને દરેક ચૂંટણી કરાવવાનું કામ રાજ્ય ચૂંટણી પંચનું હશે. જેની રચના તમામ રાજ્યોમાં કરવામાં આવશે.

જો કોઈ વ્યક્તિને રાજ્ય વિધાનમંડળના ચૂંટણીના કોઈ કાયદા દ્વારા કે પછી રાજ્યના અન્ય કોઈ કાયદા દ્વારા અયોગ્ય ઠેરવવામાં આવશે તો તે વ્યક્તિ પંચાયતની સભ્ય બની શકશે નહિ.

અંતમાં 29 મતોવાળી અગિયારમી અનુસૂચિ કલમ 243 જી જોડવામાં આવી છે. જેના દ્વારા સ્થાનિક મહત્ત્વનાં કાર્યોની યોજના બનાવવાની અને અમલીકરણમાં પંચાયતી રાજ સંસ્થાઓને પ્રભાવક ભૂમિકા આપવામાં આવે છે. આ મુદ્દાઓમાંથી કેટલાક નીચે જણાવ્યા તે પ્રમાણેના છે :

**(1)** કૃષિ અંતર્ગત કૃષિ વિસ્તરણ.

**(2)** ભૂમિ સુધારણાને લાગુ કરવી.

**(3)** લઘુ સિંચાઈ, જળપ્રબંધ અને જળવિકાસ.

સામુદાયિક વિકાસ માટે લોકભાગીદારી અને નિયમાનુસાર કાર્ય કરવું જરૂરી છે; પરંતુ જો તેમાં કોઈ કક્ષાએ વિચલિત વર્તન કે ધોરણભંગ થાય તો સામુદાયિક વિકાસ પર તેની વિપરીત અસર થવાની શક્યતાને નકારી શકાય નહિ. આવા ધોરણભંગ વર્તનની માહિતી હવે પછીના એકમમાં જોઈશું.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો :**

(1) પંચાયતી રાજનો અર્થ અને ઉદ્દેશો સ્પષ્ટ કરો.

(2) પંચાયતી રાજના ત્રિ-સ્તરીય માળખાનો ખ્યાલ સમજાવો.

(3) પંચાયતી રાજની સામાજિક અસરો વર્ણવો.

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :**

(1) ગ્રામ પંચાયતનાં કાર્યો.

(2) જિલ્લા પંચાયતનું માળખું(રચનાતંત્ર) સ્પષ્ટ કરો.

(3) પંચાયતી રાજની નકારાત્મક અસરો સમજાવો.

(4) '73મો બંધારણીય સુધારો' સ્પષ્ટ કરો.

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) ગ્રામસભા ટૂંકમાં સ્પષ્ટ કરો.

(2) તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિ સમજાવો.

(3) ગ્રામસેવકની કામગીરી ટૂંકમાં જણાવો.

(4) પંચાયતી રાજની વ્યાખ્યા આપો.

(5) તાલુકા પંચાયતની સમિતિઓનાં નામ આપો.

**4. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો :**

(1) ગ્રામ પંચાયતનાં વિકાસાત્મક કાર્યો કયા-કયા છે ?

(2) તાલુકા પંચાયતના પ્રમુખ કોણ બને છે ?

(3) જવાહરલાલ નહેરુ પંચાયતી રાજ વિશે શું કહે છે ?

(4) TDOનું પુરૂ નામ આપો.

(5) DDOનું પુરૂ નામ આપો.

**5. નીચેના પ્રત્યેક પ્રશ્નમાં આપેલા વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર આપો :**

(1) 'પંચાયતી રાજની સ્વતંત્રતા પાયાથી શરૂ થવી જોઈએ', આ વિધાન કોનું છે ? ☐

(અ) જવાહરલાલ નહેરુ (બ) મહાત્મા ગાંધી

(ક) લૉર્ડ મેયો (ડ) બળવંતરાય મહેતા

(2) પંચાયતી રાજ એટલે........ ☐

(અ) સત્તાનું વિકેન્દ્રીકરણ (બ) સત્તાનું કેન્દ્રીકરણ

(ક) તટસ્થ સત્તા (ડ) સત્તાવિહીનતા

(3) પંચાયતી રાજમાં સ્ત્રી-અનામત કેટલા ટકા હોય છે ? ☐

(અ) 22 % (બ) 33 % (ક) 44 % (ડ) 40 %

(4) ગામના વિકાસ અને વહીવટનું મુખ્ય કામ કોણ કરે છે ? ☐

(અ) સરપંચ (બ) ગ્રામસભા

(ક) પંચાયત કર્મચારી (ડ) કારોબારી સમિતિ

(5) 73મો બંધારણીય સુધારો ક્યારે અમલમાં આવ્યો ?

(અ) 24 એપ્રિલ, 1993 (બ) 22 માર્ચ, 1994

(ક) 1 ડિસેમ્બર, 1990 (ડ) 1 જાન્યુઆરી, 2000

(6) પંચાયતનો કાર્યકાળ કેટલાં વર્ષનો હોય છે ?

(અ) પાંચ વર્ષ (બ) ત્રણ વર્ષ

(ક)એક વર્ષ (ડ) બે વર્ષ

(7) પંચાયતી રાજનું ત્રિ-સ્તરીય માળખું કઈ સમિતિએ આપ્યું ?

(અ) સેવક સમિતિ (બ) બળવંતરાય મહેતા સમિતિ

(ક) મેટકાફ સમિતિ (ડ) બ્રિટિશ સમિતિ

(8) લૉર્ડ રિપને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓના સિદ્ધાંતો કઈ સાલમાં નક્કી કર્યા ?

(અ) 1882 (બ) 1801

(ક) 1909 (ડ) 1947

## પ્રવૃત્તિ

- કોઈ પણ એક ગામનાં પંચાયત ઘરની મુલાકાત લો.
- વર્ગમાં પંચાયતી રાજના ત્રિ-સ્તરીય માળખા મુજબ વિદ્યાર્થીઓની ગોઠવણી કરો.
- તાલુકા અને જિલ્લા પંચાયતની મુલાકાત લો.
- પંચાયતોની ચૂંટણી પ્રક્રિયાની સમજ મેળવવા માટે શાળામાં મોકપોલનું આયોજન કરો.
- ગામમાં પંચાયતોની કામગીરીનું મૂલ્યાંકન કરી અહેવાલ તૈયાર કરો.

●

# 9 સામાજિક ધોરણભંગ, બાળઅપરાધ અને યુવા અજંપો

**પ્રસ્તાવના**

વિદ્યાર્થીમિત્રો, એકમ–8માં આપે પંચાયતી રાજના ત્રિસ્તરીય માળખાં અંગેની માહિતી મેળવી. પંચાયતી રાજના અસરકારક અમલીકરણ માટે ત્રણેય સ્તરમાં સભ્યોની નિષ્ઠાપૂર્વકની ભૂમિકાની ભજવણી આવશ્યક છે. સભ્યો પોતાના દરજ્જા અનુસાર ભૂમિકાને યોગ્ય રીતે ભજવી શકે તે માટે ધોરણોનું માળખું રચાયેલું હોય છે. ધોરણોનું આ માળખું વ્યક્તિને ભૂમિકા ભજવવા માટે માર્ગદર્શન પૂરું પાડે છે. જ્યારે કોઈ સભ્ય આ માળખામાં દર્શાવેલાં ધોરણોથી વિરુદ્ધનું વર્તન કરે છે ત્યારે ધોરણભંગની પરિસ્થિતિ નિર્માણ પામે છે. વિદ્યાર્થીમિત્રો, આ એકમમાં આપણે ધોરણભંગ વર્તન કોને કહેવાય અને તેની લાક્ષણિકતાઓ કઈ કઈ છે તે અંગેની સમજ મેળવી, બાળ અપરાધ અને યુવાઅજંપાની ચર્ચા કરીશું.

સમાજમાં પ્રવર્તમાન નિયમો માટે સમાજશાસ્ત્રમાં 'સામાજિક ધોરણો' શબ્દ પ્રયોજાય છે. સામાજિક ધોરણો સાર્વત્રિક રીતે વિશ્વના તમામ સમાજોમાં જોવા મળે છે. કોઈ પણ સામાજિક વ્યવસ્થાના અસ્તિત્વનો આધાર સામાજિક ધોરણો છે. આ ધોરણો જ સમાજના સભ્યોને વર્તન કરવા અંગે માર્ગદર્શન પૂરું પાડતા હોય છે. સામાજિક ધોરણ એ સમાજવ્યવસ્થાનો પાયો છે અને સમાજની વ્યવસ્થા ધોરણોના આધાર પર ચણાયેલી ઈમારત છે. વિદ્યાર્થીમિત્રો, કલ્પના કરો કે તમે જે શાળામાં અભ્યાસ કરો છો, તે શાળાના કોઈ નિયમો જ ન હોય તો શાળાનું અસ્તિત્વ સંભવી શકે ખરું ? સામાજિક ધોરણ દ્વારા સમાજ સભ્યોનાં વર્તનનું નિયંત્રણ કરી એકતા, સુગ્રથન અને સાતત્ય જળવાઈ રહે તે માટે પ્રયત્ન કરે છે. આવો પ્રયત્ન સમાજમાં સમૂહજીવનના વાતાવરણનું સર્જન કરે છે અને સામાજિક સંબંધો બાંધવામાં તથા વ્યક્તિની જરૂરિયાતો પૂર્ણ કરવામાં મદદરૂપ થાય તેવું વર્તન કરવા માટે પ્રેરે છે.

સામાજિક ધોરણોનું પાલન કરવાના સંદર્ભે સમાજમાં બે પ્રકારનાં વર્તન જોવા મળે છે :

**(1)** ધોરણ અનુરૂપ વર્તન (ધોરણ અનુરૂપતા)

**(2)** ધોરણ વિરુદ્ધ વર્તન (ધોરણભંગ અથવા સામાજિક વિચલન)

દરેક સમાજને પોતપોતાનાં આગવાં ધોરણો હોય છે. આ ધોરણોમાં લોકરીતિઓ, રિવાજો, મૂલ્યો, ટ્રાફિકના નિયમો, રાજ્યએ ઘડેલા કાયદાઓ વગેરેનો સમાવેશ થાય છે. દરેક સમાજના સભ્યો પોતાના સમાજમાં પ્રવર્તતાં સામાજિક ધોરણોનો સ્વીકાર કરી, ધોરણોની મર્યાદામાં રહી, તે મુજબ પોતાનો વર્તનવ્યવહાર ગોઠવે તો તેને ધોરણ અનુરૂપ વર્તન કહેવાય. સમાજના તમામ સભ્યો દ્વારા હંમેશાં ધોરણ અનુરૂપ વર્તન થતું જ હોય કે થાય તેવું જોવા મળતું નથી. સમાજના કેટલાક સભ્યો દ્વારા ક્યારેક જાણતાં-અજાણતાં ધોરણોથી વિરુદ્ધ વર્તન થઈ જતું હોય છે. આવું સામાજિક ધોરણથી વિરુદ્ધનું વર્તન એટલે સામાજિક ધોરણભંગ વર્તન કે સામાજિક વિચલન. જો સમાજમાં ધોરણભંગ વર્તનની માત્રા અને પ્રમાણમાં વધારો થાય તો તે સમાજ માટે પડકારરૂપ અને સમસ્યારૂપ બને છે. સમાજની એકતા અને સુગ્રથન જોખમાય છે. તેથી સમાજશાસ્ત્રમાં સામાજિક ધોરણભંગ વર્તનનો અભ્યાસ કરવામાં આવે છે.

**સામાજિક ધોરણભંગ વર્તનની વ્યાખ્યા**

**હૉર્ટન અને હન્ટ** – 'સમાજના ધોરણોનું અનુસરણ કરવાની કોઈ પણ નિષ્ફળતા એટલે સામાજિક ધોરણભંગ.'

**માર્શલ ક્લિનાર્ડ** – 'સમાજ દ્વારા અમાન્ય કે પ્રતિબંધિત દિશામાં સભ્યોનો સામાજિક વ્યવહાર સહ્ય વર્તનની સીમાની બહાર જાય તેને સામાજિક ધોરણભંગ કહેવાય.'

સમાજશાસ્ત્રી રોબર્ટ મર્ટનના મતે સમાજ માન્ય ધોરણોથી વિરુદ્ધનું વ્યક્તિનું વર્તન એટલે સામાજિક ધોરણભંગ. મર્ટને ધોરણભંગના ખ્યાલને વધુ સ્પષ્ટ કરવા માટે એનોમીનો સિદ્ધાંત આપ્યો હતો. જ્યારે હાવર્ડ બેકર, ધોરણભંગને સમાજ દ્વારા સ્વીકારાયેલ નિયમોના ભંગ તરીકે ઓળખાવે છે. ટૂંકમાં સામાજિક ધોરણભંગ વર્તન એટલે સમાજે રચેલાં કે પ્રસ્થાપિત કરેલાં ધોરણોથી વિરુદ્ધનું વર્તન કે ધોરણોનો ભંગ કરતું વર્તન.

સમાજવ્યવસ્થાની જાળવણી માટે બે પ્રકારનાં ધોરણો જોવા મળે છે : (1) હકારાત્મક ધોરણો એટલે કે વ્યક્તિએ કેવું વર્તન કરવું તે દર્શાવતાં ધોરણો. દા.ત., વડીલોને આદર આપવો અને (2) નકારાત્મક ધોરણો એટલે કે વ્યક્તિએ કેવું વર્તન ન કરવું તે દર્શાવતાં ધોરણો. દા.ત., ચોરી ન કરવી.

ટૂંકમાં એમ કહી શકાય કે સામાજિક ધોરણો વ્યક્તિનું કયું વર્તન યોગ્ય છે અને કયું વર્તન અયોગ્ય છે, કયું વર્તન ઉચિત છે કે કયું વર્તન અનુચિત છે તે અંગેની સ્પષ્ટતા કરી આપતાં હોય છે. સામાજિક ધોરણોના નિર્માણમાં વ્યક્તિ અને સમાજ બંને પરસ્પર ગાઢ રીતે સંકળાયેલા છે. અત્રે ઉલ્લેખનીય છે કે જે ધોરણોને સમાજનું કે સમૂહનું સમર્થન મળે છે, એવાં ધોરણોને જ સામાજિક ધોરણો કહેવાય. તમામ પ્રકારનાં ધોરણોને આપણે સામાજિક ધોરણો

કહી શકીએ નહિ. સમાજ દ્વારા રચાયેલાં કે ઘડાયેલાં આ ધોરણોનું પાલન કરીને વ્યક્તિ સામાજિક વ્યવસ્થાની જાળવણીમાં યોગદાન આપે છે.

સામાજિક ધોરણભંગ વર્તનની આટલી પ્રાથમિક સમજૂતી મેળવ્યા બાદ હવે આપણે તેની લાક્ષણિકતાઓનો પરિચય મેળવીએ.

**સામાજિક ધોરણભંગ વર્તનનાં લક્ષણો :**

**(1) સામાજિક ધોરણભંગ વર્તન એ વાર્તનિક ઘટના છે :**

સમાજમાં પ્રસ્થાપિત ધોરણો વ્યક્તિનાં વર્તનમાં અભિપ્રેત થતાં હોય છે. ધોરણોના સંદર્ભમાં જ વ્યક્તિ સમાજમાં પોતાના વર્તન-વ્યવહાર કરતો હોય છે. આ અર્થમાં ધોરણ અનુરૂપતા અને ધોરણભંગ એ વાર્તનિક ઘટના છે.

**(2) સામાજિક ધોરણભંગ વર્તન એ સાર્વત્રિક ઘટના છે :**

વિશ્વનો કોઈ પણ સમાજ - પછી તે સાદો સમાજ હોય કે વિકસિત સમાજ, તેમાં વત્તા-ઓછા પ્રમાણમાં ધોરણભંગ વર્તન જોવા મળતું હોય છે. સામાન્યતઃ સમાજનો દરેક સભ્ય ધોરણનું પાલન કરી વર્તન કરે એ ઇચ્છનીય હોય છે; પરંતુ હંમેશાં સમાજના તમામ સભ્યોથી દરેક પરિસ્થિતિમાં ધોરણોનું પાલન કરવું શક્ય બનતું નથી અને તેથી જ ધોરણભંગ વર્તનની ઘટના સર્જાતી હોય છે. આ અર્થમાં સામાજિક ધોરણભંગ વર્તન એક સાર્વત્રિક ઘટના છે એમ કહી શકાય.

**(3) સામાજિક ધોરણભંગ વર્તન સાપેક્ષતા ધરાવે છે :**

સામાજિક ધોરણભંગ વર્તન સાપેક્ષ છે. એક સમાજમાં જે વર્તન ધોરણભંગ ગણાતું હોય તે વર્તન બીજા સમાજમાં ધોરણભંગ વર્તન ન પણ હોય. દા.ત., ગુજરાતમાં મદ્યપાન કરવું તે ધોરણભંગ વર્તન છે, જ્યારે મહારાષ્ટ્રમાં તે ધોરણભંગ વર્તન ગણાતું નથી. કોઈ પણ સમાજનાં ધોરણોને તે સમાજની સંસ્કૃતિ અને મૂલ્યો સાથે સીધો સંબંધ હોય છે. મૂલ્યો અને સંસ્કૃતિમાં તફાવત હોવાને કારણે તે સમાજનાં ધોરણો અન્ય સમાજ કરતાં અલગ હોય તે સમજી શકાય તેવી બાબત છે. આ અર્થમાં સામાજિક ધોરણભંગ વર્તન સાપેક્ષતા ધરાવે છે.

**(4) સામાજિક ધોરણભંગ વર્તનનું વૈવિધ્ય :**

જ્ઞાતિ, જાતિ, ધર્મ, ગામડું, શહેર જેવી બહુવિધતા ધરાવતા ભારતીય સમાજમાં ધોરણોની બહુવિધતા જોવા મળે છે. ધોરણોનું આવું વૈવિધ્ય ધોરણભંગ વર્તનની શક્યતા વધારે છે. આથી ધોરણભંગ વર્તનની સાથે સહ્ય વર્તનની સીમાના ખ્યાલને સમજવો જરૂરી છે. આ ખ્યાલ મુજબ જ્યાં સુધી સમાજના સભ્યો ધોરણની સહ્ય સીમા કે મર્યાદામાં રહીને વર્તન-વ્યવહાર કરે ત્યાં સુધી તે વર્તન ધોરણભંગ વર્તન ગણાતું નથી; પરંતુ જ્યારે વ્યક્તિ કે સમૂહ સમાજે નિયત કરેલી આ સહ્ય-સીમા રેખાને ઓળંગે છે ત્યારે તે સામાજિક ધ્યેયપ્રાપ્તિ માટે પડકારજનક બને છે. આથી વ્યક્તિનું કે સમૂહનું આવું વર્તન ધોરણભંગ વર્તન બને છે.

**(5) સામાજિક ધોરણભંગ વર્તન સામાજિક અપેક્ષાઓથી વિરુદ્ધનું વર્તન છે :**

દરેક સમાજ પોતાના અસ્તિત્વને ટકાવવા, વ્યક્તિના વર્તનનું નિયંત્રણ કરવા સામાજિક ધોરણો ઘડે છે. તેથી સ્વાભાવિક રીતે જ સામાજિક ધોરણ સાથે સામાજિક અપેક્ષાઓ જોડાયેલી હોય છે. સામાજિક વ્યવસ્થાની જાળવણી થાય, સામાજિક સંવાદિતા ટકી રહે અને સામાજિક ધ્યેયોની પ્રાપ્તિ સરળ બને તે માટે સમાજ પોતાના સભ્યો પાસેથી ધોરણ અનુરૂપ વર્તનની અપેક્ષા રાખે છે. સમાજની આ અપેક્ષાથી વિરુદ્ધનું વર્તન સામાજિક ધોરણભંગ વર્તન તરીકે ઓળખાય છે.

**(6) સામાજિક ધોરણભંગ વર્તન અનિચ્છનીય સામાજિક વર્તન છે :**

વ્યક્તિ કે સમૂહનાં જે વર્તનથી સામાજિક વ્યવસ્થાતંત્ર ખોરવાય એવી સ્થિતિ સમાજના મોટા ભાગના લોકો માટે હંમેશાં અનિચ્છનીય હોય છે. કોમી હુલ્લડો, નક્સલવાદ, નશીલાં દ્રવ્યોની હેરાફેરી જેવી અનેક પરિસ્થિતિ મોટાભાગના લોકો માટે અનિચ્છનીય હોય છે. ધોરણભંગ વર્તનથી ઊભી થતી અરાજકતા તરફ તેઓ નારાજગી વ્યક્ત કરતા હોય છે. આ રીતે જોઈએ તો સામાજિક ધોરણભંગ વર્તન અનિચ્છનીય સામાજિક વર્તન છે.

કોઈ પણ સમાજની વ્યક્તિના ધોરણભંગ વર્તન માટે અનેક પરિબળો જવાબદાર હોય છે. નબળું સામાજિકીકરણ, ધોરણોનો નબળો અમલ, નબળી સજાપદ્ધતિ, ધોરણોનો અસ્પષ્ટ વિસ્તાર, ભ્રષ્ટાચારી અમલીતંત્ર, ધોરણો વચ્ચેની વિસંવાદિતા, બચાવ પ્રયુક્તિઓ અને સમૂહ માધ્યમો જેવાં પરિબળો ધોરણભંગ વર્તનની સ્થિતિ નિર્માણ કરવામાં સહાયક બને છે. સામાન્ય સંજોગોમાં સામાજિક ધોરણભંગ વર્તન સમાજ માટે હાનિકારક હોય છે એવું માનવામાં આવે ત્યારે એક બાબત ધ્યાનમાં રાખવી ઘટે તે એ છે કે ધોરણભંગ વર્તનની ઘટના ક્યારેક સમાજમાં પરિવર્તનને

જન્મ આપી સમાજ માટે ફાયદાકારક પણ બનતી હોય છે. સમાજમાં પ્રવર્તતાં કેટલાંક ધોરણો કે જે સમાજના વિકાસમાં અવરોધક બની સમાજમાં જડતા ફેલાવતા હોય ત્યારે તે ધોરણોનો ભંગ કરતું વર્તન સમાજ માટે રચનાત્મક ભૂમિકા પણ ભજવતા હોય છે. જેમ કે, રાજારામમોહન રાયનો સતીપ્રથાનો વિરોધ કે ગાંધીજી દ્વારા કરવામાં આવેલી દાંડીકૂચ. આમ, સામાજિક ધોરણભંગ વર્તનની ઘટના એ ખંડનાત્મક અને રચનાત્મક એમ બંને સ્વરૂપે જોવા મળતી હોય છે.

ધોરણભંગ વર્તનમાં અપરાધી વર્તન અને સમાજવિરોધી વર્તન - એ બંનેનો સમાવેશ થઈ જાય છે. સમાજમાં કોઈ વ્યક્તિ કે સમૂહ રાજ્યએ ઘડેલા કાયદા કે કાનૂનનું ઉલ્લંઘન કરે છે, ત્યારે તેને અપરાધ કહેવામાં આવે છે. દા.ત., 1961માં ઘડાયેલ દહેજ પ્રતિબંધક કાયદા વિરુદ્ધનું વર્તન. જોકે અપરાધની પરિભાષા સમયાંતરે બદલાતી હોય છે. કોઈ એક વર્તન માટે જે-તે સમયે કાયદો બનાવવામાં આવે તો કાયદો બન્યા પહેલાં તે વર્તનને અપરાધ ગણાવી શકાય નહિ; પરંતુ કાયદો બન્યા પછી તેને અપરાધ કહેવામાં આવે છે. દા.ત., 2005નો ઘરેલું હિંસા અધિનિયમ. જ્યારે વ્યક્તિ કે સમૂહ સમાજમાં પ્રસ્થાપિત લોકરીતિ, રિવાજ, રૂઢિઓ જેવાં ધોરણોનું ઉલ્લંઘન કરે છે ત્યારે વ્યક્તિ કે સમૂહના આ વર્તનને સમાજવિરોધી વર્તન ગણાવી શકાય. દા.ત., આંતરજ્ઞાતીય કે આંતરધર્મીય લગ્ન.

વિદ્યાર્થીમિત્રો, ધોરણભંગ વર્તનની સમજૂતી મેળવ્યા બાદ હવે આપણે બાળ અપરાધ વિશે માહિતી મેળવીએ.

### બાળ અપરાધ

માનવજીવનના પ્રારંભિક તબક્કાથી જ બાળક સમાજનાં ધોરણો, મૂલ્યો, જેવી સાંસ્કૃતિક બાબતોને જીવનમાં આત્મસાત્ કરવા માટે પ્રયત્નશીલ હોય છે. ખાસ કરીને અન્યના અનુકરણથી શીખીને ભાવિ જીવનમાં સમજદાર વ્યક્તિ તરીકેની ભૂમિકા ભજવવા માટે તે તૈયાર થતો હોય છે. બાલ્યાવસ્થામાં બાળકમાં અજ્ઞાનતા, અણસમજ, ચંચળતા હોય છે. આ અવસ્થામાં સમાજ કે કાયદાના ધોરણથી વિરુદ્ધ વર્તન જોવા મળે ત્યારે તેવું વર્તન કરનારાં બાળકોનાં વર્તનો આપણને બાળ અપરાધ વિશે વિચારવા પ્રેરે છે.

બાળ અપરાધને અંગ્રેજીમાં 'Juvenile Deliquency' તરીકે ઓળખવામાં આવે છે. બાળ અપરાધનો ખ્યાલ ઉંમર સાથે સંકળાયેલો છે. સામાન્ય રીતે 7 વર્ષથી 18 વર્ષની વચ્ચેની ઉંમર ધરાવતી વ્યક્તિના ગેરકાનૂની વર્તનને બાળ અપરાધ તરીકે અને આવું ગેરકાનૂની વર્તન કરનાર બાળકને બાળ અપરાધી તરીકે ઓળખવામાં આવે છે. સમાજમાં જોવા મળતા અને વધતા જતાં બાળ અપરાધના વ્યાપથી સમાજશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રીઓનું ધ્યાન આકર્ષાયું છે. વર્તમાન સમયમાં ભારતમાં બાળ અપરાધના વધતા જતા પ્રમાણ અને તેની ઉંમરને ધ્યાનમાં લઈ સંસદે ખરડો પસાર કર્યો તે મુજબ તા. 31-12-2015થી અમલમાં આવેલ જુવેનાઈલ જસ્ટિસ ઍક્ટની કલમ 2(12) 'બાળક એટલે જેમની ઉંમર 18 વર્ષ સુધીની હોય' તે ઉંમર સુધીના બાળક દ્વારા જ્યારે ધોરણ વિરુદ્ધનું વર્તન થાય તો તેને બાળ અપરાધ અને તેવું વર્તન કરનાર બાળકને બાળ અપરાધી કહેવાય.

### બાળ અપરાધની વ્યાખ્યા

**પારિભાષિક કોશ-સમાજશાસ્ત્ર** : 'વિશાળ અર્થમાં બાળ અપરાધ અમુક ઉંમરથી નીચેની ઉંમરનાં બાળકો અને કિશોરોના એવાં સમાજ વિરોધી કૃત્યો સૂચિત કરે છે કે જે સ્પષ્ટ રીતે કાયદાથી પ્રતિબંધિત થયા હોય છે અથવા કાયદામાં જે કૃત્યનું અર્થઘટન અપરાધ તરીકે કરીને તેની સામે કંઈક સત્તાવાર પગલાં નક્કી કરવામાં આવ્યા હોય એવાં કૃત્યો.

**હંસા શેઠ** – 'સમાજશાસ્ત્રીય સંશોધનમાં 'બાળ અપરાધી' શબ્દ ફક્ત એવાં બાળકોને સૂચિત કરે છે કે જે બાળકોની સામે પોલીસ અધિકારીઓએ અથવા અદાલતી સત્તાવાળાઓએ સત્તાવાર રીતે કોઈ પગલાં લીધાં હોય છે.'

**શેઠના** - 'બાળ અપરાધ એ જે તે પ્રદેશના કાયદા દ્વારા પરિભાષિત થયેલા નાની ઉંમરના બાળકો દ્વારા કરવામાં આવતું વિચલિત વર્તન છે.'

ટૂંકમા બાળકો દ્વારા કરવામાં આવતાં એવાં વર્તનો કે જે સમાજના સામાજિક અને સાંસ્કૃતિક માળખાંથી વિરુદ્ધનાં હોય અને સમગ્ર સમાજના વિઘટન માટે જવાબદાર હોય એટલે બાળ અપરાધ અને આવો અપરાધ કરનાર બાળક એટલે બાળ અપરાધી.

### બાળ અપરાધનાં કારણો

સામાન્ય રીતે કોઈ ઘટના માટે માત્ર એક જ કારણ જવાબદાર હોય તેવું બનતું હોતું નથી. આ હકીકત બાળ અપરાધ માટે પણ એવી જ રીતે લાગુ પડે છે. બાળ અપરાધ માટે જોવા મળતાં અનેક કારણોની એક વિશેષતા એ છે કે આ બધાં જ કારણો એકબીજા સાથે એવી રીતે સંકળાયેલાં છે કે તેમને અલગ અલગ દર્શાવવા મુશ્કેલ

છે. બાળ અપરાધ માટે જવાબદાર કારણોને આપણે મુખ્યત્વે બે વિભાગમાં વિભાજિત કરીએ શકીએ :

**(1) સામાજિક અને આર્થિક કારણ :**

બાળકોનાં ધોરણભંગ વર્તન માટે સામાજિક–આર્થિક કારણોની પ્રબળ અસર જોવા મળે છે. સામાજિક–આર્થિક કારણોમાં કુટુંબ, શાળા, સમવયસ્ક જૂથો, સંપર્ક માધ્યમો વગેરેનો સમાવેશ થાય છે. અહીં આ કારણોની વિસ્તૃત સમજ મેળવીએ.

**(1) કુટુંબ :**

કુટુંબ સામાજિકીકરણ કરનારું પાયાનું એકમ છે. માતા-પિતા અને બાળકો વચ્ચેના ખામીભર્યા સંબંધો, કુટુંબનું કદ, માતા-પિતા દ્વારા પ્રયોજવામાં આવતી બાળકના વર્તન માટેની નિયંત્રણશૈલી, કુટુંબનું શિક્ષણ, કુટુંબની સામાજિક–આર્થિક સ્થિતિ જેવાં અનેકવિધ પરિબળો બાળકનાં સામાજિકીકરણ પર અસર કરતાં હોય છે. કુટુંબ દ્વારા બાળકને મળતા પ્રેમ, લાગણી અને હૂંફ વડે બાળકની શારીરિક–માનસિક જરૂરિયાતો સંતોષાતી હોય છે. આ જરૂરિયાતોનો સંતોષ બાળકમાં સામાજિક–માનસિક સલામતીની લાગણી જન્માવે છે. જો પરિવારમાં બાલ્યાવસ્થાના તબક્કામાં પતિ-પત્ની વચ્ચેના કે માતા-પિતા અને સંતાનો વચ્ચેના સંબંધો ખામીભર્યા હોય તો બાળકનો ભાવાત્મક વિકાસ રૂંધાય છે. કૌટુંબિક સંબંધોમાં આ પ્રકારની વિસંવાદિતા બાળકમાં અસલામતી અને તિરસ્કારની ભાવના જન્માવે છે. કુટુંબના સભ્યો સાથે તાદાત્મ્યના અભાવના કારણે બાળક પોતાનો મોટા ભાગનો સમય ઘરની બહાર પસાર કરવા પ્રેરાય છે. આવા સમયે જો તેને ઘરની બહાર પણ યોગ્ય વાતાવરણ ન મળે તો તે અપરાધી પ્રવૃત્તિ કરવા તરફ ધકેલાય છે.

ગરીબ કુટુંબમાં જો બાળકોની સભ્યસંખ્યા વધારે હોય તો તેની સીધી અસર બાળકના શિક્ષણ પર થતી હોય છે. આવા કુટુંબમાં ખૂબ નાની ઉંમરે બાળકે આર્થિક પ્રવૃત્તિમાં જોડાવું પડે છે. વળી, કુટુંબના વડીલો પણ આર્થિક જરૂરિયાતોની પૂર્તિ માટે વ્યસ્ત હોવાને કારણે તેઓ બાળકનાં ઉછેરમાં પૂરતું ધ્યાન આપી શકતા નથી. આવા સંજોગો બાળકને અપરાધી પ્રવૃત્તિ તરફ ખેંચી જાય છે.

કુટુંબમાં બાળકો સાથેની નિયંત્રણશૈલી પણ બાળકના સામાજિકીકરણમાં વિકૃતિ સર્જે છે. જેમ કે, માતા-પિતા દ્વારા સખત અને કડક નિયંત્રણ કે શિથિલ નિયંત્રણ કે પછી નિયંત્રણનો અભાવ તથા વિરોધાભાસી નિયંત્રણ પદ્ધતિ બાળકના વ્યક્તિત્વ વિકાસમાં અવરોધક બને છે. ક્યારેક બાળકની વાજબી જરૂરિયાતોની માંગને કડકપણે દબાવી દેવામાં આવે ત્યારે બાળક અનુચિત પ્રવૃત્તિ કરવા પ્રેરાય છે. દા.ત., ઘરમાંથી ભાગી જવું, નાની નાની ચોરી કરવી વગેરે. બાળકોનાં વર્તનને નિયંત્રિત કરવાની માતા-પિતા બંનેની પદ્ધતિમાં સમાનતા હોવી જરૂરી છે. જો તેમની પદ્ધતિમાં વિરોધાભાસ હોય તો બાળકમાં કોઈ એક ચોક્કસ વર્તનઢબનો વિકાસ થતો નથી. આવા સંજોગોમાં બાળક કુટુંબના સભ્યો સિવાય અન્યને પ્રેરણાસ્ત્રોત બનાવી તેના જેવું વર્તન કરવા પ્રેરાય છે, જે તેનામાં વિચલનની શક્યતા વધારે છે. વળી, છૂટાછેડા કે મૃત્યુ જેવાં કારણોથી ઊભા થયેલા ભગ્ન કુટુંબમાં બાળક વંચિતતા અનુભવે છે જે તેના સામાજિકીકરણને અસર કરે છે.

**(2) શાળા :**

કુટુંબની જેમ શાળા પણ સામાજિકીકરણ પર અસર કરતું એક અગત્યનું માધ્યમ છે. શાળાજીવનના અનુભવો બાળકના વ્યક્તિત્વના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. શાળા કક્ષાએ જો શિસ્તનો અતિરેક થાય કે બાળકને જાણે-અજાણે વારંવાર શિક્ષા કે સજાનો ભોગ બનવું પડતું હોય કે પછી માનસિક ત્રાસ આપે એવાં ધોરણો શાળામાં પ્રવર્તતાં હોય તો બાળક શાળા અને શિક્ષણથી વિમુખ થાય છે. આ પરિસ્થિતિથી દૂર રહેવાના પ્રયત્નના ભાગરૂપે બાળક શાળામાંથી પલાયન થવાનું કે નાસી જવાનું વધુ ઉચિત માને છે. શાળા અને ઘરમાંથી લાંબા સમય સુધી બહાર રહેવાનાં કારણે જો બહાર તેને યોગ્ય વાતાવરણ ન મળે તો અજાણતા પણ તેનાથી વિચલિત વર્તન થવાની શક્યતા વધી જાય છે.

**(3) સમવયસ્ક જૂથ :**

સમવયસ્ક જૂથ એટલે સમાન ઉંમરની વ્યક્તિઓનું બનેલું જૂથ. આ જૂથ બાળકના વિકાસ અને વ્યક્તિત્વ ઘડતરમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પોતાની જ ઉંમરના મિત્રો સાથેનો સંપર્ક અને સહવાસ તે જૂથ તરફ બાળકનું તાદાત્મ્ય અને આત્મીયતા વધારે છે. જુદી જુદી સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિમાંથી આવતા આ જૂથના મિત્રોના આચાર-વિચારની સીધી અસર બાળકના માનસપટ પર પડતી હોય છે. આવા સમયે ખરાબ મિત્રોની સોબત તેને ધોરણ વિરુદ્ધ વર્તન કરવા પ્રેરણા આપે છે.

**(4) સમૂહ માધ્યમો :**

ચલચિત્રો, વર્તમાનપત્રો, ટેલિવિઝન, મોબાઈલ અને ઈન્ટરનેટ જેવાં સમૂહ માધ્યમોના અતિરેકથી બાળકો

જાણે-અજાણે ગુનાહિત પ્રવૃત્તિ તરફ ધકેલાય છે. આ સમૂહ માધ્યમો દ્વારા રોજબરોજ પ્રસારિત થતા અપરાધી વર્તનના સમાચારો અને અશ્લીલતાએ બાળમાનસ પર વિકૃત અસર ઊભી કરી છે. જિજ્ઞાસા, કુતૂહલ, અજ્ઞાનતા અને સારા-નરસાના વિવેકભાનનો અભાવ જેવાં પરિબળો બાળકને ધોરણભંગ વર્તન તરફ ખેંચી જાય છે.

**(5) શહેરી વાતાવરણ :**

શહેરી વાતાવરણ કેટલેક અંશે બાળકોના અપરાધી વર્તનને ઉત્તેજન પૂરું પાડે છે. શહેરી સમુદાય એક દૂરવર્તી સમુદાય છે. શહેરમાં ગુનાહિત વર્તનને છુપાવી શકાય તેમ હોવાથી બાળકને પોતાની ઓળખનો ભય ઓછો રહે છે. વળી, ગંદા વસવાટો, વસ્તીની ગીચતા જેવાં પરિબળોને કારણે સામાજિક નિયંત્રણની અસરકારકતા ઘટે છે. શહેરનું આવું વાતાવરણ બાળકની અપરાધી પ્રવૃત્તિમાં વધારો કરવામાં એક યા બીજી રીતે ભાગ ભજવે છે અને બાળકને ધોરણભંગ વર્તન તરફ ધકેલે છે.

**(2) વ્યક્તિગત અને મનોવૈજ્ઞાનિક કારણ :**

બાળ અપરાધ માટે વ્યક્તિગત અને મનોવૈજ્ઞાનિક કારણો પણ અગત્યનો ભાગ ભજવે છે. જો બાળક યોગ્ય-અયોગ્યનો વિચાર કરવા અશક્તિમાન હોય તો તે બાળક વિચલન તરફ વળે છે. આ ઉપરાંત વિદ્રોહ કરવાનું વલણ, મનસ્વીપણું, અસલામતીની લાગણી, ડરપોકપણું, આત્મનિયંત્રણનો અભાવ, લઘુતાગ્રંથિ, સહાનુભૂતિનો અભાવ, હતાશા, નિરાશા અને હિંસાત્મક પ્રવૃત્તિ જેવાં અનેક પરિબળોની હાજરી બાળકને સમાજવિરોધી કે ધોરણ વિરુદ્ધ વર્તન કરવા તરફ લઈ જાય છે.

ટૂંકમાં એક વાત ચોક્કસ છે કે કોઈ પણ બાળક જન્મથી અપરાધી હોતું નથી; પરંતુ તે બાળકની આજુબાજુનું વાતાવરણ અને વ્યક્તિમત્તાજન્ય પરિબળો તેને અપરાધી બનાવવા અને ધોરણભંગ વર્તન કરવામાં અગત્યની ભૂમિકા ભજવતા હોય છે. આથી એમ કહી શકાય કે વ્યક્તિત્વ એ સંસ્કૃતિની છીપમાં પાકતું મોતી છે.

આમ, ઉપર્યુક્ત પરિબળો બાળકના સામાજિક અને માનસિક વિકાસ પર અસર કરતાં હોય છે. આ પરિબળોમાંથી કોઈ એક પરિબળમાં ઊણપ ઊભી થાય તો તેની સીધી અસર બાળકના વર્તન પર થાય છે, જે તેને વિચલન કરવા પ્રેરે છે.

**બાળ અપરાધ સુધારણા**

બાળ અપરાધની સમસ્યા કોઈ પણ સમાજ માટે પડકારરૂપ છે. દેશની આવતીકાલ સમા આ બાળકોમાં રહેલ અપરાધી વૃત્તિને સજાના માધ્યમથી નહિ; પરંતુ સુધારણાના માધ્યમથી રચનાત્મક બનાવવી એ પાયાની જરૂરિયાત છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ભારતના સંવિધાનમાં બાળકો માટે કેટલીક કાનૂની જોગવાઈઓ કરવામાં આવી છે. આ જોગવાઈઓ અનુસાર કેટલીક સંસ્થાઓની સ્થાપના પણ કરવામાં આવી છે, જેનું સંચાલન સરકારી અને બિનસરકારી સંસ્થાઓ દ્વારા થાય છે. રાજ્યને આ સંસ્થાઓની આર્થિક અને વહીવટી જવાબદારીઓ સોંપવામાં આવેલ છે. આ પૈકીની અગત્યની સંસ્થાઓ નીચે મુજબ છે :

**(1) બાળ અદાલત :**

દેશની સામાન્ય અદાલત કરતાં બાળ અદાલત જુદી પડે છે. ભારતમાં કોલકત્તામાં 1941માં પ્રથમ બાળ અદાલતની સ્થાપના કરવામાં આવી. બાળ અદાલતમાં સામાન્ય રીતે 16 વર્ષથી નીચેની ઉંમરનાં બાળકો કે જેણે અપરાધી પ્રવૃત્તિ કરી હોય, તેમની સામે કાર્યવાહી કરવામાં આવે છે. બાળ અદાલતના ન્યાયાધીશો કાયદાના નિષ્ણાત અને બાળમનોવિજ્ઞાનની તાલીમ પામેલા હોય છે. બાળ અદાલતનું વાતાવરણ સહાનુભૂતિપૂર્ણ હોય છે. બાળ અદાલત બાળકે કરેલા અપરાધી વર્તનનાં કારણોની સંપૂર્ણ જાણકારી મેળવી, બાળકને સજા નહિ; પરંતુ સુધારવા માટે સુધારણા ગૃહમાં મોકલી આપે છે.

**(2) પ્રોબેશન :**

પ્રોબેશન એટલે અજમાયશી મુક્તિ. જ્યારે કોઈ પણ બાળક પ્રથમ વખત ગુનાહિત પ્રવૃત્તિ કે વર્તન કરે અને તે બાળ અદાલતમાં સાબિત થઈ જાય ત્યારે તેવું વર્તન કરનાર બાળકને બાળ અદાલત સુધારગૃહમાં મોકલવાને બદલે પ્રોબેશન પર મોકલે છે. પ્રોબેશનના સમયમાં બાળ અપરાધીના કુટુંબ અને સમાજજીવન સાથેના સંબંધો યથાવત્ ચાલુ રહે છે; પરંતુ બાળ અદાલત જે સમયગાળો નક્કી કરે ત્યાં સુધી બાળ અપરાધીને પ્રોબેશન અધિકારીની દેખરેખ હેઠળ રહેવાનું હોય છે. ત્યાં પ્રોબેશન અધિકારી બાળ અપરાધીનાં દરેક ક્ષેત્રો જેવાં કે કુટુંબ, મિત્રો અને પડોશ જૂથ સાથેના વર્તનનું નિરીક્ષણ કરે છે. ટૂંકમાં પ્રોબેશન વ્યવસ્થાનો મુખ્ય હેતુ બાળ અપરાધીના સમાજજીવન અને કુટુંબજીવનને જાળવી રાખી બાળ અપરાધીની સુધારણા કરવી તે છે.

**(3) સુધારશાળાઓ :**

જે રાજ્યમાં બાળકાયદાઓ અમલમાં નથી તેવાં રાજ્યોમાં 1987માં રિફોર્મેટરી સ્કૂલ ઍક્ટની જોગવાઈ અનુસાર સુધારશાળાઓની સ્થાપના કરવામાં આવી છે. બાળ અદાલત જે બાળકોનો અપરાધ સાબિત થાય તેવાં બાળકોને આ સુધારશાળાઓમાં મોકલે છે. 15 વર્ષથી નીચેની ઉંમરના કોઈ બાળકે ગંભીર ગુનાઓ કર્યા હોય તેવાં બાળકોને 3 થી 7 વર્ષના સમયગાળા સુધી આ શાળામાં રાખવામાં આવે છે. આ સુધારશાળામાં બાળકને યોગ્ય વાતાવરણ અને જીવન-જરૂરિયાતની સગવડ આપી સુધારણા માટેના પ્રયાસો કરવામાં આવે છે. સાથે સાથે ભાવિ જીવનમાં સ્વાવલંબન પ્રાપ્ત કરી શકે અને આજીવિકા મેળવી શકે તે માટે બાળકોને ખાસ કરીને શિક્ષણ અને વ્યાવસાયિક તાલીમ મળી રહે તેવી જોગવાઈ કરવામાં આવે છે.

**(4) બોસ્ટલ શાળાઓ :**

બોસ્ટલ શાળાની સ્થાપના સૌપ્રથમ 1902માં ઇંગ્લૅન્ડના બોસ્ટલ નામના શહેરમાં કરવામાં આવી હતી, તેથી આ શાળા બોસ્ટલ શાળાના નામથી ઓળખાય છે. કાનૂની જોગવાઈઓ અનુસાર ભારતમાં પણ આવી શાળાઓની સ્થાપના કરવામાં આવી છે. આ શાળામાં 15 થી 21 વર્ષ સુધીની ઉંમરના કિશોર અને યુવક અપરાધીઓની સુધારણા માટેની વિશિષ્ટ જોગવાઈઓનો પ્રબંધ કરવામાં આવ્યો છે. જે રાજ્યમાં બાળકાયદાઓ અમલમાં છે ત્યાં 15 થી 21 વર્ષ સુધીના બાળ અપરાધીઓને આ શાળામાં રાખવામાં આવે છે. બોસ્ટલ શાળા બે પ્રકારની છે : (1) બંધ બોસ્ટલ શાળા અને (2) ખુલ્લી બોસ્ટલ શાળા.

આ બંને પ્રકારની શાળામાં બાળ અપરાધીની વય મુજબ છોકરાઓ અને છોકરીઓને ઔદ્યોગિક તાલીમ આપવામાં આવે છે. આ તાલીમમાં છોકરાઓને ખેતીકામ, ઉદ્યોગ અને બાંધકામ વગેરેની તાલીમ અને છોકરીઓને રસોઈ, ગૃહ વિષયક કામગીરીની તાલીમ આપવામાં આવે છે.

સામાન્ય રીતે બોસ્ટલ શાળામાં બેથી ત્રણ વર્ષના સમયગાળા માટે અપરાધીને રાખવાના હોય છે. છતાં બાળકની સારી વર્તણૂકને ધ્યાનમાં લઈ આ શાળામાંથી વહેલા મુક્ત કરવાનો નિર્ણય આ સંસ્થાના સત્તાધીશો કરી શકે છે. બોસ્ટલ શાળામાંથી મુક્ત કરવામાં આવેલ બાળકના નિરીક્ષણ અને તે બાળકને યોગ્ય વ્યવસાયમાં ગોઠવવાની જવાબદારી પ્રોબેશન અધિકારીને સોંપવામાં આવે છે.

**(5) પ્રમાણિત શાળાઓ :**

જે રાજ્યમાં બાળકાયદાનો અમલ થાય છે તેવાં રાજ્યોમાં બાળ અપરાધીની સુધારણા માટે પ્રમાણિત શાળાઓની સ્થાપના કરવામાં આવી છે. આવી શાળાઓ ખાનગી સંસ્થાઓ દ્વારા અને જાહેર ફંડની મદદથી ચલાવવામાં આવતી હોય છે. આ શાળામાં બાળકની દેખભાળ, ઉપચાર અને સુધારણા કરવામાં આવે છે. સામાન્ય રીતે પ્રમાણિત શાળાના મુખ્ય બે પ્રકાર છે : (1) જુનિયર પ્રમાણિત શાળા અને (2) સિનિયર પ્રમાણિત શાળા. 12 વર્ષથી ઓછી ઉંમરના બાળ અપરાધીઓને જુનિયર પ્રમાણિત શાળામાં અને 12 થી 16 વર્ષ સુધીના કિશોર અપરાધીને સિનિયર પ્રમાણિત શાળામાં મોકલવામાં આવે છે. અહીં તેમને સામાન્ય શિક્ષણ સાથે ટેક્નિકલ શિક્ષણ આપવામાં આવે છે. પ્રમાણિત શાળામાંથી મુક્ત કરાયેલ બાળકની દેખરેખની જવાબદારી સ્થાનિક કાર્યકર કે પ્રોબેશન અધિકારીને સોંપવામાં આવે છે જે, તે બાળકોનું નિરીક્ષણ કરવાનું કાર્ય કરે છે.

**(6) પાલક ગૃહ :**

પ્રમાણિત શાળામાં મોકલી ન શકાય તેવાં 10 વર્ષથી નીચેની ઉંમરના બાળ અપરાધીઓ માટે આવાં પાલક ગૃહો ચલાવવામાં આવે છે. આ પાલક ગૃહોમાં બાળકને કૌટુંબિક વાતાવરણ મળી રહે તેવા પ્રયત્નો સાથે તેમને સુધારવાના પ્રયાસ કરવામાં આવે છે. આવા પાલક ગૃહો સરકારની આર્થિક મદદ અને ખાનગી સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતા હોય છે.

**(7) બાળસંરક્ષણ ગૃહ (રિમાન્ડ હોમ) :**

બાળ અપરાધીને સુરક્ષિત રાખવાનું એક સ્થળ એટલે રિમાન્ડ હોમ. બાળધારા અનુસાર કોઈ બાળકની અટકાયત કરવામાં આવે અને તેનો કેસ બાળ અદાલતમાં પૂર્ણ ન થાય ત્યાં સુધી તેવા બાળકને આવા બાળસંરક્ષણ ગૃહમાં રાખવામાં આવે છે. અહીં બાળકો સાથે તાદાત્મ્ય સાધી જરૂરી એવી માહિતી એકત્ર કરી બાળવર્તનનું નિરીક્ષણ અને વર્ગીકરણનું કાર્ય કરવામાં આવે છે. બાળસંરક્ષણ ગૃહ સામાન્યતઃ ખાનગી સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવે છે અને સરકાર તેને આર્થિક મદદ કરે છે.

આમ, આ સંસ્થાઓ અપરાધી બાળકોનાં વર્તનમાં સુધારો કરી, તેમનામાં સમાજનાં ધોરણો અને મૂલ્યોનું આંતરિકીકરણ કરે છે. આ રીતે જોઈએ તો એક આદર્શ યુવા નાગરિક તૈયાર કરવામાં આ સંસ્થાઓનું યોગદાન ઘણું મહત્ત્વનું છે.

## યુવાઅજંપો

વર્તમાન જગત યુવા કેન્દ્રિત થતું જાય છે. યુવાનોનો સ્વતંત્ર શક્તિ તરીકે સ્વીકાર થવા લાગ્યો છે. ભારત યુવાનોનો દેશ બન્યો છે, કારણ કે ભારતમાં 65 % વસ્તી યુવાનોની છે. આવા યુવાનો આવતી કાલના સમાજ અને રાષ્ટ્રનું ભાવિ છે. જો તેઓની સર્જનાત્મકતાનો લાભ લેવામાં આવે તો ગૌરવશાળી સમાજ અને સમૃદ્ધ રાષ્ટ્રનું નિર્માણ શક્ય છે.

રાષ્ટ્રની કરોડરજ્જુ અને સમાજના મહત્ત્વના ઘટક એવા યુવાનો શું કરી રહ્યાં છે, શું વિચારી રહ્યાં છે, તેમની સમક્ષ કેવા પડકારો છે, તે જાણી તેમને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે તો રાષ્ટ્ર અને સમાજ બંનેને લાભ થશે. આ માટે જ આપણે અહીં, યુવાન એટલે શું ? યુવા અજંપો એટલે શું ? અને તેનાં કારણો કયાં છે ? તે અંગેની વિસ્તૃત સમજ મેળવીશું.

## યુવાન એટલે શું ?

યુવાની એ જૈવિક પરિબળ છે. જૈવકીય પાસાને લક્ષમાં લઈએ તો કહી શકાય કે 15થી 35 વર્ષની વય ધરાવતી વ્યક્તિઓ માટે પ્રયોજવામાં આવતો શબ્દ એટલે 'યુવાન.'



યુવા અજંપો

જાણીતા યુવા અભ્યાસી ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ, 'કૉલેજના યુવાનોનો સમાજશાસ્ત્રીય અભ્યાસ'માં યુવાનની લાક્ષણિકતા દર્શાવતા નોંધે છે કે, 'યુવાન એટલે થનગનતા, આદર્શવાદી, જલદી ગુસ્સે થનારા, જલદી ભૂલી જનારા, વધુ કાર્યરત, બોલકા, ઉત્સાહી, તોછડા, હિંસક તથા શક્તિશાળી હોય છે. તેઓ ખૂબ ઝડપથી ઉષ્માભર્યા પ્રેમસંબંધો બાંધે છે. વળી, એટલી જ ઝડપથી આ સંબંધો તોડી પણ નાંખે છે. તેઓ અત્યંત આશાવાદથી માંડી નિરાશાવાદ સુધીનો દૃષ્ટિકોણ ધરાવે છે. તેઓ હંમેશાં નવી ટેક્નોલૉજી અને અજાણ્યામાં રસ લેવાની વૃત્તિ ધરાવે છે.'

## યુવાઅજંપો એટલે શું ?

કોઈ પણ દેશ કે સમાજના વિકાસનો આધાર તે દેશના યુવાનો (યુવક-યુવતી) પર રહેલો હોય છે. યુવાનોમાં રહેલી શક્તિઓ સમાજને એક નવી દિશામાં લઈ જવા સક્ષમ હોય છે. નવી દૃષ્ટિ, શારીરિક અને માનસિક શક્તિથી સુસજ્જ યુવાનને તેની કલ્પનાશક્તિ, તર્કશક્તિ, નક્કી કરેલા ધ્યેયને પ્રાપ્ત કરવાની ધગશ તેને અનેકવિધ પ્રવૃત્તિ કરવાની તાકાત અને પ્રેરણા આપે છે. આજના યુવાનોમાં યુગપરિવર્તન સાથે અનેક ધ્યેયો, અપેક્ષાઓ, ઈચ્છાઓ અને મહત્ત્વાકાંક્ષાઓએ જન્મ લીધો છે. આ મહત્ત્વાકાંક્ષાઓને પ્રાપ્ત કરવા યુવાનો મહેનત અને ઉત્સાહ સાથે કટિબદ્ધ પણ થયા છે. આજના સ્પર્ધાત્મક યુગમાં પોતાની જાતનો સુમેળ સાધી ઈચ્છા, અપેક્ષાના સંતોષ માટે સ્પર્ધા કરતા થયા છે. નવી શિક્ષણ પ્રણાલીઓ અને ટેક્નોલૉજીના ઉપયોગ સાથે સુમેળ સાધી ઈચ્છિત ધ્યેયપ્રાપ્તિની દિશામાં કાર્ય કરતા થયા છે. આવા સંજોગોમાં તેઓ જીવનમાં ઈચ્છાઓ, અપેક્ષાઓ કે ધ્યેય પ્રાપ્ત કરવાના માર્ગમાં કોઈ અંતરાય કે અવરોધ અનુભવે છે, ત્યારે તેની અસર તેમના માનસપટ પર થાય છે. આચાર અને વિચાર એ એક સિક્કાની બે બાજુ છે. યુવાવર્ગના માનસમાં ધ્યેયપ્રાપ્તિની વંચિતતાની જે અસર ઉદ્ભવે છે તે છે - અસંતોષ. યુવાનોનો આ અસંતોષ એટલે યુવાઅજંપો.

યુવાનોનો આ અસંતોષ સમગ્ર સમાજ કે તેના કોઈ એક ભાગ કે ભાગો તરફનો હોય છે. એ અસંતોષની અભિવ્યક્તિ જુદી જુદી રીતે વ્યક્ત થતી જોવા મળે છે. કેટલીક વખત યુવાનોની અભિવ્યક્તિ સમાજમાં ખંડનાત્મક કે હિંસાત્મક સ્વરૂપે પણ જોવા મળે છે, જે સમાજ માટે પડકારજનક બને છે. યુવાનોનું આવું વર્તન સમાજમાં સલામતી, સુરક્ષા અને વ્યવસ્થા માટે ચિંતાનો વિષય બની જાય છે.

યુવાનોની જરૂરિયાતની પૂર્તિ ન થાય અને તેમની સમસ્યાનો ઉકેલ ન આવે ત્યારે યુવાનો જે વર્તન કરે તે વર્તનમાં તેમની લાગણી, માંગણી અને અસંતોષની અભિવ્યક્તિ થતી હોય તેને યુવા અજંપો કહેવામાં આવે છે. આવી અભિવ્યક્તિ સંગઠિત રીતે આંદોલન, ઘેરાવ, સરઘસ કે હડતાળ સ્વરૂપે દૃષ્ટિગોચર થતી હોય છે. ખાસ કરીને શિક્ષણસંસ્થા સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓના અજંપાની સ્થિતિને યુવાઅજંપો કહી શકાય.

યુવાશક્તિ એ અણુશક્તિ જેવી છે. જો તેનો સદુપયોગ કરવામાં આવે તો વિશ્વકલ્યાણ થઈ જાય અને જો

દુરુપયોગ  કરવામાં આવે તો વિશ્વ વિનાશ. યુવાવર્ગમાં અશાંતિ કે અસંતોષ દેશ અને સમાજના ઉજ્જ્વળ ભવિષ્યને અવરોધે છે. યુવા અજંપાનો ફેલાવો છેલ્લા કેટલાક સમયથી વધતો જાય છે, જે સમગ્ર સમાજવ્યવસ્થા માટે સમસ્યારૂપ છે.

**યુવાઅજંપાનાં કારણો**

સમાજની કોઈ પણ સમસ્યા માટે અનેક પરિબળો જવાબદાર હોય છે, તેમ યુવાઅજંપા માટે પણ અનેક કારણો જવાબદાર છે. આ કારણોનું વિસ્તૃત વર્ણન નીચે મુજબ છે :

**(1) સામાજિક કારણ :**

**(1) કુટુંબ :**

યુવાઅજંપા માટે સૌથી મહત્ત્વનું સામાજિક કારણ કુટુંબ છે. આધુનિક યુગમાં અનેકવવિધ પરિબળોએ કુટુંબ સંસ્થામાં પરિવર્તન નિપજાવ્યું છે. સંયુક્ત કુટુંબને બદલે નાનાં નાનાં વિભક્ત કુટુંબોનો વ્યાપ વધ્યો છે, જેણે કુટુંબજીવનમાં અનેક પ્રશ્નો ઊભા કર્યા છે. રોજબરોજ પતિ-પત્ની વચ્ચેના સંઘર્ષો, છૂટાછેડા, ભગ્ન કુટુંબો જેવાં પરિબળોની વિપરીત અસર યુવામાનસ પર પડી છે. વળી, મોંઘવારીના આ યુગમાં કૌટુંબિક જીવનના નિર્વાહ માટે પતિ-પત્ની બંનેએ નોકરી કે વ્યવસાયમાં જોડાવું પડે છે. આવા સંજોગોમાં તેઓ પોતાનાં સંતાનો માટે પૂરતો સમય આપી શકતા નથી. કુટુંબની આવી સ્થિતિમાં યુવાનોને માતા-પિતા પાસેથી જે પ્રેમ અને હૂંફની અપેક્ષા હોય છે તે સંતોષાતી નથી અને તેઓ એકલતા અને અસંતોષનો અનુભવ કરે છે. આ પરિસ્થિતિ યુવાઅજંપા માટે મહત્ત્વની પુરવાર થાય છે.

**(2) મૂલ્ય સંઘર્ષ :**

સમાજમાં પ્રસ્થાપિત મૂલ્યો વ્યક્તિને વર્તન કરવા માટે માર્ગદર્શન પૂરું પાડતા હોય છે. સમાજનાં આ મૂલ્યો નબળાં પડે કે તેમાં મૂળભૂત પરિવર્તન આવે ત્યારે યુવાનના માનસમાં મૂલ્યસંઘર્ષ ઊભો થાય છે. આગળ જતાં મૂલ્યોનો આવો સંઘર્ષ યુવાનોમાં અશાંતિ અને અજંપો ઊભો કરે છે. આ અજંપાની સ્થિતિ યુવાનને આંદોલન કે બળવો કરવા તરફ ધકેલે છે.

**(3) બદલાયેલાં ધ્યેયો :**

વર્તમાન સમયમાં યુવાનોનાં ધ્યેયોમાં બદલાવ આવ્યો છે. ખાસ કરીને જીવનમાં તમામ ક્ષેત્રે ઝડપથી સફળતા મેળવવી એ આજના યુવાનનો જાણે જીવનમંત્ર બની ગયો છે. ઉચ્ચ શિક્ષણ, સખત અને સતત મહેનતને બદલે યેનકેન પ્રકારે માત્ર સફળતા મેળવવાની દિશામાં તેમની હરણફાળ તથા ઊંચા જીવનની અપેક્ષા અને કદાચ ધારેલી સફળતા ન મળવાનો ભય તેમનામાં અજંપો ઊભો કરે છે.

**(4) પેઢી વચ્ચેનું અંતર :**

બે પેઢી વચ્ચે અંદાજે 20 વર્ષનું અંતર હોય છે. બે પેઢી વચ્ચે આ બે દાયકાના સમયગાળામાં અનેકવિધ પરિબળોને લીધે પરિસ્થિતિમાં થતો આ બદલાવ નવી અને જૂની પેઢી વચ્ચે મતભેદ સર્જવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આવા બે પેઢી વચ્ચેના મતભેદો પેઢીગાળો(જનરેશન ગેપ) તરીકે પણ ઓળખાય છે. સમાજમાં બધાં જ ક્ષેત્રોમાં આ પેઢીઅંતર જોવા મળે છે. વડીલો સમજી-વિચારીને શાંતિથી કાર્ય કરવામાં માને છે, જ્યારે યુવાનો દરેક બાબતે ઉતાવળા હોવા ઉપરાંત ક્રાંતિકારી વિચારો ધરાવતા હોવાથી તેમની વચ્ચે સંઘર્ષ પેદા થાય છે. આ પેઢીઅંતર યુવાઅજંપા માટે જવાબદાર છે.

**(2) શૈક્ષણિક કારણ :**

યુવાનો એટલે પરિવર્તનના વાહકો. પરિવર્તનના આ વાહકો શિક્ષણ વ્યવસ્થામાં પણ ધરમૂળથી પરિવર્તન ઇચ્છે છે. શિક્ષણ પદ્ધતિ, અભ્યાસક્રમો અને પરીક્ષા પદ્ધતિમાં મોટો બદલાવ આવતો ન હોવાથી યુવાનો હતાશ થાય છે. દા.ત., આજની યુવાપેઢી 3G - 4Gના સેલફોન દ્વારા દુનિયાને મુઠ્ઠીમાં કરી લેતી હોય ત્યારે ચૉક-ડસ્ટર, પેન અને પેન્સિલ દ્વારા અપાતું શિક્ષણ  તેનામાં અસંતોષ ઊભો કરે છે.

સમાજના વિકાસનો આધાર શિક્ષણ પર રહેલો છે. શિક્ષણના વિકાસ સાથે શિક્ષિત યુવાનોને તેમની શૈક્ષણિક કક્ષા પ્રમાણે રોજગારી મળી રહે તો સાચા અર્થમાં વિકાસ થયો ગણાય;  પરંતુ વર્તમાન સ્થિતિ કંઈક જુદી છે. પ્રવર્તમાન સમયમાં શૈક્ષણિક ક્ષેત્રે માહિતીનો વિસ્ફોટ થયો છે. શિક્ષિત યુવાનોની સંખ્યામાં દિનપ્રતિદિન ઉત્તરોત્તર વધારો નોંધાતો જાય છે. શિક્ષણના વધારા સાથે રોજગારીની તકોમાં પણ વધારો થવો જોઈએ; પરંતુ રોજગારીની પૂરતી તકોનો અભાવ શૈક્ષણિક બેકારોની સંખ્યામાં વધારો કરે છે. રોજગારી ન મેળવી શકવાની સ્થિતિ યુવાનોમાં હતાશા-નિરાશા જન્માવે છે, જે યુવાનોમાં અજંપાના ઉદ્ભવ માટે જવાબદાર છે.

યુવાનોને વિદ્યાર્થી જીવનમાં યોગ્ય શૈક્ષણિક માર્ગદર્શન મળે એ પણ જરૂરી છે. પરિવર્તન પામતી સમાજવ્યવસ્થા અને શિક્ષણના વિવિધ અભ્યાસક્રમોમાંથી વિષય તથા પ્રવાહની પસંદગી કરવામાં યોગ્ય માર્ગદર્શનનો અભાવ યુવાનોમાં બેચેની, હતાશા અને વ્યગ્રતા ઊભી કરે છે. જો માતા-પિતા યુવાનોની આ જરૂરિયાત પૂર્ણ કરી શકતા નથી, તો ઘણા કિસ્સાઓમાં યુવાનો ગેરવર્તન તરફ ફંટાતા જોવા મળે છે.

શિક્ષણવ્યવસ્થા યુવાનોના જીવનમાં બે પ્રકારનાં કાર્યો કરતી હોય છે. (1) યુવાનોને શિક્ષણ આપવું કે જેથી તે જીવનનિર્વાહ કરી શકે અને (2) સામાજિકીકરણ કરવું તે છે. યુવાનો ઉચ્ચ શિક્ષણ મેળવી વધુ સારી સ્થિતિ માટે પ્રયત્ન કરે છે ત્યારે શિક્ષણની તુલનામાં નિમ્ન દરજ્જાની નોકરી મળે કે નોકરીની તક જ ન મળે જે તેની મહત્ત્વાકાંક્ષા માટે આંચકારૂપ સાબિત થતી હોય છે. પરિણામે શિક્ષણવ્યવસ્થા તરફ યુવાનોમાં અસંતોષ, આક્રોશ અને હતાશાનો ઉદ્ભવ કરાવે છે. વળી, શિક્ષણસંસ્થા યુવાનોમાં સામાજિક મૂલ્યો, લોકશાહીનાં મૂલ્યો, રાષ્ટ્રીય એકતાનાં મૂલ્યોનું સિંચન થાય તેવું વાતાવરણ આપી આદર્શ યુવાનોનું ઘડતર કરવામાં ઊણી ઊતરે છે, ત્યારે આ બંને સ્થિતિ યુવાનોમાં અજંપો ઊભો કરે છે.

**(3) જૈવિક અને મનોવૈજ્ઞાનિક કારણ :**

બાળક જ્યારે કિશોરાવસ્થામાંથી યુવાવસ્થામાં પ્રવેશ કરે છે ત્યારે તેના શરીરમાં અંતસ્ત્રાવો બદલાય છે, જેની સીધી અસરો તેની મનઃસ્થિતિ પર પડે છે. આ અવસ્થામાં તેઓને ઘણુંબધું જાણવાની અને સમજવાની જિજ્ઞાસા હોય છે; પરંતુ કુટુંબ અને સમાજ તરફથી આ અંગે યોગ્ય સમયે, યોગ્ય માર્ગદર્શન ન મળતાં ઊભી થતી દ્વિધાત્મક પરિસ્થિતિમાં અજંપો અનુભવે છે.

આ અવસ્થામાં તેમનામાં અતિ લાગણી, જવાબદારીનો અભાવ, પૂર્ણ સમજશક્તિનો અભાવ હોય છે. આ અવસ્થામાં તેમને યોગ્ય માર્ગદર્શન મળે તો તે સમજપૂર્વક યોગ્ય વર્તન કરતા થઈ જાય છે અને જો યોગ્ય માર્ગદર્શન ન મળે તો સમાજ માટે ખંડનાત્મક વર્તન કરતા થઈ જાય છે. આ ઉંમરમાં તેમનામાં સ્વતંત્રતાની ભાવના પ્રબળ હોય છે જેથી તેઓ સત્તાનો વિરોધ કરવાનું વલણ ધરાવતા હોય છે. આ સમયે યુવાન બાહ્ય જીવનમાં અનેક વ્યક્તિ કે સંસ્થા કે માધ્યમોના સંપર્કમાં આવે તે બાહ્ય પરિબળોની અસરથી તેમનામાં અવનવા વિચારો ઉદ્ભવે છે. આવા વિચારોની હારમાળા તેમની વાર્તનિક અભિવ્યક્તિને અસર કરતી હોય તેવું પણ બને છે. આમ, અપરિપક્વતાની ઉંમરમાં અવનવા વિચારો તેમનામાં અસમંજસની સ્થિતિ ઊભી કરે છે, જે અસંતોષને જન્મ આપે છે.

યુવાનો એવી માન્યતા ધરાવતા હોય છે કે જ્યાં સુધી તેમની માગણી માટે પ્રબળ રજૂઆત કરવામાં નહિ આવે ત્યાં સુધી તેનો સ્વીકાર થશે નહિ. વળી, લોકશાહીમાં સ્વતંત્રતા અંગે (અહીં સ્વતંત્રતાનો અર્થ મનસ્વી વર્તન) ખોટા અર્થઘટનને કારણે તેઓ અયોગ્ય વર્તન દ્વારા પોતાની લાગણીઓ વ્યક્ત કરતા જોવા મળે છે. સતત મસ્તીમાં રહેતા અને હંમેશાં કોઈની રોકટોક વિના સ્વતંત્રતાની ઇચ્છા ધરાવતા યુવાનોનું માનસ ચંચળ છે. આવા યુવાનો કહેતા હોય છે કે અમારી ચિંતા કરી અમોને ડરપોક બનાવશો નહિ. અમો ભૂલ કરીશું પણ તેમાંથી શીખીને જવાબદાર પણ બનીશું. માટે યુવાનો સાથે વાતચીત કરી, ગમોઅણગમો મહેસૂસ કરી તેમને ખભો આપવો પડશે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે તેમના પ્રશ્નોને સમજી તેમને માર્ગદર્શન આપવું પડશે.

આમ, ધોરણ વિરુદ્ધ વર્તન માટે અનેક પરિબળો જવાબદાર હોય છે. સમાજનું સુગ્રથન અને સાતત્ય જળવાઈ રહે તે માટે સમાજના પ્રત્યેક સભ્ય પ્રસ્થાપિત ધોરણો અને મૂલ્યોને આત્મસાત્ કરી, તેની વર્તનઢબને સમાજમાન્ય વર્તનરીતિમાં પરિવર્તિત કરે એ જરૂરી છે. ધોરણો અને મૂલ્યોને આત્મસાત્ કરવામાં નિષ્ફળતા ધોરણભંગ વર્તનની સ્થિતિ પેદા કરે છે. ધોરણભંગ વર્તનની આવી સ્થિતિ સમાજમાં અનેકવિધ સામાજિક સમસ્યાઓના ઉદ્ભવ માટે જવાબદાર બને છે. હવે પછીના એકમમાં આપણે સામાજિક સમસ્યાની વિસ્તૃત માહિતી મેળવીશું.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો :**

(1) બાળ અપરાધની વ્યાખ્યા આપી બાળ અપરાધનો અર્થ વિસ્તારથી સમજાવો.

(2) બાળ અપરાધનાં કારણો વિગતે ચર્ચો.

(3) બાળ અપરાધ સુધારણા સંસ્થાઓમાંથી કોઈ પણ પાંચ સંસ્થાઓની સમજૂતી આપો.

(4) યુવાઅજંપાનો અર્થ સ્પષ્ટ કરી તેનાં કારણો સમજાવો.

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :**

(1) બાળ અદાલત

(2) પ્રોબેશન

(3) બોસ્ટલ શાળાઓ

(4) યુવાઅજંપો

(5) સામાજિક ધોરણભંગ વર્તનનાં લક્ષણો

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો :**

(1) સામાજિક ધોરણભંગની વ્યાખ્યા આપો.

(2) બાળ અપરાધની વ્યાખ્યા આપો.

(3) સમાજવિરોધી વર્તન કોને કહેવાય ?

(4) પ્રોબેશન એટલે શું ?

(5) યુવાઅજંપાનો અર્થ આપો.

**4. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો :**

(1) રોબર્ટ મર્ટન સામાજિક ધોરણભંગ વર્તન કોને કહે છે ?

(2) અપરાધ કોને કહેવાય ?

(3) બાળ અપરાધી કોને કહેવાય ?

(4) બોસ્ટલ શાળાની સૌપ્રથમ સ્થાપના ક્યાં થઈ ?

**5. નીચેના પ્રત્યેક પ્રશ્નમાં આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર આપો :**

(1) ધોરણભંગ વર્તનની વ્યાખ્યા આપનાર વિદ્વાન કોણ છે ? ☐

(અ) હોર્ટન અને હન્ટ (બ) ડૉ. હંસા શેઠ (ક) ફ્રિડલેન્ડર (ડ) કાર્લ માર્ક્સ

(2) દહેજપ્રથા અધિનિયમ ક્યારે ઘડવામાં આવ્યો ? ☐

(અ) 1951 (બ) 1961 (ક) 1965 (ડ) 1972

(3) બાળ અપરાધીને સુરક્ષિત રાખવાનું સ્થળ એટલે. ☐

(અ) બાળઅદાલત (બ) રિમાન્ડ હોમ (ક) પાલકગૃહ (ડ) પ્રોબેશન

(4) ભારતમાં બાળ અદાલતની સ્થાપના ક્યારે કરવામાં આવી ? ☐

(અ) 1931 (બ) 1941 (ક) 1947 (ડ) 1950

(5) ઘરેલું હિંસા અધિનિયમ ક્યારે અમલમાં આવ્યો ? ☐

(અ) 2004 (બ) 2005 (ક) 2006 (ડ) 2007

**પ્રવૃત્તિ**

- સમાજમાં જોવા મળતા બાળ અપરાધના કિસ્સાઓનું વર્ણન કરી યાદી તૈયાર કરો.
- બાળ અપરાધમાં સમૂહ માધ્યમની અસર અંગે શાળામાં ચર્ચા સભાનું આયોજન કરો.
- તમારી આજુબાજુના વિસ્તારમાં બનતા ધોરણભંગ વર્તનના કિસ્સાની સામાજિક અસરો અંગે અહેવાલ તૈયાર કરો.

●

# 10 સામાજિક સમસ્યાઓ

**પ્રસ્તાવના**

વિદ્યાર્થીમિત્રો, એકમ-9માં તમે ધોરણભંગ વર્તનનો અર્થ અને લાક્ષણિકતા વિશે સમજૂતી મેળવી. ધોરણભંગ વર્તન સામાજિક સમસ્યાના ઉદ્‌ભવનું મહત્ત્વનું કારણ છે. આ એકમમાં આપણે સામાજિક સમસ્યાઓનો અર્થ અને લાક્ષણિક્તાઓની સમજ પ્રાપ્ત કરી સાંપ્રત ભારતમાં પ્રવર્તમાન જુદી-જુદી ત્રણ સમસ્યાઓ અંગે ચર્ચા કરીશું.

વિશ્વના પ્રત્યેક સમાજને પોતાનાં સામાજિક ધ્યેયો હોય છે અને તે હાંસલ કરવા સમાજ સતત પ્રયત્નશીલ હોય છે. આ ધ્યેયોની પ્રાપ્તિ જ જે-તે સમાજની પ્રગતિની પારાશીશી છે. આ ધ્યેયો સિદ્ધ કરવા માટે પ્રત્યેક સમાજ સામાજિક ધોરણો અને સામાજિક મૂલ્યોની એક વ્યવસ્થા વિકસાવે છે અને સમાજના સભ્યો આ ધોરણો અને મૂલ્યો મુજબ વર્તન કરે તેવી તેમની પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે; પરંતુ આમ છતાં સમાજના બધા જ સભ્યો આ અપેક્ષા મુજબ વર્તન કરે તેવું હંમેશાં બનતું હોતું નથી. ક્યારેક જાણીને તો ક્યારેક અજાણપણે પણ તેઓ આ અપેક્ષાઓથી વિરુદ્ધનું વર્તન કરે છે. સમાજના સભ્યો જ્યારે તેમની પાસે રાખવામાં આવતી સામાજિક અપેક્ષાઓથી વિરુદ્ધનું વર્તન કરે છે ત્યારે સામાજિક સમસ્યાઓનો ઉદ્‌ભવ થાય છે.

માનવસમાજના ઇતિહાસ તરફ દૃષ્ટિ કરીએ તો જણાય છે કે આદિમ સમાજ હોય કે આધુનિક વિકસિત સમાજ–તે ક્યારેય સમસ્યામુક્ત ન હતો. જેમ જેમ યુગો બદલાતા ગયા તેમ તેમ સામાજિક સમસ્યાઓનું સ્વરૂપ પણ બદલાતું ગયું. બીજા શબ્દોમાં એમ પણ કહી શકાય કે જેમ જેમ સામાજિક સભાનતા કે સામાજિક જાગૃતિનો વિકાસ થવા લાગ્યો તેમ તેમ નવી નવી સામાજિક સમસ્યાઓ પણ દૃષ્ટિગોચર થવા લાગી. વળી, ભૌગોલિક અને પર્યાવરણીય પરિવર્તનો, શહેરીકરણ, ઔદ્યોગિકરણ, વિજ્ઞાન અને ટેક્નોલૉજીના ક્ષેત્રમાં હરણફાળ વિકાસ અને નવાં નવાં વ્યક્તિવાદી મૂલ્યો જેવાં પરિવર્તન નિપજાવતાં પરિબળોએ પણ અનેક નવી સામાજિક સમસ્યાઓને જન્મ આપ્યો છે. આવા સંજોગોમાં સામાજિક વ્યવસ્થાની જાળવણી માટે સમસ્યાઓ પર નિયંત્રણ મેળવી, તેના નિવારણ માટે વૈજ્ઞાનિક અધ્યયન આવશ્યક બને છે.

આધુનિક સમાજશાસ્ત્રના વિષયવસ્તુમાં સામાજિક સમસ્યાઓનું વૈજ્ઞાનિક અધ્યયન નોંધપાત્ર મહત્ત્વ ધરાવે છે. સામાન્ય રીતે સમસ્યાઓ પ્રત્યે સમાજના જુદા-જુદા વર્ગોના લોકો ઘૃણા કે ઉપેક્ષાની દૃષ્ટિએ જોતા હોય છે; પરંતુ સમાજશાસ્ત્રીઓ આવી સમસ્યાઓનું પૂર્વગ્રહરહિત વિશ્લેષણ કરી તેનાં કારણો અને પરિણામો શોધવામાં પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે. સમાજશાસ્ત્રમાં સામાજિક સમસ્યાઓને સમાજનાં પ્રવર્તમાન સામાજિક ધોરણો અને મૂલ્યો સામે પડકારરૂપ પરિસ્થિતિઓ તરીકે ગણવામાં આવી છે. સમાજશાસ્ત્રીઓ અન્ય સ્વરૂપનાં માનવ વર્તનોનો જે રીતે અભ્યાસ કરે છે તે જ રીતે વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુથી તેઓ સામાજિક સમસ્યાનો પણ અભ્યાસ કરે છે. તેમનો મુખ્ય હેતુ સામાજિક સમસ્યાઓનાં કારણોની સમજ મેળવી, સામાજિક વર્તનનાં અન્ય ક્ષેત્રો સાથે સામાજિક સમસ્યા શું અને કેવો સંબંધ ધરાવે છે તેનું વિશ્લેષણ કરવાનો છે.

**સામાજિક સમસ્યાની વ્યાખ્યા**

વિદ્યાર્થીમિત્રો, સામાજિક સમસ્યાના પરિચયમાં જોયું કે કોઈ પણ સમાજ સમસ્યામુક્ત નથી. પ્રત્યેક સમાજ કે રાષ્ટ્રને પોતાની આગવી સમસ્યાઓ હોય છે; પરંતુ આ સમસ્યાઓ હંમેશાં એકસમાન જ હોય એવું જરૂરી નથી. સામાજિક ધોરણો, સાંસ્કૃતિક મૂલ્યો અને પ્રાદેશિક વિશેષતાઓને કારણે એક સમુદાય કે રાષ્ટ્રની સમસ્યાઓ અન્ય સમુદાય કે રાષ્ટ્ર કરતાં જુદી હોવાનો સંભવ છે. આવી સામાજિક જટિલતાને કારણે સામાજિક સમસ્યાની સર્વસામાન્ય વ્યાખ્યા આપવાનું કાર્ય કઠિન છે. આમ છતાં, જુદા-જુદા વિદ્વાનોએ સામાજિક સમસ્યાઓનાં વૈજ્ઞાનિક અધ્યયન દ્વારા તેના સર્વસામાન્ય અર્થની સમજૂતી આપવાનો પ્રયાસ કર્યો છે.

અમેરિકાની મિશિગન યુનિવર્સિટીના વિદ્વાનો રિચાર્ડ સી. ફૂલર અને રિચાર્ડ માયર્સ 'Some Aspects of a Theory of Social Problems'માં સામાજિક સમસ્યાની વ્યાખ્યા આપતા નોંધે છે કે, 'સામાજિક સમસ્યા એટલે વ્યવહારનાં એવાં પાસાંઓ કે પરિસ્થિતિઓ, જેને સમાજના કે સમૂહના નોંધપાત્ર સંખ્યાના લોકો અનિચ્છનીય ગણતા હોય. સમાજના આ નોંધપાત્ર સંખ્યાના લોકો એવી માન્યતા ધરાવતા હોય છે કે આવી અનિચ્છનીય પરિસ્થિતિને નિવારવા માટે અને સમસ્યા વ્યાપને ઘટાડવા માટે સુધારાવાદી નીતિઓ, કાર્યક્રમો અને સેવાઓની આવશ્યકતા ઊભી થાય છે.'

અમેરિકન વિદ્વાન પી. બી. હોર્ટન અને જી. આર. લેસ્લી 'The Sociology of Social Problems'માં નોંધે છે કે, 'સામાજિક સમસ્યા એવી પરિસ્થિતિ છે જે લોકોની નોંધપાત્ર સંખ્યાને અનિચ્છનીય રીતે અસર કરે છે અને આવી પરિસ્થિતિ અંગે સામૂહિક પગલાં દ્વારા કંઈક કરી શકાય તેમ છે તેવી માન્યતા લોકો ધરાવતાં હોય છે.'

## સામાજિક સમસ્યાનાં લક્ષણો

સામાજિક સમસ્યાની ઉપર્યુક્ત વ્યાખ્યાઓ પરથી તેની લાક્ષણિકતાઓ નીચે મુજબ દર્શાવી શકાય.

**(1)** સામાજિક સમસ્યા સમાજમાં પ્રવર્તતી એક પ્રકારની આક્ષેપાત્મક સ્થિતિ છે.

**(2)** આ પરિસ્થિતિ સમાજના કે સમૂહના નોંધપાત્ર સંખ્યાના લોકોને અસર કરનારી છે. જોકે અહીં એક બાબત નોંધવી જોઈએ કે નોંધપાત્ર સંખ્યા એટલે કેટલી સંખ્યા તેનો કોઈ ચોક્કસ આંકડો નથી.

**(3)** આ પરિસ્થિતિ નોંધપાત્ર સંખ્યાના લોકોને અનિચ્છનીય લાગે છે.

**(4)** આ અનિચ્છનીય પરિસ્થિતિને દૂર કરવા માટે કોઈ ને કોઈ સામૂહિક પગલાં ભરવા જોઈએ તેવી લોકલાગણી પ્રવર્તે છે.

**(5)** આ પરિસ્થિતિ કાયમી નથી; પરંતુ તેને દૂર કરી શકાય તેમ છે તેવી માન્યતા જોવા મળે છે.

**(6)** સામાજિક સમસ્યાને કારણે સમાજના મહત્ત્વનાં ધોરણો અને મૂલ્યોનો ભંગ થવાનો ભય ઊભો થાય છે.

**(7)** સામાજિક સમસ્યા વ્યક્તિલક્ષી નહિ; પરંતુ સમાજલક્ષી હોય છે.

**(8)** સામાજિક સમસ્યાનાં પરિણામો સામાજિક હોય છે અને તેથી તેનો પ્રભાવ સમાજની અન્ય બાબતો પર પણ પડે છે.

**(9)** સામાજિક સમસ્યા એક પ્રકારની સાપેક્ષ પરિસ્થિતિ છે. એનો અર્થ એ થયો કે એક સમાજમાં જે પરિસ્થિતિ સામાજિક સમસ્યા ગણાતી હોય તે પરિસ્થિતિ અન્ય સમાજમાં સામાજિક સમસ્યા ન પણ હોય.

વિદ્યાર્થીમિત્રો, સામાજિક સમસ્યાની ઉપર્યુક્ત લાક્ષણિકતાઓ પરથી આપને સામાજિક સમસ્યા કોને કહી શકાય તેની સમજ સ્પષ્ટ થઈ હશે. હવે આપણે ભારતીય સમાજમાં જોવા મળતી જુદી જુદી ત્રણ સામાજિક સમસ્યાઓની વિસ્તૃત સમજ મેળવીશું.

## અસમાન જાતિપ્રમાણની સમસ્યા

સ્ત્રી અને પુરુષ સમાજરૂપી રથનાં બે ચક્રો છે. વિશ્વની કોઈ પણ સામાજિક વ્યવસ્થાએ ગતિશીલ રહેવું હોય તો સમાજરથનાં આ બંને ચક્રો વચ્ચે સમતુલન હોવું અનિવાર્ય છે. જો આ ચક્રો વચ્ચેનું સમતુલન ખોરવાય તો રથમાં બાકીની ગમે તેટલી સુવિધાઓ હોવા છતાં તે આગળ વધી શકતો નથી.



**અસમાન જાતિપ્રમાણ**

વિદ્યાર્થીમિત્રો, અસમાન જાતિપ્રમાણની સમસ્યા એ સમાજરૂપી રથનાં આ બંને ચક્રો વચ્ચેના અસમતુલનનો નિર્દેશ કરે છે. એક રીતે જોઈએ તો વ્યક્તિની જાતિ એ સંપૂર્ણપણે જૈવકીય બાબત છે. વ્યક્તિએ સ્ત્રી તરીકે જન્મ લેવો કે પુરુષ તરીકે જન્મ લેવો તે તેના પસંદગીક્ષેત્રના પરિઘની બહાર છે. આવા સમયે મનમાં સવાલ એ ઊભો થાય કે અસમાન જાતિપ્રમાણની સમસ્યા શા માટે સામાજિક સમસ્યા છે ?

આ સવાલના પ્રત્યુત્તરરૂપે એમ કહી શકાય કે વ્યક્તિના જન્મ અને મૃત્યુની બાબત પ્રકૃતિદત્ત છે; પરંતુ પ્રકૃતિના આ કાર્યમાં માનવીની કે સમાજની દખલગીરી ઊભી થાય છે ત્યારે તે સામાજિક સમસ્યાનું રૂપ ધારણ કરે છે. આધુનિક યુગમાં વિજ્ઞાન, ટેક્નોલૉજી, સંદેશાવ્યવહાર અને વાહનવ્યવહારનાં સાધનો વગેરેના વિકાસને કારણે ભૌતિક પરિસ્થિતિ ખૂબ ઝડપથી બદલાઈ છે; પરંતુ તેની સાથે સાથે વ્યક્તિના વિચારો, માન્યતાઓ, મૂલ્યો, પરંપરાઓ વગેરેમાં એટલો ઝડપથી બદલાવ આવ્યો નથી. જેટલા ઉમળકાથી વ્યક્તિ નવી ખરીદેલી કારનો આનંદ વ્યક્ત કરી શકે છે, એટલા જ ઉમળકાથી તે દીકરીના જન્મને વધાવી શકતો નથી એ સમાજની વરવી વાસ્તવિકતા છે. વિજ્ઞાન અને ટેક્નોલૉજીના દુરુપયોગ અને જડ પરંપરાઓના અનુસરણને કારણે આજે ભારતમાં પુરુષોની તુલનામાં સ્ત્રીઓની

સંખ્યા ઘટી છે. ગુજરાત પણ તેમાંથી બાકાત નથી. 2011ના સેન્સસ મુજબ ગુજરાતમાં 0થી 6 વર્ષની વયજૂથના પ્રતિ હજાર છોકરાઓ સામે માત્ર 886 છોકરીઓ છે. કેટલાક તાલુકાઓમાં તો આ સંખ્યા 700થી 750 સુધી પહોંચી ગઈ છે, જે ખરેખર ચિંતાનો વિષય છે.

સ્ત્રી-પુરુષના આ અસમાન જાતિપ્રમાણે અનેક સામાજિક સમસ્યાઓને જન્મ આપ્યો છે, ત્યારે એક સામાજિક સમસ્યા તરીકે તેનાં કારણો અને વિપરીત અસરો અંગે માહિતી મેળવી તેને હલ કરવાના ઉપાયોની સમજૂતી મેળવીએ.

**અસમાન જાતિપ્રમાણ એટલે શું ?**

જાતિપ્રમાણ એટલે દર 1000 પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા દર્શાવતું માપ. અસમાન જાતિપ્રમાણ એટલે સમાજમાં પુરુષોની સંખ્યાની તુલનામાં સ્ત્રીઓની ઓછીવત્તી સંખ્યા હોવાનો નિર્દેશ.

ભારત અને ગુજરાતમાં દર 1000 પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ નીચે મુજબ દર્શાવી શકાય :

**ભારત અને ગુજરાતમાં પ્રતિ હજાર પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ**

| ક્રમ | વર્ષ | ભારત | ગુજરાત |
|---|---|---|---|
| 1. | 1901 | 972 | 954 |
| 2. | 1911 | 964 | 946 |
| 3. | 1921 | 955 | 944 |
| 4. | 1931 | 950 | 945 |
| 5. | 1941 | 945 | 941 |
| 6. | 1951 | 946 | 952 |
| 7. | 1961 | 941 | 940 |
| 8. | 1971 | 930 | 934 |
| 9. | 1981 | 934 | 942 |
| 10. | 1991 | 927 | 934 |
| 11. | 2001 | 933 | 920 |
| 12. | 2011 | 940 | 918 |

**(સ્ત્રોત : Gender Composition of Population Provisional Population totals India, P. 80)**

**અસમાન જાતિપ્રમાણની સમસ્યાનાં કારણો**

અસમાન જાતિપ્રમાણની સમસ્યા એ સાંપ્રત ભારતની એક મહત્ત્વની વસ્તીવિષયક સામાજિક સમસ્યા છે. સમાજવિજ્ઞાનના અભ્યાસી તરીકે આપણું ધ્યેય આ સમસ્યાનાં કારણો અને વિપરીત અસરો જાણી તેને હલ કરવાના ઉપાયો શોધવાનું છે. અહીં સૌપ્રથમ આ સમસ્યાનાં કારણો અંગે માહિતી મેળવીએ.

**(1) પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થા :**

લગભગ બધાજ સમાજોમાં પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થા જોવા મળે છે, જે સત્તા અને તાબેદારીના સંબંધો પર રચાયેલી હોય છે. આ પ્રકારની કુટુંબવ્યવસ્થામાં સ્ત્રી કરતાં પુરુષનો દરજ્જો ઊંચો હોય છે. આવા કુટુંબોમાં પરિવારનો વંશવેલો આગળ વધારવાની, મિલકતનો વારસદાર નક્કી કરવા જેવા નિર્ણયોની સત્તા માત્ર પુરુષ પાસે હોય છે. એ ઇચ્છે એ મુજબ કૌટુંબિક નિર્ણયો લેવાતા હોય છે, પરિણામે આવા પરિવારોમાં સ્ત્રી કરતાં પુરુષનો પ્રભાવ વધુ હોય છે, એટલું જ નહિ બાળકને જન્મ આપવો કે નહિ તે અંગેના નિર્ણયમાં પણ પત્ની તરીકે સ્ત્રીના નિર્ણયનું કોઈ મહત્ત્વ

હોતું નથી. આથી આ પ્રકારની કુટુંબવ્યવસ્થા અસમાન જાતિપ્રમાણમાં મહત્ત્વની પુરવાર થાય છે.

**(2) લિંગભેદ :**

ઘણાં અભ્યાસોના તારણો મુજબ સ્ત્રી-પુરુષમાં જોવા મળતા તફાવતો માટે જન્મગત જૈવિક લાક્ષણિકતાઓ જવાબદાર છે. સ્ત્રી-પુરુષની જન્મગત ભૂમિકામાં તફાવત એ તેની સૌથી મોટી સમસ્યા છે. સમાજજીવનનાં તમામ ક્ષેત્રો લિંગભેદ વિના સ્ત્રી-પુરુષ બંને માટે સમાન રીતે ખુલ્લાં હોવા જોઈએ. જેને જે ક્ષેત્ર અનુકૂળ લાગે તેનો તેમાં વિકાસ સાધવાની તક આપવી જોઈએ. ડૉ. નીરા દેસાઈના નિરીક્ષણ અનુસાર લિંગભેદને કારણે સ્ત્રીઓ અને પુરુષોના કાર્યમાં ભેદભાવભર્યું વર્તન જોવા મળે છે. હજુ પણ લિંગભેદ અંગે સમાન નહિ; પરંતુ બેવડાં ધોરણો જોવા મળે છે. જાણીતા વિદ્વાન **સિવાર્ડના** મતે સ્ત્રી અને પુરુષનાં શક્તિ, રસ અને અભિરુચિના તફાવતોને તેમના જૈવિક તફાવતો સાથે કોઈ સંબંધ નથી. આમ, લિંગભેદ જૈવિક છે. આ જૈવિક અસમાનતા અસમતુલિત જાતિપ્રમાણની સમસ્યા સર્જે છે.

**(3) સ્ત્રી–ભ્રૂણહત્યા :**

અસમાન જાતિપ્રમાણની સમસ્યાનું મુખ્ય કારણ સ્ત્રી–ભ્રૂણહત્યા છે. ભારતીય પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થામાં પુત્રજન્મનું ખૂબ મહત્ત્વ છે, જ્યારે દીકરીનો જન્મ એટલો આવકારદાયક ગણવામાં આવ્યો નથી. ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક કારણોસર એક યા બીજી રીતે પુત્રજન્મનું મહત્ત્વ વધતું ગયું આથી પુત્ર પ્રાપ્ત કરવાની ઘેલછા પણ વધતી ગઈ. વિજ્ઞાન અને ટેક્નોલૉજીના વિકાસને કારણે હવે સોનોગ્રાફીની મદદથી ગર્ભમાં રહેલા બાળકની જાતિનું પરીક્ષણ થઈ શકે છે. જોકે આવું જાતિય પરીક્ષણ કાયદાકીય રીતે ગુનો હોવા છતાં કેટલાક સંજોગોમાં ગર્ભમાં રહેલું બાળક જો સ્ત્રી જાતિનું હોવાનું માલૂમ પડે તો ગર્ભપાત દ્વારા સ્ત્રી–ભ્રૂણની હત્યા કરવામાં આવે છે. બાળકીને દૂધપીતી કરવાના સદીઓ જૂના રિવાજના આધુનિકરણ સમી આ નવી પદ્ધતિને કારણે સ્ત્રીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

**(4) સામાજિક પરંપરાઓ અને કુપ્રથાઓ :**

અસમાન જાતિપ્રમાણ માટે મહદંશે સામાજિક પરંપરાઓ, કુપ્રથાઓ અને કુરિવાજોને પણ જવાબદાર ગણી શકાય. બાળલગ્નો, દહેજપ્રથા, સતીપ્રથા, દેવદાસીપ્રથા, વિધવા પુનર્લગ્નનો નિષેધ જેવી અનેક પરંપરાઓ અને કુપ્રથાઓએ સ્ત્રીઓના અસ્તિત્વ સામે પ્રશ્નો ઊભા કર્યા છે. 'દીકરી તો પારકી થાપણ કહેવાય,' 'દીકરી ને ગાય દોરે ત્યાં જાય' જેવી કહેવતો સ્ત્રીઓ અંગે પ્રવર્તતી સામાજિક પરંપરાઓ અને કુપ્રથાઓની સાક્ષી પૂરે છે. સમાજના આ કુરિવાજોના જાળામાં દીકરીઓને સૌથી વધુ સહન કરવાનું આવે છે, પરિણામે કન્યાજન્મ આવકારદાયક ગણાતો નથી. આમ, સમાજની કુપ્રથાઓ અને કુરિવાજો અસમાન જાતિપ્રમાણની સમસ્યાનું નિર્માણ કરે છે.

**(5) પરિવારની આર્થિક સ્થિતિ :**

વર્તમાન સમયમાં ગરીબી, બેકારી અને મોંઘવારી જેવાં આર્થિક પરિબળો માત્ર મધ્યમ અને ગરીબ વર્ગને જ નહિ, પરંતુ ઉચ્ચ વર્ગને પણ સંતાનોના ઉછેરમાં અવરોધરૂપ સાબિત થઈ રહ્યાં છે. બાળકના જન્મથી માંડીને તે જ્યાં સુધી આર્થિક રીતે પગભર ન થાય ત્યાં સુધીની બધી જ જવાબદારી માતા-પિતાએ નિભાવવાની હોય છે. વળી, હવે ધીમે ધીમે નાના કદનાં કે વિભક્ત કુટુંબોની સંખ્યા પણ વધતી ચાલી છે. આવા સંજોગોમાં પુત્રજન્મની આશામાં કુટુંબમાં બાળકોની વધુ સંખ્યા પરિવારની હાલત કફોડી બનાવે છે. આ બધાં કારણોસર સ્ત્રી-ભ્રૂણહત્યાના બનાવોનું પ્રમાણ વધ્યું છે. તો બીજી તરફ આવી નબળી આર્થિક સ્થિતિમાં દંપતીને પરિવારમાં માત્ર એક કે બે બાળક હોય તે વધુ ઇચ્છનીય લાગે છે. આ રીતે જોઈએ તો આર્થિક પરિબળ પરોક્ષ રીતે પણ અસમાન જાતિપ્રમાણ માટે જવાબદાર છે.

**(6) સ્ત્રીઓનાં અપમૃત્યુ :**

જીવવિજ્ઞાનની દૃષ્ટિએ સ્ત્રીઓ પુરુષો કરતાં મજબૂત હોવાથી પુરુષ કરતાં લાંબું જીવે છે; પરંતુ ખામીભર્યું સામાજિક વાતાવરણ સ્ત્રીઓને અપમૃત્યુ તરફ દોરી જાય છે. ભારતમાં સ્ત્રીઓનાં અપમૃત્યુ પાછળ સૌથી મહત્ત્વનું જવાબદાર પરિબળ દહેજપ્રથા છે. સાસરિયાઓ દ્વારા દહેજ માંગવાના ત્રાસના કારણે સ્ત્રી આત્મહત્યાનું અંતિમ પગલું ભરતી હોય છે. તો ઘણીવાર સાસરિયાઓ દ્વારા દહેજ માટે થઈને સ્ત્રીની હત્યા કરવામાં આવતી હોય છે. ભારતમાં ઈ.સ. 2012માં 18,233 સ્ત્રીઓ આ દહેજપ્રથાને કારણે મૃત્યુ પામી હોવાનું નોંધાયું હતું. આનો અર્થ એ થયો કે ભારતમાં દર 90 મિનિટે એક સ્ત્રી દહેજને કારણે મૃત્યુ પામે છે.

વળી, છેલ્લાં થોડાં વર્ષોથી ઓનર કિલિંગને કારણે સ્ત્રીઓના મૃત્યુના બનાવોએ સૌનું વિશેષ ધ્યાન આકર્ષિત કર્યું છે. સ્ત્રી દ્વારા થયેલા કોઈ કાર્ય કે પ્રવૃત્તિના કારણે સમગ્ર પરિવારે પોતાનું ગૌરવ હણાયું હોય કે શરમજનક સ્થિતિમાં મુકાવું પડ્યું હોય તેવું અનુભવાય અને પરિવારના સભ્યો દ્વારા જ તે સ્ત્રીની હત્યા કરવામાં આવે તેવી ઘટનાને ઓનર કિલિંગ કહેવામાં આવે છે. પરિવારની મરજી વિરુદ્ધ સ્ત્રીએ કરેલાં લગ્ન, પ્રેમસંબંધ કે બળાત્કાર જેવી ઘટનાઓને કારણે ઓનર કિલિંગના બનાવો પણ વધ્યા છે. ભારતમાં પંજાબ, હરિયાણા, બિહાર, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, ઝારખંડ, હિમાચલ પ્રદેશ અને મધ્યપ્રદેશ જેવાં રાજ્યોમાં ઓનર કિલિંગની ઘટનાઓ સવિશેષ જોવા મળી છે.

આ ઉપરાંત છૂટાછેડા, કુંવારું માતૃત્વ, બળાત્કાર, સતત અપમાન કે અવગણના, પરિવારના સભ્યો કે સાસરિયાઓ દ્વારા આપવામાં આવતો ત્રાસ જેવાં કારણોએ પણ સ્ત્રીઓને અપમૃત્યુ કરવા તરફ ધકેલી છે. સ્ત્રીઓનાં અપમૃત્યુના આ બધા કિસ્સાઓ જાતિપ્રમાણનું અસમતુલન સર્જવામાં નિર્ણાયક બને છે.

**(7) સ્થળાંતર :**

નોકરી, ધંધા, વ્યવસાય, શિક્ષણ કે એવા કોઈ ને કોઈ કારણોસર એક પ્રદેશમાંથી અન્ય પ્રદેશમાં થતું સ્થળાંતર જાતિપ્રમાણમાં અસમાનતા સર્જવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. વ્યક્તિ પોતાનો પ્રદેશ છોડી અન્ય પ્રદેશમાં જાય ત્યારે તેના પોતાના પ્રદેશની વસ્તી અને સ્થળાંતરિત તરીકે તે જ્યાં વસે છે તે પ્રદેશની વસ્તી - એ બંનેમાં તફાવત સર્જાય છે. આ તફાવત જે-તે પ્રદેશના જાતિપ્રમાણમાં અસમતુલન પેદા કરે છે. દા.ત., ડૉ. કૌશિક શુક્લના ભાવનગર પાસે અલંગ શીપબ્રેકિંગ યાર્ડના શ્રમિકોના એક અભ્યાસમાં જોવા મળ્યું હતું કે યાર્ડના કુલ શ્રમિકોમાંથી મોટા ભાગના શ્રમિકો પરપ્રાંતીય પુરુષો જ હતા.

વળી, આર્થિક વિકાસ સાધવા થતું સ્થળાંતર અસમાન જાતિપ્રમાણની સમસ્યા સર્જે છે. ભારતીય સમાજમાં પરંપરાગત રીતે શ્રમવિભાજન એવી રીતે થયું છે કે જેમાં પુરુષોએ આજીવિકા પ્રાપ્ત કરવાની અને સ્ત્રીઓએ ગૃહસંચાલન, પ્રજનન અને બાળઉછેરનું કાર્ય કરવાનું. સામાન્ય રીતે આજીવિકા મેળવવા પુરુષ એક સ્થળેથી બીજે સ્થળે આસાનીથી જઈ શકે છે, જ્યારે સ્ત્રી માટે એ બંધનકર્તા છે. ભારતમાં અનેક ખેતમજૂરો એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં સ્થળાંતર કરે છે. વેપાર-ઉદ્યોગ જ્યાં વધુ છે ત્યાં આજીવિકા માટે સ્થળાંતરિતોની સંખ્યા વધુ હોય છે. આમ, એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં કે પરદેશમાં પુરુષોનું સ્થળાંતર વધુ છે. સ્થળાંતરની આ ઢબમાં સ્ત્રીઓએ પોતાના વતનમાં રહેવું પડે છે. આને લીધે રાજ્યવાર લિંગપ્રમાણ જુદું જોવા મળે છે, જેને આપણે અસમાન જાતિપ્રમાણ કહીએ છીએ.

## અસમાન જાતિપ્રમાણની સમસ્યાની વિપરીત અસરો

ભારતમાં પુરુષોની તુલનામાં સ્ત્રીઓનું ઘટતું જતું પ્રમાણ અનેક સામાજિક સમસ્યાઓને જન્મ આપે છે. સામાજિક રચનાતંત્રમાં સ્ત્રી-પુરુષ બંનેની ભૂમિકા મહત્ત્વની છે. સમાજના સામાજિક, ધાર્મિક, આર્થિક, કૌટુંબિક અને શૈક્ષણિક વિકાસમાં પુરુષની સાથે સાથે સ્ત્રીનું યોગદાન પણ એટલું જ મહત્ત્વનું છે. બાળકને જન્મ આપીને અને તેનો ઉછેર કરીને સ્ત્રી પારિવારિક વારસાનું સાતત્ય જાળવી રાખે છે. સ્ત્રીઓનું ઘટતું પ્રમાણ સામાજિક સાતત્યની જાળવણીમાં અવરોધક બની શકે છે.

સ્ત્રી-પુરુષનું અસમાન જાતિપ્રમાણ લગ્નસંસ્થા પર વિપરીત અસર નિપજાવે છે. પુરુષો કરતાં સ્ત્રીઓની ઓછી સંખ્યાને કારણે સમાજમાં અપરિણીતોની સંખ્યા વધતા ફરજિયાત કુંવારાપણું વધે છે. દીકરાના લગ્ન ન થાય ત્યાં સુધી માતા-પિતાએ તણાવયુક્ત સ્થિતિમાં જીવવું પડે છે. વળી, સ્ત્રીઓની ઓછી સંખ્યાને કારણે કન્યાવિક્રયને વેગ મળે છે, એટલે કે પુરુષોએ લગ્ન માટે સ્ત્રીઓને ઊંચી કિંમત ચૂકવવી પડે છે. આથી જેની પાસે વધુ પૈસા કે સંપત્તિ હોય તેવી વ્યક્તિઓ ઊંચી કિંમત ચૂકવીને લગ્ન કરી શકે છે, જ્યારે ગરીબ કે મધ્યમવર્ગના યુવાનોનાં લગ્ન માટે પાત્ર પસંદગીનો પ્રશ્ન જટિલ બને છે. તો ઘણીવાર ઊંચી ડિગ્રી ધરાવતી સ્ત્રીને પોતાનાથી નિમ્ન ડિગ્રી ધરાવનાર પુરુષ સાથે કે ઉચ્ચ ડિગ્રી ધરાવનાર પુરુષને પોતાનાથી નિમ્ન ડિગ્રી ધરાવનાર સ્ત્રી સાથે લગ્ન કરવાની નોબત આવે છે. વળી, અસમાન જાતિપ્રમાણને લીધે વર માટે કન્યા શોધવાની અને ખાસ કરીને જે સમૂહમાં પોતાના સમૂહમાં જ લગ્ન કરવાનો આગ્રહ છે તેવા કુટુંબમાં બાળપણથી જ પોતાના કુટુંબની કન્યાને કન્યાપક્ષના યુવાનોને આપવી પડે છે. એટલે કે સાટાપદ્ધતિ અપનાવવી પડે છે. આ રીતે જોઈએ તો અસમતુલિત જાતિપ્રમાણને કારણે કજોડાં લગ્નની સ્થિતિ નિર્માણ પામે છે.

વળી, પુરુષોની તુલનામાં સ્ત્રીઓની ઓછી સંખ્યાને કારણે સ્ત્રીઓ પર અત્યાચારો વધે છે. ભારતનાં વિવિધ રાજ્યોમાં દિન-પ્રતિદિન વધતાં જતાં છેડતી, જાતીય સતામણી અને બળાત્કારના બનાવો તેની સાક્ષી પૂરે છે.

### અસમાન જાતિપ્રમાણની સમસ્યા અટકાવવાના ઉપાયો

અસમાન જાતિપ્રમાણની સમસ્યાને હળવી કરવા માટે સ્ત્રીઓ પ્રત્યેની માન્યતાઓ, મૂલ્યોમાં પરિવર્તન લાવવું આવશ્યક છે. આ માટે સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ, બૌદ્ધિકો, સમાજચિંતકો, ધાર્મિક નેતાઓ અને લોકસેવકોએ સહિયારો પ્રયત્ન કરવો જોઈએ. આમ છતાં,

- કન્યાજન્મને પ્રોત્સાહન મળે તેવી નીતિઓ ઘડવી.
- સ્ત્રી અને પુરુષને બંધારણની દૃષ્ટિએ, કાનૂનની દૃષ્ટિએ સમાન હક મળે છે; પરંતુ વાસ્તવિક સમાજજીવનમાં બંનેનું સરખું મહત્ત્વ અંકાય તે માટે જરૂરી પગલાં લેવાં.
- જે પરિવારોમાં સંતાનોમાં માત્ર એક દીકરી જ હોય તેવા પરિવારોએ અન્ય પરિવારના લોકોને દીકરીના જન્મ માટે પ્રોત્સાહિત કરવા.
- સ્ત્રીઓએ પોતે જાગૃત અને સંગઠિત થઈ પોતાના અસ્તિત્વ માટે લોકજાગૃતિ કેળવવી.
- પ્રચાર-પ્રસાર માધ્યમોએ અસમાન જાતિપ્રમાણની સમસ્યાને પ્રસારિત કરી લોકજાગૃતિ કેળવવી.
- દીકરા-દીકરીના સામાજીકરણમાં સમાનતાનાં મૂલ્યો આત્મસાત્ થાય તેવા પ્રયત્નો કરવા.
- ભ્રૂણહત્યા થતી અટકાવવી.
- ગર્ભપરીક્ષણના કાયદાનું ચુસ્તપણે પાલન કરાવવું.
- અસમાન જાતિપ્રમાણની ગંભીર અસરોથી યુવાનોને વાકેફ કરવા. આ માટે શાળા-કૉલેજોમાં સેમિનારો-કૉન્ફરન્સોનું આયોજન કરવું.
- સ્વૈચ્છિક સંસ્થાઓએ આ માટે રચનાત્મક ભૂમિકા ભજવવી.
- સમાજના કુરિવાજો, કુપ્રથાઓ અને રીતિઓમાં પરિવર્તન આવે તેવા પ્રયત્નો કરવા.
- દહેજ પ્રતિબંધક કાયદાનો ચુસ્તપણે અમલ થાય તે જોવું.

### એચ.આઈ.વી. એઈડ્સ - એક સામાજિક સમસ્યા

એચ.આઈ.વી. એઈડ્સ એક વિશ્વવ્યાપી સામાજિક સમસ્યા છે. વિશ્વમાં ભાગ્યે જ કોઈ એવો દેશ હશે કે જેમાં એઈડ્સના દર્દીઓ ન હોય ! એચ.આઈ.વી. ગ્રસ્ત પીડિતોની સંખ્યામાં દક્ષિણ આફ્રિકા, નાઈજિરિયા પછી ભારત વિશ્વમાં ત્રીજા નંબરનું સ્થાન ધરાવે છે. NACO (National Aids Control Organization)ના વર્ષ 2013-14ના અહેવાલ મુજબ ભારતમાં વર્ષ 2011માં 15 થી 49 વર્ષની ઉંમરના લોકોમાં એચ.આઈ.વી. ગ્રસ્ત દર્દીઓની સંખ્યા 20.89 લાખ હતી. નેશનલ એઈડ્સ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશનના આ અંકો દર્શાવે છે કે ભારતમાં એચ.આઈ.વી. ગ્રસ્ત લોકો મોટેભાગે યુવાવયના છે. આ રીતે જોઈએ તો યુવાનો માટે એઈડ્સની સમસ્યા એક પડકાર છે. વળી, અન્ય દેશોની તુલનામાં જ્યારે ભારતમાં યુવાનોનું પ્રમાણ સૌથી વધુ છે, ત્યારે એઈડ્સગ્રસ્ત યુવા દર્દીઓનું ઉપર્યુક્ત પ્રમાણ ચિંતા ઉપજાવનારું છે.




**એચ.આઈ.વી. એઈડ્સ**

### AIDS એટલે શું ?

સરળ શબ્દોમાં એમ કહી શકાય કે AIDS એટલે શરીરે મેળવેલી રોગપ્રતિકારક શક્તિના વિનાશનાં ચિહ્નો. શાબ્દિક અર્થ જોઈએ તો AIDS એટલે -

A - Acquired (મેળવેલું)
I - Immune (રોગપ્રતિકારક શક્તિ)
D - Deficiency (ઊણપ)
S - Syndrome (ચિહ્ન)

આમ, એઇડ્સ એટલે માનવીના શરીરમાં રોગપ્રતિકારક શક્તિની ઊણપથી થતા અનેક રોગો. શરીરમાં HIVનો વાયરસ પ્રવેશે એટલે થોડાં વર્ષો પછી વ્યક્તિને એઇડ્સ થાય છે. HIV એટલે Human Immuno Deficiency Virus. આ વાયરસ વ્યક્તિના શરીરમાં દાખલ થઈ ધીમે ધીમે તેની રોગપ્રતિકારક શક્તિનો નાશ કરે છે અને પરિણામે એચ.આઇ.વી. વાયરસ ધરાવનાર વ્યક્તિનું શરીર અનેક રોગોનો ભોગ બને છે. વ્યક્તિના શરીરની આ પરિસ્થિતિ એટલે જ એઇડ્સ.

એઇડ્સનો સર્વપ્રથમ દર્દી ઈ.સ. 1981માં અમેરિકામાં નોંધાયો હતો. અમેરિકાના લોસ એન્જલસમાં સજાતીય સંબંધો ધરાવતા પુરુષોમાંથી આ રોગ ધીમે ધીમે ડ્રગ્સના ઇન્જેક્શન લેતાં વ્યસનીઓમાં અને ત્યાર પછી વિશ્વના લગભગ તમામ દેશોમાં ખૂબ જ ઝડપથી ફેલાઈ ગયો.

ભારતમાં ઈ.સ. 1986માં ચેન્નઈમાં સૌ પ્રથમ ડૉ. સુનીતિ સોલોમને એક સેક્સવર્કરને એચ.આઇ.વી. હોવાનું નિદાન કર્યું હતું. ત્યાર પછીનાં વર્ષોમાં સેક્સવર્કર્સમાં આ રોગોનાં ચિહ્નો હોવાનું માલૂમ પડ્યું હતું. 1987 સુધીમાં એચ.આઇ.વી.ના બીજા નવા 135 દર્દીઓ ઉમેરાયા હતા, જેમાં 14 વ્યક્તિઓ તો સંપૂર્ણપણે એઇડ્સગ્રસ્ત હતી.

## એઇડ્સ કેવી રીતે ફેલાય છે ?

એઇડ્સ એ એચ.આઇ.વી. વાયરસથી થતો રોગ છે. એચ.આઇ.વી.નો વાયરસ શરીરની બહાર બહુ સહેલાઈથી નાશ પામે છે; પરંતુ એક વખત તે માનવશરીરમાં પ્રવેશી જાય ત્યાર પછી તેનો નાશ કરવાનું મુશ્કેલ છે. એઇડ્સના વાયરસ માનવશરીરમાં કેવી રીતે પ્રવેશે છે તે અંગેની સમજ ડૉ. પ્રકાશ વૈષ્ણવ અને ડૉ. વ્રજલાલ પટેલે 'એઇડ્સ આ યુગનો મહાકાળ' પુસ્તિકામાં આપી છે. તેમના મતે એઇડ્સના વાયરસ મુખ્યત્વે નીચે દર્શાવેલાં ચાર માધ્યમો દ્વારા વ્યક્તિના શરીરમાં પ્રવેશે છે :

**(1)** અસલામત જાતીય સંબંધ દ્વારા

**(2)** લોહી દ્વારા

**(3)** માતા દ્વારા

**(4)** જંતુયુક્ત સાધનો દ્વારા

## એઇડ્સ કેવી રીતે ફેલાતો નથી ?

**(1)** એઇડ્સના દર્દી સાથે હાથ મિલાવવાથી, સાથે બેસવા-ઊઠવાથી, સાથે જમવાથી, ભેટવાથી કે ચુંબન કરવા એઇડ્સનો ચેપ લાગતો નથી.

**(2)** તળાવ, નદી કે સ્વિમિંગ પુલમાં સાથે સ્નાન કરવાથી એઇડ્સનો ચેપ લાગતો નથી.

**(3)** એઇડ્સના દર્દીની ખાંસી કે છીંકથી એઇડ્સ ફેલાતો નથી.

**(4)** માખી, મચ્છર કે માંકડ દ્વારા એઇડ્સ ફેલાતો નથી.

**(5)** જાહેર શૌચાલયના ઉપયોગથી એઇડ્સ ફેલાતો નથી.

**(6)** એઇડ્સનો ચેપ લાગેલા દર્દીનાં આંસુ કે પરસેવાથી એઇડ્સ ફેલાતો નથી.

## એચ. આઇ. વી. એઇડ્સના કારણો

વિદ્યાર્થીમિત્રો, એચ. આઇ. વી. એઇડ્સ એ માત્ર વિશ્વવ્યાપી જનઆરોગ્યની જ સમસ્યા નથી; પરંતુ તે સામાજિક ધોરણો અને સામાજિક મૂલ્યોના ઉલ્લંઘનનું પણ પરિણામ છે. એઇડ્સનો ભોગ બનેલી વ્યક્તિ અને તેના કુટુંબથી માંડીને સમાજ, સંસ્કૃતિ, અર્થવ્યવસ્થા અને વસ્તી પર એઇડ્સની વિપરીત અસર પડે છે. આ બધાં દૃષ્ટિબિંદુથી જોઈએ તો એચ.આઇ.વી.એઇડ્સ જનઆરોગ્યની સાથે એક સામાજિક સમસ્યા પણ છે. અહીં એક સામાજિક સમસ્યા તરીકે એઇડ્સનાં કારણોની વિસ્તૃત સમજ મેળવીએ.

### (1) અસલામત જાતીય સંબંધ :

એઇડ્સ થવા પાછળનું મુખ્ય કારણ છે - અસલામત જાતીય સંબંધ. એચ.આઇ.વી.નો ચેપ લાગેલ સ્ત્રી કે પુરુષ એકબીજા સાથે અસલામત જાતીય સંબંધથી જોડાય તો તેવા કિસ્સામાં એચ.આઇ.વી.ના વાયરસ એક શરીરમાંથી બીજા શરીરમાં પ્રવેશે છે અને બિનચેપી વ્યક્તિને પણ એચ.આઇ.વી.નો ચેપ લાગી શકે છે. આ રીતે એચ.આઇ.વી.નો ચેપ લાગેલ વ્યક્તિને લાંબે ગાળે એઇડ્સ થાય છે. સેક્સ વર્કર્સમાં જાતીય સંબંધની અસલામતી વિશેષ જોવા

મળે છે. આધુનિક સંશોધનો અને અહેવાલો મુજબ અસંખ્ય સેક્સ વર્કર્સ એચ.આઇ.વી.નો ચેપ ધરાવે છે.

વળી, આધુનિક યુગમાં લગ્ન પૂર્વેની જાતીય પવિત્રતા અને લગ્નેતર સંબંધો અંગેનાં ધોરણો ઢીલાં પડ્યાં છે. જાતીય સ્વેચ્છાચારનું પ્રમાણ વધ્યું છે. પતિ-પત્નીની પરસ્પર જાતીય વફાદારી પર ટી.વી. સિરિઅલોથી માંડીને ફિલ્મો અને સોશિયલ મીડિયાએ વિપરીત અસર નિપજાવી છે. આ માધ્યમો દ્વારા રજૂ થતા સંદેશાઓને કારણે જાતીય જીવનમાં વિવિધતાના મોહનું પ્રમાણ વધ્યું છે. આ બધાનાં પરિણામે મહાનગરોથી લઈને ગામડાંઓમાં બળાત્કારની ઘટનાઓનું પ્રમાણ દિનપ્રતિદિન વધવા લાગ્યું છે. નેશનલ ક્રાઇમ રેકોર્ડ્સ બ્યુરોના 2013ના વાર્ષિક અહેવાલ મુજબ 2012માં સમગ્ર ભારતમાં 24,923 બળાત્કારના કેસો નોંધાયા હતા, જેમાં 98 ટકા કિસ્સાઓમાં બળાત્કાર કરનાર વ્યક્તિ નજીકની કે પરિચિત હોવાનું માલૂમ પડ્યું હતું. વળી, આધુનિક યુગમાં સજાતીય સંબંધોનું પ્રમાણ પણ વધ્યું છે. ગે રિલેશન અને લેસ્બિયન રિલેશનશીપને કારણે એઇડ્સ થવાની શક્યતા સૌથી વધારે છે. અમેરિકા, આફ્રિકા અને ઈંગ્લૅન્ડમાં આવા જાતીય સંબંધો ધરાવનાર લોકોની સંખ્યા વધુ હોવાથી અને સરકારે પણ આવા સંબંધોને માન્યતા આપી હોવાથી આ દેશોમાં એઇડ્સના દર્દીઓની સંખ્યા પણ વધારે છે. આ રીતે અસલામત જાતીય સંબંધ એઇડ્સ ફેલાવવામાં સૌથી મહત્ત્વનું કારણ છે.

**(2) લોહીની ફેરબદલ :**

વિદ્યાર્થીમિત્રો, આપણે જોયું કે એઇડ્સના વાયરસ બહારના વાતાવરણમાં લાંબા સમય સુધી પોતાનું અસ્તિત્વ ટકાવી શકતા નથી; પરંતુ જો આ વાયરસ શરીરના ફ્લ્યુડ (રક્ત, વીર્ય કે યોનિસ્ત્રાવ)ના સંપર્કમાં આવે તો તેનો અંત આણી શકાતો નથી. આનો અર્થ એ થયો કે આકસ્મિક સંજોગોમાં રક્તની જરૂર ઊભી થાય ત્યારે એચ.આઇ.વી.નો ચેપ લાગેલી વ્યક્તિનું રક્ત લેવું જોખમકારક છે. એચ.આઇ.વી. ચેપ લાગેલી વ્યક્તિનું રક્ત એઇડ્સ ફેલાવનારુ મહત્ત્વનું પરિબળ છે. વળી, કેટલાક લોકો માત્ર પૈસા મેળવવા માટે નિયમિત રક્ત આપતા હોય છે. આવા ધંધાદારી રક્તદાતા પાસેથી મેળવેલું પરીક્ષણ કર્યા વિનાનું રક્ત લેવાથી એઇડ્સ થવાની શક્યતા ઘણી વધારે છે. અકસ્માત કે આકસ્મિક સંજોગોમાં જ્યારે પણ રક્તની જરૂર ઊભી થાય ત્યારે પરીક્ષણ કરેલું રક્ત લેવાનો આગ્રહ એઇડ્સ સામે રક્ષણ આપે છે. આ ઉપરાંત એચ.આઇ.વી.ગ્રસ્ત વ્યક્તિની કિડની, આંખો, શ્વેતકણો, રક્તકણો કે અન્ય કોઈ પણ અંગનું પ્રત્યારોપણ અન્ય કોઈ વ્યક્તિના શરીરમાં કરવામાં આવે તો અંગ લેનાર વ્યક્તિને ચેપ લાગી શકે છે.

**(3) માતા-પિતા દ્વારા બાળકને :**

એચ.આઇ.વી.નો ચેપ લાગેલ પુરુષ કે સ્ત્રી જ્યારે એકબીજા સાથે અસલામત જાતીય સંબંધથી જોડાય અને જો સ્ત્રી સગર્ભા બને તો તેવી સ્ત્રીના ગર્ભમાં રહેલા બાળકને એચ.આઇ.વી.નો ચેપ લાગી શકે છે. એઇડ્સના વૈશ્વિક વ્યાપ માટે આ ત્રીજું સૌથી મહત્ત્વનું કારણ છે. સગર્ભાવસ્થાવાળી સ્ત્રીને સારવારના અભાવમાં બાળકને જન્મ પહેલાં કે જન્મ પછી એચ.આઇ.વી.નો ચેપ લાગવાની શક્યતા 20 % જેટલી છે. એચ.આઈ.વી.નો ચેપ ધરાવતી સ્ત્રીની સુવાવડ દરમિયાન જો કાળજી રાખવામાં ન આવે તો બાળકને એચ.આઇ.વી.નો ચેપ લાગી શકે છે. આ ઉપરાંત પ્રસૂતિની કેટલીક પારંપરિક પદ્ધતિઓમાં પણ આરોગ્યના ધોરણો ન જળવાતા માતા દ્વારા બાળકને એચ.આઇ.વી.નો ચેપ લાગવાની શક્યતા વધારે છે.

**(4) નશીલા પદાર્થોનું વ્યસન :**

નશીલા પદાર્થોના વ્યસનીઓની રોગપ્રતિકારક શક્તિ ઘણી નબળી હોય છે. આથી આવી વ્યક્તિઓને એચ.આઇ.વી.નો ચેપ ઝડપથી લાગી શકે છે. આધુનિક સંશોધનોના અહેવાલ મુજબ નશીલા પદાર્થોના ઘણા વ્યસનીઓ એઇડ્સના દર્દી હોવાનું માલૂમ પડ્યું છે. નશીલા પદાર્થોના વ્યસનીઓ નશો કરનારું કેફી દ્રવ્ય ઈન્જેકશનના માધ્યમથી લે છે અને આ ઈન્જેકશનમાં લીધેલી એકની એક સોય તેઓ એકબીજા માટે વાપરતા હોય છે. આથી એચ.આઇ.વી.નો ચેપ લાગેલી વ્યક્તિ જ્યારે આવી સોય અન્ય વ્યસનીને આપે ત્યારે તે વ્યક્તિ પણ એચ.આઇ.વી.નો ભોગ બને છે. ઉત્તર-પૂર્વ ભારતમાં આ કારણ એઇડ્સ ફેલાવવામાં મહત્ત્વનું બન્યું છે.

આ દેખીતાં કારણો ઉપરાંત ભોગવાદી વિચારો, લગ્ન અને ત્યાર પછીની પારિવારિક જવાબદારીઓ નિભાવવામાંથી છટકવાની વૃત્તિ, જાતીય જીવન અંગેની ખોટી માન્યતાઓ, વધારે પડતી મહત્ત્વકાંક્ષાઓ, ગરીબી, શિક્ષણનો અભાવ, શહેરીકરણ જેવાં સમાજ અને સંસ્કૃતિ સાથે સંકળાયેલાં અનેક કારણો એચ.આઇ.વી.ના ઉદ્ભવમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

## એઇડ્સની વિપરીત અસરો :

વિદ્યાર્થીમિત્રો, એઇડ્સનાં કારણો પરથી આપના મનમાં એક બાબત સ્પષ્ટ થઈ હશે કે એઇડ્સ એ માત્ર વ્યક્તિગત સમસ્યા નથી; પરંતુ તેનો સીધો સંબંધ વ્યક્તિ ઉપરાંત સમાજ અને સંસ્કૃતિ સાથે છે. આ અર્થમાં જોઈએ તો એઇડ્સગ્રસ્ત  દર્દીઓનું વધુ પ્રમાણ કોઈ પણ રાષ્ટ્ર કે સમુદાય પર વિપરીત અસર પહોંચાડે છે.

અગાઉ જોયું તે મુજબ એઇડ્સ થવાનું મુખ્ય કારણ અસલામત જાતીય સંબંધ છે. આથી જ્યારે કોઈ વ્યક્તિના રક્ત પરીક્ષણમાં એચ.આઈ.વી.નો રિપોર્ટ પોઝિટિવ આવે ત્યારે તે વ્યક્તિ એક પ્રકારની શરમ અને સંકોચ અનુભવે છે. સામાજિક પ્રતિષ્ઠાને ઝાંખપ લાગવાના ભયથી તે પોતાની વાત કોઈને કહી શકતી નથી. આ પરિસ્થિતિ તેના માટે અસહ્ય બને છે. વળી, એઇડ્સગ્રસ્ત દર્દી સાથે લોકો ઉપેક્ષાભર્યું વર્તન કરે છે.

વળી, એઇડ્સને કારણે થતાં મૃત્યુઓમાં બાળમૃત્યુ દર અને માતાનો મૃત્યુદર વસ્તીશાસ્ત્રીય પરિવર્તનો નિપજાવે છે. વિધવાઓના અનેક પ્રશ્નો ઊભા થાય છે. એઇડ્સની સારવાર અત્યંત ખર્ચાળ હોવાથી વ્યક્તિના પરિવારથી લઈને રાષ્ટ્રના આર્થિક માળખાને નુકસાન પહોંચાડે છે. અગાઉ જોયું તે મુજબ ભારતમાં એઇડ્સ થનાર વ્યક્તિઓ મોટે ભાગે 15થી 49 વર્ષના વયજૂથની છે, પરિણામે રાષ્ટ્રના વ્યાપાર, ઉદ્યોગ અને શિક્ષણ પર પણ તેની વિપરીત અસર પડે છે. વળી, આ રોગની કોઈ દવા કે રસી શોધાઈ નથી એટલે તેને લગતાં સંશોધનો કરવા માટે તેમજ સામાજિક જાગૃતિ લાવવાના પ્રયાસો પણ ખર્ચાળ સાબિત થયા છે.

## એઇડ્સની અટકાયત અથવા નિયંત્રણ :

વિદ્યાર્થીમિત્રો, એઇડ્સનાં કારણો અને અસરો પરથી આપને સમજાયું હશે કે જો આ સમસ્યાને નિયંત્રિત કરવામાં ન આવે તો તેનાથી અનેક સામાજિક પ્રશ્નો સર્જાય છે. વળી એઇડ્સને દૂર કરવાની કે નાબૂદ કરવાની કોઈ દવા કે રસી હજુ સુધી શોધાઈ ન હોવાથી તેને નિયંત્રિત કરવાનું કાર્ય કઠિન છે. આવા સંજોગોમાં એઇડ્સને ફેલાતો અટકાવવો એ જ તેનો શ્રેષ્ઠ ઇલાજ છે. લોકોમાં એઇડ્સ અંગે વૈજ્ઞાનિક જાગૃતિ કેળવાય અને એઇડ્સ થવાનું જોખમ ઘટે તેવાં પગલાં એઇડ્સને ફેલાતો અટકાવે છે. એઇડ્સને ફેલાતો અટકાવવા માટે કઈ કઈ બાબતો અસરકારક છે તેની જાણકારી મેળવીએ :

**(1)** એઇડ્સ થવા પાછળનું સૌથી મહત્ત્વનું કારણ અસલામત જાતીય સંબંધ છે. આથી સલામત જાતીય સંબંધ એઇડ્સને ફેલાતો અટકાવનારું સૌથી મહત્ત્વનું પરિબળ છે. એક જ વફાદાર સાથી સાથેનો જાતીય સબંધ અને જાતીય સંબંધ દરમિયાન નિરોધનો ઉપયોગ એઇડ્સને અટકાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**(2)** એચ.આઇ.વીનો ચેપ ધરાવતી વ્યક્તિ રક્તદાન કરે તો તેના રક્તથી અન્ય વ્યક્તિને એચ.આઇ.વી.નો ચેપ લાગી શકે છે. આથી આકસ્મિક સંજોગોમાં જ્યારે લોહીની આવશ્યકતા ઊભી થાય ત્યારે એચ.આઇ.વીનું પરીક્ષણ કરેલ બિનચેપી લોહી લેવાનો આગ્રહ રાખવો.

**(3)** એચ.આઇ.વી.ના દર્દી માટે ઉપયોગમાં લેવાયેલ ઇન્જેકશનની સિરિંજ, સોય કે અન્ય તબીબી સાધનો તંદુરસ્ત વ્યક્તિની સારવાર માટે ઉપયોગમાં ન લેવા. રસીકરણના કાર્યક્રમોમાં કે દાકતરી તપાસમાં પણ જંતુમુક્ત તબીબી સાધનો જ ઉપયોગમાં લેવા.

**(4)** જુદા જુદા સંચાર માધ્યમો અને સંપર્ક માધ્યમો દ્વારા આ રોગ અંગેની લોકજાગૃતિ અને સામાજિક જાગૃતિ કેળવવી. દા.ત., દર વર્ષે પહેલી ડિસેમ્બરનો દિવસ 'વિશ્વ એઇડ્સ દિન' તરીકે ઊજવાય છે.

**(5)** એચ.આઇ.વીનું નિયંત્રણ થાય તેવી દવા કે રસી શોધવા માટેનાં સંશોધનો હાથ ધરવા.

આ ઉપરાંત એઇડ્સને નિયંત્રિત કરવા માટે સરકારની કામગીરી પણ પ્રશંસનીય રહી છે. ભારત સરકાર દ્વારા ઈ.સ. 1992માં સ્થાપવામાં આવેલ નેશનલ એઇડ્સ કન્ટ્રોલ ઓર્ગેનાઇઝેશન (NACO)ના નેતૃત્વ હેઠળ HIV/AIDS કન્ટ્રોલ પ્રોગ્રામની શરૂઆત 35 એઇડ્સ નિયત્રંણ સોસાયટી મારફતે કરવામાં આવી. રાજ્યનાં દવાખાનાંઓમાં શરૂ કરવામાં આવેલાં ચિકિત્સાકેન્દ્રોને લીધે એઇડ્સને ફેલાતો અટકાવવામાં ઘણી સફળતા મળી છે.

## નશીલાં દ્રવ્યોના વ્યસનની સમસ્યા

વિશ્વના પ્રત્યેક સમાજના માનવીની જીવનશૈલીનું અધ્યયન કરતાં એક બાબત સ્પષ્ટ થાય છે કે પ્રત્યેક સમાજમાં દરેક યુગે લોકો એ દ્રવ્યોનો ઉપયોગ કરતા હતા કે જેનાથી નિરાશા, હતાશા અને માનસિક તણાવનું પ્રમાણ ઘટતું હોય, જેનું સેવન કરવાથી કોઈ આહ્લાદક આનંદ અનુભવાતો હોય તથા જેનાથી સુખ-દુઃખની

અનુભૂતિમાં વધારો કે ઘટાડો થતો હોય. આ દ્રવ્યોનાં સેવનથી જે માનસિક અનુભૂતિ થાય છે, એમાંથી નીચે મુજબ પાંચ પ્રકારના મનોઔષધીય પ્રભાવ ઉત્પન્ન થાય છે અને આ પ્રભાવ મેળવવા માટે જ વ્યક્તિ આ દ્રવ્યોનું સેવન કરે છે. આ પાંચ પ્રભાવ નીચે મુજબ છે :

**(1)** પીડામાંથી મુક્તિ

**(2)** અનિચ્છનીય તથા કષ્ટ આપનારી ક્રિયાઓ અને ભાવનાઓ જેવી કે ચિંતા, અધીરાઈ, ઉત્તેજના, થાક વગેરેમાં ઘટાડો.

**(3)** શરીરમાં શક્તિ તથા ઊર્જામાં વૃદ્ધિ તથા નિરાશા અને ઊંઘ ન આવવાની સ્થિતિને દૂર કરવી.

**(4)** નવી ચેતના તથા અનુભૂતિની પ્રાપ્તિ.

**(5)** માથા પરથી કામનું ભારણ હળવું કરવા તથા સદાય પ્રસન્નતાની ભાવનાને જાગૃત કરવા.

વિદ્યાર્થીમિત્રો, ઉપર દર્શાવેલા ભ્રામક પ્રભાવથી પ્રભાવિત થઈ યુવાનો નશીલાં દ્રવ્યોનું સેવન કરે છે. ઈ.સ. 1925 પૂર્વે નશીલાં દ્રવ્યોના સેવન માટે કોઈ પ્રતિબંધ ન હતો; પરંતુ ઈ.સ. 1925માં સંયુક્ત રાષ્ટ્રસંઘના જીનિવા ડ્રગ કન્વેન્શનમાં આ નશીલાં દ્રવ્યોના વ્યસનનાં માઠાં પરિણામો પર વિચાર કરવામાં આવ્યો અને રાષ્ટ્રસંઘે પોતાના સભ્ય દેશોને આ દ્રવ્યોના વેચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ લાદવાની વાત કરી. સંયુક્ત રાષ્ટ્રસંઘની વિશ્વ આરોગ્ય સંસ્થાએ નશીલાં દ્રવ્યોના વ્યસનની વિશ્વવ્યાપી સમસ્યાને નિયંત્રિત કરવા માટે જે અભિયાન આરંભ્યું હતું તેની ફલશ્રુતિ રૂપે વિશ્વના તમામ દેશોમાં નશીલાં દ્રવ્યોના વ્યસનને એક સામાજિક સમસ્યાના રૂપમાં જોવામાં આવે છે તથા આ સમસ્યાના નિયંત્રણ અને નિવારણ માટે પ્રયત્ન કરવામાં આવે છે.



**નશીલાં દ્રવ્યો**

## નશીલાં દ્રવ્યોના વ્યસનનો અર્થ

વિશ્વ આરોગ્ય સંસ્થાના તજજ્ઞોની સમિતિએ નશીલાં દ્રવ્યોના સેવનની વ્યાખ્યા આપતાં સ્પષ્ટતા કરી છે કે 'બંધાણ એટલે કોઈક કુદરતી કે કૃત્રિમ નશીલા પદાર્થ કે દ્રવ્ય જેનું વારંવાર સેવન કરવાને લીધે પેદા થતી અમુક નિશ્ચિત સમયગાળાની નશાયુક્ત અવસ્થા કે જે-તે વ્યક્તિ અને સમાજ બંને માટે વિઘાતક હોય છે. આમાં નશીલા પદાર્થોનું સેવન કરવાની સતત અને અનિવાર્ય જરૂરિયાત, એનું પ્રમાણ વધારવાની વૃત્તિ તથા તે પદાર્થો પર શારીરિક, માનસિક અવલંબન વગેરે બાબતોનો સમાવેશ થાય છે.'

**જ્હોન એ. ક્લોસેન –** નશીલાં દ્રવ્યોનું વ્યસન એ સુખદાયક અસર પેદા કરવા માટે કે દુઃખ દર્દથી દૂર રહેવા માટે ઉપભોગ કરેલા રાસાયણિક પદાર્થ પ્રત્યેની મનોશારીરિક પ્રતિક્રિયા છે.

## નશીલાં દ્રવ્યોના વ્યસનનાં કારણો :

નશીલાં દ્રવ્યોના વ્યસન માટે અનેક કારણો જવાબદાર છે. આ કારણોની અહીં ટૂંકમાં સમજૂતી મેળવીએ.

### (1) સમાજ વ્યવસ્થામાં બદલાવ :

સામાજિક પરિવર્તન એટલે સામાજિક માળખામાં થતો બદલાવ. જ્યારે વ્યક્તિ બદલાતી જતી સામાજિક પરિસ્થિતિ સાથે તાદાત્મ્ય સાધી શકતી નથી ત્યારે તે નશીલાં દ્રવ્યોના વ્યસન તરફ વળતી હોય છે. આજની યુવાપેઢીમાં દ્રવ્યોનું વ્યસન કરવું એ જાણે કે એક ફૅશન બની છે. આ દ્રવ્યોના સેવનથી તેઓ આધુનિક હોવાનો દાવો કરે છે. આ ઉપરાંત આજની યુવાપેઢી ટી.વી. ફિલ્મોમાં દર્શાવાતાં દ્રશ્યો મુજબ પોતાની જાતને ઢાળવાનો પ્રયત્ન કરે છે. આ બધાં પરિબળોને કારણે વ્યક્તિ ઘણીવાર પોતે એકલી પડી ગઈ હોય કે પોતાનું કોઈ નથી એ પ્રકારની લાગણી અનુભવે છે. પોતાની જાતથી અને સમાજથી વિમુખ બનેલી આવી વ્યકિતઓ નશીલાં દ્રવ્યોના વ્યસન તરફ વળે છે. આ રીતે સામાજિક પરિવર્તન નશીલાં દ્રવ્યોના વ્યસનનું એક સહાયક પરિબળ છે.

**(2) સાંસ્કૃતિક ધોરણોમાં ભંગાણ :**

સાંસ્કૃતિક ધોરણોમાં ભંગાણ સૂચવતી પરિસ્થિતિને એનોમીની પરિસ્થિતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. સાંસ્કૃતિક ધોરણો, ધ્યેયો અને તેને પ્રાપ્ત કરવાનાં સાધનો વચ્ચે પ્રવર્તતી તંગદિલીને લીધે એનોમીની પરિસ્થિતિ સર્જાય છે. કોહેન અને જેમ્સ નોંધે છે તેમ કેટલીક વ્યક્તિઓ એવી હોય છે કે જેઓમાં નૈતિક ધોરણોનું આંતરિકરણ થયું હોય છે; પરંતુ આવશ્યક કૌશલ્યનો તેમનામાં અભાવ હોય છે. તેઓને કોઈ ગુનાહિત પ્રવૃત્તિ ઉપલબ્ધ થતી નથી કે તેમને કોઈ હિંસક વાતાવરણ મળતું નથી. આથી આવી બેવડી નિષ્ફળતા અનુભવતી વ્યક્તિઓ નશીલાં દ્રવ્યોના વ્યસન તરફ વળે છે.

**(3) વ્યક્તિનું પોતાની જાતથી કે સમાજથી અળગાપણું :**

જ્યારે વ્યક્તિ પોતાની જાત કે સમાજથી એક પ્રકારનું અળગાપણું અનુભવે ત્યારે તેવી પરિસ્થિતિને સામાજિક વિમુખતા કહેવામાં આવે છે. પરિવારની કે સમાજની અન્ય વ્યક્તિઓની ઉપસ્થિતિમાં પણ કેટલીક વ્યક્તિઓ આવા અળગાપણાનો કે એકલતાનો અનુભવ કરતી હોય છે. પોતાના આવા એકાકીપણા માટે તે સમાજ કે સામાજિક પરિસ્થિતિને જવાબદાર માનતી હોય છે. પોતાની આવી એકલતા કે એકાકીપણાને દૂર કરવા માટે વ્યક્તિ નશીલાં દ્રવ્યોના વ્યસનનો આશરો લે છે. આ પ્રકારનાં નશીલાં દ્રવ્યોના વ્યસની સમાજવિરોધી કે રાષ્ટ્રવિરોધી બની જતા હોય છે.

**(4) મિત્રજૂથ કે સમવયસ્ક જૂથોનો પ્રભાવ :**

મિત્રજૂથ કે સમવયસ્ક જૂથ એવાં પ્રાથમિક જૂથો છે કે જેનો પ્રભાવ વ્યક્તિનાં વર્તન પર સૌથી વધુ હોય છે. આ જૂથના સભ્યો નશીલાં દ્રવ્યોના વ્યસની હોય તો જૂથમાં જોડાયેલી વ્યક્તિ મિત્રોના કે સમવયસ્કોના નશીલાં દ્રવ્યોના સેવનના આગ્રહને વશ થઈ વ્યસન કરતી હોય છે. આવું વ્યસન કરવા પાછળનો તેનો હેતુ માત્ર ને માત્ર આ પ્રકારના જૂથમાં સ્વીકૃતિ મેળવવાનો હોય છે. આથી મિત્રોના કે સમવયસ્કોનાં દબાણનો તે ઇનકાર કરી શકતો નથી અને કાયમ માટે નશીલાં દ્રવ્યોનો વ્યસની બની જાય છે.

**(5) જિજ્ઞાસા અને અજ્ઞાનતા :**

ઘણીવાર વ્યક્તિ નશીલાં દ્રવ્યોનું સેવન કરવાથી કેવી અસર થશે તે અંગે અજાણ હોય છે. તો ક્યારેક એવું પણ બને છે, કે નશીલાં દ્રવ્યોના વ્યસનીનો અનુભવ સાંભળ્યા પછી પોતાના મનમાં પણ એ પ્રકારનો અનુભવ મેળવવાની ઇચ્છા જાગે છે.  નશીલાં દ્રવ્યો શેનાં બનેલાં છે, તેનું સેવન કરવાથી શરીરને શું નુકસાન થશે વગેરે અંગે તે અજાણ હોવા છતાં માત્ર અખતરા કરવા માટે તે નશીલાં દ્રવ્યોનું સેવન કરતી હોય છે; પરંતુ એકવાર આ દ્રવ્યોનું સેવન કરવાથી તેને કાયમ તેની લત લાગી જાય છે. આમ, ઘણીવાર આ પ્રકારની જિજ્ઞાસા અને અજ્ઞાનતા નશીલાં દ્રવ્યોના વ્યસનનું કારણ બને છે.

**(6) ઉદ્યોગો અને શહેરોનો વિકાસ :**

ઔદ્યોગિકરણને કારણે થતું સ્થળાંતર શહેરીકરણની પ્રક્રિયા વિકસાવે છે. ઉદ્યોગોમાં કામ કરતા વ્યક્તિએ સતત એક જ પ્રકારનું કામ આખો દિવસ કરવાનું હોય છે. સતત એક પ્રકારનું કામ અને વાતાવરણ વ્યક્તિને પોતાની જાતથી કે સમાજથી વિમુખ બનાવે છે. વધુ પડતા શ્રમને કારણે આખા દિવસના થાકને હળવો કરવા માટે વ્યક્તિ નશીલાં દ્રવ્યોના સેવનનો માર્ગ અપનાવતો હોય છે. તો બીજી બાજુ શહેરીકરણની પરિસ્થિતિ આવા વ્યસનીઓને મોકળું મેદાન આપે છે. શહેરમાં પોતાને કોણ ઓળખે છે ? ની ભાવના, ગુનાહિત વર્તનને છુપાવી શકવાની વિપુલ તકો, અસલામતી જેવી પરિસ્થિતિ વ્યક્તિને નશીલાં દ્રવ્યોના વ્યસન કરવા તરફ દોરી જાય છે.

**(7) આર્થિક પરિસ્થિતિ :**

કામ કરવાની ઇચ્છાશક્તિ હોવા છતાં વ્યક્તિને કામ ન મળે ત્યારે તેવી વ્યક્તિ લઘુતાગ્રંથિમાં ગરકાવ થઈ જાય છે. આવી બેકારીને કારણે વ્યક્તિ પોતાની આર્થિક જરૂરિયાતોને પરિપૂર્ણ કરી શકતો નથી અને આ માટે તેણે બીજા પર આધાર રાખવો પડે છે. બેકારીને કારણે તેનામાં ઊભી થયેલી હતાશા અને નિરાશા જેવી માનસિક અસરમાંથી મુક્ત થવા માટે તે નશીલાં દ્રવ્યોના વ્યસન તરફ વળે છે. વળી, સમાજમાં એવી પણ વ્યક્તિઓ હોય છે, જેઓને કામ તો મળી રહે છે; પરંતુ તેની સામે તેને વેતન ખૂબ જ ઓછું મળતું હોય છે. આ સંજોગો પણ તેને માટે નિરાશા ઉપજાવનારા હોય છે, તેથી ઘણીવાર તેઓ નશીલાં દ્રવ્યોના વ્યસની બની જતા હોય છે.

બેકારી અને ઓછા વેતનની પરિસ્થિતિ કરતાં કુટુંબની સદ્ધરતાની પરિસ્થિતિ જુદી છે. આર્થિક રીતે સાધનસંપન્ન પરિવારના નબીરાઓ પોતાનો શોખ પૂરો કરવા મોંઘાદાટ નશીલાં દ્રવ્યોનું વ્યસન કરતા હોય છે. સમાચાર માધ્યમોમાં પ્રસારિત થતાં સમાચારો આ વાતની સાક્ષી પૂરે છે.

**(8) ભૌગોલિક દૃષ્ટિએ ભારતનું સ્થાન :**

નશીલાં દ્રવ્યોની ગેરકાયદેસર હેરાફેરીની દૃષ્ટિએ ભારતનું ભૌગોલિક સ્થાન વિશેષ મહત્ત્વનું પુરવાર થાય છે. ભારતની સીમારેખા પર આવેલા પંજાબ, રાજસ્થાન, આંધ્રપ્રદેશ, નાગાલૅન્ડ, મણિપુર, બિહાર જેવાં રાજ્યોમાં આ દ્રવ્યોની હેરાફેરીનો વ્યાપાર વિકસેલો છે. વળી બીજા દેશોમાં નશીલાં દ્રવ્યો પહોંચાડવામાં પણ ભારત ભૌગોલિક દૃષ્ટિએ માધ્યમ બને છે. તો બીજી બાજુ આ દ્રવ્યોની હેરાફેરી કરનારા એજન્ટો, ફેરિયાઓ જેવાં અસામાજિક તત્ત્વો દ્વારા ભારતનાં શહેરો અને મહાનગરોમાં નશીલાં દ્રવ્યો આયોજનબદ્ધ રીતે ઘુસાડવામાં આવે છે. આ બધાંનું પરિણામ એ આવે છે કે ભારતમાં યુવા પેઢી આ દ્રવ્યોના વ્યસનની ચુંગાલમાં ફસાય છે અને તેમનું સામાજિક જીવન બરબાદ થાય છે.

**(9) આંતરરાષ્ટ્રીય રાજકારણ :**

ભારત એક વિકાસશીલ રાષ્ટ્ર છે. ભારતનો વિકાસ અનેક વિકસિત રાષ્ટ્રો તેમજ દુશ્મન રાષ્ટ્રોને આંખના કણાની જેમ ખૂંચે છે. આથી આંતરરાષ્ટ્રીય પરિપાટી પર ખેલાતું રાજકારણ ભારતમાં નશીલાં દ્રવ્યોના વ્યસનની સમસ્યાને વેગ આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ભારત આર્થિક રીતે પાયમાલ બને, તેની લશ્કરી તાકાત ઓછી થાય, વિશાળ યુવાવર્ગ આ દ્રવ્યોના સેવન તરફ ખેંચાય, વિકાસની ગતિ થંભી જાય જેવાં અનેક પરિબળોમાં આંતરરાષ્ટ્રીય રાજકારણનો રંગ ભળે છે, જે નશીલાં દ્રવ્યોના વ્યસનની સમસ્યા માટે જવાબદાર બને છે.

આ રીતે નશીલાં દ્રવ્યોના વ્યસનની સમસ્યા વ્યક્તિનાં વ્યક્તિગત, કૌટુંબિક અને આર્થિક જીવન પર અને આરોગ્ય પર વિપરીત અસર નિપજાવે છે. આથી આ સમસ્યાનું નિવારણ કરવું જરૂરી છે.

**નશીલાં દ્રવ્યોના વ્યસનની સમસ્યા હલ કરવાના ઉપાયો**

વિદ્યાર્થીમિત્રો, ઉપર્યુક્ત કારણો પરથી આપને સમજાયું હશે કે વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રમાં નશીલાં દ્રવ્યોના વ્યસનની સમસ્યાથી કેવી વિઘટનકારી પરિસ્થિતિનું નિર્માણ થાય છે. જો આ સમસ્યા પર નિયંત્રણ મેળવવામાં ન આવે કે તેની હેરાફેરી પર પ્રતિબંધ લાદવામાં ન આવે તો સમાજ અને રાષ્ટ્રએ તેનાં વિઘાતક પરિણામોનો સામનો કરવા તૈયાર રહેવું પડે છે. અહીં આ સમસ્યાને નિયંત્રિત કરવાના કેટલાક ઉપાયોની સમજૂતી મેળવીએ.

**(1) નશીલાં દ્રવ્યોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકતા કાયદાઓ :**

નશીલાં દ્રવ્યોના વ્યસનની સમસ્યાને અટકાવવા માટે સમયે સમયે કેટલાક મહત્ત્વના કાયદાઓ ઘડવામાં આવ્યા છે :

- 1930માં ડેન્જરસ ડ્રગ્સ ઍક્ટ ઘડવામાં આવ્યો, જે નશીલાં દ્રવ્યોની તમામ શ્રૃંખલા પર નિયંત્રણો લાદવા માટેની વિસ્તૃત કાનૂની જોગવાઈ પૂરો પાડતો કાયદો હતો.
- બોમ્બે પ્રોહિબિશન ઍક્ટ – 1949ની કેટલીક જોગવાઈઓ મુજબ દારૂના ઉત્પાદન પર, દારૂ ગાળવાની ભઠ્ઠી બનાવવા પર, દારૂના વેચાણ, નશો પેદા કરતાં દ્રવ્યોની આયાત, નિકાસ, હેરાફેરી, વેચાણ, ઉત્પાદન વગેરે પર; તાડી, અફીણ, ચરસ વગેરેના ઉત્પાદન, વેચાણ વગેરે પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.
- 1961ના સિંગલ કન્વેન્શનની જોગવાઈઓના સંદર્ભમાં તબીબી અને વૈજ્ઞાનિક ઉપયોગ માટે ખસખસના છોડનું વાવેતર અને અફીણના ઉત્પાદનના ક્ષેત્રે કડક નિયંત્રણો લાદવામાં આવ્યા.
- 1978માં ધી ઓપિયમ ઍક્ટ હેઠળ અફીણના ગેરકાયદેસરના ઉત્પાદન, હેરાફેરી, અફીણ રાખવા પર, તેના સંગ્રહ અને વિતરણ અને વેચાણ પર તથા તેને સંલગ્ન કાર્યવાહીના સંદર્ભમાં નિયંત્રણો અમલમાં મૂકવામાં આવ્યા હતા.
- 1985માં ધ નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ ઍક્ટ ઘડવામાં આવ્યો. આ કાયદો નશીલાં દ્રવ્યોની ખેતી પર પ્રતિબંધ મૂકે છે. આ કાયદો કોઈ પણ નશીલાં દ્રવ્યોના ઉત્પાદન, વેચાણ, કબજો, ખરીદી, હેરાફેરી, સંગ્રહ, ઉપયોગ, આયાત-નિકાસ પર પ્રતિબંધ મૂકે છે. આ કાયદાના ઉલ્લંઘન બદલ 10 વર્ષની સખત કેદ જેને 20 વર્ષ સુધી લંબાવી શકાય છે. વળી, આ કાયદા અંતર્ગત 1 લાખ રૂપિયાના દંડની રકમને પણ 2 લાખ રૂપિયા સુધી વધારી શકાય છે.

**(2) ઉપચારાત્મક પગલાં :**

મારવાહ સમિતિએ જુદાં જુદાં ઉપચારાત્મક પગલાં સૂચવ્યાં છે, જે નીચે મુજબ છે :

- રાષ્ટ્રીય વિકાસ યોજનાઓ સાથે સંકલિત એવી મદ્યપાન અને નશીલી દવાઓના દુરુપયોગ વિરોધી શૈક્ષણિક યોજના ઘડવી.
- વિદ્યાર્થીઓ, યુવકો, કામદારો, સ્થળાંતરિતો, આદિવાસીઓ વગેરેને આ સમસ્યા સંબંધી શિક્ષણ આપવું.
- નશામુક્તિ કેન્દ્રો સ્થાપવાં અને મદ્યપાન તથા નશીલી દવાઓના વ્યસનની સમસ્યાને લગતી સમિતિ રચવી.
- વસ્તીનાં વિવિધ જૂથોમાં નશીલાં દ્રવ્યોના અને મદ્યપાન વપરાશને લગતા પ્રવાહોનું તેમજ સમસ્યા નિવારણનાં પગલાંનું સાતત્યપૂર્ણ મૂલ્યાંકન કરવું.

આ ઉપરાંત ભારત સરકારના નાર્કોટિક કન્ટ્રોલ બ્યૂરોએ ઘડેલા એક્શન પ્લાનમાં સમસ્યાના નિવારણ માટે મુખ્યત્વે બિનસરકારી સંગઠનોની સેવા, વ્યસનીઓનો પુનર્વાસ, જનજાગૃતિ અને જાહેર આરોગ્ય જાગૃતિ, યુવાનોમાં આલ્કોહોલ અને ડ્રગ ડિમાન્ડ ઘટાડવી તથા આ દૂષણથી યુવાનોને માહિતગાર કરવાનાં પગલાંનો સમાવેશ થાય છે.

વિદ્યાર્થીમિત્રો, આ પ્રકરણમાં આપે સામાજિક સમસ્યાઓનો અર્થ અને લાક્ષણિકતાઓ અંગે પરિચય મેળવી ભારતમાં પ્રવર્તતા અસમાન જાતિપ્રમાણ, એઈડ્સ અને નશીલાં દ્રવ્યોના વ્યસનનાં કારણો, વિપરીત અસરો અને તેને હલ કરવાના ઉપાયો અંગે માહિતી મેળવી. સામાજિક સમસ્યાઓ અંગેના આ વૈજ્ઞાનિક અભિગમથી આપની આસપાસના વિશ્વમાં પ્રવર્તતી સામાજિક સમસ્યાઓને જોવા-સમજવાનું આપનું દૃષ્ટિબિંદુ બદલાયું હશે.

વિદ્યાર્થીમિત્રો, ધોરણ-12ના સમાજશાસ્ત્ર વિષયના આ પાઠ્યપુસ્તકમાં એકમ 1થી એકમ 10 સુધીના અભ્યાસક્રમમાં ભારતીય સમાજજીવનને લગતાં તમામ પાસાંઓને આવરી લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સામાજિક–સાંસ્કૃતિક વૈવિધ્ય ભારતની આગવી ઓળખ છે. ભારતની આગવી ઓળખ સમા સામાજિક–સાંસ્કૃતિક વૈવિધ્યનો પરિચય અને સ્ત્રી–સશક્તિકરણ, સંસ્કૃતિકરણ, પશ્ચિમીકરણ, ઉદારીકરણ, વિવિધ સામાજિક આંદોલનો અને સંચાર-માધ્યમોની સામાજિક અસરો જેવા સાંપ્રત પ્રવાહોની સમજ આપતું આ પાઠ્યપુસ્તક આપના સમાજશાસ્ત્રીય જ્ઞાનમાં અભિવૃદ્ધિ કરનારું બની રહેશે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો :**

(1) અસમાન જાતિપ્રમાણનાં કારણો સમજાવો.

(2) એઈડ્સનાં કારણોની છણાવટ કરો.

(3) નશીલાં દ્રવ્યોના વ્યસનનાં કારણો વિગતે સ્પષ્ટ કરો.

(4) 'એઈડ્સ – એક સામાજિક સમસ્યા છે' - વિધાનની યથાર્થતા ચકાસો.

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :**

(1) સામાજિક સમસ્યાનાં લક્ષણો.

(2) અસમાન જાતિપ્રમાણની સમસ્યાની વિપરીત અસરો વર્ણવો.

(3) અસમાન જાતિપ્રમાણની સમસ્યાને અટકાવી શકાય છે – સમજાવો.

(4) એઈડ્સ નિયંત્રણ કઈ રીતે કરી શકાય ? સ્પષ્ટ કરો.

(5) નશીલાં દ્રવ્યોના વ્યસનની સમસ્યાને હલ કરવાના ઉપચારાત્મક પગલાં જણાવો.

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો :**

(1) સામાજિક સમસ્યાની વ્યાખ્યા આપો.

(2) અસમાન જાતિપ્રમાણ એટલે શું ?

(3) AIDSનું પૂરું નામ જણાવો.

(4) નશીલાં દ્રવ્યોના વ્યસનનો અર્થ સ્પષ્ટ કરો.

**4. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો :**

(1) સામાજિક સમસ્યા ક્યારે ઉદ્ભવે છે ?

(2) 2011ના સેન્સસ મુજબ ગુજરાતમાં જાતિપ્રમાણ જણાવો.

(3) સ્ત્રી-ભ્રૂણ હત્યા કોને કહેવાય ?

(4) ઓનર કિલિંગ કોને કહેવાય ?

(5) HIV શબ્દનો પૂરો અર્થ આપો.

**5. નીચેના પ્રત્યેક પ્રશ્નમાં આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર આપો :**

(1) વર્ષ 2011માં ભારતમાં જાતિ પ્રમાણ....... ☐

(અ) 920 (બ) 930 (ક) 940 (ડ) 950

(2) એઈડ્સની સમસ્યામાં ભારત વિશ્વમાં કેટલામું સ્થાન ધરાવે છે ? ☐

(અ) બીજું (બ) ત્રીજું (ક) ચોથું (ડ) પાંચમું

(3) એઈડ્સનો પ્રથમ દર્દી કયા દેશમાં જોવા મળ્યો હતો ? ☐

(અ) ભારત (બ) ઈંગ્લૅન્ડ (ક) જાપાન (ડ) અમેરિકા

(4) 'વિશ્વ એઈડ્સ દિન'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ? ☐

(અ) 1લી ડિસેમ્બર (બ) 11મી ડિસેમ્બર (ક) 1લી ઑક્ટોબર (ડ) 11મી સપ્ટેમ્બર

(5) બોમ્બે પ્રોહિબિશન ઍક્ટ ક્યારે ઘડાયો ? ☐

(અ) 1947 (બ) 1948 (ક) 1949 (ડ) 1950

**પ્રવૃત્તિ**

- તમારા વિસ્તારમાં જોવા મળતી સામાજિક સમસ્યાઓની યાદી તૈયાર કરો.
- અસમાન જાતિપ્રમાણના ખ્યાલને તમારા સમાજના સંદર્ભે તપાસી અહેવાલ તૈયાર કરો.
- એઈડ્સ અટકાવવાના ઉપાયો અંગે ચર્ચાસભાનું આયોજન કરો.
- તમારા વિસ્તારમાં યુવાનોમાં જોવા મળતા વ્યસનનો અભ્યાસ કરી નશીલાં દ્રવ્યોના વ્યાપના અહેવાલનું લેખન કરો.
- નશીલાં દ્રવ્યોની અસરો અંગે જૂથચર્ચા કરો.

●

# પરિશિષ્ટ-1
# ભારતમાં સ્ત્રી-પુરુષ જાતિપ્રમાણ (2011)

| ક્રમ | રાજ્ય/કેન્દ્રશાસિત વિસ્તાર | જાતિપ્રમાણ |
|---|---|---|
| | **ભારત** | **940** |
| 1. | કેરળ | 1084 |
| 2. | પોંડિચેરી | 1038 |
| 3. | તમિલનાડુ | 995 |
| 4. | આંધ્રપ્રદેશ | 992 |
| 5. | છત્તીસગઢ | 991 |
| 6. | મણિપુર | 987 |
| 7. | મેઘાલય | 986 |
| 8. | ઓરિસ્સા | 978 |
| 9. | મિઝોરમ | 975 |
| 10. | હિમાચલ પ્રદેશ | 974 |
| 11. | કર્ણાટક | 968 |
| 12. | ગોવા | 968 |
| 13. | ઉત્તરાખંડ | 963 |
| 14. | ત્રિપુરા | 961 |
| 15. | આસામ | 954 |
| 16. | પશ્ચિમ બંગાળ | 947 |
| 17. | ઝારખંડ | 947 |
| 18. | લક્ષદ્વીપ | 946 |

| ક્રમ | રાજ્ય/કેન્દ્રશાસિત વિસ્તાર | જાતિપ્રમાણ |
|---|---|---|
| 19. | નાગાલૅન્ડ | 931 |
| 20. | મધ્યપ્રદેશ | 930 |
| 21. | રાજસ્થાન | 926 |
| 22. | મહારાષ્ટ્ર | 925 |
| 23 | અરુણાચલ પ્રદેશ | 920 |
| 24. | ગુજરાત | 918 |
| 25. | બિહાર | 916 |
| 26. | ઉત્તરપ્રદેશ | 908 |
| 27. | પંજાબ | 893 |
| 28. | સિક્કીમ | 889 |
| 29. | જમ્મુ-કશ્મીર | 883 |
| 30. | આંદામાન-નિકોબાર | 878 |
| 31. | હરિયાણા | 877 |
| 32. | દિલ્લી | 866 |
| 33. | ચંદીગઢ | 777 |
| 34. | દાદરા અને નગરહવેલી | 775 |
| 35. | દમણ અને દીવ | 618 |

**(સંદર્ભ : વસ્તી ગણતરી, ભારત 2011)**

# પરિશિષ્ટ-2

## ભારતમાં રાજ્યવાર અનુસૂચિત જનજાતિની વસ્તી (2011)

| ક્રમ | રાજ્ય/કેન્દ્રશાસિત વિસ્તાર | કુલ વસ્તી | આદિવાસી વસ્તી | કુલ વસ્તીમાં ટકા |
|---|---|---|---|---|
| 1. | જમ્મુ-કશ્મીર | 12548926 | 1493299 | 11.89 |
| 2. | હિમાચલ પ્રદેશ | 6856509 | 392126 | 5.72 |
| 3. | પંજાબ | 27704236 | 0 | 0 |
| 4. | ચંદીગઢ | 1054686 | 0 | 0 |
| 5. | ઉત્તરાંચલ | 10116752 | 291903 | 2.88 |
| 6. | હરિયાણા | 25353081 | 0 | 0 |
| 7. | દિલ્લી | 16753235 | 0 | 0 |
| 8. | રાજસ્થાન | 68621012 | 9238534 | 13.46 |
| 9. | ઉત્તરપ્રદેશ | 199581477 | 1134273 | 0.57 |
| 10. | બિહાર | 103804637 | 1336573 | 1.29 |
| 11. | સિક્કીમ | 607688 | 206360 | 33.96 |
| 12. | અરુણાચલ પ્રદેશ | 1382611 | 951821 | 68.84 |
| 13. | નાગાલૅન્ડ | 1980602 | 1710973 | 86.39 |
| 14. | મણિપુર | 2855794 | 902740 | 31.61 |
| 15. | મિઝોરમ | 1091014 | 1036115 | 94.97 |
| 16. | ત્રિપુરા | 3671032 | 1166813 | 31.78 |
| 17. | મેઘાલય | 2964007 | 2555861 | 86.23 |
| 18. | આસામ | 31169272 | 3884371 | 12.46 |
| 19. | પશ્ચિમ બંગાળ | 91347736 | 5296953 | 5.79 |
| 20. | ઝારખંડ | 32966238 | 8645042 | 26.22 |

| ક્રમ | રાજ્ય/કેન્દ્રશાસિત વિસ્તાર | કુલ વસ્તી | આદિવાસી વસ્તી | કુલ વસ્તીમાં ટકા |
|---|---|---|---|---|
| 21. | ઓરિસ્સા | 41947358 | 9590756 | 22.86 |
| 22. | છત્તીસગઢ | 25540196 | 7822902 | 30.63 |
| 23. | મધ્યપ્રદેશ | 72597565 | 15316784 | 21.09 |
| 24. | ગુજરાત | 60439692 | 8917174 | 14.75 |
| 25. | દમણ અને દીવ | 242911 | 15363 | 6.32 |
| 26. | દાદરા અને નગરહવેલી | 342853 | 178564 | 52.08 |
| 27. | મહારાષ્ટ્ર | 112372972 | 10510213 | 9.35 |
| 28. | આંધ્રપ્રદેશ | 84665533 | 5918073 | 6.98 |
| 29. | કર્ણાટક | 61130704 | 4248987 | 6.95 |
| 30. | ગોવા | 1457723 | 149275 | 10.24 |
| 31. | લક્ષદ્વીપ | 64429 | 61120 | 94.86 |
| 32. | કેરાલા | 33387677 | 484839 | 1.45 |
| 33. | તમિલનાડુ | 72138958 | 794697 | 1.1 |
| 34. | પોંડિચેરી | 1244464 | 0 | 0 |
| 35. | આંદામાન-નિકોબાર | 379944 | 28530 | 7.51 |
| | **ભારત** | **1210854977** | **104281034** | **8.61** |

**(સંદર્ભ : ભારતની વસ્તી ગણતરી - 2011)**

# પરિશિષ્ટ-3
# ગુજરાતમાં જિલ્લાવાર અનુસૂચિત જનજાતિની વસ્તી (2011)

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ વસ્તી | આદિવાસી વસ્તી | કુલ વસ્તીમાં આદિવાસી વસ્તીના ટકા |
|---|---|---|---|---|
| 1. | કચ્છ | 2092371 | 24228 | 1.16 |
| 2. | બનાસકાંઠા | 3120506 | 284155 | 9.11 |
| 3. | પાટણ | 1343734 | 13303 | 0.99 |
| 4. | મહેસાણા | 2035064 | 9392 | 0.46 |
| 5. | સાબરકાંઠા | 2428589 | 542156 | 22.32 |
| 6. | ગાંધીનગર | 1391573 | 18204 | 1.31 |
| 7. | અમદાવાદ | 7214225 | 89138 | 1.24 |
| 8. | સુરેન્દ્રનગર | 1756268 | 21453 | 1.22 |
| 9. | રાજકોટ | 3804558 | 24017 | 0.63 |
| 10. | જામનગર | 2160119 | 24187 | 1.12 |
| 11. | પોરબંદર | 585449 | 13039 | 2.23 |
| 12. | જૂનાગઢ | 2743082 | 55571 | 2.03 |
| 13. | અમરેલી | 1514190 | 7322 | 0.48 |
| 14. | ભાવનગર | 2880365 | 9110 | 0.32 |
| 15. | આણંદ | 2092745 | 24824 | 1.19 |
| 16. | ખેડા | 2299885 | 40336 | 1.75 |
| 17. | પંચમહાલ | 2390776 | 721604 | 30.18 |
| 18. | દાહોદ | 2127086 | 1580850 | 74.32 |
| 19. | વડોદરા | 4165626 | 1149901 | 27.6 |
| 20. | નર્મદા | 590297 | 481392 | 81.55 |

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ વસ્તી | આદિવાસી વસ્તી | કુલ વસ્તીમાં આદિવાસી વસ્તીના ટકા |
|---|---|---|---|---|
| 21. | ભરૂચ | 1551019 | 488194 | 31.48 |
| 22. | ડાંગ | 228291 | 216073 | 94.65 |
| 23. | નવસારી | 1329672 | 639659 | 48.11 |
| 24. | વલસાડ | 1705678 | 902794 | 52.93 |
| 25. | સુરત | 6081322 | 856952 | 14.09 |
| 26. | તાપી | 807022 | 679320 | 84.18 |
| | **ગુજરાત** | **60439692** | **8917174** | **14.75** |

**(સંદર્ભ : ગુજરાતની વસ્તી ગણતરી - 2011)**